# સૂર્યપુરનો સુવર્ણયુગ



સંચયકાર કેશરીચંદ હીરાચંદ ઝવેરી.

...પ્રકાશક મોતીચંદ મગન ભાઈ ચોકસી શ્રી.જૈન સાહીત્ય ફંડ સુરત.

શ્રી જૈન સાહિત્ય ગ્રંથમાલા પુષ્પ ત્રીજું

# સૂર્યપુરનો સુવર્ણયુગ

યાને

# સુરતનો જૈન ઇતિહાસ

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇના ઉપોદ્‌ઘાત સુરતના ક્રમબદ્ધ જૈન ઇતિહાસ સહિત


સંચયકાર—

**કેશરીચંદ હીરાચંદ ઝવેરી**

[સુરત જૈન ડિરેકટરી, સુરત ચૈત્ય પરિપાટી, સુરત ભંડારોની દર્શિકા, સૂર્યપુર રાસમાળા વગેરેના સંગ્રાહક]



પ્રકાશક:—

**મોતીચંદ મગનભાઈ ચોકસી**

શ્રી જૈન સાહિત્ય ફંડ તરફથી.

વિ. સં. ૧૯૯૬ ] વીરાત્ ૨૪૬૬ [ઇ સ. ૧૯૩૯

વીરનિર્વાણ–દીપાલિકા.

**મૂલ્ય એક રૂપીઓ.**

ધી જૈન વિજયાનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં
શા. ફકીરચંદ મગનલાલ બદામીએ છાપ્યું
કણપીઠ બજાર, સુરત.
તથા
ઉપોદ્ઘાતનાં પૃ. ૧ થી ૧૨૮
શ્રી મહાવીર પ્રિન્ટિંગ વર્કસમાં
મનસુખલાલ હીરાલાલ લાલને છાપ્યાં
ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦

(૧) સૂર્યપુર અનેક જૈન પુસ્તક ભાંડાગાર
દર્શિકા સૂચિ. મૂલ્ય રૂા૦ ૧-૦-૦
(૨) સૂર્યપુરનો સુવર્ણ યુગ-સુરતનો જૈન
ઇતિહાસ. મૂલ્ય રૂા૦ ૧-૦-૦

પ્રાપ્તિ-સ્થાન—
(૧) શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.
(૨) મગનભાઇ પ્રતાપચંદ જૈન લાયબ્રેરી, ગોપીપુરા, સુરત.

॥ ॐ श्री अर्हम् ॥

# સુરતનો ક્રમબદ્ધ જૈન ઇતિહાસ.

## ૧ પ્રસ્તાવ.

[ લેખકઃ—**શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ,** B. A. LL. B. Advocate. ]

૧ કોઇ નગરનો ઇતિહાસ તે તેની વસ્તીનો ઇતિહાસ-તેના રાજા અને ખાસ કરી તેની પ્રજાનો ઇતિહાસ. તેમાં તેનાં ઐતિહાસિક સ્થળો, બનાવો, તેની સ્થાપના અને ત્યારથી તેની ચડતી પડતી વગેરેનો સમાવેશ થાય છે. કોઇ નગરનો જૈન ઇતિહાસ એટલે તેમાં વસતા જૈન ચતુર્વિધ સંઘ—જૈન આગેવાનો, જૈન મંદિરો, ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, ધર્મસ્થાનોનો ઇતિહાસ કે જેમાં જૈનોના રચેલા ગ્રંથો પુસ્તકો તેમજ શિલાલેખો—પ્રતિમાલેખો વગેરેમાંથી મળતી તે સંઘ, અને ધર્મસ્થાનોને તેમજ જૈન સાહિત્યને લગતી હકીકતોનો સમાવેશ થાય છે.

૨ **સુરત** સંબંધી આ પુસ્તકમાં જણાવેલી, તેમજ મારી સ્વતંત્ર શોધખોળને અંગે જુદે જુદે સ્થળેથી સાંપડેલી વિધ વિધ માહિતી એકત્રિત કરી તેને વર્ષાનુક્રમે સાંકળીને અત્ર નોંધી છે અને તે સર્વ નોંધો સુરતના જૈન ઇતિહાસમાં ઉપયોગી નિવડશે. આ ઐતિહાસિક નોંધોને ટુંકું નામ 'ઇતિહાસ' મેં આપેલું છે.

૩ જેમ જેમ વધુ શોધખોળ થતી જાય તેમ તેમ વધુ વધુ અને નવી હકીકતો મળી શકે; તો તેમ કરવાનો પ્રયાસ પુરાતત્ત્વ-રસિકો સેવશે એમ આશા રાખીશું. સુરતનાં બધાં શ્વેતાંબર અને

દિગંબર જૈન મંદિરોના, તેની અંતર્ગત રહેલી પાષાણ અને ધાતુની પ્રતિમાઓના લેખો, ત્યાંના જ્ઞાનભંડારોની હસ્તપ્રતોની વર્ણનાત્મક સૂચીઓ, તેના જૈન નગરશેઠ તેમજ બીજા અગ્રણીઓના વંશવૃક્ષો અને વહીવંચાઓની નોંધો, તેમણે બંધાવેલાં મંદિરો અને ધર્મ-સ્થાનો વગેરે સંબંધી ઘણી શોધખોળ કરવાની બાકી છે. હાલ તુરત તો જેટલી સામગ્રી ઉપલબ્ધ છે તેટલી પરથી જે કંઈ ક્રમબદ્ધ ગોઠવી મૂકી શકાય તેથી સંતોષ લઇશું. તે પણ સુજ્ઞ વાંચકો જોઇ શકશે કે ઓછું નથી.

## ૨ સુરતની સ્થાપના.

૪ **સુરત** શહેરની ઉત્પત્તિ સંબંધી અનેક લોકવદન્તીઓ છે. ઘણાખરા લોકો તો આમજ કહે છે કે "**સુરત** શહેર કોઇ રામ-જનીએ વસાવેલું છે" એક ઉક્તિ એ છે કે નાગર જમીનદારની વિધવા પોતાના સગીર પુત્ર **ગોપીને** લઈ આ પ્રદેશમાં આવી રહી અને તે વખતે **સૂરજ** નામની કંચની ત્યાં **મક્કે** જવા આવી; અને તેણી સાથે **ગોપીની** માતા સાથે પરિચય થતાં પોતાનું કિંમતી જવાહીર આપી **મક્કા** જઇ પાછી આવીને મરણ સમયે બધો માલ બક્ષિસ કરી ગઈ; તે દ્રવ્યમાંથી **ગોપીએ** હવેલી વાડી બાંધી વેપાર કરવા માંડ્યો. બીજી વસ્તી વધી. પછી **ગોપીએ** તેનું નામ પોતાનો ઉદય જેથી થયો તે રામજની **સુરજ** પરથી સૂર્યપુર-સૂરજપુર-સૂરજ રાખવું એમ નવાબને સુચવતાં નવાબે **સુરજના** 'જ' ને 'ત' માં ફેરવી **સુરત** રાખ્યું. ઇ. સ. ૧૫૨૧ માં.' ત્રીજી દંતકથા એ છે કે **ગોપી સુરતમાં** રહેનાર—વડનગરા ગૃહસ્થની વિધવાનો બોકરો હતો.

તેણે દિલ્હી જઈ ત્યાંના બાદશાહને ખુશ કરી જાગીરો મેળવી સુરતમાં આવી હવેલી આદિથી તેને સુશોભિત કર્યું' વળી એમ કહેવાતું કે **ગોપી અકબર** બાદશાહનો કારભારી હતો ને તેનો સમય ઇ. સ. ૧૫૧૬-૧૫૨૧ નો છે. કોઈ કહે કે તે નાગર હતો, કોઈ કહે કે તે અનાવલો હતો. (નર્મગદ્ય). આમ **સુરતની** ઉત્પત્તિ સાથે **ગોપીનો** સંબંધ જોડાઇ ગયો છે અને **ગોપી** એ પ્રસિદ્ધ પુરૂષ હતો એ તેના નામથી સુરતના **ગોપી**પરૂં, **ગોપી**તળાવ વગેરે પરથી સિદ્ધ થાય છે તેથી **ગોપી** અને **સુરત** વચ્ચે જનકજન્ય ભાવ લોકો ઘટાવે તે સમજી શકાય તેમ છે.

૫ સદ્‌ભાગ્યે જૈન સાક્ષરવર્ય સ્વ૦ **ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ** M. A. એ **ગોપીના** પૂર્વજોનું 'વંશવર્ણન' નામનું સંસ્કૃત શ્લોકબદ્ધ કાવ્ય શોધીને તે સાથે તેના સાર રૂપ '**ગોપી** કોણ હતો?' એ મથાળા નીચે અંગ્રેજી લેખ 'ધ લાયબ્રેરી મિસેલ્લેની' ના પુ. ૨ અંક ૩-૪ (ફેબ્રુ. થી મે ૧૯૧૪) ના ત્રૈમાસિકમાં પ્રકટ કર્યો છે તે પરથી સ્પષ્ટ જણાય છે કે **ગોપીના** પૂર્વજો વડનગરના નાગર હતા. એક પૂર્વજ **રામ** મંત્રીએ **સૂર્યપુર (સુરત)** સમુદ્ર તીરે બાંધ્યું, કે જે સમુદ્રમાં **તાપી** નદી આવી મળતી હતી. **રામ** મંત્રીના પુત્ર **ભાલણ** મંત્રી, **ભાલણના** પુત્ર **દામોદર**, તેનો **ગોવિંદ**, તેનો **માધવ**, તેનો **કીકરાજ**; તેણે સૂર્યપુરમાં **તાપી** સમુદ્રને મળે છે ત્યાં **નીલકંઠનું** મંદિર, નીસરણી અને સમુદ્રમાં 'પોતસેતુ'-વહાણોનો પૂલ બંધાવ્યાં. **કીકરાજને** પત્નિ **રણુદેવીથી** બે પુત્રો નામે **ગોપીશ્વર-ગોપીનાથ** અને **મુકુન્દ** થયા, **ગોપિનાથને** બે સ્ત્રી નામે **નાગલા** અને **ગૌરી** હતી. તે વિદ્વાન્, વાગ્મી અને

સંગીતકાર હતો. તેણે **વિષ્ણુ** માટે સુવર્ણ સિંહાસન, તેમજ છત્ર તથા **શંકર, સૂર્ય, પાર્વતી** અને **લક્ષ્મી** માટે મુકુટ અને છત્ર સોનાનાં કરાવ્યાં, એક કારાગાર અને મોટું સરોવર બંધાવ્યાં તે વખતે એક મહાન્ દુર્ભિક્ષ પડ્યો. **ગોપિનાથે** દુકાલપીડિત લોકોને દાન આપી તેમના દુઃખ નિવારવા પોતાના દ્રવ્યનો ઉપયોગ કર્યો અને મફત જમાડ્યા.

૬ આ વર્ણનમાં પ્રથમ વર્ણના **ગુજરાત** અને પછી **ગુર્જરેંદ્ર** શાહિ શ્રી **મહમૂદનું** કરવામાં આવેલ છે. હવે આપણે જોઇએ કે **મુઝફ્ફરશાહનો** પ્રધાન **મલિક ગોપિ-ગોમિ** અને આ **ગોપિનાથ** બંને એક છે કે નહિ. **મિરાતે** સીકંદરી પરથી **મલિક ગોપી** બ્રાહ્મણ હતો અને **મહમદ બેગડાની** કૃપાથી સત્તાશાલી બન્યો હતો એમ જણાય છે. તેણે **મુઝફ્ફર** શાહને ગાદીએ આવવા માટે મદદ કરી અને કિવાઉલ્મુલ્ક **સારંગ** સાથે રાજ્યવહીવટની ધુરા પોતે રાખી. તેના વચ્ચે પડવાથી પરાજીત ઇડરના રાવ ભીમને બચાવવામાં આવ્યો તે શૃંગારી હતો અને **ધારા** નામની નર્ત્તકી તેણે રાખી હતી કે જેને લઇને **મુઝફ્ફરશાહે** (ઇ. સ. ૧૫૧૪ માં) તેને મારી નાંખ્યો. આ ઉપર્યુક્ત **ગોપિનાથ** તો 'દ્વિજેશ' હતો, નહિ કે મંત્રી. તેણે જે દુષ્કાળમાં મદદ કરી તે ફીરીસ્તા પ્રમાણે સને ૧૪૮૨ નો (સં. ૧૫૩૮-૩૯) છે; તેને જે રાજા **ભીમ** સાથે મૈત્રી હતી એમ કહેલ છે તે **ઇડરનો ભીમ** હોય; અને કદિ રાજકીય મહત્તા વિશેષ પ્રાપ્ત કરી હોય તો તે પણ ઉક્ત દુકાળના વર્ષ પછી. આ રીતે **ગોપી** એ નાગર બ્રાહ્મણ હતો. તેના પૂર્વજો **વડનગરના** હતા અને તેની સાતમી પેઢીએ થયેલ **રામ** મંત્રીએ **સુરત** સ્થાપેલ હતું

એમ આમાં જણાવેલ છે એટલે સુરતની સ્થાપનામાં **ગોપીના** કે **ગોપીના** વખતની કોઇ રામજનીના નામનો સંબંધ નથી. (પ્રો. કમીસરીઅટે પોતાના Studies in the History of Gujarat નામના પુસ્તકમાં એવોજ નિર્ણય સુરતની સ્થાપના સંબંધે બાંધ્યો છે. તેના નવમા પ્રકરણમાં **ગોપી** તલાવ અને **મલિક ગોપી** સંબંધી વિસ્તારથી અપેલ હકીકત જાણવા જેવી છે.)

૭ **દીપવિજયે** સોહમકુલ-પટ્ટાવલી રાસમાં ગદ્યમાં લખ્યું છે કે "સં. ૧૫૦૦ મધ્યે સુરતનો કિલ્લો ફરંગિઇ કરાવ્યો, તિહાં થોડા લોક વશતા. એહવે સં. ૧૬૨૪ **જાં**હાંગરસા પાતસાહ રાંનેર આવ્યો, રાંનેરવાસી કોટીધ્વજ નાકુદ્દો (નાખુદ્દો)-તેણે રાનેરથી તે વરિઆવ ૩ ગાઉ સૂહ્રી કેંમખાપ (કીનખાબ) નાં પથરણાં પાથરીને સેહરમેં પાતસાહનેં પધરાવ્યા. સાહિ પ્રસન્ન થયો. 'માંગ માંગ,' તિવારે શેઠ હાથણીનો સંજોગ જોવાનું માંગ્યું. સાહે ના કહી જે 'હાથનીનો સંજોગ જોતાં તાહરો દ્રવ્ય જાસે.' માન્યું નહી. સંજોગ જોયો. તે નાકુદાની લક્ષ્મી નાસ પામી. પાતસાહે જહાંગીરપુર વાસ્યો. એ પાતસાહની પાતર નાંમે સૂરજ, તિણેં પાતસાહની રજાથી સં. ૧૬૨૫ સુરત વસાવ્યું. અને ઓસવાલ ગોપીપ્રા શ્રાવક, તિણે ગોપીપુરું વાસ્યું ૧ ગોપી તલાવ અને ચૌમુખી વાવ કરાવી અને સં. ૧૬૭૬ વર્ષે સૂરજમંડન પારસનાથજી સેનસૂરિજી પાસે પ્રતિષ્ટા કરાવી. સૂરજમંડણજીની પલાંડી તથા પાછલ લખ્યું છે. એહજ વરસમાં કાવિ ગાંમમેં સાસુ વહુના દેહરા પ્રતિષ્ઠા થઇ."

૮ આ કવિએ લોકમાં ચાલતી દંતકથા લખી લાગે છે. તે ઇતિહાસથી સિદ્ધ થતી નથી. સં. ૧૬૨૪ માં જહાંગીર બાદશાહ

થયો નહોતો. તે સં. ૧૬૬૧-૬૨ માં ગાદીએ બેઠો. તેની પાતર સૂરજ હતી તે પણ મનાય તેમ નથી. ગોપીપુરૂં, ગોપીતળાવ ને વાવનો સ્થાપક ગોપી તે ઓશવાલ શ્રાવક હતો નહિ તે ઉપર બતાવ્યું છે. સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા સં. ૧૬૭૯ માં સેન (વિજયસેન) સૂરિએ કરેલ તેમ તેના લેખ પરથી જોઇને કવિ જણાવે છે તો તે સંવતમાં થા પ્રતિષ્ઠાપકના નામમાં ભૂલ લાગે છે કારણ કે સેનસૂરિ સં. ૧૬૭૧ માં સ્વર્ગસ્થ થયા હતા. કાંતો સંવત ૧૬૪૯ હોઈ શકે કારણ કે તે વર્ષમાં કાવીના જિન મંદિરની વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા થઈ હતી. તે સૂર્યપુર મંડન પાર્શ્વના લેખમાં પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવક તરીકે ગોપીસાનું-ગોપીદાસનું નામ હોય તો તે ગોપીદાસ ગોપી તળાવના કરાવનાર ગોપીનાથથી ભિન્ન હોવો ઘટે.

૯ ઉપરનું લખાઈ ગયા પછી સૂરજમંડન પાર્શ્વનાથનો લેખ ઝવેરી કેશરીચંદ પાસે મંગાવ્યો, તેની પાસેથી મળ્યો તેને ઠીક ઠાક કરી અહીં આપું છું કે "સંવત ૧૬૭૮ વરસે કારતક વદ ૫ ને ગુરૂવાર પુનરવસુ નક્ષત્રે શ્રી **સુરત બંદરે** પાતસાહી **સલીમ શાહી** વિજયમાન રાજ્યે.....જ્ઞાતિય લઘુ શાખાયાં **મહુખા** ભાર્યા **કોડમદે** સુત કુલશા ભાર્યા.....જિન શાસન-પ્રભાવક સાહુ શ્રી **નાથા** ભાર્યા **ગંગા** સુત સા૦ સુરજી સા૦ માણિકજી પૌત્ર **સાહીદાસ** પ્રમુખ કુટુંબે.....નવફણા પાર્શ્વનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં સુવિહીતા વંશ.....ભટ્ટારક શ્રી ૫ **આણંદવિમલસૂરિ** પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી ૫ **વિજયદાનસૂરિ** પટ્ટ પ્રકાશક પાતશાહી શ્રી **અકબર** મહારાજ પ્રદત્ત ષણ્માસિક જીવાભય સકલ દેશ જજીઆકર નિવારણ સંલબ્ધમાન શ્રી શત્રું-

જ્યાદિ કરણાવતંસહ.....સત પ્રભાવક શ્રી ૫ **હીરવિજયસૂરીશ્વર** પટ્ટ પ્રભાકર સમાન પાતસાહી શ્રી **અકબર** દત્ત બહુમાન સાહી શ્રી **અકબરલબ્ધજય** ભટ્ટારક શ્રી ૫ **વિજયસેનસૂરિશ્વર** પટ્ટોદયગિરિ ભાજતર સમાન સૂરિ..... બ ધ્યાન પાતસાહ શ્રી **સલીમ** સાહી દત્ત.....આમદમ શાત ઉ ાધ્યાય શ્રી ૫ **રત્નચંદ્ર** ગણિભિઃ' (જો કે આ લેખ બરાબર અક્ષરશઃ કાળજી પૂર્વક ઉકેલનારથી લેવાયો નથી છતાં તેની જોડણી અને તેટલી શુદ્ધ મૂકીને અત્ર આપ્યો છે, અને તેમાં ત્રૂટક ઘણું હોવા છતાં આપણને જોઇતી હકીકત મળી આવે છે કે) તે સં. ૧૬૭૮ કે ૭૬ નો તો છે, અને તેમાં **વિજયસેનસૂરિ**નું નામ પણ આવે છે, અને પ્રતિષ્ઠાનો સંવત **સલીમ** એટલે **જહાંગીર** બાદશાહના સમયનો છે ને તે બાદશાહનો ઉલ્લેખ પણ છે, પરંતુ તે પ્રતિષ્ઠા કરનાર **વિજયસેનસૂરિ** નથી, પણ તેના સ્વર્ગવાસ પછી તેના પટ્ટધર (**વિજયદેવસૂરિ**) ના સમયના **રત્નચંદ્ર** ગણિ છે. (આ તેજ **રત્નચંદ્ર** ગણિ કે જેણે **હીરવિજય** અને **વિજયસેન** એ બેઉ આચાર્યોની પાદુકાની પ્રતિષ્ઠા કરી હતી.) અને પ્રતિષ્ઠા કરાવનાર **ગોપીસા** નથી તેમ તે નામ શ્રાવકોનાં આપેલાં નામો પૈકી કોઇનું નથી પણ તેના જેવું જે એક નામ છે તે **સાહીદાસ** છે. આ રીતે મુનિ **દીપવિજયજીની** આપેલ વાત દંતકથા ઠરે છે અને **સુરતની** સ્થાપના તે રીતે યા **ગોપીથી** થઈ હોય એ નિર્મૂલ સિદ્ધ થાય છે. (આ લેખ પુનઃ કાળજી પૂર્વક શુદ્ધ રીતે લઇ અહાર પાડવો જોઇએ એ સાથે સાથે કહી દઉં છું.)

૧૦ **ગોપીના** સમયથી પણ જૂનું **સુરત** શહેર છે. તેને જૈન પુસ્તકો અને લેખોમાં 'સૂર્યપુર,' 'અર્કપુર' એવા સંસ્કૃત શબ્દથી અને **સુરતિ, સુરત** એ લોકભાષાના પ્રચલિત નામથી ઓળખવામાં આવ્યું છે.

## ૩. વિક્રમ ૧૬ મું શતક.

૧૧ **સુરત** સંબંધી જૂનામાં જૂના ઉલ્લેખ મને વિક્રમ સોળમા શતકના નીચેના ચાર પ્રતિમાલેખોમાં મળે છેઃ—

(૧) સં. ૧૫૧૩ વર્ષે પોષ શુદિ ૧૦ બુધે **સૂર્યપુર**વાસિ **શ્રી**માલ જ્ઞા૦ મં. **પેથા** ભા. સેંગૂ પુત્ર મં. **હુરરાજેન** ભા. **જઇતી** સુત **માલાદિ** કુટુંબયુતેન સ્વશ્રેયસે શ્રી **શી**તલનાથબિંબં કા૦ પ્ર૦ **તપા** શ્રી **રત્નશેખરસૂરિ** ગુરૂભિઃ। બુ૦ ૧, નં. ૮૩૦

(૨) સં. ૧૫૧૯ માઘ શુદિ ૧૩ બુધે સૂર્યપુરે શ્રી **શ્રી**માલી ગાં. **વરસિંગ** ભા. **દમકૂ** પુ૦ ગાં૦ **દેવાકેન** ભા૦ **દેવલદે** ભ્રાતૃ **હેમાક્ષેયા સવરાજ મદનયુતેન** પુ૦ **શ્રી**પતિ શ્રેયાર્થં શ્રી **વિમલનાથ** બિંબં કા૦ પ્ર૦ **વૃદ્ધ તપા** પક્ષે શ્રી **ઉદયવલ્લભસૂરિભિઃ**। બુદ્ધિસાગરજીનો સંગ્રહ ભા૦ ૧ નં. ૯૩૦.

(૩) સં. ૧૫૩૪ વર્ષે વૈ. વ. ૧૦ **સુરત**વાસી **પ્રાગ્વાટ** વ્ય૦ **ધર્મા** ભા૦ **રાજૂ**સુત **વણવીર** ભા૦ **ઝરી** નામ્ન્યા સુત **મહાકેન** કુટુંબયુતેન શ્રી **સુમતિ**બિંબં કા૦ પ્ર૦ **તપા** શ્રી **લક્ષ્મીસાગરસૂરિભિઃ**। નાહરનો સંગ્રહ ભા૦ ૩, નં. ૨૩૫૩.

(૪) સં. ૧૫૩૯ વર્ષે માઘ વદિ ૪ સોમે **સૂર્યપુર** વાસ્તવ્ય **શ્રી**માલ જ્ઞાતીય વ. **સાહ જયતસી** ભાર્યા **પ્રભૂ** સુત વ૦ **વુલા** ભાર્યા કલદ સુત વ૦ **સાધા** ભાર્યા **રામતિ** શ્રેયાર્થ શ્રી **અંચલગચ્છે** શ્રી **જયકેસરિસૂરિણામુપદેશેન** શ્રી વિમલનાથબિમ્બં કારિતં. સુરત પ્રતિમા લેખ સંગ્રહ નં. ૮૦.

૧૨ આ ચારે લેખો **ગોપીનાથના** સમયના છે. જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવવામાં ઘણા દ્રવ્યનો ઉપયોગ થાય છે; તેથી ઉપરની ચાર પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવકો શ્રીમંત હોવા જોઇએ, અને છત્રીસ વર્ષમાં ચાર ઓછામાં ઓછી તે પ્રતિષ્ઠા થઇ એ પરથી **સૂર્યપુર-સુરત** તે વખતે વૈભવશાલી સમૃદ્ધ શહેર હોવું જોઇએ એમ સંભવે છે.

૧૩ વળી આ લેખો પરથી સમજાય છે કે **તપાગચ્છના** આચાર્યો **રત્નશેખરસૂરિ** અને તેમના પટ્ટધર **લક્ષ્મીસાગરસૂરિએ, વૃદ્ધ** (બૃહત્) **તપાગચ્છના ઉદયવલ્લભસૂરિએ** અને **અંચલગચ્છના જયકેસરિસૂરિએ સુરતમાં** પ્રવેશ કરી દીધો હતો, જ્યારે ખરતરગચ્છના કોઇ આચાર્યનો લેખ ઉપલબ્ધ થયો નથી એટલે તે ગચ્છનો પ્રવેશ તે સદીમાં ત્યાં થયો હતો કે નહિ તે કહી શકાતું નથી.

## ૪ વિક્રમ ૧૭ મું શતક.

૧૪ હવે વિક્રમના ૧૭ મા શતકની ઘટનાઓ લઇએઃ–તેની શરૂઆતમાં–સં. ૧૬૦૯ આસોની તૃતિયાએ **અંચલગચ્છના** ધર્મમૂર્તિસૂરિની કૃપાથી ( વેલરાજ શિ૦ પુણ્યલબ્ધિ અને લાભશેખરના શિ૦ )

કમલશેખરે સુરતમાં નવતત્ત્વ ચોપાઈ ૬૫ કડીની રચી, (કે જેની બે પત્રની પ્રતિ નં. ૪૦૦ ની મહાવીર જૈન વિદ્યાલયના સંગ્રહમાં હાલ છે.)

૧૫ સં. ૧૬૧૩ માં તપાગચ્છનાયક વિજયદાનસૂરિએ '**सूरति बन्दरे स्थितिं**' એટલે સુરત બંદરમાં ચોમાસું કર્યું અને ત્યાં જેઠ શુદ ૧૧ ને દિને નાડલાઇવાસી નવ વર્ષના ઓસવાલ બાલક જયસિંહને તેની માતા સાથે દીક્ષા આપી તેનું નામ જયવિમલ રાખ્યું, તેને (સ્વશિષ્ય અને પટધર) હીરવિજયસૂરિ પાસે રાખવામાં આવ્યા. આ જયવિમલ પછીથી ઉક્ત હીરવિજયસૂરિના પટ્ટધર પ્રસિદ્ધ વિજયસેનસૂરિ થયા, કે જેમણે અકબર બાદશાહના આમંત્રણથી લાહોર જઇ ગાય, બળદ, ભેંસ, પાડાની હિંસાનો, મરણ પામેલાંનું દ્રવ્ય સરકાર લેતી તેનો, અને બંદીવાનોને પકડવા વગેરેનો નિષેધ કરનાર ફરમાનને તે બાદશાહ પાસેથી મેળવ્યું. આ રીતે એક સૂરિસમ્રાટ્‌ના દીક્ષાસ્થાન થવાનું ગૌરવ સુરતે પ્રાપ્ત કર્યું છે. (હીરસૌભાગ્ય ૬, શ્લો. ૧૩૫ થી ૩૦૦; વિજયપ્રશસ્તિ ૪, ૧૪; તથા પાંચમો સર્ગ.)

૧૬ ઉક્ત હીરસૌભાગ્ય અને વિજયપ્રશસ્તિ–બંને કાવ્યમાં સુરતને બંદર જણાવવામાં આવ્યું છે, તદુપરાંત વિજયપ્રશસ્તિમાં (૪, ૧૪૨) **कुंकुणदेशार्वीमुखमंडनं उत्तमं सूरति बन्दिरं**, તથા (૫–૮૮) **प्रचुरपरमपुण्यैः सुन्दरे बन्दिरे**—એટલે કોંકણ દેશની ભૂમિના મુખના અલંકાર રૂપ (કારણ કે કોંકણમાં પ્રવેશ સુરતથી થતો), અને ઘણા મોટા પુણ્યથી સુંદર એવું બંદર–એવાં સાર્થક વિશેષણ સુરતને આપ્યાં છે.

૧૭ એ વિજયસેનસૂરિએ સં. ૧૬૩૨ માં ચાંપાનેરમાં પ્રતિષ્ઠા કરીને ક્રમે 'શ્રી પૂરિત' એટલે લક્ષ્મીથી સમૃદ્ધ એવા સુરત બંદર આવીને શ્રી મિશ્ર ચિન્તામણિ આદિ વિદ્વાન્ સભ્યો સમક્ષ અનેક પંડિતોની પરિષદમાં આચાર્યોની સમક્ષ વ.દ કરીને શ્રીભૂષણ નામના દિગંબરાચાર્યને જીત્યો. (વિજયપ્રશસ્તિ ૮, ૪૨ થી ૪૯). સં. ૧૬૪૫ માં ખરતરગચ્છના નાયક શ્રી જિનચંદ્રસૂરિએ શિવાસોમજીના સંઘ સાથે શત્રુંજયની યાત્રા સં. ૧૬૪૪ માં કરી ત્યાંથી આવી સુરતમાં ચોમાસું કર્યું.

૧૮ તપાગચ્છનાયક શ્રી હીરવિજયસૂરિએ શત્રુંજયની યાત્રાનો સંઘ કઢાવી સં. ૧૬૪૯ માં તે તીર્થની યાત્રા કરી હતી તે સંઘમાં અનેક ગામના સંઘના લોકો ભળ્યા હતા, તેમાં સુરતના સંઘજનો હતા.

૧૯ પોતાના દીક્ષાધામ સુરતમાં ઉક્ત વિજયસેનસૂરિએ સં. ૧૬૫૯ વૈ. શુ. ૧૩ બુધે લઘુ (દશા) ઓસવાળ 'સુરતિ બંદિર વાસ્તવ્ય' શ્રેષ્ઠિ સા સોમજી ભાણજીએ ભરાવેલ ૨૪ જિન પરિકર સહિત શ્રી શાંતિનાથ બિંબની, અને સં. ૧૬૬૪ જેઠ શુ. ૫ સોમે વીસા ઓશવાળ 'સુરતિ બંદિર વાસ્તવ્ય' સા અલવેસર કુંઅરજી અતે હેમજીએ કરાવેલી સુપાર્શ્વનાથની પ્રતિમાની, વીસા શ્રીમાલી સામલજીએ કરાવેલા પાર્શ્વનાથ બિંબની તથા વીસા ઓસવાળ માનબાઇએ કરાવેલી પાર્શ્વપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

૨૦ સં. ૧૬૬૪ માં ઉક્ત હીરવિજયસૂરિ શિષ્ય મુનિવિજયના શિષ્ય દર્શનવિજયે સુરતમાં નેમિજિન સ્તવન ૫૯ કડીનું ગૂજરાતીમાં જુદા જુદા રાગમાં રચ્યું.

૨૧ એવો લેખ છે કે સં. ૧૬૭૩ માં પોશ વદિ ૬ શુક્રે તે તપાગચ્છાધિરાજ શ્રી હીરવિજયસૂરિની પાદુકા 'સુરતી બંદીર વાસ્તવ્ય ઓસવાલ જ્ઞાતીય' શા વસ્તાની પુત્રીએ પ્રતિષ્ઠિત કરાવી આનો લેખ શ્રી બુદ્ધિસાગરસૂરિના ધાતુપ્રતિમાલેખ સંગ્રહ ભા૦ ૧ નં. ૨૪ છે, અને તે અપૂર્ણ છે; પણ સુભાગ્યે આ લેખને સં. ૧૬૭૬ ના જેઠ શુ૦ ૧૫ ને દિને તપાગચ્છના વિજયદેવસૂરિના શિષ્ય ધર્મદાસે રચેલા હીરવિજય સ્તવન (જુઓ આ પુસ્તક પૃ. ૧૨૫) માંથી સ્પષ્ટ ટેકો મળે છે કે સુરતના નિજામપુરામાં ઉપાધ્યાય નેમિસાગરે 'હીરવિહાર' બંધાવવાનું મંડાણ કરાવ્યું અને તે તૈયાર થયે સં. ૧૬૭૩ પોષ વદિ ૫ ગુરૂવારે પં. લાભસાગરે પ્રતિષ્ઠા કરીને 'હીરવિહાર' નામ સ્થાપ્યું. અને તેમાં હીરવિજયસૂરિની પાદુકા પ્રતિષ્ઠિત થઇ.

૨૨ હીરવિહારની કોરણી રાણકપુરના પ્રસિદ્ધ મંદિરની યાદ આપે તેવી હતી. આ માટે પરિખ ગોવિંદ લાલાએ ખૂબ દ્રવ્ય ખર્ચ્યું અને શાહ વસ્તુપાલ સોમજીએ આચાર્ય હીરવિજય અને વિજયસેન બંનેની પાદુકાની સ્થાપના કરાવી–સં. ૧૬૭૫ વૈ. શુ. ૮ રવિ. તેની પ્રતિષ્ઠા તપાગચ્છના ઉપાધ્યાય રત્નચંદ્રે (સુરત મંડણ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરનાર) કરી, શા નાનાએ ઉલટથી વિત્ત વાવરી વિદ્યાસાગર, ધર્મસાગર કે લબ્ધિસાગર, વાચક નેમિસાગરની એમ ત્રણ વધુ પાદુકાની સ્થાપના કરાવી ને તેની પ્રતિષ્ઠા સં. ૧૬૭૬ ના પોષની પૂર્ણિમાએ થઇ દોસી ભીમે ધન ખર્ચી બે જિનમૂર્ત્તિ અને એક ગુરૂપાદુકાની (નેમિસાગરની) સ્થાપના કરી અને એ ત્રણેની પ્રતિષ્ઠા હીરવિહારમાં સં. ૧૬૭૬ જ્યે. શુદ ૪

ગુરૂને દિને કરવામાં આવી. આ રીતે ઋષભાદિની સાત મૂર્તિ અને વાચકની ચાર મૂર્તિ હીરવિહારમાં સ્થપાઇ પ્રતિષ્ઠિત થઇ. આ વિહારની રચનામાં શાહ અમરસીની પૂરી મહેનત હતી. અત્યારે આની શી સ્થિતિ છે તે તેને શોધી જોઈ તપાસનાર કહી શકશે.

૨૩ ઉક્ત રત્નચંદ્ર ઉપાધ્યાય તે કૃપારસ કોશના કર્ત્તા પ્રસિદ્ધ શાંતિચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય હતા. તેમણે સુરતમાં મુનિસુંદર સૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમ પર કલ્પલતા નામની સંસ્કૃત ટીકા સં. ૧૬૭૪ માં, સમ્યક્ત્વ સપ્તતિ પર સમ્યક્ત્વરત્નપ્રકાશ નામનો ગૂજરાતીમાં ગદ્ય બાલાવબોધ સં. ૧૬૭૬ ના પો. શુ. ૧૩ દિને અને સમ્યક્ત્વ પર સંગ્રામસુર કથા ગૂજરાતી પદ્યમાં સં. ૧૬૭૮ માં રચીને પૂર્ણ કરેલ છે. આ છેલ્લી કૃતિની તેમણે પોતાના હસ્તાક્ષરે દેવચંદ્ર ગણિના પઠનાર્થે સં. ૧૬૭૮ નાં પો. શુ. ૨ બુધે લખીને પૂર્ણ કરેલી પ્રત બીકાનેરના જ્યચંદ્રજીના ભંડારમાં પોથી નં. ૬૮ માં વિદ્યમાન છે. આ ઉપરાંત સં. ૧૬૭૮ માં તે ઉપાધ્યાયે સુરતમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી છે કે જે અગાઉ નવમા પારામાં તે પ્રતિમાના લેખ સંબંધી લખતાં કહેવાઈ ગયું છે.

૨૪ સં. ૧૬૮૫ માં નાયલગચ્છના જ્ઞાનસાગરકૃત શ્રીપાલ રાસની ૧૬ પત્રની પ્રત સુરતમાં લખાઇ કે જે હાલ ખેડાના સંઘના ભંડારના દાબડા ૬ માં નં. ૫૦ તરીકે ઉપલબ્ધ છે. સં. ૧૬૮૭ માં તપાગચ્છનાયક વિજયદેવસૂરિ દક્ષિણ દેશમાં વિહાર કરવાની ઇચ્છાથી સુરતમાં પુનઃ સમહોત્સવ આવ્યા. ત્યાં મીરમોજા નામના નવાબની રાજસભામાં સાગર પાક્ષિકનાં કેટલાંક મંતવ્યો સંબંધી

વાદ થતાં તેનું નિરાકરણ કર્યું (મેઘવિજયજી કૃત તપાગચ્છ પટ્ટાવલીનું અનુસંધાન.)

૨૫ સં. ૧૬૮૯ માં પ્રસિદ્ધ ઉપાધ્યાય વિજયવિજયજીએ 'સૂર્યપુર ચૈત્ય પરિપાટી' ગૂ૦ પદ્યમાં રચી છે તેમાં ૧૪ કડી છે. પ્રથમની ૧૧ કડીમાં સૂરતનાં અગ્યાર દેરાસરોનાં નામ આપ્યાં છેઃ- ૧ ઋષભદેવનું, ૨ શાંતિનાથનું, ૩ ધર્મનાથનું, ૪ સુરત મંડણ પાર્શ્વનાથનું, ૫ સંભવનાથનું, ૬ ધર્મનાથનું બીજું, ૭ અભિનંદનનું, ૮ પાર્શ્વનાથનું બીજું ઉંબરવાડામાં, ૯ કુંથુનાથનું, ૧૦ અજિતનાથનું, ૧૧ ચિંતામણી પાર્શ્વનાથનું. આ રીતે ૧૧ પ્રધાન જિનમંદિરો સુરતમાં હતાં એ તે શહેરના શ્રાવકોની વિપુલ સમૃદ્ધિ સૂચવે છે.

## ૫ વિક્રમ ૧૮ મું શતક.

### લોંકાગચ્છમાં જુદો પક્ષ કાઢનાર શ્રી લવજી.

૨૬ આ શતકના પ્રારંભમાં સુરતના દશા શ્રીમાળી વણિક લવજીએ લોંકા સંપ્રદાયમાં દીક્ષા લીધી. ગુરૂને તજીને બીજા બે નામે ભાણોજી અને સુખોજીને લઇ ઉગ્ર શાસ્ત્રોક્ત ક્રિયા પાળી શકાય એમ બતાવવા જુદા પડ્યા (સં. ૧૬૯૨ કે ૧૭૦૫). ખંડેર મકાન કે જેને ગૂજરાતમાં 'ઢુંઢ' કહે છે તેમાં વાસ કરતા રહ્યા તેથી (યા તો ઢૂંઢક એટલે શોધકના અર્થમાં) 'ઢુંઢીયા' કહેવાયા. લવજીનો શિષ્ય સોમજી નામનો અમદાવાદ કાલુપુરનો ઓશવાલ (દશા પોરવાડ) શ્રાવક દીક્ષા લઇ થયો તેણે સૂર્યની આતાપના બહુજ કરી. 'પ્રથમ સાધ લવજી ભયે, દ્વિતીય સોમ ગુરૂ

ભાય', એમ તેમનામાં બોલાય છે. એક ગૂજરાતવાસી (અમદાવાદ પાસેના સરખેજ ગામના) ધર્મદાસ છીપા (ભાવસાર) પોતાની મેળે–જાતે દીક્ષા લઈ મુખ ઉપર પટ્ટી બાંધી ઢુંઢીયાના સાધુ તરીકે બહાર પડયા–અમદાવાદમાં સં. ૧૭૧૬ માં. (આ માટે જુઓ આત્મારામજી કૃત 'જૈન તત્ત્વાદર્શ' ૧૨ મો પરિચ્છેદ વિજયપ્રભસૂરિનો સમય તથા રા. હાલ સ્વ૦ વાડીલાલ કૃત "સાધુમાર્ગી જૈન ધર્માનુયાયીઓએ જાણવાજોગ કેટલીક ઐતિહાસિક નોંધ પૃ. ૮૪ થી ૯૦) આ આખો પારા મારા 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પારા નં. ૯૪૯ છે.

૨૭ ઉક્ત લવજી મુનિ સંબંધી લોંકાગચ્છની એક હસ્તલિખિત પટ્ટાવલી ૧૯ પત્રની મળી છે તેમાં જે જણાવ્યું છે તે અત્ર પ્રચલિત ભાષામાં પણ મૂળ પ્રમાણે નીચે મૂકવામાં આવે છેઃ—

"સં. ૧૭૦૫ નો માજમો–સમો આવ્યો ત્યારે સૂરત-નગરનો વાસી વોહરો વીરજી હુાપા જ્ઞાતે દશા શ્રીમાલી લોંકામાહિ સાહુકાર કોડીધ્વજ હતો તેહની બેટી બાઈ કુલ તેહના પુત્ર લવજી શાહને સિદ્ધાંત ભણાવવા માંડયાં, તે ઘણા સિદ્ધાંતમાં પારગામી થયા તેથી લહુજી–લવજી શાહનું ચિત્ત ઉદાશ–ઉદ્વિગ્ન દેખી વૈરાગ્યવંત જાણીને સિદ્ધાંત ભણાવતાં અટકાવ્યો, ત્યારે લવજી શાહજીએ એમ વિચાર્યું જે જતિએ ન ભણાવ્યા ત્યારે ૠષિ વરજાંગજી પાસે આવ્યા અને એમ કહ્યું 'સ્વામિ! અમ્હને ભણાવો' ત્યારે ૠષિ વરજાંગ કહે 'તુમને ભણાવીએ અને વૈરાગ્ય ઉપજે તો દિક્ષા અમારી પાસે લેવી એવો કરાર કરે તો ભણાવીએ' ત્યારે લહુજી (લવજી) શાહ કહે 'સ્વામિ! હું દીક્ષા લેઇશ તો તુમ્હારી પાસે

લેઇશ.' આમ કરાર કરીને ભણાવવા માંડયો, ભણાવી સર્વ સિદ્ધાંતની વાચના દીધી. જુગતિ સહિત અર્થ ભણાવ્યાં પછી ધુલજીએ લુંકા મહાજનને કહ્યું 'ઘણા ખબરદાર કર્યા. સિદ્ધાંતમાં ઘણા પ્રવીણ થયા તે જાણીને જતિને આદર સનમાન સહિત ઘણું દ્રવ્ય આપો' ત્યારે સાધુનો આચાર ગોચર માલમ પડવા માંડયો. પછી લવજી શાહાજીને વૈરાગ્ય ઉપન્યો, સાધુનો આચાર-ગોચાર હવડાં તો સાધુ મરજાદા લોપી વિચરે છે, વસ્ત્ર પાત્ર જ્યોતિષ નિમિત્ત ભાખે, વસ્ત્ર પાત્ર પોથી વેચીને પૈસો ટકો રાખે છે, તે વારે વીરજી વોહરા પાસે સંજમ લેવાની આજ્ઞા માગવાનો વિચાર કીધો, તે વારે લહુજી ભાવમુનિએ સાધુના આચાર-ગોચાર તપાદિક પહેલાં શુદ્ધ હતા તે હમણાં નથી તે માટે સિદ્ધાંત ઉપયોગ દીધો,-જે સાધુએ આચાર્ય, ઉપાધ્યાય આદિ એકની આજ્ઞાએ પ્રવર્ત્તવું જોઇએ, સાધ્વીને આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તણી-(એ) ૩ ની આજ્ઞાએ પ્રવર્ત્તવું જોઇએ; તે માટે (જ્યાં) સાધુપ્રવૃત્તિ જોઇએ ત્યાં હું જાઉં. ખબર મંગાવવી એ સૂત્રની રીત છે. ખંભાયત, અમદાવાદ, પાટણ, બુરહાનપુર, સોરઠ, માલવો, મેવાડ, મારવાડ, દિલ્લી, આગરા, લાહોર સઘલેથી ખબર મંગાવી-તિહાં ગામ નગર દેશને વિષે કોઇ સાધુપણું નામ ન જાણે ૩, ૨, ૧ કોઇ ધરાવતો નથી તે માટે સઘલે એકજણે જ્યા થયા, આચારગોચારે દીક્ષા પઠવા, મોકલા થયા, ત્યારે લવજી શાહે જમવાના વખતે વીરજી વોહરાને ઘણી પ્રરૂપણા કરી સંભલાવી, ત્યારે વીરજી વોહરો કહેવા લાગ્યો 'તુમ્હો લુકાના ગચ્છમાંહિ દિક્ષા દ્યો તો આજ્ઞા આપું.' તે વારે લહુજી શાહે વિચાર્યું જે 'હમણાં અવસર એહવોજ છે'-

એમ વિચારીને ઋષિ બ્રહ્મંગ પાસે આવ્યા. આવીને એમ કહ્યું 'સ્વામિ! મુઝને દીક્ષાનો ભાવ છે. તે માટે હું દીક્ષા લઉં તો મહારે તુમ્હારે બે વરસનો કરાર' તેની ચીઠી લખાવી લીધી ત્યારે લુંકાના જતિએ વિચાર્યું જે 'અમારામાં આવ્યા પછી કયાં જશે?' એમ કરાર કરીને પછી વોહરા વીરજી પાસે આવ્યા; ઉચ્છવ સહિત મોટે મંડાણે લહુજી શાહે ઋષિ બ્રહ્મંગ પાસે દીક્ષા લીધી, ઋષિ લહુજી થયા. ત્યાર પછી ઋષિ લહુજીએ ઋષિ બ્રહ્મંગ પાસે ઘણા સિદ્ધાંતના અર્થ ભણ્યા, સંસ્કૃત આદિ ભણી પંડિત થયા, ત્યાર પછી પોતાના ગુરૂને એકાંતે તેડી કહ્યું 'સ્વામિ! **दस अठाइ ठाणाइ** ઇત્યાદિક બે ગાથા કહી સાધુનો આચાર તો એ દીસે છે, જે રીતે સાધુનો આચાર કપરો છે તેમ હમણાં પળે છે કે નહિ?' ત્યારે ઋષિ બ્રહ્મંગજી બોલ્યા જે 'આજ પંચમ આરો છે.' ત્યારે ઋષિ લહુજીએ છપ બોલો સિદ્ધાંત માંહિથી કાઢી દેખાડયા; આપણા ગચ્છની સમાચારીમાં આચારગોચરનો ફેરફાર ઘણો છે.' ત્યારે ઋષિ બ્રહ્મંગ બોલ્યા 'ધન્ય છે. જે જીવ વીતરાગના ન્યાય માર્ગે ચાલતા હશે તેહને ધન્ય.' (લવજી ઋષિએ કહ્યુ) 'તે માટે લુંકાનો ગચ્છ વોસરાવીને નીકલો તો તુમે મ્હારા ગુરૂ, હું તુમારો શિષ્ય.' ત્યારે બ્રહ્મંગ ઋષિ કહે 'અમ્હાવાથી તો નિકલાય નહિ' ત્યારે લહુજી ઋષિ જણ ત્રણ સંઘાતે લોંકાનો ગચ્છ વોસરાવીને નીકલ્યા. તેહનાં નામઃ ઋષિ લહુજી ૧, ઋષિશ્રી થોભણજી ૨, ઋષિ શ્રી સરવણજી ૩– એ ત્રણ સાધુ સૂરત બિંદરથી વિહાર કરીને ખંભાત બિંદરે આવ્યા.

૨૮ "પીઠ દરવાજે કપાસીની દુકાને ઉતર્યા–ત્યાં કાપાસીયાનો શેહીયો સાંભળવા આવ્યો ત્યારે દશવૈકાલિકના ભિક્ખૂ અધ્યયનની

ગાથા કહી, તે સાંભળી વૈરાગ્ય પામ્યો 'ધન્ય છે સાધુનો અવતાર, એહવા સાધુ સ્વામિજી! આજ પણ હશે?' ત્યારે લહુજી ઋષિ બોલ્યા 'શેઠજી એહવા સાધુ હતા તે મોકલા થીયા, (બીજા) મોહ પાશ માયામાં બંધાણા, સાધુ હતા તે માટે માહરો મત વર્ત્તે છે. શેઠજી! તુમ્હારી સહાય હોય તો એહવું સાધુપણું અંગિકાર કરો.' ત્યારે કપાસિયાનો શેઠિયો બોલ્યો 'સ્વામિ! અમ્હ થકી નીપજશે, તેમાં પાછી પાની નહિ કાદું-કરૂં' તે સાંભળી લહુજી ઋષિ જંગલમાં ગયા, ત્યાં પૂર્વ સામા ઉભા રહી બે હાથ જોડી અરિહંત ને સિદ્ધને નમસ્કાર કરી પંચ મહાવ્રતનો ઉચ્ચાર કીધો, ત્રણે સાધુએ ફરી સંજમ લેઇ ચારિત્ર અંગિકાર કર્યા ત્યાર પછી નારેસર તળાવના માર્ગમાં પાણીનીક ખાલ હતી ત્યાં આજ્ઞા માંગી ઉતર્યા; પછી ઘણા બાઇ ભાઈ શહેરના, સાધુની ખબર પડી તે ધર્મકથા સાંભળવાને આવે. ત્યાં બાઇઓ કેઇક પાણીનાં બેડાં સહિત ઉભી થકી સાંભળે, ત્યાં જિન માર્ગની રીત સમજવા લાગા, ત્યારે લહુજી અણગારની બાઇ ભાઈ ઘણી પ્રશંસા કરે. તે વાત વીરજી વોરા પાસે ચાલી ગઇ; (તે) સાંભળીને કોપાયમાન થયો 'મ્હારા ગચ્છમાં લહુજીએ ભેદ પાડયો?' તે માટે સૂરત થકી ખંભાતના હાકેમ ઉપર કાગળ લખ્યો જે 'લહુજી સેવડેકું ખંભાતસેંતી નિકાલ દિજ્યો.' પછી હાકેમે લહુજી અણગારને તેડાવ્યો, તેને એકને એકાંતે બેસાડી મુકયા, ત્યાં બેઠા બેઠા સઝાય ધ્યાન કરવા લાગ્યા 'રે જીવ! તને અપૂર્વ લાભનું ઠેકાણું આવ્યું છે.' ત્યાં બેઠા થકા એક બે ત્રણ ઉપવાસ થયા ત્યારે દાસી(એ) જાતાં આવતાં દેખીને બેગમને અર્જ કરી 'એક સેવડેકુ નવાપે (નવાબે) રોકયા હે, સારા દિન પઢે હે,

ખાતા પીતા નહિ.' તે દાસીની વાત સાંભલીને બેગમ કોપાયમાન થઈ, પછી નવાબને બે હાથ જોડીને અર્જ કરી 'અબ તુમ્હારા ખાના ખરાબ હુવા, હજરતને ખુદાઈ ફકિરકે ઉપરે નજર ડાલી, ઉનેં કયા તુમ્હેરી તકસીર કાંઈ દેખ્યે નસપરી (?) ફકિરકૂ રોક છોડ્યા હૈ? દો દિન તીન દિન હુએ ખાના પીના નહિ, સારા દિન પઢયા કરતા હે સાહબસૂં ધ્યાન લગાયા હે, અબ તુમ્હારા ખાના ખરાબ હુઆ, ચાહો તો હો સાહબ તુમ્હનેં ફકિરા કરે; બેદમા ઘાલિ સૂખ સાદી દોલત ચાહીએ તો સબી છોડ દો.' એહવાં વચન સાંભળીને હાકિમ દિલગીર થયો. પછી હાકીમે આવી લહુજી અણગારને પગે લાગ્યો 'હે દેવાન સાહબ! એ મેરી તકસીર નહિ, મુઝકું શેહજીકા કહેણ આયા હે, મેરી તકસીર માફ કિજે; તુમ દુસરે ઠામે જાવ, મેં સાહિબકા ગુલામ હું. દુવા હિ દીજે.' એમ કહીને હાકિમ હાથ જોડીને પગે લાગ્યો. પછી લહુજી અણગાર વિહાર કરીને કલોદરે આવ્યા, ત્યારે ખંભાતના ભાઇભાઇ ઘણા એકઠા મલીને આવ્યા; વંદણા કરીને હરખિત થયા; ત્યારે લહુજી અણગારે ચિંતવ્યું 'જે ભગવતી સૂત્રમાં કહ્યું છે જે રાજાની નિશ્રાયે સંજમ પળે, ગાથાપતિની સેજાતર (શય્યાતર) ની, ઢોલાની ઇત્યાદિક નિશ્રાયે સંજમ પળે, તે માટે કોઇક મોટા કુલવાળા સમજે તો જિન-માર્ગની પ્રરૂપણા થાય, તે માટે કોઇક પુન્યવંત પુરૂષ સમજે તો જિન માર્ગનો ઘણો ઉદ્યોત થાય.' એવું વિચારીને અમદાવાદનો વિહાર કર્યો.

૨૯ "ત્યાં ઘણા લોક ઓસવાલ ઝવેરી સમઝ્યા; તેથી જિન માર્ગનો મહિમા ઘણો વધ્યો. તેવામાં વોરણો-વોરવા અમદાવાદમાં

ગોચરી કરતાં લુંકાનો ધર્મસિ જતિ મલ્યો. લહુજી અણગાર સંઘાતે કેટલીક આચારની વાત (સંબંધી) પરુત્તર-પ્રશ્નોત્તર થયા ત્યારે લહુજી અણગારે લુંકાના જતિ ધર્મસિંને ઉપદેશ દીધો 'તુમે આવા જાણપણાને પામ્યા છો તો ગચ્છમાં ક્રાંઇ (શા માટે) પડી રહ્યા છો?' ત્યારે જતિ ધર્મસિ બોલ્યો 'અવસરે હોસે તે જણાશે.' પછી ત્યાં ઘણા લોક વૈરાગ્ય પામ્યા, જિન માર્ગ સાચો કરી જાણવા લાગ્યા, ત્યારે ગચ્છવાસીએ લહુજી અણગારને ઘણા ઉપસર્ગ કીધા. તે મહાપુરૂષે ખમ્યા. ત્યાં કાલની મર્યાદા પૂરી થઇ

૩૦ "પછી અમદાવાદથી સૂરત બંદર દિસનો-મત્યે વિહાર કર્યો ઘણા ભવ્ય જીવને ગામ નગર વિષે સમઝાવતા વીતરાગની વાણીની ઘણી પ્રરૂપણા કરી. ત્યારે લુંકાની સામગ્રી (સમુદાય) વાળા લહુજી અણગારને ઉપસર્ગ દે તે શુભ પરિણામે ખમે; તે વખતે અમદાવાદવાળાએ વિચાર્યું જે 'પહેલાં અમદાવાદના શ્રાવકે વીરજી વોહરા ઉપર કાગલ લખ્યો હતો જે લહુજી અણગાર મહા પુરૂષે સુરતનો વિહાર કર્યો છે, ઘણા ઉત્તમ પ્રાણી છે, ઘણા તરણ તારણ સાધુ છે, તે માટે એહવા સાધુને નિર્દોષ વસ્ત્ર પાત્ર સ્થાનક આહાર પાણીની સાર સંભાલ કરજો, તેથી મહા કર્મની નિર્જરા થશે. ઘણા ગુણવંત છે. તીર્થંકર નામ ગોત્ર બાંધવાનું ઠેકાણું છે, તે માટે શેઠજી તો ઘણા જિનમાર્ગના જાણુ છો, ઘણા ડાહ્યા છો, અમારા સિરદાર છો, નાયક છો તે માટે લહુજી અણગાર આવ્યા હોય તો અમારી વતી ૧૦૮ વાર વંદના કરજો પછી અમદાવાદની વિનતિ કરજો, કે મહા પુરૂષ! તુમ્હ વિના શ્રાવક રૂપ વાડી સૂકાય છે,

ઘણો શો કહીએ?' ત્યાર પછી થોડાક દિનને આંતરે **સુરત** બંદરે આવ્યા, સ્થાનકની આજ્ઞા માગી ઉતર્યા.

૩૧ "પહેલાં ગોચરી **વીર**જી વોહરાને ઘેર ગયા. ત્યારે **વીર**જી વોહરો બોલ્યો 'લહુજી! સારી–બધી વાટ આમ પૂંજતો પૂંજતો આવ્યો?' ત્યાં **લવ**જી અણગાર બોલ્યા 'શેઠજી! બાહેાર આંખથી નજરનું બલ પોંચે છે (તેટલું) જોઇને ચાલું છું, ઘરમાંહિ ઢાંકેલ તેમાં નજરનું બલ પહોંચતું નથી તો તે માટે પુંજીને ચાલું છું.' (વીરજીએ કહ્યું) 'જાઓ ઘરમાં આહારપાણી વ્હોરો.'

૩૨ "તે સમયે ચોમાસું પૂરૂં થયું. ઘણા ધનિક બાઈ ભાઇ ધર્મ સાંભલવા લાગ્યા. ઘણા લોક સમજવાનને સમજાવીને પછી વિહાર કર્યો. ગામ નગર વિચરતાં **ખં**ભાત આવ્યા. માસકલ્પ કરીને પછી **અ**મદાવાદનો વિહાર કર્યો. ત્યાં **અ**મદાવાદના લોક ઘણા સાંભળવા આવ્યા. તેવે ટાણે **ધ**ર્મસિ **અ**મિપાલજી પ્રમુખ ઘણા જતિ કુંવરજીના ગચ્છ થકી ફરી સંજમ લેઇ નીકલ્યા. **ધ**ર્મસિ રૂષિ (એ) જુદે સ્થાનકે પ્રરૂપણા કરવા માંડી ત્યારે લોકમાં ભિન્નતા પડવા માંડી; ત્યારે **લહુ**જી અણગાર **ધ**ર્મસિ રૂષિને સ્થાનકે ચાલીને ગયા, જઇને કહ્યું 'આપણે એકઠા વિચરીએ' ત્યારે **અ**મિપાલજી બોલ્યા 'ઘણું રૂડું વિચાર્યું.' ત્યાં **ધ**ર્મસિ રૂષિ પગે લાગ્યા નહિ; તેવારે **લહુ**જી અણગારે વિચાર્યું 'હજી ગચ્છવાસિની પુનાઇ દિસે છે.' પછી પોતાને સ્થાનકે (તે) આવ્યા. **લવ**જી અણગાર પાસે, (અને) **ધ**ર્મસિ રૂખ પાસે, જઇ 'તુમ્હારે માહો માહી શો ફેર છે?' (એમ પૂછતાં) **ધ**ર્મસિ રૂખ બોલ્યા 'એ ને અમ્હે એકજ કહીએ' (પણ) લોકમાં વિરોધ પડવા માંડ્યો, પછી કેટલાક દહાડે ફરીને ગયા, જઇને

શ્રીપાલજીને કહ્યું 'તુમે કહેા તેા હું પગે લાગું, ધર્મસી રખ ઘણા ભણનાર છે.' ત્યારે અમીપાલજી બેાલ્યા 'સ્વામિ! ધર્મસિ રખ કરતાં હું ઘણું ભણનાર છું. ૪૦ હજાર ગ્રંથ માહરે મેાઢે છે તે માટે ભણનાર જાણીને પગે લાગેા તેા માહરા પગે લાગેા, પણ જિન માર્ગની રીતિ નહિ રહે.' તે ધર્મસિ રખ હઇયા માંહિ સમજ્યા. સમજીને કુબુદ્ધિ કેલવી ધર્મસિ પેાતાના જતિ પ્રત્યે કહેવા લાગ્યા 'પેાથી તેા પરિગ્રહમાં ઠરે છે, તે માટે પેાથી વેાસરાવીને ફરી સંજમ લે.' તેા તેવારે જતિ ભેલ્લા હતા તેણે હા ભણી. પછી પેાથી વેાસરાવી, ફરી સંજમ લીધેા. તે વારે ધર્મસિ રૂષિ લવજી રખને કહેવા લાગ્યા 'આજતેા પેાથી સહિત મહાવ્રત ઠરે નહિ, તે માટે અમે તેા પેાથી વેાસરાવી ફરી સંજમ લીધેા, તમે પણ પેાથી વેાસરાવી ઘેા.' તે લવજી મુનિ બેાલ્યા 'અમારે તેા પેાથીનેા આધાર છે, પાનાં વેચીને ખાંવા નથી, કે પરિગ્રહમાં ઠરશે. તમારી વાત તમે જાણેા' એમ કહીને જુદી જુદી પ્રરૂપણા કરવા માંડી. પછી લવજી અણગારે વિચાર્યું જે 'આ વિનયમૂલ માર્ગ અનંતા તીર્થંકરનેા, તે ભાંજવાને કામી થયેા.' ત્યાંથી લવજી અણગારે વિહાર કર્યેા. કેટલેક કાળે વળી ત્યાં આવ્યા.

૩૩ 'અમદાવાદ નગરે કાલુપરાના વાસી જ્ઞાતે વીસા પેારવાડ ઉમર વરસ ૨૩ કેટલેાક કાળ શ્રાવકપણું પાળીને રખ લવજી પાસે દીક્ષા લીધી રખ સેામજી થયા. લેાકમાં જસ ઘણેા વ્યાપ્યેા ત્યારે ધર્મસિ રખ પાસે બીજા લેાક ચર્ચા કરવાને આવે ત્યારે કંઇ જવાબ દે નહિ, સિદ્ધાંતના પાઠ કહે તેાપણ માને નહિ. અમને સિદ્ધાંતના પાઠ બતાવેા તેા માનીએ. ધર્મસિ

રખના સાધુને પોતાને સઝાય પણ અટકી, મોઢેથી વિસરી જવા માંડયું પોથી વિના સિદ્ધાવા લાગ્યા. શિષ્યને કહ્યું 'આપણે પોથી લઇએ' **સોમજી** રખને પૂછ્યું ને ત્યારે શિષ્ય બોલ્યો 'સ્વામી! આપણે પોથી મૂકી ત્યારે તેને કહ્યું હતું, હમણાં તેને મોટાઇ દીએા છે, લેવી હોય તો આપણી મેળે લીએા.' પોથી જાસી (?) લીધી, પછી **લવજી** અણગારને માલૂમ પડયું 'તિખુત્તો જે વંદણાની ખાતર એટલી કળવકળ કરે છે. ભણ્યેા ખરો પણ જાણ્યું કાચું છે, ઇહાંથી વિહાર કરૂં જુદી પ્રરૂપણાએ લેાક સમઝતા નથી.'

૩૪ "ત્યાંથી વિહાર કર્યો. ઘણાં ગામ નગરને વિષે ઘણા ભવ્ય જીવને ધર્મ સમજાવતા **લવજી** અણગાર **ધુર**હાનપુર આવ્યા. ઘણા બાઇ ભાઇ સાંભળવાને આવે, ઘણેા જિત માર્ગનેા ઉદ્યોત થયેા, ઘણા લેાક સમઝ્યા ને **લુંકા**ની માન્યતા પાતલી પડી. **લુંકા**ના જતિને દ્વેષ પડિવરજ્યેા–પ્રાપ્ત થયેા. પછી માસ કલ્પ પૂરેા થયેા ત્યારે ઇદલપૂરે આવ્યા. ઘણા લેાક શહેરનાં ગાડાં જોડીને સાંભલવા આવે, તે વાતને જતિએ જાણી ત્યારે વિચાર્યું જે એ આપણી માન્યતા ઘટાડશે. પછી લુંકાના જતિએ વિષ ઘાલીને લાડુ કીધેા કરીને ઇદલપુરામાં રંગારીને આપ્યેા. આપીને એમ કહ્યું "બાઇ! અમ્હારા હાથનેા લીયે નહિ, અમ્હારે એ મહાપુરૂષનેા તેા જોગ કિહાં મલે? તે માટે કાલે છઠ પારણું છે તુમ્હારા આંગણા આગલ થઇને નિકલશે તે વારે તુમે એમ કહેજો 'મહા પુરૂષ! લાહાણાનેા આવ્યેા છે, અમે ન ખાધેા તુમને આપું તેમાં કેાઇ ટોટેા છે? એ નફાનું કારણ છે." એમ કહી વોહરાવ્યેા તે વારે થાનકે આવીને છઠનું પારણું કર્યું. થેાડી વારે કિલામણા થઇ, તે વારે **સોમજી** અણગારને

કહ્યું 'મુઝને કિલામણા ઘણી થાય છે.' એમ કહીને સૂતા, પછી થોડીકવાર ઉઠીને એમ કહ્યું 'એણી વેલા મુઝને આઉખાનો વિશ્વાસ નથી.' એમ કહીને સાગારી સંથારો કીધો, પછી દેવલોકે ગયા. ત્યારે ઇદ્દલપુરીના શ્રાવકે શહેરમાં જણાવ્યું. શહેરના શ્રાવકો આવ્યા, દેખે તો આઉખાની સ્થિતિ પુરી થઇ. સોમજી અણગાર પ્રત્યે હકીકત પૂછી. તેમણે અમુક બાઇને ત્યાંથી અહારની વિધિ કહી. શ્રાવકે તે બાઇને પૂછ્યું, તે રંગારી સાચું બોલી જે 'મુઝને લુંકાના જતિએ લાડુ આપ્યા, જે વિધિ કહી તે રીતે મેં વહોરાવ્યો.' આ વાત સાંભળીને શ્રાવક શ્રાવિકા કોપાયમાન થયા. હવે ગમે તે ઉપાય કરીએ તો પણ સ્વામી પાછા આવે નહિ, તે માટે સમતા રાખો. ધર્મી છે તે તરશે. થોડા દિને રંગારીને ગલતો કોઢ ઉપજ્યો. પછી સોમજી અણગાર માસકલ્પ પૂરો કરીને શહેરમાં ચોમાસું આવ્યા, જિનમાર્ગનો ઘણો ઉદ્યોત થયો. ત્યાં ઘણા બાઇ ભાઇએ વ્રત આદર્યાં, સમકિત પામ્યા, વીતરાગના માર્ગનો મહિમા વધ્યો. બુરાનપુરથી ચોમાસું પુરું કરીને વિહાર કર્યો.

૩૫ "એકદા સોમજી અણગારે એવો વિચાર કર્યો કે લવજી ઋષિ વડા હતા અને ધર્મસી ઋષિ નાના હતા. લવજી મુનિને વંદણા ન કરી. વિનયમૂલ ધર્મ છે તો હું જઇને ધર્મસી ઋષિને પગે લાગું એ વિનય છે.

૩૬ "ત્યાર પહેલાં અમદાવાદથી લવજી ઋષિએ વિહાર કર્યો હતો ને લવજીની શોભા ઘણી વધી હતી ને ધર્મસી ઋષિએ ભણવાને અહંકારે જિનમાર્ગ વિરૂદ્ધ પ્રરૂપણા કરી હતી કે જે જીવ મારીયે મરે

નહી તે સમદૃષ્ટિ, એમ જે કહે જીવમાર્યો મરે' (તે મિથ્યાદૃષ્ટિ), કુસાધુપણું, સાધુપણું. સામાયિક આઠ ભાગે નીપજે તે સમકિતદૃષ્ટિ, જે એમ કહે 'સામાયિક આઠ ભાગે ન નિપજે તે મિથ્યાદૃષ્ટિ ઇત્યાદિક સિધ્ધાંતની રીત મૂકીને પોતાની મેળે ટોળું જુદું પાડવાને વિપરીત પ્રરૂપણા કરી પોતાની પરખદા કાઢી-મોટી કરી.

૩૭ "પછી કેટલેક કાળે-વરસને આંતરે સોમજી અણગાર વિહાર કરીને અમદાવાદમાં ધર્મસી ઋખને સ્થાનકે આજ્ઞા માગીને ભેળા ઉતર્યા. ધર્મસી ઋષિને વંદણા નમસ્કાર કરી શાતા પૂછે, સેવા ભક્તિ કરવા લાગ્યા ત્યારે ધર્મસી ઋષિ કહે 'આપણે આહારપાણી ભેળાં કરીએ,' ત્યારે સોમજી અણગાર કહે 'અમ્હે કાંઇક વસ્તુ સાંભળીને શંકા ઉપની છે તે પુછીને આપણે બંને આહારપાણી ભેળાં કરીશું' પછી આહારપાણી આપ આપણી મેળે લાવીને રાખ્યાં, ત્યારે સોમજી અણગાર આવ્યાની ખબર સાંભળીને શ્રાવક શ્રાવિકા વંદણા કરવા આવ્યા. વંદણા કરીને સેવા ભક્તિ કરવા લાગ્યા. ઘણા શ્રાવકોએ એકઠા મળીને આઉખા કર્મ આશ્રી ચર્ચા કાઢી, ત્યાં સોમજી અણગારે ભગવતી સૂત્રના ૭૨ આલાવા હતા તે કાઢીને આઉખા કર્મઆશ્રી દેખાડયા. વળી સમવાયાંગ સૂત્રમાં આઉખા કર્મની આંકરેખા દેખાડી. વળી પ્રજ્ઞવણા સૂત્રમાં આઉખા કર્મનું રહસ્ય જેમ હતું તેમ દેખાડયું. અંતગડ સૂત્રમાં આઉખા કર્મની સ્થિતિ ભેદીને કાળ કરશે ઇત્યાદિક ઘણા પાઠ સૂત્રના દેખાડયા, ત્યારે શ્રાવકની શંકા ભાંગી. વળી સામાયિક આશ્રી ચર્ચા કાઢી, ત્યાં ભગવતી સૂત્રમાં ૪૯ ભાગામાં ૨૩ મે આંકે સામાયિકનું સ્વરૂપ દેખાડયું. બે કરંણ ત્રણ યોગ કરી શ્રાવક [illegible] છે,

વર્તમાનકાળે સંખ્યાતા દેખાડે છે, આગમે કાલે અનંતા તિર્થંકર દેખાડશે. બે કરણથી વધે નહિ, ત્રણ યોગથી યોગ વધે નહિ, એ વિવાદસૂત્ર કહ્યો. છ ભાંગે સામાયિક કરીને તીર્થંકરની આજ્ઞા-આરાધક અનંતા થયા છે, થાય છે, થશે. આઠ ભાંગે સામાયિક કરવો એ નિન્હવનું વચન છે. આઠ ભાંગે સામાયિક કરીને અનંતા નિગોદમાં રૂળ્યા, સંખ્યાતા રૂળે છે, અનંતા રૂળે છે, એ અનાહુત વચન અજ્ઞતાપણા માટે શ્રાવક શ્રાવિકા શંકામાં પડયાં, પછી બીજે દિને આવ્યા ને ધર્મસી ઋષિને કહે 'ભગવંત શ્રી મહાવીર દેવને એક લાખ ને ઓગણસાઠ હજાર શ્રાવક થયા તે મધ્યે કોઇ શ્રાવકે આઠ ભાંગે સામાયિક કરી એવો પાઠ અમને કાઢી દેખાડો. વળી આલંબીયા નગરીના, તુંગીયા નગરીના, શ્રાવસ્તિ નગરીના એ આદિ ઘણા શ્રાવક એકઠા મળીને આઠ ભાંગે પોસા સામાયિક કર્યા હોઇ તે પાઠ કાઢીને દેખાડો, આનંદાદિ દશ શ્રાવકને ભગવંતે ઉપદેશ દીધો હોઇ તે માટે અમ્હને (પાઠ) કાઢીને બતાવો.' ધર્મસી ઋષિ શોચમાં પડયા, પછી તેનો શિષ્ય શ્રાવક પ્રત્યે બોલ્યો 'તમે કાચો પાણી પી જાણો, સ્ત્રીના વશ ભોગ જાણો, તમે સિદ્ધાંતની વાત જાણો નહિ. ગુરૂની આશાતનાથી બીતા નથી? ગુરૂ કહે તે રૂડું જ કહેશે, એમ વિચારો જે આ પૂજ્ય ઘણા (મોટા) પંડિત છે.' પછી શ્રાવકે જાણ્યું જે કુહાડાને હાથો મળ્યો છે. શ્રાવક વંદણા મૂકીને ઉઠયા. વળી ધર્મસી ઋષિ કહે 'આહાર પાણી ભેળાં કરીએ.' ત્યારે સોમજી અણગાર કહે 'અમ્હારે કોઇ વસ્તુ પૂછવી છે' ત્યારે ધર્મસી ઋષિનો શિષ્ય બોલ્યો 'સ્વામી! પૂછવું હોય તો હમણાં જ પૂછો.' ત્યારે સોમજી અણગાર કહે 'આપણે ૩૨ સૂત્ર ૪૫ આગમની સ્થાપના, તેમાંથી એક પાઠ કાઢી આપો કે

(૧) આઉખું ઘટયું ન માને તે સમદ્રષ્ટિ, ઘટયું માને તે મિથ્યાદ્રષ્ટિ, (૨) સામાયિક આઠ ભાંગે માને તે સમદ્રષ્ટિ છ ભાંગે માને તે મિથ્યાદ્રષ્ટિ.' ત્યારે **અમી**પાલજી બોલ્યા 'એ પાઠ સિદ્ધાંતમાં ક્યાંય નથી.' ત્યારે **સો**મજી અણગાર કહે 'દોષ ઠેરાવો.' ત્યારે ધર્મસી ઋષિ વિચારમાં પડયા 'જો દોષ ઠરાવું તો પ્રાયશ્ચિત્તમાં સંજમ તણાઈ જાય છે. લોકમાં અપકીર્તિ થશે,' તે માટે વિચારી રહ્યા પછી ઘણી રાત સુધી ચર્ચાવાત થઇ, પછી પ્રભાતે પડિલેહણ કરી (કર્મ બાંધી?) **સો**મજી અણગાર કહે 'એટલો ઉદ્યમ કર્યો, સઘળું પાળી (સંધ લોપી) મેં તમને વંદના કરી, તે મારી નિરર્થક ગઇ.'

૩૮ "**અમી**પાલજી, **શ્રી**પાલજી માંહોમાંહે વિચાર કરીને ધર્મસી ઋષિને કહ્યું 'સ્વામી! એક વચન અમે માગીએ તે આપો તો **સો**મજી અણગારને તેડી લાવીએ.' ત્યારે ધર્મસી ઋષિ બોલ્યા 'શું કહો છો?' પછી **અમી**પાલજી બોલ્યા 'સ્વામી! **સો**મજી અણગારે કહ્યું છે તેવો પાઠ સિદ્ધાંતમાં એક પણ ન મળ્યો તે માટે તમે અતીત કાલની પ્રરૂપણાનો મિચ્છામિ દુક્કડ દો. હવેથી એવી પ્રરૂપણા કરવી નહિ. એટલું મને કહો તો હું **સો**મજી અણગારને તેડી લાવું. તમારી શોભા થશે.' ધર્મસી ઋષિ બોલ્યા 'એવો મુરખ કોણ હશે, થુંકીને પાછું ગળશે?' ત્યારે **અમી**પાલજી, **શ્રી**પાલજી હૈયામાં સમજ્યા. પછી ધર્મસી ઋષિને વોસરાવીને **સો**મજી અણગાર પાસે આવ્યા, વંદણા કરી કહેવા લાગ્યા 'સ્વામી! અમે ધર્મસી ઋષિનો સંઘાડો વોસરાવ્યો' ત્યારે **સો**મજી અણગાર કહે 'ભલું તમને જાણપણું લાધ્યું, કે તમે ખોટી વસ્તુ છાંડી વેગળા થયા.' ત્યારે **અમી**પાલ **શ્રી**પાલ કહેવા લાગ્યા 'તમે અમારા ગુરૂ.' **સો**મજી અણગાર બોલ્યા

'એ જિનમાર્ગની રીતિ છે. અમીપાલજી શ્રીપાલજી આવ્યા ત્યારે ઘણા શ્રાવક શ્રાવિકા ધર્મસી ઋષિની શ્રદ્ધા ખોટી જાણી તેનો ઘણો અપજશ થયો. શ્રાવક શ્રાવિકામાં કુટાકુટ થઇ, ત્યારે ગુજરાતી લોક લીધો બોલ મુકે નહિ કે અમારે ગુરૂ કહે તે ખરૂં.

૩૯ "વળી કુંવરજીના ગચ્છથી નીકળેલા ઋષિ પેમજી, ઋષિ લધુ હરજી, ઋષિ વડો હરજી એ ધર્મસી ઋષિના ગુરૂભાઇ, ધર્મસી ઋષિને મૂકીને ફરી સંજમ લઇને સોમજી અણગારને અંગિકાર કરી વિચર્યા. વળી જીવાજી મારવાડમાં નાગોરી લુંકાના ગચ્છને વોસરાવીને ફરી સંજમ લઇ સોમજી ઋષિની આજ્ઞાએ પ્રવર્ત્યા. વળી મારવાડમાં મેડતાથી લાલચંદજીએ જીવાજી પાસે સંજમ લીધે; તે જ્ઞાતે વીસા પોરવાડ લાલચંદજી ભણી ગણીને પ્રવીણ થયા, પછી જીવાજીએ કહ્યું 'તમે ગુજરાતમાં જાઓ ને સોમજી ઋષિની આજ્ઞા માગી લાવો' ત્યારે લાલચંદજી સાધુ સંઘાતે વિહાર કર્યો, સોમજી અણગારને આવીને વંદણા કરી વિચર્યા.

૪૦ "ત્યાર પછી હરીદાસજી લાહોરમાં ઉનરાથી લુંકાનો ગચ્છ વોસરાવી નીકળ્યા, ફરી દીક્ષા લીધી, ખબર પડી કે ગુજરાતમાં સાધુ પ્રવર્ત્તે છે તે માટે 'હું જઇને તે મહાપુરૂષની આજ્ઞામાં પ્રવર્તું એ જિન માર્ગની રીત છે' એમ કહીને તેણે ગુજરાતનો વિહાર કર્યો. તે પહેલાં ધર્મસી ઋષિના સ્થાનકે આવી ઉતર્યા, કેટલાક દિન રહ્યા પછી સોમજી અણગારના સ્થાનકે આવી ઉતર્યા. ત્યારે લોકે વિચાર કર્યો જે હરિદાસજી પૂજ્ય પ્રમૈને પૂરા છે, વ્યાકરણમાં જાણ છે, સિદ્ધાંતના પારગામી છે, વૃત્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ નિર્યુક્તિના

જાણ છે, એ પારખું કરશે તે આપણે કબૂલ, પછી માંહોમાંહી બંનેના (ધર્મસી તથા સોમજીના) આચાર ગોચરની પરીક્ષા કરીને કહેવા લાગ્યા 'તુમ્હે ગચ્છ છાંડ્યો, પણ ગચ્છ છાંડ્યો નથી. હુરદાસ કહે 'તુમ્હે ત્રણ પાત્રાંનાં ત્રણ ઢાંકણાં લાકડાનાં રાખો છો એ માયાનો સ્થાનક એવો છે'-ઇત્યાદિક ઘણા બોલોનો આચાર ગોચાર દેખાડીને ધર્મસી ઋષિને વોસરાવીને સોમજી અણગારની આજ્ઞા અંગીકાર કરી 'સ્વામી! તુમ્હે મારા ગુરૂ છો, હું તમારો શિષ્ય' એમ કરી વિચર્યા.

૪૧ "પછી ધર્મસી ઋષિનો શ્રાવક શ્રાવિકામાં અપજશ થયો. હુરદાસજી પૂજ્ય સરીખા કોઈ ભણનાર નથી, એવા ગુણવંત પુરૂષ છાંડી ગયા તો કાંઇક અવગુણ લર્યો છે. ધર્મસી ઋષિની પ્રરૂપણા છે કે સાધુને લેખવા નહિ. લુંકા ગચ્છમાંથી ઘણા શ્રાવક શ્રાવિકા સોમજી અણગાર માંહિ જિનમાર્ગમાં ભળ્યા. જેનો પૂજ (પૂજા) હવે ચાલે."

૪૨ "ગોધાજી ગચ્છ છાંડી ફરીથી સંજમ લીધો, તે પણ સોમજી અણગારની આજ્ઞામાં પ્રવર્ત્તવા લાગ્યા ને નમસ્કાર કરી સેવા-ભક્તિ કરવા લાગ્યા. આજ મોટી જાત્રા થઈ. આહારપાણી ભેગાં કર્યાં. આજ્ઞા લઇને વિહાર કર્યો. તથા અમીપાલ, શ્રીપાલ અને સોમજી અણગાર, અને ધર્મસી ઋષિ દરીયાપરીની વચ્ચે વિવાદ લક્ષી પુસ્તકનો મોટો વિખવાદ થયો. હવે ત્રણ મુનિ અમીપાલજી શ્રીપાલજી અને સોમજીએ દિલ્લી આગ્રાનો વિહાર કર્યો.

૪૩ "હવે ૧ ગિરધરજી અને ૨ માણેકચંદજીએ બેઉ ફેટાબંધ એક પાત્રીમાંથી નિકળ્યા. પોતાની મેળે સંજમ લઇને પ્રવર્ત્તવા

લાગ્યા. ગિરધરજી ઋષિ પણ સોમજી અણગારની પાસે આવી ઘણા સિદ્ધાંત ભણ્યા. વ્યાકરણ સાધીને આજ્ઞા લઇને વિહાર કર્યો. કાહા (કાન્હ) જી ઋષિને ભાણેકચંદજી મળ્યા ને આહાર પાણી ભેળાં કર્યાં. આજ્ઞા એ વિનયની રીતિ મૂલ જિન માર્ગ છે. વિચારો, એ સૂત્રની રીતિ છે." (પટ્ટાવલી સંપૂર્ણ)

૪૪ આ ઉપરથી સુરતના વાસી દશા શ્રીમાળી વણિક શ્રાવક લવજીએ સંયમ લઈ ઋષિ તરીકેનું પાળેલું ચરિત્ર અદ્ભુત જણાશે. લોંકા પક્ષથી જુદા પડી જુદો ચીલો પોતે કાઢયો હતો. વીતરાગ માર્ગની સમાચારી, સાધુના આચાર વિચાર, સિદ્ધાંતમાં લખેલી વસમી ક્રિયા અને દુષ્કર ચારિત્રની શ્રેણી, વિનયમૂલ ધર્મ વગેરેથી આકર્ષાઈ પોતે તેને પ્રચલિત માર્ગમાં ન જોતાં તેથી જુદી પ્રરૂપણા કરી, તેવી ક્રિયા પાળવા પ્રયાસ કર્યો, ઉપસર્ગ સહન કર્યા. આથી તેનો પરિવાર ટુકો હતો તે તેમના દેહાવસાન પછી વધ્યો.

૪૫ સ્વ૦ વાડીલાલ મોતીલાલ શાહ સને ૧૯૦૯ માં પોતે પ્રકટ કરેલી 'શ્રી સાધુ માર્ગી જૈન ધર્માનુયાયીઓએ જાણવાજોગ કેટલીક ઐતિહાસિક નોંધ' માં પૃ. ૮૪ થી જણાવે છે કે 'સં. ૧૬૮૫ માં શ્રીમાન્ ધર્મસિંહ સુધારક તરીકે બહાર પડયા અને ૧૬૯૨ માં શ્રીમાન્ લવજી બહાર પડયા.' પછી તે સામાન્ય રીતે ઉપરની પટ્ટાવલી પ્રમાણે લગભગ તેમનું ચરિત્ર ટુંકમાં આપે છે. ફેર કેટલાક છે, અને બીજી કેટલીક વાતો આપી છે તે સરખાવી લેવી. શ્રી લવજીને થયેલ વિષપ્રયોગ સંબંધી કહે છે કે 'કોઇ યતિની ખટપટથી એક રંગરેજના હાથે વિષમિશ્રીત લાડુ તહેમને વહોરાવરાવી જીવ

લેવામાં આવ્યો. આ વાતની સર્વને માલુમ થતાં થતીઓના આચાર પરથી તેમના સારા સારા ભક્તોની પણ શ્રદ્ધા ઉડી ગઇ અને ઉલટા તેઓ સાધુમાર્ગી બન્યા.' જ્યારે છેવટે એમ લખેલ છે કે 'દરિયાપુરી સમુદાયની એક પટાવળી એમ કહે છે કે શ્રીમાન્ લવજી ઋષિ શ્રીમાન ધર્મસિંહજીને અમદાવાદમાં મળ્યા હતા. છ કોટી આઠ કોટી સામાયિકના સંબંધમાં આયુષ્ય ટુટવાની માન્યતામાં; એમ કેટલીક બાબતોમાં બન્નેના વિચારો જુદા પડવાથી તેઓ ભેગા રહી શકયા નહિ.' તેમાં જણાવ્યા પ્રમાણે શ્રી. લવજીના શિષ્ય સોમજી ઋષિના શિષ્ય કહાનજી ઋષિના નામનો સમુદાય હાલ દક્ષિણમાં પ્રવર્ત્તે છે. દક્ષિણ હૈદ્રાબાદમાં વિચરતા અમોલખ ઋષિ (કે જે હમણાં સ્વર્ગસ્થ થયા) તે સમુદાયના છે. આમ ભેાંકા ગચ્છથી જુદા પડી જુદો ફાંટો-સમુદાય જેનાથી થયો તે લવજી ઋષિ સુરતના હતા એથી તેના સંબંધી વિસ્તારથી અત્ર કહેવામાં આવ્યું છે.

. ૪૬ ધર્મનું એક બંધારણ નહિ, તેમાં અગ્રણી એકની છત્ર છાયાતળે વર્ત્તવાનો નિયમ નહિ, એક મંડળીના અવિભાજ્ય અંગ તરીકે (team-spirit થી) રહેવાની સંપવૃત્તિ નહિ, મતભેદ તદ્દન નજીવા છતાં અહમેવ થાપવાની મમત્વ બુદ્ધિ અને એકલવિહારીપણું કે બે ત્રણ સાથે જુદા થઇ ચાલી નીકળવું વગેરે કારણોથી ધર્મમાં અસંખ્ય ફાંટા, સંઘાડા, પક્ષો, સમુદાયો પડી ગયા અને ધર્મ છિન્ન-વિછિન્ન થતો ગયો એ આખા ઇતિહાસની ગ્લાનિદાયક સ્થિતિ તરી આવે છે.

## ૬ વિક્રમ ૧૮ મું શતક. (ચાલુ)

૪૭ સં. ૧૭૦૫ માગશર વદ ૨ દિને શ્રાવિકા પ્રેમલદે પઠનાર્થે શ્રીવિજય ગણિ શિષ્ય મેરૂવિજયે સૂરત બંદરમાં નવતત્ત્વ પર સ્તબક લખ્યો (જૈ. સં. જ્ઞાન ભં. રાધનપુર), ૧૭૦૬ જેઠ ૧૩ દિને મહોપાધ્યાય દેવવિજય ગણિ શિષ્ય દયાવિજય ગણિએ સૂર્યપુરમાં મુનિ જયવિજયના પઠનાર્થે ચંપકશ્રેષ્ઠિ કથા લખી (વિ. દા. સૂ. સં. શા. સં. છાણી) સં. ૧૭૦૭ પોશ શુદિ ૨ દિને પં. વીરસાગરગણિ શિષ્ય પં. સૌભાગ્યસાગરગણિ શિ. કમલસાગરગણીએ આરાધનાના બાલાવબોધની ૧૦ પત્રની પ્રત લખી તથા આષાઢ સુદી ૧૦ દિને 'સૂરતિ બંદરે' ઉપાધ્યાય જયસુંદર શિષ્ય પં. રત્નવિજયે સ્વયમેવ વાંચનાર્થે ૧૮ પત્રની જિનરાજ સૂરિકૃત ગૂજરાતી ભાષાકાવ્ય નામે શાલિભદ્રરાસની પ્રતિ લખી (રા. ગો. ના. ગાંધી પાસે. જૂઓ છપાતા જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ પૃ. ૯૮૫)

૪૮ સં. ૧૭૧૦ માં તપાગચ્છના વિજયદેવસૂરિએ ગંધારમાં સૂરિપદે વિજયપ્રભને સ્થાપ્યા પછી તેજ વર્ષમાં સુરતમાં ચોમાસું કર્યું.

૪૯ સં. ૧૭૧૫ ના માગશર શુદ ૧૧ ગુરૂવારે શ્રી સુરતિ બંદિર વાસ્તવ્ય સા. મેઘજી ભાર્યા શ્રાવિકા ગોરબાઇ તત્ પુત્રી શ્રાવિકા વીરબાઇએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (નિર્યુક્તિ સહિત) 'જ્ઞાનહેતિ વહિરાવ્યું'. (શાંતિનાથજી જ્ઞાન ભં. ખંભાત.)

૫૦ તપાગચ્છનાયક વિજયદેવસૂરિ (સ્વ૦ ૧૭૧૩) પછી તેમની સ્થાને ગચ્છનાયક થયેલા વિજયપ્રભસૂરિ સુરતમાં વિરાજમાન

હતા ત્યારે ઉપર્યુકત વિનયવિજય ઉપાધ્યાયે જોધપુરથી ત્યાં પધારવા માટે વિજ્ઞપ્તિપત્ર રૂપે સંસ્કૃત મેઘદૂતના અનુકરણ રૂપે 'ઇંદુદૂત' નામનું ૧૩૧ સંસ્કૃત પદ્યોનું ખંડકાવ્ય લખી મોકલ્યું તેમાં જોધપુર, સુવર્ણાચલ-કંચનગિરિ, જલંધરપુર (જાલોર), સીરોહી, આબૂ, સિદ્ધપુર, અમદાવાદ વડોદરા, ભરૂચ અને છેવટે સુરતનું વર્ણન છે. સુરત સંબંધી પદ્ય ૩૧, ૩૨ અને ૮૭ થી ૧૦૭ છે. વર્ણન સુંદર આલંકારિક ભાષામાં છે.

૫૧ આ ઇન્દુદૂત નિર્ણયસાગર પ્રેસની કાવ્યમાલાના ૧૪ મા ગુચ્છકમાં (સને ૧૯૦૬) પૃ. ૪૦ થી ૬૦ પર પ્રગટ થયેલ છે. તેના સંશોધકે ૪૦ મા પૃષ્ઠ પર ટીકા લખી છે કે 'આ ગ્રંથના કર્ત્તાનું નામ ગ્રંથના દર્શનથી સ્ફુટપણે ઉપલબ્ધ થતું નથી—તેની આઠ પત્રની એક પ્રાયઃ અશુદ્ધ પ્રત પરથી પ્રાપ્તિ થઇ છે.' પણ ગ્રંથકર્ત્તાનું નામ તેમાં સ્પષ્ટ દર્શાવેલું છે. જુઓ શ્લોક ૧ 'દન્તં લેખં લિખતિ 'વિનયો' લેખલેખાનતાનામ્, માં વિનય આવે છે તે વિનયવિજય છે, કે જે નામ શ્લોક ૧૨૬ શિષ્યોડણીયાન્ 'વિનયવિજયો' દ્વાદશાવર્ત્તભાજા માં પણ સ્પષ્ટ જણાવેલ છે. આ કાવ્યમાલાનો ગુચ્છક હવે બજારમાં ઉપલબ્ધ નથી તેથી તેમાં આપેલ સુરત સંબંધીનું વર્ણન મૂળ શ્લોક સહિત અત્ર આપવું યોગ્ય થશે.

૫૨ તેમાં 'ઇન્દુ'—એટલે ચંદ્રને ઉદ્દેશીને કહેલું છે કેઃ—

**गन्तव्यस्ते तपनतनयातीरकोटीरमिन्दो !**

**सूर्यद्रंगो गुरुपदयुगस्पर्शसंप्राप्तरंगः ।**

गत्वा तत्र त्रिभुवनजनध्येयपादारविंदो
द्रष्टव्यः श्री **तप**गणपतिर्भाग्यसंभारलभ्यः ॥ ३१ ॥
मार्गे तस्य प्रचुरकदलीकाननैः कान्तदेशं
स्थाने स्थाने जलधिदयितासंततिध्वस्तखेदम् ।
आकर्ण्यान्तःकरणविषये (?) त्वापयोक्तं मयेन्दो
ऽभीष्टं स्थानं व्रजति हि जनः प्रांजलेनाध्वना द्राक् ॥ ३२ ॥

—હે ઇન્દુ ! તારે તપન એટલે સૂર્યની પુત્રી ( એટલે તાપી નદી ) ના તીરને કાંઠે જવું. ત્યાં સૂર્યદ્રંગ એટલે સૂરજકોટ ( સુરત ) કે જેણે ગુરૂના ચરણયુગના સ્પર્શથી આનંદ પ્રાપ્ત કરેલો છે તે આવશે. ત્યાં જઇને જેના ચરણકમલની સેવા લોકોનું ધ્યેય છે એવા ભાગ્યવાન् **તપ** ગચ્છાધિપતિનાં દર્શન કરવાં.

—તે **સુ**રતનો માર્ગ પુષ્કળ કેળનાં વનોથી સુન્દર અને સ્થાને સ્થાને અનેક સમુદ્રપુત્રી એટલે નદીઓથી ખેદ દૂર થાય એવા પ્રદેશવાળો છે. તેમાં થઇને હે ઇન્દુ ! લોકો સીધા માર્ગે એકદમ મારા અભીષ્ટ સ્થાને—ગચ્છનાયકના સ્થાને જાય છે.

પછી જોધપુરથી જતાં આવતાં ગામોનાં વર્ણન આપેલ છે ને ૮૫ શ્લોકથી સુરતનું વર્ણન આવે છે.

५३ तत्र स्थित्वा **भृगुपुर** महावप्रवातायनाग्रे ।
दृष्ट्वा इष्टो निजतनुभुवो धावनोद्वल्गनानि ॥
गच्छेः स्वच्छे **तरणिनगरो**पान्तभूमिप्रदेशे ।
श्री श्रीपूज्यक्रमविहरणध्वस्तपापप्रवेशे ॥ ८५ ॥

खर्जूरीणां विपिनपटली तुंगतालद्रुमाणां ।
तत्र श्रेणिस्तपनतनयातीरभूमिप्ररूढा ॥
मंदं मंदं प्रसृमरमरुत्कंपितां (ता) मौलिकंपैः ।
श्लाघामंतः सृजति नगरस्यास्य लोकान्तरस्य ॥ ८६ ॥

पोतश्रेणी परिचयमिषात्तीरवेल्लद् विमाना ।
मज्जद् वृन्दारक वरवधूर्नागरैर्नागरीभिः ॥
स्वादुस्वच्छस्फटिकरुचिरांभोभरैरुत्तरंगा ।
तापी तत्र श्रयति तटिनी स्वर्गगंगानुकारम् ॥ ८७ ॥

एनां संगच्छति जलनिधिः प्रत्यहं द्विस्त्रिरस्याः ।
सौभाग्येनातिशयगुरुणा कार्मणेनेव वश्यः ॥
अभ्रच्छन्नस्त्वमपि भवितास्येतयोर्योगकाले ।
पित्रोः पश्यन्क इह सुरतं लज्जते नेजडोऽपि ॥ ८८ ॥

तत्र श्रीमत्तपगणपतेः सद्विहारानिलोर्मि– ।
प्लुष्टातंकां फलदलसुमनस्फातिसंपन्नवृक्षाम् ॥
इष्टानेहः परिगतघनोद्भासि भूयिष्ठसस्यां ।
द्रक्ष्यस्यस्यर्हत्समवसरणापास्तदोषामिव क्ष्माम् ॥ ८९ ॥

नम्रीभूताः प्रतिपदमहो लुम्बिवृन्दैः फलानां ।
स्वर्णैर्योषा इव धनवतां सन्ति कम्राः कदल्यः ॥

स्निग्धच्छायैर्मधुरफलदलैर्मंडपै र्गोस्तनीनां ।
गेहैर्ग्रामा इव सुमनसां तत्र कान्ता वनान्ताः ॥ ९० ॥

दीप्ताः पुष्पैरविरलदला मंडली चंपकानां ।
तत्रोद्याने तुलयति फलै र्लक्षिता पल्लवैश्च ॥
नागश्रेणीममसृणमृणिं हेमघंटावलीढां ।
.....॥ ९१ ॥

उद्यानानां नगरमभितः संतति र्भाति नाना ।
वृक्षैर्लक्षैर्विविधसुमनः संवितानां लतानाम् ॥
क्रीडद्दम्पत्युचितकदलं मंदिरै र्बालकानां ।
गेहैः क्रीडाभवनसरसी दीर्घिकावापिकाभिः ॥ ९२ ॥

पोतान्पोतानिव जलनिधेः कुक्षिनिक्षिप्तनाना– ।
वस्तुस्तोमांश्चतुर भविता पश्यतस्ते विलंबः ॥
जाग्रज्जैत्रध्वजपरिगतां जंगमद्रंगतुल्यान् ।
पश्यन्नेतान्न भवति जनः कोऽत्र विक्षिप्तचेताः ॥ ९३ ॥

—ત્યાં રહીને–નર્મદામાં રહીને ભૃગુપુર–ભરૂચના મહાન્ કિલ્લાની બારી પાસે તારી પુત્રી નામે નર્મદાનાં દોડતાં ઉછળતાં મોજાં જોઇને આનંદિત થયેલ તું તરણિ એટલે સૂર્યના નગર એટલે સુરતની હદ પાસેના સ્વચ્છ ભૂમિપ્રદેશમાં જા, કે જ્યાં શ્રીમાન્ શ્રીપૂજ્યના ચરણોના વિહારથી પાપનો પ્રવેશ ટળી ગયો છે. ૮૫

ત્યાં ખજૂરીઓ તેમજ વનનાં વૃક્ષોમાં ઉંચાં એવાં તાડનાં ઝાડોની શ્રેણી તપન-તનયા એટલે તાપી નદીના કાંઠાની ભૂમિ પર સવિશેષ ઉગી છે અને મન્દ મન્દ શીતલ પવનથી કંપિત થયેલી તે પોતાનાં શિખરના કંપથી આ લોકાન્તર નગરની શ્લાઘા અંતરમાં ઉપજાવે છે. ૮૬

ત્યાં તાપી નામની નદી જાણે સ્વર્ગગંગા હોય નહિ તેમ છે. જેમ સ્વર્ગગંગામાં તીરે તરતાં વિમાનો હોય છે તેમ તાપીમાં જહાજોની હારો તરતી હોય છે સ્વર્ગગંગામાં દેવ-દેવીઓ સ્નાન કરે છે તેમ તાપીમાં નાગર-નાગરીઓ ન્હાય છે. બંનેમાં સ્વાદિષ્ટ સ્વચ્છ અને સ્ફટિક જેવાં શોભીનાં જલથી ભરેલાં તરંગો છે. ૮૭

સમુદ્ર એ નદીને હમેશાં બે ત્રણ વખત અતિ જબરા સૌભાગ્યથી એક કામી વશ થઇને કામિનીને ભેટે તેમ ભેટે છે. તે બંનેના યોગકાલે તું પણ વાદળાથી ઢંકાઈ છૂપાઈ જજે કારણ કે માતા-પિતાના સંયોગ જોઇ કયો જડ પણ લજ્જા નહિ પામે ? ૮૮

ત્યાં શ્રીમદ્ તપાગચ્છનાયકના શુભ વિહારરૂપી પવનની લહેરીઓથી જેનાં ભયો ઉડી ગયાં છે એવી ફલ પત્ર અને કુસુમના ઢગથી સંપન્ન વૃક્ષોવાળી, ઇષ્ટ સમયે ભરેલાં વાદળાંથી ઉદ્ભવતા અત્યંત ધાન્યવાળી અને અર્હત્ ભગવાનના સમવસરણથી દોષ જેના ગયેલા છે એવી ધરતી તું જોશે. ૮૯

દરેક પગલે સોનાનાં આભૂષણોથી જેની કમર નમી ગયેલી છે એવી શ્રીમંતોની સ્ત્રીઓ જેથી ત્યાં ફળોની લૂંબોના સમૂહથી નમી ગયેલી કદલી-કેળો છે અને સ્નિગ્ધ છાયા, મધુર ફળોનો સમૂહ, દ્રાક્ષોના

માંડવાઓ અને ફૂલોનાં ઘરોવાળાં ગામો હોય નહિ એવા સુન્દર વનના સીમાડા છે. ૯૦

ત્યાં ઉદ્યાનમાં ચંપાઓની શ્રેણી અવિરલ પત્રોવાળી અને પુષ્પોથી દીપતી છે અને ફૂલ અને પલ્લવથી જોવાયેલી તે સોનાના ઘંટોવાળા અને મુખમાંથી રસ ઝરતા એવા હાથીઓની શ્રેણી સાથે તુલના કરે છે. ૯૧

નગરની ચારે બાજુ ઉદ્યાનોની પરંપરા, નાના પ્રકારનાં વૃક્ષોથી લાખો વિધવિધ પુષ્પોથી અને ખીચોખીચ લતાઓથી તેમજ ત્યાં આવેલાં ઉચિત ફેળગૃહોમાં દંપતિઓ ક્રીડા કરે છે તેથી. બાળકો ઘરો બાંધે છે તેથી, ત્યાં ક્રીડાગૃહો છે, સરોવર છે, કૂવા છે અને વાવો છે તેથી શોભે છે. ૯૨

હે ચતુર ! જેના ઉદરમાં વિધવિધ પ્રકારની વસ્તુઓના ભંડાર ઠલવાયા છે એવા જહાજો-વહાણોને જાણે સમુદ્રનાં બાળકો હોય નહિ એરીતે જોતાં તને વિલંબ થશે-વાર લાગશે. જાગતી જીત સૂચવતી ધ્વજાવાળાં હાલતા ચાલતા કિલ્લા જેવાં એ વહાણોને જોઈને કયો માણસ વિક્ષિપ્ત ચિત્તવાળો ન બને ? ૯૩

૫૪ દુર્ગો ભર્ગોજ્જ્વલપુરિહોત્ કંધરશ્ચંદ્રશાલા ।
દંભાત્સૌધચ્છદિરુપચિતો મૌક્તિકચ્છત્રશાલી ॥
નાનાયંત્રપ્રહરણધરો યુદ્ધસજ્જોગ્રશસ્ત્રઃ । .
ક્ષત્રસ્યૈષઃ શ્રયતિ સુખિનાં ધૈર્યગર્વોદ્ધુરસ્ય ॥ ૯૪ ॥

**गोपी** नाम्नः किमिह सरसो वर्णयामो महत्त्वं ।
यत्क्षीराब्धेः कलयति कलां मथ्यमानस्य नो चेत् ॥
आस्ते कुक्षौ किमिह निहतो मेरुरुद्यापि किं वा ।
वीचिक्षोभो मथनजनितत्रासतोऽत्रागतस्य ॥ ९५ ॥

नीलच्छायं क्वचिदविरलै र्नागवल्लीदलौघैः ।
शुभ्रच्छायं क्वचन कुसुमै र्विस्तृतै र्विक्रियाय ॥
पिंगं चंगैरतिपरिणतैः कुत्रचिच्चेक्षुदंडै–।
र्नानावर्णं पुरमिदमिति द्योतते सर्वदापि ॥ ९६ ॥

पोतोत्तीर्णाम्बुधिपरतटोद्भाविनो वस्तुवृंदान् ।
द्राक् संरंभ्यातुं क इह गणनाकोविदोऽपि क्षमेत ॥
इष्टे मातुं क इव....रजः स्वर्णमाणिक्यपुंजान् ।
गुंजानेमारुणतररुचींश्चांकुरान् विद्रुमाणाम् ॥ ९७ ॥

रूप्यस्वर्णप्रकरघटनप्रोत्थितैष्टंकशाला–।
गर्भोद्भूतप्रतिरवशतैस्तारतारैष्टकारैः ॥
नात्र क्वापि प्रभवितुमलं दुष्टदौर्गत्यभूतः ।
पूतः क्षोद्रे ह्युपशमविधौ मंत्रसारष्टकारः ॥ ९८ ॥

यत्र श्राद्धास्तत सुमनसो विश्वमान्या वदान्याः ।
संख्यातीता अमितविभवाः प्रौढशाखाः प्रशाखाः ॥

कुत्राप्याबाधा (?) रकजनिताः संस्थिता कल्पवृक्षाः ।
प्रादुर्भूतास्तपगणपतिप्रौढपुण्यानुभावात् ॥ ९९ ॥
शिल्पिप्रष्ठै रचितविविधानेक विज्ञानहृद्यं ।
हिंगुल्वाद्यैः कनकखचितैर्वर्णकै वर्णनीयम् ॥
दत्तानन्दं सहृदयहृदां वृन्दमर्हद्गृहाणां ।
चित्रैश्चित्रं क इह न जनो वीक्ष्य चित्रीयतेऽन्तः ॥ १०० ॥
मध्ये **गोपीपुर**मिह महाश्रावकोपाश्रयोऽस्ति ।
कैलासाद्रिप्रतिभट इव प्रौढ लक्ष्मीनिधानम् ॥
अन्तर्वर्त्यार्हतमतगुरुप्रौढतेजोभिरुद्यज्— ।
ज्योतिर्मध्यस्थितमघवता ताविषेणोपमेयः ॥ १०१ ॥
भित्तौ भित्तौ स्फटिकसरुचौ कुट्टिमे कुट्टिमे च ।
संक्रामंस्त्वं सुभग भविता स्यात्तलक्षस्वरूपः ॥
युक्तं चैतत्तरणिनगरोपाश्रयस्यान्यथाश्री— ।
र्द्रष्टुं शक्या न खलु वपुषैकेन युष्मादृशापि ॥ १०२ ॥
तस्य द्वारांगणभुवि भवान् स्थैर्यमालंब्य पश्यन् ।
साक्षाद् देवानिव नृजनुषो द्रक्ष्यति श्राद्धलोकान् ॥
हस्त्यारूढानथ रथगतान् सादिनश्चार्थपौ....(?)
ष्यर्थाञ्श्रोतुं रसिकहृदयाञ्शीघ्रमाटीकमानान् ॥ १०३ ॥

माद्यद्भूरिद्विपमदरसाश्वीयलालानिपात—।
क्लिन्नां स्विन्नामिव घनजनव्रातसंदर्भस्वेदात् ॥
द्वारं स्वस्यांगणभुवमतिप्रेंखितैस्तोरणानां।
स्नेहादाश्वासयति मरुतां प्रेरणेनेव शश्वत् ॥ १०४ ॥

मध्ये तस्याः श्रमणवसते मंडपो यः क्षणस्य।
सोऽयं कान्त्यानुहरति सतां तां सुधर्म्यां सघोनः ॥
मुक्ता चंद्रोदयपरिचितस्वर्णमाणिक्यभूषा—।
श्रेणी दीप्तो विबिधरचनाराजितस्तंभशोभी ॥ १०५ ॥

मध्ये सिंहासनमनुपमं तस्य शक्रासनाभं।
श्वेतश्वैतत्सुरवयतिसतां हृद्यपद्मानुकारम् ॥
सालंकारं सुघटितमहासंधिबन्धं सुवर्णं।
स्वच्छच्छायं सुललितचतुःपादसंपन्नशोभम् ॥ १०६ ॥

दीप्रोपान्तः स्वसदृशरुचा पादपीठेन नम्र—।
क्ष्माभृच्छ्रेणीमुकुटघटना कोमलीभूतधाम्ना ॥
पंक्त्यो डूनाभिव गुणयुजा मौक्तिकस्वस्तिकेन।
व्योम्नो लक्ष्मी किल निदधतोपेंद्र पादाञ्चितेन ॥ १०७ ॥

—ત્યાંનો દુર્ગ એટલે કિલ્લો કેવો છે ? આ જગત્માં ઉંચી ડોક રાખેલ એવું શિવનું ઉજ્જ્વલ શરીર હોય નહિ તેવો, જાણે

એક સુન્દર ઇમારત કે જેમાં મોતીનાં છત્રવાળી ટોચ પર એક ચંદ્રશાલા હોય તેવો, જુદાં જુદાં યંત્ર આયુધોવાળો, યુદ્ધમાં સજ્જ કરવાનાં ઉગ્ર શસ્ત્રોવાળો છે અને તે સુખીઆને અને ધૈર્ય તથા યર્વવાળા ક્ષત્રિય પુરૂષને આશ્રય આપે છે. ૯૪

અહીં ગોપી નામનું તળાવ છે તેના મહત્વનું શું વર્ણન કરૂં ? ( અવર્ણનીય છે ) કે જે ક્ષીર સમુદ્રનું મંથન કરીને તેમાંથી નીકળેલી એક કળા હોય નહિ એમ લાગે છે; અથવા તો દુખમાં ખૂબ ધવાયેલો મેરૂ હોય યા મંથનના ત્રાસથી અહીં આવેલ સાગરનો વીચિક્ષોભ–તરંગોનો ક્ષોભ ન હોય એમ લાગે છે. ૯૫

કવચિત અવિરલ એવી નાગરવેલના ઝુંડથી નીલ રંગવાળું, કયાંક વેચવા માટે આવેલાં ઘણા વિસ્તારવાળા પુષ્કળ ફુલોથી શુભ્ર રંગવાળું, કયાંક પીળા સુંદર અને ઘણા પાકેલા શેરડીના સાંઠાઓથી પીળું એમ જુદા જુદા રંગવાળું આ શહેર હંમેશા ભાસમાન થાય છે. ૯૬

વહાણોમાંથી ઉતારીને સમુદ્રના સામા કાંઠા પર આવતી વસ્તુઓના સમૂહોની એકદમ સંખ્યા ગણી કાઢવાને ગણિતમાં કુશળ એવો પણ કયો શકિતમાન થાય તેમ છે ? ( કોઇ નહિ ) સુવર્ણ, માણેકના પુંજો તથા અતિશય રાતાં વિદ્રુમોના અંકુરો અને ગુંજોનું માપ કોણ કાઢી શકે ? ૯૭

રૂપું, સુવર્ણના સમુહને ઘડવાથી ઉભા થતા ટંકશાળની અંદરના સેંકડો અવાજોથી અને મોટા ટીપવાના ટંકારથી દુષ્ટ દુર્ગતિરૂપી ભૂત ત્યાં કયાંય જન્મતો નથી એટલે કે ત્યાં દરિદ્રતાનું નામ

નથી. જેમ ઉપશમ વિધિમાં મંત્રના સાર રૂપ ટકાર ક્ષુદ્રતાને સાફ કરી નાંખે છે તેમ. ૯૮

જ્યાં શ્રાવકો સારા મનવાળા, લોકમાન્ય, મિષ્ટભાષી,–સખી હૃદયી, અસંખ્ય, અમાપ વૈભવવાળા, ગમે ત્યાં આપવામાં પહેલ કરનારા પ્રૌઢ, શાખા પ્રશાખાવાળા, કલ્પવૃક્ષ જેવા ઉભેલા, તપા ગચ્છનાયકના પ્રૌઢ પુણ્યના પ્રભાવથી પ્રાદુર્ભાવ પામ્યા છે. ૯૯

(ત્યાંના મંદિરો કેવાં છે ?) શિલ્પીઓના રચેલા વિવિધ અનેક વિજ્ઞાનથી હૃદયને ગમે તેવાં, હિંગુલ આદિથી સોનું જડેલ છે એવાં, વર્ણકોથી વર્ણનીય, સહૃદયોનાં હૃદયોને આનંદ આપનારાં, ચિત્રોથી ચિત્રિત અર્હદ્ગૃહો–જિનમંદિરોના વૃંદને જોઇને કયો મનુષ્ય અંતરમાં આશ્ચર્ય પામતો નથી ? ૧૦૦

તે શહેરની મધ્યમાં ગોપીપુર છે ને તેમાં કૈલાસ પર્વતનો સામનો કરનાર હોય નહિ એવો, પ્રૌઢ લક્ષ્મીનો ભંડાર એવો મોટો શ્રાવકનો ઉપાશ્રય છે કે જેની અંતર અર્હત્મત–જૈન ધર્મના ગુરૂના પ્રૌઢ તેજથી ઉત્પન્ન થતી જ્યોતિ મધ્યે રહેલ ઇંદ્રના સ્વર્ગની ઉપમાને યોગ્ય છે. ૧૦૧

ભીંતે ભીંતે અને નીચેની જમીને જમીને સ્ફટિક જડેલ હોવાથી તેના પ્રકાશમાં હે સુભગ ! તારૂં સ્વરૂપ અલક્ષ્ય થશે. તું શોધ્યો નહિ જડે. માટે તારે તરણીનગર– સૂર્યપુરના ઉપાશ્રયથી જુદી શ્રી–શોભા તારા જેવાના એક શરીરથી જોઇ શકાય તેમ નથી એ યુક્ત છે. ૧૦૨

તે ઉપાશ્રયના દરવાજાના આંગણાની ભૂમિ પર સ્થિરતા ધારીને જોતો જોતો શ્રાવકોને, સાક્ષાત્ દેવોએ મનુષ્ય રૂપ ધારેલ હોય તેવા તું જોશે, કે જે શ્રાવકો પૈકી કેટલાક હાથી પર આરૂઢ થઇને, કોઈ રથમાં બેસીને, કોઇ ઘોડા પર અસ્વાર થઇને રસિક હૃદયવાળા ઉતાવળથી ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા આવે છે. ૧૦૩

તે દ્વારના આંગણાની ભૂમિ રસ ઝરતા હાથી અને અશ્વોના આગમનથી તેમજ માણસોની ભરચક ગર્દીથી ભરાયેલી હોવાથી મુંઝવણ કરાવે છે તેને પવનથી ચાલતાં તોરણો પ્રેમથી આશ્વાસન આપે છે. ૧૦૪

તે શ્રમણવસતિ–ઉપાશ્રયની મધ્યે વ્યાખ્યાન–મંડપ રહેલો છે કે જે પોતાની કાન્તિથી સૌધર્મ ઇંદ્રની સભાની શોભાની બરોબરી કરે છે. ચંદ્રોદયના પરિચિત કરાવનાર સુવર્ણ માણેકની શોભાની પરંપરાથી દીપી રહેલ અને વિવિધ રચનાથી શોભિત સ્તંભથી શોભાયમાન છે. ૧૦૫

તે મંડપની વચ્ચે ( વ્યાખ્યાનકાર માટે ) અનુપમ સિંહાસન છે કે જે ઇંદ્રાસનની શોભાવાળું છે અને તે મનોહર કાવ્યની પેઠે સત્પુરૂષોના ચિત્તને સુખ આપે છે કારણ કે તે અલંકારવાળું, સુઘટિત, મહા સંધિના બંધવાળું, સુવર્ણ ( સારા અક્ષરોવાળું, સારા રંગોવાળું, ) સ્વચ્છ છાયાવાળું અને સુસ્થિત ચાર પદ્મવાળી શોભાવાળું છે. ( આ બધાં વિશેષણો સારા કાવ્ય અને સિંહાસન બંનેને લાગુ પડે છે તેથી બંનેને સરખાવ્યા છે. ) ૧૦૬

તે શોભાયમાન સિંહાસન પાસે તેના જેવું પાદપીઠ છે-બાજોઠ છે કે જે નમ્ર રાજાની શ્રેણીના મુકુટોની રચનાથી ફોમલ થયેલ સ્થાનરૂપ છે.

૫૫ ઉપરના વર્ણન પરથી સુરતની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે કે તે સમયે સુરત ઘણી ઉન્નત દશામાં હતું. આખા હિન્દુસ્થાનમાં તે સૌથી વધુ વ્યાપારનું સ્થાન હતું. તે સમયે તેમાં જગતના પ્રાયઃ બધા દેશોના મનુષ્ય વ્યાપાર કરવા માટે આવતા જતા હતા. આજ મુંબઇની જે સ્થિતિ છે તે સ્થિતિ સુરતની હતી. દૂર દૂરના દેશોથી તાપી નદી દ્વારા સેંકડો વહાણો આવતાં જતાં હતાં અને બધી જાતનો માલ લેવાતો અને દેવાતો. તે કવિએ આ શહેરનું થોડું પણ સુંદર વર્ણન કર્યું છે. ત્યાંના ધનાઢય અને સંમાન્ય જૈન સમુદાયનો મોટો મહિમા ગાયો છે.

૫૬ 'સુરતના શ્રાવકો ઉદાર મનના, વિશ્વમાન્ય, વાકપટુ, અસંખ્ય, અમિત વૈભવવાળા, પ્રૌઢ શાખા પ્રશાખાવાળા, કલ્પવૃક્ષ જેવા છે.' (શ્લો. ૯૬) આ બખતે ગોપીપુરા એ સુરત શહેરનો શિષ્ટ ભાગ હતો. ત્યાં જૈન સમુદાયની વસતિ સંખ્યામાં વિશેષ અને પૈસે ટકે સંપત્તિશાલી હતી. આ અધિક વિશિષ્ટ ગોપીપુરામાંના ઉપાશ્રયની શોભા ઘણી આકર્ષક અને વૈભવવાળી હતી. તેની ભીંતોમાં સ્ફટિક જડેલા હતા. (જુઓ શ્લો. ૧૦૧-૩) તે ઉપાશ્રયની મધ્યમાં વ્યાખ્યાન મંડપ અને વ્યાખ્યાન કરનારને બેસવા માટે સિંહાસન હતું તેનું વર્ણન (શ્લોક ૧૦૫-૭ માં) કરેલું છે.

૫૭ વળી 'તાપી એ તો સ્વર્ગગંગા જેવી છે-તેમાં ઘણાં વહાણો ફરે છે. નગરની નર નારીઓ સ્નાન કરે છે ને તેના તરંગો

સ્ફટિક જેવા સ્વચ્છ છે. એ નદી સમુદ્રને હમેશાં એ ત્રણ વખત ભેટે છે. (શ્લો. ૮૭–૮) સુરતની જમીન ફલ પત્ર કુસુમવાળાં વૃક્ષો અને પુષ્કળ ધાન્યવાળી છે. ત્યાં ફલોના ભારથી નમેલી કેળો, શીતળ છાયાવાળા દ્રાક્ષના માંડવા, અને આસપાસ સુંદર વન છે. નગરને ફરતાં ફળફૂલ લતાવાળાં ઉદ્યાનો છે, ત્યાં ભાત ભાતની વસ્તુઓથી ભરેલાં ધ્વજવાળાં ડોલતાં વહાણો સમુદ્રમાં તરે છે. ઉંચા મીનારાવાળો એક કિલ્લો છે કે જેમાં યુદ્ધનાં શસ્ત્રો રાખેલાં છે. ગોપી નામનું સાગર જેવું તળાવ છે કે જેનું વર્ણન થાય તેમ નથી. અવર્ણનીય છે. શહેર કયારેક નાગર વેલનાં પાનથી લીલું, કયારેક વેચાતાં ફૂલોથી શુભ્ર અને કયારેક શેલડીઓથી પીળું દેખાય છે. સમુદ્રથી અગ્રંખ્ય વસ્તુઓ વહાણમાં ઉતરે છે–સોનું માણેક રાતાં પરવાળાં આદિ. ટંકશાળમાં સોના રૂપાના સિક્કા ખૂબ પાડવામાં આવે છે (શ્લોક ૮૭ થી ૯૮)–એ સર્વ સુરતની સમૃદ્ધિસૂચક છે.

૫૮ સં. ૧૭૧૬ માં ઉક્ત વિનયવિજયજીએ ધર્મનાથ સ્ત૦– લઘુ ઉપમિતિ ભવપ્રપંચ સ્તવન, અને સં. ૧૭૨૨ માં પ્રસિદ્ધ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજીએ પ્રતિક્રમણ હેતુ સ્વાધ્યાય તથા ૧૧ અંગની સ્વાધ્યાય મંગલભાઇ તથા બાઇ બગોઇના પુત્ર રૂપચંદભાઇ તથા માણેકશાના માટે ગૂજરાતી ભાષામાં રચેલ છે.

૫૯ સં. ૧૭૧૯ માં ખ૦ જિનભદ્રસૂરિ પરંપરાના જિનચંદ્રસૂરિએ સુરતમાં ચોમાસું કર્યું હતું. જુઓ ધર્મવર્દ્ધન અપર નામ ધર્મસિંહે સં. ૧૭૧૯ માં રચેલ શ્રેણિક ચોપાઇની પ્રશસ્તિ (જુઓ કાવ્ય સંગ્રહ નં. ૫૪ પ્રે૦ આગમોદય સમિતિની પ્રસ્તાવના.)

સં. ૧૭૨૧ અને ૨૨ ની વચ્ચે યાત્રા કરતા જતા **શીલ**વિજય મુનિ **સુ**રતમાં આવે છે. ત્યારે ત્યાનાં **જૈ**ન દેરાસરો અને શ્રાવકોનું ટુંક વર્ણન પોતાની **તીર્થ**માલામાં નીચે પ્રમાણે આપે છેઃ—

**નવસારી સૂરતિ** મંડાણ, **ચિંતામણિ** સોહે જિનભાણ,
**ઉંબરવાડી** જીરાઉલો, **આદિનાથ** ગાઉં ગુણનિલો. ૧૧૧
જિનધર્મી વ્યવહારી બહુ, સોહે **સુ**રતરૂ સરિખા સહુ,
ઋદ્ધિ રૂડા લીલાવંત, દાન સુપાત્રે આપે સંત. ૧૧૨
વિનયવંત વારૂ ગુરૂમુખી, સદ્‌ગુણ સોહે દિન દિન સુખી,
ન્યાયે મેલે સઘલી લાછિ, સાત ક્ષેત્ર પોષે ઉલ્હાસિ. ૧૧૩
**તાપી**તટ સાગરનો સંગ, કૌતુક જિહાજ ઘણાં ઉછરંગ,
દીપાંતરની અપૂરવ વાત, મેવા મોતી વસ્ત્ર વિખ્યાત. ૧૧૪

૬૦ સં. ૧૭૨૧ ના ભાદ્રપદ શુદિ ૬ દિવસે **રાજ**સાગર-સૂરિનો **અ**મદાવાદમાં સ્વર્ગવાસ થયો તે પહેલાં અંતિમકાળે **સુ**રતના શ્રાવકોને ધર્મલાભ મોકલાવ્યા હતા. તેનાં નામ તે સૂરિના નિર્વાણ-રાસમાં **સુ**રતનું વર્ણન નીચેના શબ્દોમાંઃ—

લાલા **સુરતિ** સહર સોહામણું, ઘણું ચતુરાઇનું ઠામ રે,
લાલા છયલ છબીલા ધરમના, કરે રંગ રંગીલા કામ રે,

કરીને આપેલાં છે કેઃ—શાહ **સુ**ંદર ઉદયસિંહ, સાહ **કી**કા અને તેના ભાણેજ **શાં**તિદાસ અને **વી**રદાસ, વહોરા **ને**મિ, સાહ ધરમદાસ **ના**ગજી, સાહ **પ્રે**મા કમલસી, પરિખ **હું**સજી **લા**લજી, સોની **રવ**જી **ઇં**દ્રજી, સાહ **મે**ઘા **મં**ગલ, પરિખ **વી**રદાસ **ગો**વિંદ, સાહ **મા**ણેકજી **રવ**જી, પરિખ **મૂ**લજી **જ**મણજી, સાહ **વ**રધમાન

વજીઓ, સાહ વરમદાસ જેસીંગ, સાહ વીરજી ધનજી, પરિખ તુલસી વિમલ, ધનરાજ, માહવજી, સુમનિ ઇત્યાદિ (જૈન ઐ. ગૂર્જર કાવ્ય સંચય પૃ. ૫૯)

૬૧. × સં. ૧૭૨૩ માં સત્યવિજય વાચકના મુખ્ય શિષ્ય વૃદ્ધિવિજયે શ્રીમદ્ યશોવિજય વાચકના પ્રસાદથી ઉપદેશમાલા–પ્રકરણ ઉપર બાલાવબોધ સુરતમાં રચ્યો (જૈન એ. ઈ. પો. પ૭ નં. ૧૧૦૩. વિ. વી. સૂ. જ્ઞા. ભં. રાધનપુર પ્ર૦ ૮૭૦) આ સમયમાં તેમણે ૨૪ જિન સ્તવન–ચોવીસી રચેલ તેની પ્રત છ પત્રની પોતેજ શ્રાવિકા સહજબાઇની પુત્રી શ્રાવિકા કુલબાઇ પઠનાર્થે લખી (આ. ક. પાલીતાણાના ભં. માં છે, જૈ. ગૂ. ક. ૨ પૃ. ૧૫૨.)

૬૨. સં. ૧૭૨૫ ચૈત્ર વદ ૫ દિને પં. દાનવિજયે સૂર્યપુરમાં ઉક્ત વિનયવિજય મહોપાધ્યાય કૃત પંચકારણ સ્તવનની બે પત્રની પ્રત લખી (વીરવિજય ઉપાશ્રય ભં. અમદાવાદ) સં. ૧૭૩૦ માં પં. જ્ઞાનસુંદર ગણિ કીર્તિસુંદર શિષ્ય વિનયસુંદરે આંચલિક જ્ઞાનસાગરકૃત આર્દ્રકુમાર ચોપાઇ (૨. સં. ૧૭૨૭) ની ૧૪ પત્રની પ્રત 'સૂરતિ બિંદરે' લખી (દા. ૬ નં. ૪૮ ખેડા ભંડાર)

૬૩. સં. ૧૭૩૨ ના માગસર શુદ ૧૩ ના મંગળવારે સુરતના દિગંબરી આદિ જિન મંદિરમાં દેવી પદ્માવતીની પ્રસન્નતાથી, (દિગંબર મૂલ સંઘ સરસ્વતી ગચ્છના વિદ્યાનંદની પાટે મલ્લિભૂષણ તેની

× વર્ષે પુષ્કરીજગતી વિધુરવધૂસંમતે તથાશ્વયુજિ।
ગુરુ યુક્તપૂર્ણિમાયાં સૂર્યાદિમ વંદિરે રમ્યે ॥

પાટે લક્ષ્મીચંદ્ર તેની પાટે વીરચંદ્ર તેની પાટે જ્ઞાનભૂષણ, તેની પાટે પ્રભાસચંદ્રની પરંપરામાં વાદીચંદ્ર, ને તેની પાટે મહીચંદ્રના શિષ્ય) બ્રહ્મચારી જયસાગરે હાંસોટના સિંધપરા જ્ઞાતિના જીવધર છીતાની પત્રદ્વારા વિનતિથી ગૂજરાતી કવિતામાં 'અનિરૂદ્ધ હરણ' રચ્યું. (જૈન ગૂર્જર કવિઓ ભા. ૨, પૃ. ૨૯૧–૨)

૬૪. સં. ૧૭૩૬ પોષ વદિ ૩ દિને શ્રી સૂર્યપુર મધ્યે સુશ્રાવક સાહશ્રી માંણિકજી હાંસજીના વાચનાર્થે પં. મનિમાણિક્ય મુનિએ કવિરાજ ઉદયરાજે સં. ૧૬૭૬ માં રચેલી ગુણ–ભાવની એક ચોપડામાં પત્ર ૧ થી ૧૭ માં લખી તે ચોપડો મુનિ જશવિજય પાસે છે. (જુઓ જૈન ગૂ. કવિઓ ભા. ૩ પૃ. ૯૭૭.)

૬૫. સં. ૧૭૩૯ (નંદાગ્નિ મુનીંદુ) શરત ઋતુ કાર્તિક શુદ ૧૩ ભૃગુવારે 'શ્રી માર્ત્તંડપુર (સુરત) નગર પ્રવરે બૃ. ખ. ભ૦ યુગપ્રધાન જિનચંદ્રસૂરિના શિ૦ ઉ૦ રત્નનિધાન ગણિશિષ્ય રત્ન-સુંદર ગણિ શિ૦ મહો૦ રત્નરાજકૃત બાવીસ અભક્ષ નિવારણ સઝાય' કડી ૨૭ તે કર્તાના શિષ્ય રત્નજય ગણિના શિષ્ય પં. તેજસાગર મુનિ ભ્રાતા પં. જયસાગર શિ. લખમીચંદ્રે સુશ્રાવક હાંસજીના પુત્ર માંણિકજીના પુત્ર વીરચંદ ભ્રાતા મોતીચંદ ભત્રિજા ચિ૦ જીવણદાસ પ્રમુખ પુત્ર પૌત્ર પ્રપૌત્ર પ્રમુખ સપરિવાર વાચ-નાર્થે લખી. છેવટે ચોપડો મુનિ જશવિજય સંગ્રહ કે જેમાં ઉપર્યુક્ત ઉદયરાજકૃત ગુણભાવની ૨. સં. ૧૬૭૬, શ્રીસારકૃત આદિનાથ સ્ત, ધર્મવર્ધનકૃત પ્રાસ્તાવિક કુંડલિયા ભાવની ૨. સં. ૧૭૩૪ અને વૈરાગ્ય શતક બાલાવબોધ છે. આ આખો ચોપડો સુરતમાં લખાયો લાગે છે. આ ચોપડામાં ધર્મવર્ધનકૃત પ્રાસ્તાવિક કુંડલિયા ભાવનીને અંતે

એમ જણાવેલું છે કે 'સં. ૧૭૩૬ પોસ શુદિ ૮ ભોમે સુરતબિંદરે જિનમાણિક્ય સાખાયાં વા૦ શ્રી કલ્યાણલાભ ગણિ શિષ્ય શ્રી કનકવિમલ ગણિ તતૂ શિષ્ય વા૦ પ્રેમહર્ષ ગણિ તત્ શિષ્ય મુખ્ય દક્ષ શ્રી મનિમાણિક્યજી ગણિ શિષ્ય તારાચંદ્રેણ ચતુર્માસી ચક્રે સુશ્રાવક પુણ્યપ્રભાવક સાહ મણિકજી પુત્રરત્ન વીરચંદજી તત્ પુત્ર, ચિરંજીવી જીવણદાસ પઠનાર્થં વાંચનાર્થં.''

૬૬. સં ૧૭૧૩ ના 'માર્ગશીર્ષ સિતસદ્દાભ્યાં તિથૌ રવિવારે શ્રી સૂરતિ બંદિર મધ્યે ચાતુર્માસી સ્થિત' એવા શ્રી સોમનંદન મુનિએ સુશ્રાવક સા ઉત્તમચંદ પઠનાર્થે જયતિહુઅણ સ્તોત્રની પ્રત લખી (અભય પુસ્તકાલય બીકાનેર) તે વર્ષના ફા. શુ. ૧૫ ગુરૂવારે (પં. પુણ્યસુંદર ગણિ શિ૦ પં. માણિક્યસુંદર શિ૦ પ્રતાપ-સુંદરે) મહાકવિ કાલિદાસના કુમારસંભવ કાવ્યની પ્રતિ લખી (પ્ર કા. વડોદરા પ્ર૦ ૬૬૩) અને વૈ. શુ ૭ ગુરૂવારે સૂરત મધ્યે ખરતર ગચ્છના આચાર્ય જિનચંદ્ર સૂરિના રાજ્યમાં કીર્તિરત્ન શાખાના ઉકત સોમનંદને કવિ જિનહર્ષે સં. ૧૭૪૦ માં રચેલા શ્રીપાલ રાસની હસ્તપ્રત ૨૮ પત્રમાં લખી (પો. ૬૫ નાહટા-સંગ્રહ, બીકાનેર યા પો. ૬૯ જયચંદજી ભંડાર બીકાનેર.)

૬૭. સં. ૧૭૪૪ માં કવિ સહજસુંદરકૃત ગુણરત્નાકરછંદની ૧૭ પત્રની પ્રતિ જ્ઞાનમેરૂએ લખી (ક્ષમાકલ્યાણ ભંડાર, બીકાનેર.)

૬૮. સં. ૧૭૪૫ વશાખ શુદિ ૨ શુક્રે શ્રી સૂરતિ બંદિર મધ્યે મહોપાધ્યાયશ્રી પં. શ્રી લાવણ્યવિજય ગણિ શિષ્ય પંડિત નિત્યવિજય ગણિએ 'સમસ્તશ્રાવિકામુખ્યશ્રાવિકા માણિક્યાજ

પઠનાર્થે સાધ્વી **માણિક્યશ્રી** શિષ્યણી સાધ્વી **પ્રેમશ્રી** વચનાત્ આંચલિક **જ્ઞાનસાગર**ના સં. ૧૭૧૯ (૨૬) માં ભાવવિજયે રચેલા ઇલાચીકુમાર રાસની ૧૫ પત્રની પ્રત લખી (પ્રત નં. ૨૩૭૦ મુક્તિ કમલ મોહન જૈન જ્ઞાનમંદિર વડોદરા.)

૬૯. સં. ૧૭૪૬ માગશર શુદિ ૧૩ દિને ભટ્ટારકશ્રી **લક્ષ્મી**-સાગર સૂરિ શિષ્ય **તેજ**સાગર શિષ્ય **રંગ**સાગર શિષ્ય **રત્ન**સાગર શિષ્ય **રામ**સાગર પઠનાર્થે શ્રી **પડિક્કમણ**સૂત્રની પ્રત લખાઇ (વિ. લા. જ્ઞાન ભં. ખંભાત પ્ર. ૯૭૧)

૭૦. સં. ૧૭૫૧ ચૈત્ર માસમાં **તપા** ગચ્છે ભટ્ટારક **ભાવ**રત્ન સૂરિ શિષ્ય **માન**રત્નને **સૂર્ય**પૂર નગરે આણંદકૃત અર્જુનક રાસની પાંચ પત્રની પ્રત લખી (નં. ૩૦૪ પ્ર કા. જૈન ગૂર્જર કવિઓ ૨ પૃ. ૧૨૫) અને તેજ વર્ષમાં જેઠ શુદિ ૭ દિને **સુ**રત બંદરે **મહિમા**પ્રભસૂરિ શિષ્ય **શાં**તિરત્ને **જિન**હર્ષ કવિકૃત **હરિશ્ચંદ્ર**રાસની ૧૬ પત્રની પ્રત લખી.

૭૧. સં. ૧૭૫૨ માં 'મેઘાવીમુખ્ય **સુ**યશોવિજય' ના શિષ્ય **જિન**વિજયે પોતાના માટે (પોતે રચેલે) **વિ**ચાર ષટ્ત્રિંશિકા સ્તવન (દંડક) સાર દ્રવ્યાર્થ **અર્ક**પુર (સુરત) માં શ્રાવિકા **રૂ**પાના પિતાના આગ્રહથી અને **સુ**રત બંદર વાસ્તવ્ય શા **વી**જરાજીની ભાર્યા **ધો**લી-બાઇના પઠનાર્થે લખ્યો-રચ્યો આ વખતે શા ઉતમસી **કમ**લસી **વી**રજીસ આદિ ત્યાં સંઘમાં અગ્રણી હતા. (છાણી પ્ર. નં. ૯૯૩)

૭૨. સં. ૧૭૫૩ આસો શુદિ ૯ શુક્રે પંડિતશ્રી **દીપ્તિ**વિજય ગણિ શિષ્ય પં. **ધી**રવિજયે ઋષભદાસકૃત **અભય**કુમાર રાસ (રચના

સં. ૧૬૮૨) ની હસ્તપ્રત ૫૦ પત્રની લખી કે જે હાલ દ્વાબડા ૪૨ માં નં. ૩૩ ની અમદાવાદના ડેલાના ઉપાશ્રયમાં છે (જુઓ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ પૃ ૬૨૪)

૭૩. જ્ઞાનવિમલસૂરિ સૂર્યપુરથી શ્રાવક સપરિવાર ચૈત્યયાત્રાએ નીકળ્યા તેનું વર્ણન સં. ૧૭૫૫ માં તેમણે કરેલી તીર્થમાળામાં આપેલું છે. પ્રથમ સુરત શહેરમાંનાં ચૈત્યો જુહારે છેઃ—

ઘુર થકી શહેરમાં વંદિયા, **પાસચિંતામણી** વાર
**ધર્મ** જિનેસર **નમિ** જિન, **કુંથુ** જિનેસર તાર
**ઋષભ** જિનેસર **શાંતિજી**, શાંતિકરણ જગનાથ
ઇત્યાદિક બહુ જિનવર, પ્રણમી શિવપુર સાથ

આ સૂરિએ સં. ૧૭૫૮ માં પ્રાકૃત ચેઇય વંદન ભાષ્યનું ગૂજરાતી ભાષામાં વિવરણ સૂરતમાં લખ્યું. (વિ. વી. સૂ. જ્ઞા. ભં. રાધનપુર નં. ૧૦૨૪.)

૭૪. **લોં**કાગચ્છના **તેજ**સિંઘે શિષ્ય **કાન્હ**જી સાથે સં. ૧૭૫૬ માં **સુ**રતમાં ચોમાસું કર્યું હતું અને ત્યાં **કાન્હ**જીએ **શાંતિ**નાથ સ્ત. ૭ કડીનું અને **સુ**દર્શન શેઠની ૧૮ કડીની સ્વાધ્યાય રચી. તે સઝાયને અંતે જણાવેલ છે કેઃ—(સઝાયમાલા જિનદત્ત સૂરિ ભં. મુંબઇ પત્ર ૪૪ મે)

**સુ**રત નયર સોહામણો, સંઘ સકલ સુખદાય
શ્રીપૂજ્ય શ્રી **તેજ**સંઘજી, ભગતી કરે ભલે ભાય. ૧૭
**સતર છપને** સુંદરૂ, વરણવ્યા સાધુ વખાણ
ઝવેરી જીવરાજની વિનતી, ગણી **કાન્હ**જી શુભવાંણ ૧૮

૭૫. સં. ૧૭૫૬ માહ વદિ ૧૩ બુધે તપાગચ્છના ભટ્ટારક વિજયરત્ન સૂરિરાજ્યે મહોપાધ્યાય વિમલવિજય ગણિ શિષ્ય પં. શુભવિજય ગણિ શિષ્ય પં. રામવિજયે સૂર્યપુર નગરે ઋષભદાસકૃત શ્રેણિક રાસની પ્રત ૬૬ પત્રની લખી (નં. ૩૭૫ પ્ર. કા. જૈન ગૂર્જર કવિઓ ભા. ૧ પૃ. ૪૩૩)

૭૬. સં. ૧૭૨૧ મા. શુદિ ૧૫ ને દિને સુરતમાં મુનિ વિનયસુંદરે શ્રાવિકા વીરબાઈના પઠનાર્થે સેવકકૃત ૨૪૫ ગાથાના ઋષભદેવ તેર ભવ સ્તવનની ૧૪ પત્રની પ્રતિ લખી (તે બીકાનેર અભય ભંડારમાં પો. ૧૩ માં છે)

૭૭. સં. ૧૭૬૩ માં ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ (૭ મા) નો સ્વર્ગવાસ સુરતમાં થયો[1] ને ત્યાં તેના પટ્ટધર તરીકે તેજ વર્ષના અષાઢ શુદ ૧૧ ને દિને જિનસૌખ્યસૂરિને સૂરિપદ મળ્યું.[2]

---

૧ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ પૃ ૫૩૫ છેલ્લી બે પંક્તિમાં 'સં. ૧૭૮૩ માં શ્રી સૂરત બંદરમાં સ્વર્ગસ્થ થયા' એમાં ૧૭૮૩ એ છાપ ભૂલ છે, સં. ૧૭૬૩ જોઇએ.

૨ સુમતિવિમલે જિનસુખસૂરિ ગીત રચ્યું છે તેમાં જણાવ્યું છે કેઃ—

શ્રી જિનચંદ્ર સૂરીસર સંઇહથઈ, થાપ્યા અવિચલ પાટ, સોભાગી.
સૂરત બંદિર શ્રી સંઘની સાખઇ, સુવિહિત મુનિજન થાટ, સોભાગી. ૩
ચારિત લધુ વય માહિ, આદરઉ, તપજપસું બહુલીના, સોભાગી.
આગમ અરથ વિચાર સમુદ્ર સમા, વિદ્યા ચઉદ પ્રવીણુ, સોભાગી. ૪

આ સૂરિપદનો ઉત્સવ ત્યાંના ચોપડા ગોત્રના પારિખ **સા**મીદાસે ૧૧ હજાર રૂપીઆ ખર્ચી કર્યો (જૈન ગૂર્જર કવિઓ ૨ પૃ. ૬૮૬). આજ વર્ષમાં **ચ**ંદરાસના કર્ત્તા **મો**હનવિજય સુરતમાં હતા, તેમણે **પ**ર્વતિથિ નિર્ણય નામનો ગ્રંથ લખ્યો.

૭૮. સં. ૧૭૬૪ આસો વદ ૧૧ બુધે તર્કસંગ્રહની હસ્તપ્રત સુરત મધ્યે લખાયેલી વિ. ને. જ્ઞાન ભંડાર ખંભાત નં. ૧૦૬૯ માં મોજૂદ છે.

૭૯. સં. ૧૭૬૬ ના ભાદ્રવા માસની શુદ ૩ બુધે ઉપાધ્યાય **હી**રચંદ્ર ગણિ શિષ્ય **મા**નચંદ્ર ગણિ શિષ્ય **ખી**મચંદ્રગણિ શિષ્ય **કે**શરચંદ્રે શ્રી **લા**ડુઆ **શ્રી**માલી જ્ઞાતિય વૃદ્ધ શાખીય સા **ના**રાયણ સુત સા **કી**સન તત્ સુપુત્ર સા **ભ**વાની વાચનાર્થે સા૦ મેઘરાજના આગ્રહ થકી **સુ**રત મધ્યે કવિ **ઋ**ષભદાસકૃત **શ્રે**ણિકરાસની પ્રતિ લખાવાઇ. (જૈન ગૂર્જર કવિઓ ભા. ૩ પૃ. ૯૨૦)

૮૦. સં. ૧૭૬૬ માં **સુ**રતમાં નાગર (વાણિયા?) નામે **સું**દરે વીશ સ્થાનક તપ આદર્યો અને તે તપની વિધિ જાણવા માટે **જ્ઞા**નવિમલસૂરિએ પોશ વદ ૮ બુધવારે વીશ સ્થાનક તપનું સ્તવન રચ્યું:—[પ્રાચીન સ્તવન રત્ન સંગ્રહ પૃ ૨૬૮

**સૂરત** બંદર **સુંદર** શ્રાવક, સ્થાનક તપ આદરત જી,
તેહ તણો વિધિ જાણણ હેતે, પ્રબલ પુણ્ય અનુસરતા જી.
ગ્રંથ **વિચારામૃત**થી નિસુણી, **જ્ઞાનવિમલ** ગુરૂવાણી જી.
સમકિત અનુભવ ઉલ્લસે એહથી, અવર ન એહ સમાણી જી,
સંવત **રસ ઋતુ મુનિ વિધુ** માસે, પોષ વદી આઠમ બુધવારે જી,
ભણવા કાજે સ્તવન કર્યું એ, નિતુ નિતુ મંગલ ચાર જી.

૮૧. આ સુંદર શ્રાવકની સ્ત્રી **અમૃતબાઇએ શાંતિનાથનું** બિંબ ભરાવી પ્રતિષ્ઠા (આ સૂરિ હાથે) કરાવી તે બાબત તે આચાર્યે રચેલ **શાંતિનાથ** જિન સ્તવન પરથી જણાય છેઃ—(ઉક્ત ગ્રંથ પૃ. ૩૧૬)

સંવત (**રસ**?) **રસ મુનિ વિધુ** વરસે, માહ માસે ઘણું હરખેરે
બહુ ભવિજન નિરખે.
**નાગર સુંદર** કેરી ઘરણી, **અમૃતબાઇ** એ ભવતરણીરે
કરી મોટી કરણી.
બિંબ ભરાવી પ્રતિષ્ઠા કીધી, શોભા સારી લીધીરે મનકામના કીધી.
**અચિરા**નંદન મૃગલંછન જિન, **શાંતિનાથ** જગસ્વામીરે મુઝ અંતરયામી.
**જ્ઞાનવિમલ** પ્રભુ દિલમાં ધારૂં, ઇમ આપોવું તારૂ રે
તુમ નામ સંભારૂં રે.

આમાં સંશોધકે સંવત્‌ના ચાર સંકેતો પૂરા મૂળ પ્રતમાં ન હોઇને પોતાના અનુમાનથી (રસ?) એમ પ્રથમથી ઉમેરેલ છે પણ મારા અનુમાન પ્રમાણે ઉપરના **વી**શસ્થાનક તપમાં જે સંવત્‌ ના જે સંકેતો નામે 'રસ ઋતુ મુનિ વિધુ' મૂકયા તેજ (સં. ૧૭૬૬) અત્ર હોવા જોઇએ. છતાં શંકા જરા રહે છે કે સં. ૧૭૭૬ કદાચ હોય; કારણ કે એક લેખ જે સાંચો લીધો—છપાયો હોય તો આ પ્રમાણેઃ— [નં. ૧૮૬ સુરતના પ્રતિમા લેખોનો સંગ્રહ પૃ ૬૦]

'સંવત્‌ ૧૭૭૬ માત્ર સુદિ ૧૧ બુધે **સુરતિ બંદર**વાળા કલાણ શ્રી **શાંતિનાથ** બિંબં શ્રી **જ્ઞાનવિમલ** સૂરિભિઃ' પણ મને

લેખ લેતાં-છાપતાં ભૂલ રહી સંભવિત લાગે છે એટલે મૂળ લેખમાં ૧૭૭૬ બદલે ૧૭૬૬ હોય.

૮૨. એક સાલવગરનું **જ્ઞાન**વિમલ સૂરિએ ૩૧ કડીની 'પાસ જિન પૂજના ભાવગીતા'-અધ્યાત્મ ભાવ ગર્ભિત પાર્શ્વ સ્ત૦ રચેલ છે તેમાં છેવટે 'સૂરતમંડણ સાહિબ પાર્શ્વ પરમગુણપૂર' એમ જણાવેલું છે તે પરથી જણાય છે તે તેમણે સૂરતમાં રચ્યું છે. (ઉકત ગ્રંથ પૃ. ૧૨૮)

૮૩. ઉક્ત સૂરિએ આ નાની કૃતિઓ ઉપરાંત એક મોટી કૃતિ નામે **અ**શોકચંદ્ર તથા રોહિણીરાસ **સુ**રતમાં **સૈ**દપુર બંદરમાં ચોમાસું રહી સં. ૧૭૭૨ કે ૧૭૭૪ ની જ્ઞાનપંચમીએ રચી પૂર્ણ કરેલ છે, કે જે સુરતના શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડથી પ્રકટ થયેલ આનંદકાવ્ય મહોદધિ મૌકિતક પહેલામાં પ્રકાશિત થયેલ છે.

સંવત **યુગ મુનિ મુનિ વિધુ** વર્ષ નામથીરે **સૂ**રતિ બિંદર પાસરે
**સૈ**દપૂર અંદિર તિલકને સારિખૂંરે, તિહાં રહી ચોમાસરે
**વિમલ શાંતિ** જિન ચરણ સેવા સુપસાયથીરે, સંપૂરણ એ કીધરે
માગસિર સુદિ જ્ઞાન પંચમી દિવસ સોહાભણોરે, મનહ મનોરથ સીધરે

—જૈન ગુર્જર કવિઓ ભાગ ૨ પૃ. ૩૨૭.

૮૩. આ **જ્ઞાન**વિમલ સૂરિએ પુષ્કળ સ્તવન સ્તુતિ આદિ જુદી જુદી દેશીમાં રચેલાં છે તેમાં એક દેશી તત્કાલીન જૈનેતર સમાજમાં ગવાતા ગીતના પ્રથમ પદની આપેલી છે તે એ છે કે 'તાપી નાહ્યાનું પુણ્ય મુને બીજું કંઈ ન ગમે' (પ્રા. સ્ત. સંગ્રહ

પૃ. ૩૪૦). આ પરથી જણાય છે કે તાપી નદીમાં નાહવાથી પુણ્ય હાંસલ કરવાની માન્યતા જૈનેતર સમાજમાં વિશેષ પ્રચલિત હતી.

૮૪. સં. ૧૭૭૦ ના કા. વદ ૧૩ ગુરૂ દિને 'શ્રી **સૂર્ય**પુર બિંદરે' આચાર્ય **હાં**સજીએ લખેલ ગુણસ્થાનકમારોહ ચૂર્ણિની પ્રત વિ. દા. સૂ. શા. સં. છાણીમાં છે પ્ર. ૧૦૯૮. અને તે વર્ષના પ્રથમ આસાઢ શુદિ ૧૨ રવિવારે શ્રી પોસાલ વડી ભટ્ટારક શ્રી **લક્ષ્મી**સાગરસૂરિના શિષ્ય **તેજ**સાગર શિષ્ય **રંગ**સાગર શિષ્ય ગણિ **રામ**સાગરે 'સૂરત બિંદરે' ખ૨૦ **ભુવન**કીર્ત્તિકૃત **અંજના**સુંદરી રાસ (૨ચ્યા સં. ૧૭૦૬) ની પ્રત ૨૩ પત્રની લખી કે જે કલકત્તાની ગુલાબકુમારી લાયબ્રેરીમાં વિદ્યમાન છે. (જુઓ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ પૃ. ૧૦૫૫)

૮૫ સં. ૧૭૭૧ વર્ષે ભા. સુ. ૧૦ **અં**ચલગચ્છના વાચક **સહજ**સુંદરગણિ શિષ્ય મુનિશ્રી **નિત્ય**લાભે સુશ્રાવક સા૦ **સામ**ભાઈ વાંચનાર્થે **આત્મ**બોધકુલકનો ટબો લખેલો તે લા. વિ. સં. જ્ઞા. ભં. રાધનપુરમાં છે. પ્ર. ૧૧૦૪

૮૬ સં. ૧૭૭૩ માહ શુદ ૧૧ શનિએ **જ્ઞાન**વિમલસૂરિએ **સકલાર્હત્** પર ટબો (ગૂજરાતી ભાષાનુવાદ) **સુ**રત મધ્યે રચ્યો (હંસવિજય ભંડાર વડોદરા પ્ર. ૧૧૧૯). આ વર્ષમાં **ત**પગચ્છના **વિમલ**વિજય શિ૦ **રામ**વિજયે **સુ**રતમાં ચોમાસું કર્યું હતું ત્યાં તેણે આષાઢ શુદ ૫ ને દિને **વી**રજિન પંચકલ્યાણક સ્ત૦ અને તે ચોમાસામાં ૨૪ જિનના આંતરાનું સ્તવન રચેલ છે. (જૈન ગૂ. કવિઓ ભાગ ૨ પૃ. ૫૨૨, અને ૩ પૃ.

૮૭. ઉક્ત જ્ઞાનવિમલ સૂરિએ સુરતમાં ઘણો કાળ વખતો વખત ગાળ્યો છે. સં. ૧૭૭૩ (? ૬) ના વૈ. શુ. ૧૧ બુધને દિને વેજબાઇએ કરાવેલ શીતલનાથનું બિંબ અને વા. લા. કેશવ સુત કપુર ભાર્યા ફૂલકુએ કરાવેલ વાસુપૂજ્ય બિંબની તથા એક શ્રીમાળીના ભરાવેલ પદ્મપ્રભુના બિંબની અને સં. ૧૭૭૬ માઘ શુ ૧૧ બુધે શાંતિનાથ બિંબની, પ્રતિષ્ઠા કરી (લેખ નં. ૨૦૬, ૨૯૮, ૧૮૬, ૨૯૩, ૨૦૯, સુરત પ્ર. લે. સંગ્રહ) સં. ૧૭૭૦ માં સૂરતના પરીખ પ્રેમજી સવજીએ શત્રુંજયનો સંઘ કાઢયો કે જેનું સવિસ્તર વર્ણન તે સંઘવીનો સિધ્ધાચલનો શલોકો તેજ વર્ષના ચાતુર્માસમાં નડીયાદમાં રહી તપગચ્છના પં. લક્ષ્મીવિજયના શિષ્ય અમરવિજયે રચ્યો છે તેમાં (પૃ. ૮૭ થી ૧૦૫) અને ટુંક વર્ણન સં. ૧૭૭૭ ના વર્ષમાં દીપસાગરકવિ શિષ્ય સુખસાગર કવિએ રચેલા 'પ્રેમવિલાસ' રાસમાં (પ્ર. નરભવ દ્રષ્ટાંતોપનય માલા–દયાવિમલ ગ્રંથમાલા ૧) માં કરેલું છે. ઉકત પ્રેમવિલાસમાં છપાયેલ સંઘ કાઢયાનો સંવત સત્તરસેં સીત્યોતરે (આદિમાં અને અંતમાં) ખોટો છે. તે બદલે 'સંવત્ સત્તસીતેરા' (૧૭૭૦) જોઇએ અને પ્રેમવિલાસમાં જણાવેલું છે કે આ સંઘમાં જ્ઞાનવિમલ સૂરિને સાથે લીધા હતા.

૮૮. પૂર્વના સમયમાં વાહનવ્યવહાર અત્યાર જેવો સહીસલામત અને ઝડપી નહિ હોવાથી તીર્થયાત્રા ભાગ્યેજ કોઇ કરી શકતો અગર સામાન્યજનને યાત્રા કરવાનું અતિ મુશ્કેલ અને કષ્ટદાયી થઇ શકતું. આ કારણે દૂર દૂર આવેલ તીર્થને અનેક મુશ્કેલીઓ વટાવી પહોંચવા માટે ચોકીઆતો, લશ્કર, ચોર લૂટારા આદિનો સામનો કરવા શસ્ત્રાસ્ત્રની સામગ્રી વગેરે રાખી શકે એવા શ્રીમંત

શ્રાવકોને આચાર્યો ઉપદેશ આપી સંઘ કઢાવતા કે જે સંઘમાં શ્રાવક શ્રાવિકા સાધુ સાધ્વી સર્વે આસાનીથી ભાગ લઇ શકતા અને યાત્રા સફળ રીતે કરતા. આવા સંઘો મહાન્ ગૂર્જરમંત્રીશ્વર વસ્તુપાલ તેજપાલાદિએ કાઢયા હતા અને તેનું વર્ણન તત્કાલીન જૈન સાધુઓએ કરેલું છે.

૬૯. સુરતમાંથી પ્રથમ સંઘ કાઢનાર પરીખ પ્રેમજી સવજી હતા એમ લાગે છે, તે સંઘના તત્કાલીન રચાયેલા શ્લોકોના વર્ણનો પરથી જણાય છે કે તેને ઘણી મુશ્કેલીઓ પડી હતી, છતાં તે દૂર કરી શત્રુંજયની યાત્રાનો સંઘ કાઢી શકયો હતો પણ ગિરિનારની યાત્રા કરવા ધારી હતી તે કરવા અશક્ત બન્યો હતો. આ વખતે દિલ્હી ગાદીએ ફરૂકશીર બાદશાહ (સને ૧૭૧૩ થી) હતો.

૭૦. આ વખતનું સુરતનું વર્ણન શ્લોકોમાંથી ટાંકવા યોગ્ય છે:—

ગુજરાત દેશ મોટો જાણું, મોટાં તે શહેર ચાર વખાણું,
અમદાવાદ, પાટણ, સુરત, ખંભાત, સુરત બંદર જગમાં પ્રખ્યાત ૫
બંદર સુરતમાં સહુકો સુખીયા, કોઈ જીવ ન લાભે હો દુખીયા,
ન્યાયતણો તે કરે વ્યાપાર, ધનવંત લોક સુખીયા દાતાર. ૬
મહાજન માંહિ વડા વ્યવહારી, ધર્મવંત ને દેવપુજનકારી,
સમકિતવંત બારવ્રતધારી, શીયલવંતી છે જસ ઘર નારી. ૭
શીયલ સરખી તે રૂપે ઇંદ્રાણી, કુલ ખરે મુખે બોલત વાણી,
એહની નારીના ભોગી ભરતાર, અવસર યાચકજનના દાતાર. ૮

આમાં વેપારી સુખીઆ વાણીઆ સાથે તેની શીયલવંત રૂપવંતી મીઠીમધુરી વાણી બોલતી સ્ત્રીઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

૬૧. સં. ૧૭૭૦ માં પ્રેમજી પારેખ સૂરતમાં એક શ્રીમંત શ્રાવક હતો. ઋદ્ધિ પુણ્યયોગે ઘણી પામ્યો હતો. મોટા સ્વામીવચ્છલ કરી સ્વધર્મીઓને જમાડતો અને યાચકોને દાન આપતો હતો. ઠામ-ઠામ વડી પોશાલ-ઉપાશ્રય સમરાવતો, પડી ગયેલાં સ્થાનોનો પુનરૂદ્ધાર કરાવતો. સાતે ક્ષેત્રમાં ધન વાવરતો. તેને એક મનોરથ થયો કે 'શત્રુંજ્યનો સંઘ ચલાવું; પીઠ થાપડનાર આગેવાન મળે તો સંઘનો ખર્ચ કરવા તૈયાર છું' રાજનગરના મહા શ્રીમંત શ્રાવકો પૈકી ઓસવાલ ભણશાલી કપુરચંદ હતો કે જે રાજમાન્ય હતો તેને બોલાવીને પોતાનો ઉકત મનોરથ કહેતાં તેણે સાથ આપવા એકદમ ખુશીથી સંમતિ આપી. તૈયારી થવા લાગી-અન્ન પકવાન્ન વગેરેની સામગ્રી લઇ લીધી. ચૈત્ર શુદ ૧૦ મીએ સંઘે સુરતથી પ્રયાણ કર્યું. ભરૂચ આવ્યા. ત્યાંથી ભણશાલીએ અમદાવાદ જઇ ત્યાંના સંઘને તૈયાર કર્યો. ભરૂચથી મૂળસંઘ સોજીત્રા આવ્યો. ભણશાલી કપુરચંદે અમદાવાદનો સંઘ તૈયાર કર્યો રાજનગરના ઝવેરી હીરશા કે જેણે પ્રસિદ્ધ શાંતિદાસ શેઠનું સ્થાન રાખ્યું હતું, ઓસવાલ શા લાલજી, રતન સૂરા, સોની નિહાલચંદ તેજસી, હરખુ શા, વર્ધમાન શા સંઘમાં સામેલ થયા. ખંભાત અને પાટણથી આવેલ ગૃહસ્થોનાં મહાજન પણ ભળ્યાં-આમ અમદાવાદી સંઘ નીકળી વાડીમાં મુકામ કરી આગળ ચાલી ધોળકે સૂરતી સંઘને મળ્યો. આમ ચાર શહેર ખંભાત પાટણ અમદાવાદ ને સૂરતના ચાર ઝંડા-ધ્વજો થયા. સાથે પઠાણ આરબોની ફોજ બંદુક સહિત હતી. તેમાં ૪૦૦ ઘોડેસ્વાર અને ૫૦૦

પાયદલ હતાં. પહેલી સવારીમાં કપુરચંદ ભણશાલીની પાલખી હતી અને તેની આણ સર્વત્ર ચાલતી. ત્યાંથી મુકામ ગાંગડ થતાં ત્યાંનો રાજા સંઘવીને સામો મળ્યો. તેને ભણશાલીજીએ ઇનામ આપ્યું, ને તેને વેાળાવા તરીકે સાથે લીધેા. પછી બરેાલે થઇ ધંધુકા આવતાં ત્યાંનેા હાથી નામનેા કાઠી સામેા આવ્યેા તેને પણ ઇનામ આપી વેાળાવા તરીકે સાથે લીધેા. આગળ કુચ કરતાં માર્ગે કાઠી લેાક મળ્યા ને હાહાકાર થયેા. કપુરચંદ ભણશાલીએ લશ્કરને કહી દીધું કે જે સામા થઇ તેને મારી આવશે તે ઇનામ પામશે, ઘાયલ થાય તેને ઘેરએઠાં ખાવાનું મળશે, જેનેા ઘેાડેા પડશે તેને સવાયું મળશે, ને જે મરણ પામશે તેનાં બાળકેા પાળીશું. બંદૂકેા છૂટી, લડાઇ થઈ, હાથી કાઠીની ઘેાડી મરાઇ, ને પછી સલામતીથી નાવડે વાઢેલે ગામે આવતાં મુકામ કર્યેા. પછી લેાલીયાણે આવતાં ત્યાં પણ કાઠીઓ ધૂમ પડાવવા લાગ્યા. અહીં વાહર સાથે લઇ એક વાણીઆએ બરછી લઈ સામનેા કર્યેા. તેને ઇનામ મળ્યું. ત્રણ દિવસ ત્યાં રહી ધારફે સંઘ આવ્યેા. ત્યાં ભાવસંગ રાજા રાજ્ય કરતેા હતેા તેણે દાણ આપવાની માંગણી કરી. ભણશાલીજીએ કહ્યું 'મને સુબા સુલતાન બધા જાણે છે, મારેા આ સંઘ છે. ધાર્મિક સંઘ છે, જ્યાં જ્યાં ગયા ત્યાં બધા લશ્કર લઇ વેાળાવા આવેલ છે તેા તમે પણ વેાળાવા તરીકે સાથે આવેા. પછી તેના બદલામાં તમેાને રાજી કરશું.' ભાવસંઘ કહે 'દાણ આપ્યા વગર નહિ ચાલે. લાગત અમારી પહેલી લેશું ને પછી સંઘને વેાળાવી દેશું, નહિ તેા અનર્થ કરીશું' ભણશાલી હઠે ચડયેા, દાણ આપે નહિ ને સંઘ ચાલે નહિ. તેણે કહ્યું 'લશ્કર મંગાવીશ ને ગામ ભંગાવીશ.' ભાવસંગ પણ અડી પડયેા. મેારચ્ચા

મંડાયા, ચોકી રખાઈ, સંઘને ત્યાં સાતદિન રોકાવું પડયું, પછી તે કંટાળ્યો ને દાણ આપી દેવાનું તેણે કહ્યું. ભાવસંગ પણ અવસરણ થઇ સમજી ગયો. તેણે સંઘવીને મળી સંઘને જવા રજા આપી. પ્રેમજી સંઘવીએ સીરપાવ અને નાણાં આપી તેને ખુશ કર્યો. ત્યાંથી સુંસરા ગામ ને પછી કુંઢણ બદર ગામ આવ્યું.

૬૨. કાંધાજીનો પુત્ર પૃથ્વીરાજ કે જે બાપથી સવાયો હતો તેણે લશ્કર લઇ નગારાં સહિત સામો આવી સંઘવીને જુહાર કર્યો. તેની સાથે સંઘ વૈશાખ વદિ પાંચમને દિને વિમલાચલ પાસે આવ્યો ને લલીતાસર તળાવ પાસે ઉતર્યો. પાલીતાણાનાં મંદિરોમાં પૂજા કરી. પ્રભાતે શત્રુંજય જઈ સોના રૂપાના ફુલે વધાવ્યા.

૬૩. પહેલી ટુંકે ધોલી પરબ પાસે, બીજી ટુંકે નીલી પરબ પાસે વિસામો લઈ ત્રીજી ટુંકે કુમારકુંડ જોયો. સુંદર પરબે વિશ્રામ લઇ ચોથી ટુંક તરફ હિંગલાડનો હડો આવ્યો ત્યાંથી શાલાકુંડે વિસામો લીધો. હીરબાઇ પરબ, અધુરો કુંડ, થઇને દહેરાં જોયાં, રામપોલ પેઠા. કુંતાસર ખાડો વચમાં આવ્યો, વાઘણપોળ, ચક્રેસરી માતા, ગોમુખ યક્ષ, રાજુલની ચોરી, સુરજકુંડ, ભીમકુંડ, આદીશ્વર પ્રભુ–મૂલ દેરાસરના મૂલનાયકનાં દર્શન–પૂજા. તે ચૈત્યમાં ૨૧ પ્રતિમા. પછી ખરતરવસી, વિમલવસી, સહસફૂટ, ચોમુખ, આગળ મોટો પ્રાસાદ, રાયણવૃક્ષ. ૧૪૫૨ ગણધરનાં પગલાં, રામજી ગંધારીનો ચોમુખ, તેમાં ૪ પ્રતિમા, પુંડરીકજી, ફરતી બાવન દેરી, ભોંયરાની પ્રતિમા. મોણાત જેમલનો ચોમુખ પ્રાસાદ, હુંબડ અને બાંચલિકનાં દહેરાં, નેમની ચોરી, તેમાં ૮૧ બિંબ, પોલને ડાબે માર્ગે

અદબદ (અદ્‌ભુત) દેવની મૂર્તિ, ઋષદેવી કુંડ, પાંડવ પોલથી નીકળી પુંડરીક, ભોંયરાં, મોટું દેરૂ, શીતલનાથ, મરૂદેવી ટુંક, સિદ્ધવડ, ઉલખાન્જેલ, ચિલણા તલાવડી, શેત્રુંજી નદી. આમ સર્વસ્થળે સંઘ ફર્યો. દેહરામાં ગીતગાન. સર્વ મળી ૩૦૦ સાધુઓ, ૪ ગચ્છનાયક હતા. સ્વામીવચ્છલ થયું, ઘણી લાણીઓ થઈ; તેમાં મોટી ૧૬ લાણી હતી. કપુરચંદ ભણશાલીએ શેર ખાંડની લાણી, સુરતના પારેખ મોરારે બીજી લહાણી આપી. સંઘવીએ સંઘજમણ આપ્યું.

૬૪. છઠથી પૂનમ સુધી સંઘે શત્રુંજયની યાત્રા કરી ત્યાં સુધી રાજા પૃથ્વીરાજે સીધું રાખ્યું. વદ એકમે 'ડુંગર પર કોઈથી મને સોળ હજાર રૂપીઆ મુંડકાના ન આપો ત્યાં સુધી નહિ જવાય' એમ પૃથ્વીરાજે કહી દીધું. ભણશાલીએ માણસને જોઇ બોલવા અને પોતે બીલકુલ આપશે નહિ એમ જણાવ્યું. આની ભાંજગડમાં છ દિન ગયા. ભાટ વાણીઆ છ હજાર રા૦ સુધી વાત લાવ્યા, પણ ભણશાલીએ કહ્યું એથી અર્ધું–ત્રણ હજાર આપીએ. પૃથ્વીરાજ કહે 'ચાલ્યો જા, તને કોણે અહીં તેડાવ્યો છે. એ તો હું હીરશાની લાજ રાખું છું. નહિ તો તને તમાસો દેખાડી દેઉં' ભણશાલી કહે 'રાજા! એવડી વાત શાને કરો છો? દાણ આપે તે ઓસવાલ બચ્ચો નહિ. હવે એક બદામ પણ ન આપું.' ભણશાલીએ આરબોનું લશ્કર રાખ્યું, બંદુક વગેરેથી સજ્જ કર્યું. પૃથ્વીરાજે પોતાના ગામના કાઠી કોળીને ભેગા કર્યા અને સંઘને ચારો અને પાણી પોતાના પ્રધાનની બુદ્ધિથી બંધ કરાવ્યાં. ભણશાલીએ ઉંટ મંગાવી ડેરા દીધા હતા ત્યાં કુઈ ખોદાવી ને તેમાં પાણી આવ્યું. ફોજ મોકલી ચારો મંગાવી લીધો. આમ હોંસાતોંસીમાં વાત વધી

ગઈ, સંઘવી પ્રેમજી અને કપુર ભણશાલીએ નક્કી કર્યું કે સવારે કુચ કરી જવું અને એટલું બધું દાણ દેવું નહિ જેહ શુદ ૮ દિને નગારાં દઇ કપુરચંદે સંઘ લઇ પ્રયાણ કરવા માંડયું. ભાટ વાણીઆ પુનઃ ભાંજગડ કરવા લાગ્યા કે 'માળ પહેર્યા વગર કુચ કરવી યોગ્ય નથી, એક દિવસ રહી જાઓ, બધાં સારાં વાનાં થશે.' ભણશાલીએ જણાવ્યું કે 'અમે તો વાણીઆ, માન્યા તો દેવ નહીતર પાણીઆ. યાત્રા થતી નથી, સંઘ લોક આકળા થાય છે માટે અહીં અમારે રહેવું નથી એમ પૃથ્વીરાજને કહી દેવું.' ત્રીજે નગારે સંઘ ચાલવા માંડયો, રાજના કાઠી અને કોળી તથા રજપૂતો સામા થઇ લૂંટવા લાગ્યા એટલે આરબોની બંદૂકો છૂટી. તેઓ ભાગ્યા. કાઠીઓ તરવાર કાઢી દોડયા ને લલિતાસર પાસે મામલો જામ્યો. ત્રીજે નગારે અસવારીથી સંઘ ગામની વચમાં થઇને ચાલ્યો. બંદૂકો, તીર વછૂટયાં, અસવારો પર બરછી ફેંકાણી, કોળીઓ પડવા લાગ્યા. કાયર ભાગ્યા, શૂરા રણમાં લડવા લાગ્યા. પહેલાં સીપાઇઓની લડાઈમાં પૃથ્વીરાજનો ભાઈ પડયો. વાણીઆ કૂટાણા અને વીશથી અધિક મરાયા.

૯૫. હાહાકાર થયો, સંઘવી પ્રેમજીને 'યાત્રા કરતાં અનર્થ થયો' એમ કહી અપજશ દેવામાં આવ્યો. એટલે હીરશા ઝવેરીએ અવસર જોઈ આદીશ્વરની આણ આપી સીપાઇઓને ગેળી મારતા વાર્યા. સંઘે તળેટીએ આવી મુકામ કર્યો. સવારે હીરશાને લેઈ બંને દાણ ચૂકાવવા આવ્યા. ભાંજગડમાં આખો દિવસ ગયો. બીજે દિવસે માંગેલાં નાણાં પૃથ્વીરાજને દીધાં. ડુંગરની યાત્રા છુટી થઇ. દશમનું મુહૂર્ત્ત સારૂં આવતાં સંઘવીએ ઇંદ્રમાલ પહેરી રાયણ વૃક્ષની પ્રદક્ષિણા સંઘવી અને સંઘવણે કરી; સંઘવીતિલક થયું.

ધ્વજા ચઢાવી. ભાટાદિને દાન દીધાં; સંઘની પૂજા કરી ચોથા વ્રતની બાધા લીધી. બીજે દિને કેટલાયે ડુંગર પર પૂજા કરી. બારશને દિને સંઘ ઉપડ્યો.

૬૬. ઢુંઢણ બદર ગામ જઈ રહ્યો. પાછળથી કપુર ભણશાલીએ આવી રાત્રે સંઘને પ્રયાણ કરાવ્યું. તોતલીયાણા આવી રાત રહી સવારે ચાલી લોલીયાણે આવી ગામજમણ કર્યું. ત્યાંથી પીપલીયું ગામ કે જે પાલીતાણાથી સોળ ગાઉ છે ત્યાં નદી તીરે મુકામ કર્યો નાવલ વાઢેલી ગામ અને ત્યાંથી ધંધુકા, ત્યાંથી ધોળકા આવ્યા. અહીં સુરત અને અમદાવાદના સંઘ જુદા જુદા ઉતર્યા. સંઘવી ભણશાલીએ નામું કરી સૌને નાણાં ચૂકવી દીધાં. આદીશ્વરના દેહરે ભંડારમાં રૂપીઆ ભર્યા. ભાટ ભોજકને શીખ (દાન) દીધી. બંને સંઘ સૌ સૌને શહેર ગયા.

૬૭. આ શલોકો આજ સં. ૧૭૭૦ ના વર્ષમાં નડીઆદ ચોમાસું રહી નડીઆદી સંઘ સાથે યાત્રા કરેલી તેથી તેનો શલોકો તપાગચ્છના પંડિત લક્ષ્મીવિજયના શિષ્ય અમરવિજયે કર્યો.

૬૮. આ કૃતિમાં જણાવેલી હકીકત વિશ્વસનીય છે. સંઘમાં ચાર ગચ્છનાયક હતા તેનાં નામ આપ્યાં નથી એટલે જ્ઞાનવિમલસૂરિનું નામ કયાંય અપાયું નથી પરંતુ સં. ૧૭૭૭ (?) માં તે સૂરિના પસાયે સુખસાગરજીએ રચેલો 'પ્રેમવિલાસ' નામનો રાસ કે જેનો ઉપર ઉલ્લેખ કર્યો છે તેમાં તે સાથે હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે. તે રાસનો સાર એ છે કે:—પિતા શવજી પારેખ ને માતા ગમતાદેના પુત્ર પારિખ પ્રેમજીશાહને સં. ૧૭૭૭ (?) માં શત્રુંજયની યાત્રાનો

સંઘ કાઢવાની હોંસ થઈ, ને પહેલાં શહેરની તીર્થયાત્રા કરી સર્વ સામગ્રીથી સજ્જ થઈ સંઘ ધામધૂમથી નીકળી ભરૂચ આવ્યો ને ત્યાં ડભોઇ વડોદરા આદિના સંઘ મળ્યા. આમંત્રણના કાગળો રાજનગર, ખંભાત, પાટણ, રાધનપુર, સમી, સેજંતરા, સિદ્ધપુર, વડનગર, વિજાપુર, વીશલનગર, મહેસાણા, સાચોર, થિરપુર (થરાદ), વારાહી અ દિ ઘણાં ગામે મોકલાયાં. સંઘવી પ્રેમજી રાજનગર આવ્યા કારણ કે ત્યાંના ભણશાલી કપુરચંદ જેતા સાથે તેમને ઘણો પ્રેમ હતો. તેને અને બીજા વ્યવહારીઓને સાથે આવવા ખૂબ તાણ કરી. જ્ઞાનવિમલસૂરિ અને વૃદ્ધિસાગરસૂરિને પણ તેડવા-સાથે પધારવા ભાવથી વિનંતિ કરી. સર્વ સામગ્રી ત્યાં કરીને વાજતે નિશાને નીકળી ધોળકા આવ્યા. ત્યાં સર્વ સંઘ એકઠા થયા. મુખ્યત્વે સુરત, ખંભાત, પાટણ અને અમદાવાદ એ ચારના સંઘની મસલતથી આખો યાત્રા-સંઘ ચાલતો. કલિકુંડ પ્રમુખ જિનોને વંદી પ્રયાણ કર્યું. સેજવાળાં ૧૭૦૦ ગાડાં હતાં. જુદા જુદા ગચ્છના ૩૦૦ સાધુઓ હતા. ગાનારા ૪૦૦ સાથે હોઈ સ્નાત્રપૂજા અને તાલપખાજ (થી ભાવના) કરતા. સંઘની સહાય કરનાર તરીકે ભણશાલીઓ સાથીઓ પૂર્યો જેમ જેમ આગળ ચાલતા થાય તેમ તેમ યાત્રાળુ લોક વધતા જાય; દાણદાપો વાટે કયાંય દેવો ન પડયે. લોલીયાણે આવ્યા ત્યાં મહવાસી-મેવાસી (કાંટીઆ વર્ણના) આવી નમ્યા પાલીતાણે પહોંચી ત્રીજે દિને યાત્રા થઇ-વૈશાખ શુદિ સાતમને દિને. સોનારૂપાની આંગી આદીશ્વરને ચઢવી. મુકુટ કુંડલ અને કંઠે તિલક કરી અંગપૂજા કરી. રાયણહેઠે આદીશ્વરનાં પગલાંની, દેરાંઓનાં બિંબોની, ૧૪૫૨ ગણધરની પૂજા કરી. સ્નાત્ર અને સત્તરભેદી પૂજા

સાથે દંડારસ (દાંડીઆ રાસ) માદલના અવાજ સહિત લીધા. ધ્વજ પંચવર્ણી ચડાવી. ઘોઘા મહુવા આદિના સોરઠી સંઘ ઘણા મળ્યા. માનવ-સંખ્યા લગભગ પાંત્રીશ હજારની થઈ. જમણ પકવાનનું ત્રણ દિવસ સુધી સંઘપરિવારે લીધું. માંહોમાંહે લાણીઓ થઇ. આમ લોકોના દિવસો ઉત્સવના આનંદમાં જતા હતા.

૯૯. તેઓ પાલીતાણાના દેરાસરમાં ભક્તિ કરતા અને જ્ઞાનવિમલ ગુરૂની વાણી સુણી કેટલાક વ્રતો ઉચ્ચરતા. શત્રુંજય-માહાત્મ્ય વંચાતું, લોકોની ઠઠ ભરાતી, પાત્રજનને દાન દેવાતાં, ધવલ મંગલ ગીત ગવાતાં સારા મુહૂર્તે ઇંદ્રમાલ પહેરી સંઘવીએ મનોરથ સિદ્ધ કર્યો, તેની બે સ્ત્રીઓ હતી તેમણે પણ માલ પહેરી. ડુંગરને ફરશી યાત્રા સૌએ કરી. ગિરનારની યાત્રા કરવાની હોંશ હતી તે વરસાદના ભયથી-આવ્યાથી પહોંચી નહિ. 'પૃથ્વીરાજશું થઈ દુશ્મનાઇ, તેણે હેતે યાત્રા ન થાઇ'-પૃથ્વીરાજ સાથે શત્રુવટ થતાં યાત્રા ન થઇ એટલે તુરત સંઘ નીકળી ઘોળકે આવ્યો. કોઇવાતે દુઃખી ન થતાં સંઘ સુખ પામ્યો ત્યાંથી સૌ સંઘવીને પ્રણામ કરી પોતપોતાના સ્થાને પહોંચી ગયા. હવે જ્ઞાનવિમલસૂરિ રાજનગર ચોમાસું રહેવા ગયા ને સંઘવી પ્રેમજી સુરત ગયા. ત્યાં સ્વામીવચ્છલ કર્યો. ગિરનારનો યાત્રા-સંઘ કાઢવાનો મનોરથ કાયમ હતો.

એમ સંવત સત્તરસિત્તોતરામે વરસ શત્રુંજય ગિરિતણી
જેમ યાત્રા કીધી તાસ કરણી જાણવાને મેં ભણી
શ્રી જ્ઞાનવિમલ સૂરીંદ પસાયે અંગે ઉલટ અતિ ઘણો
શ્રી દીપસાગર કવિરાજસેવક સુખસાગર કવિ એમ ભણે ૪૫

૧૦૦. આમ ૪૫ કડીમાં પૂરા થતા રાસમાં સંઘયાત્રાનું વર્ષ ૧૭૭૭ આપવામાં ભૂલ થઇ લાગે છે, કદાચ મુદ્રણદોષ અગર નકલ ઉતારનારના દૃષ્ટિદોષથી 'સિત્તેરા' ને બદલે 'સિત્યોત્તરા' લખાઇ-છપાઇ ગયું લાગે છે. વસ્તુતઃ ૧૭૭૦ જ જોઇએ કારણ કે સંઘની પ્રેમજી સાથે ગયેલ પ્રસિદ્ધ કપૂરચંદ ભણશાલી સં. ૧૭૭૭ માં હયાતજ ન હતા. બીજી વાત એ છે કે સંઘમાં વૃદ્ધિસાગરસૂરિને સાથે તેડ્યા હતા તે જો સાગર શાખાના રાજસાગરસૂરિના પટ્ટધર વૃદ્ધિસાગરસૂરિ હોય તો તે ઇતિહાસથી વિરૂદ્ધ છે, કારણ કે તેમના ચરિત્ર (ઐતિહાસિક રાસ સંગ્રહ ભા ૩ પૃ. ૬૧ થી ૭૮) પરથી જણાય છે કે સં. ૧૭૮૭ ના આસો શુ. ૩ દિને ૬૭ વર્ષની ઉમરે અમદાવાદમાં સ્વર્ગસ્થ થયેલા તે આ યાત્રાસંઘના વર્ષમાં વિદ્યમાન નહોતા. તે વખતે તો તેમના પટ્ટધર લક્ષ્મીસાગરસૂરિ વિદ્યમાન હતા; પરંતુ તે જો વૃદ્ધ તપાગચ્છના વૃદ્ધિસાગરસૂરિ હોય તો તે બનવા જોગ છે કારણ કે તે સંવત ૧૭૮૪ સુધી વિદ્યમાન હતા (જુઓ લેખ નં. ૨૨૫ કે જેનો ઉલ્લેખ હવે પછી થશે.) શ્લોકામાં જણાવેલ ૪ ગચ્છનાયકમાં આ બંને ગણીએ તો બાકીના બે તે વખતે તપાગચ્છના વિજયાણંદસૂરિની પરંપરામાં વિજયઋદ્ધિસૂરિ, વિજયદેવસૂરિની પરંપરામાં વિજયરત્નસૂરિ, ખરતરગચ્છના જિનસૌખ્યસૂરિ, અંચલગચ્છના અમરસાગરસૂરિ આદિ પૈકી હોવા ઘટે.

૧૦૧. પ્રસિદ્ધ કવિશ્રી ઉદયરત્ન મુનિ પોતાના ગુરૂ નામે જ્ઞાનરત્ન તથા બીજા ૭ મુનિ એમ સાત મુનિની સાથે સુરતના ઉક્ત પારેખ પ્રેમજી તથા ભણશાલી કપૂરે સં. ૧૭૭૦ માં કાઢેલા શત્રુંજયના સંઘમાં ગયા હતા અને તેજ વખતે શત્રુંજયની યાત્રા

કરતાં તેમણે રચેલા નવ ઢાલના **સિદ્ધાચલ** મંડન ઋષભ સ્તવન (કે જૈન યુગ પૃ. ૩ પૃ. ૩૪૯ થી ૩૫૧ માં મેં પ્રકટ કરેલ છે) પરથી જણાય છે. તેમાં ઢાલ ૪ થી માં પોપટ, વાદળી, પવન, વરસાદ વગેરેને સંબોધન કરવામાં કવિએ કરેલી કલ્પના અત્રે ઉતારવાનું મન થઇ જાય છેઃ—

માહરા રે ભાઇ સુડલા!, ગુણ માનું લાલ
મને આપજ્યો થાહરી પાંખ, થારો ગુણ માનું લાલ
હું ઓલંધું ઉજ્જડ, ગુણ માનું લાલ
માને **શત્રુંજો** દેખાડ, થારો ગુણ માનું લાલ.
**આદિસર** ભેટું ઉડીને, ગુણ૰ ભાંજું માહરા મનની ભ્રાંત, થારો. ૧

વૈશાખ જેઠની વાદલી! ગુણ માનું લાલ
માહરા સંઘ ઉપર કર છાંહિ, થારો ગુણ માનું લાલ
પવન! લાગું પાઉલે, ગુણ માનું લાલ
તું તો સંઘ ઉપર કર છાંહિ, (?) થારો ગુણ માનું લાલ. ૨

જલધરને જાઉં ભાંમણે, ગુણ માનું લાલ
તું તો ઝીણી ઝીણી વરસ્યે મૂંદ, થારો ગુણ માનું લાલ. ૩
માલીડા! લાગ્યે ફુલડાં, ગુણ માનું લાલ
માહિં માલતી ને મુચકંદ, થારો ગુણ માનું લાલ. ૪

**પારેખ પ્રેમજી** સંઘવી!, ગુણ માનું લાલ
**ભણશાલી કપૂર**, થારો ગુણ માનું લાલ
મજલું જો નાની કરો, ગુણ માનું લાલ
તો સંતાપે નહિ સર, થારો ગુણ માનું લાલ. ૪

શ્રી **આદેસર** સાહિબા, ગુ૦ ચિત્તમાં ધરજ્યો ચૂંપ થારો.
**ઉદયરતન** ઈમ ઉચરે ગુ૦ માને દરસણ દેજે રોજ, થારો. ૫

નવમી ઢાલમાં જણાવે છે કેઃ—

**સુરતિ બિંદર** સહિરનો વાસી, **પારેખ પ્રેમજી** પોતેં,
સંઘ લેઈ **શત્રુંજયે** આયો, જય પાયો ગિરિ જોતે રે.
**ભણુસાલી** કપૂરે ભલી પરે, સંઘની સાંનિધ કીધી,
**કાઠી** લોકને લાગો કરડો, સખર સ્યાબાસી લીધી રે.
સંવત **સતર સીતેરા** વર્ષે, વદિ સાતમ ગુરૂવારે,
**ઉદય** વદે **આદિપતિ** ભેટયો, સંઘ ચતુર્વિધ સાથે રે.

**કલશ**

શ્રી **હીરરત્ન** સૂરીંદ વંશે, **જ્ઞાનરત્ન** ગણિ ગુણનીલો,
તિણેં સાત ઠાણેં સંઘ સાથે, ભેટીઓ ત્રિભુવનતીલો,
જે જિન આરાધે મન સાધે, સાધે તે સુખસંપદા,
**ઉદયરત્ન** ભાખે અનેક ભવની, તેહ ટાલે આપદા.

૧૦૨. ઉક્ત **ભણુશાલી કપૂરચંદ** એ **અમદાવાદના** જૈન ઓસવાળ શ્રીમંત હતા. શલોકામાં કહ્યા પ્રમાણેઃ—

**ભણુશાલી કપુરચંદ** સુજાણ, પાતશાહી દીવાન દે બહુમાન,
બીજ હઝીરનો સાચો વજીર, સુરો પુરો ને વિરોધી વીર. ૧૪
**ભણુશાલી** કેરો સબલો છે ડંકો, આણ ન લોપે રાય ને રંકો. ૪૦
જે કોઇ એહથી ચાલે અપૂઠો, તેહને જાણો જગદીશ રૂઠો,
જે કોઇ આવી શીશ નમાવે, તે **ભણુશાલીનો** ઇનામ પાવે. ૪૧

તે ભાવસિંગને કહે છેઃ—

ભણશાલી કહે 'નાપું દાણ, મુજ જાણે છે સુત્રા સુલતાન,
તે માટે મારો સંઘ વોલાવો, લશ્કર લઇ વોલાવા આવો.' ૫૭
ભણશાલી ભાખે 'તારો શો જોર, જો તું એવડો કરે છે સોર.
તેડાવું લશ્કર ભંગાવું ગામ, કિહાં રહેવાનું ન જડે ઠામ' ૬૧
પૃથ્વીરાજે મુંકકું લીધા વગર દુંગર ચડવા નહિ દેઉં એમ કહ્યું ત્યારેઃ-
એહવું સાંભલી કહે ભણશાલી, 'જોઇ માણસને બોલ સંભાલિ,
બીજા સંઘવી પરે હું નાપું, મુલગા માંહથી મીલણ કાપું.' ૧૧૯
ભણશાલી ભાખે 'સાંભળો હો રાજા!, શાને એવડા કરે દીવાજા,
દાણ જે માગે તેહીજ સાચા (?), જોરાવર નામે ઓસવાલ બચ્ચા. ૧૨૩
બીજા સંઘવીને હું નહિ સરીખો, આંખ્યો ઉઘાડી જોઇને પરખો,
હવે હું તુજને નાપું બદામ, તાહરે ચાલે તે કરજે બદામ'(? તમામ)
હવે ભણશાલી લશ્કર રાખે, નાલિ ગોલાના મારબો દાખે.

આમ આખો શલોકો જોતાં સંઘવી પ્રેમજીને બદલે ખરો નાયક કપૂરચંદ ભણશાલી છે. તે ઘણો શૂરવીર, વ્યવહારકુશળ અને વિરોધી તેજસ્વી વીર હતો. રાજમાં તેનો પો પડતો અને બોજ હઝીર (?હમીદ) (જે કોણ હતો તે જણાયું નથી. અમદાવાદના સૂબા બબદુલ હમીદ-ખાનનું ટુંકું નામ હશે) નો વઝીર હતો. તેના સાથે હોવાથી સંઘની યાત્રા સફલ થઇ. તે કોઇથી બાધો જાય તેમ નહોતો.

૧૦૭ તેના સંબંધમાં એક રાસડો અમદાવાદમાં ગવાતો કે જેની બે કડી બે છે કે 'હાર્યો હાર્યો મદનગોપાળ, જીત્યો જીત્યો કપુરશા ઓસવાલ.' (મારી બૈ. જૈન રાસમાળા-સમાલોચના પૃ. ૧૧ નું ટિપ્પણ) આ મદનગોપાળ સંબંધી મુંબઇ ગેઝેટીયરના ગુજરાતના ઇતિ-

હાસ પૃ. ૨૯૮ માં જણાવેલ છે કે તે ઉત્તર હિંદનો ફાવેલો શરાફ હતો અને ફિરૂઝજંગ સાથે ખજાનચી તરીકે અમદાવાદ આવ્યો હતો. તેના માણસ હુરિરામે સને ૧૭૧૪ (સં. ૧૭૭૧) માં હોલીના વખતે રમત કરતાં એક મુસલમાનની છેડતી કરી, એટલે તે મસીદમાં ગયો અને મુસલમાનોએ તેનો પક્ષ લીધો. 'દિન દિન' કરી કાઝી પાસે જતાં તે ન મળવાથી મુસલમાનોનું ટોળું ઝવેરીવાડામાં આવેલી મદનગોપાલની હવેલી તરફ ગયું. પણ નગરશેઠ કપુરચંદ ભણશાલીએ તે વાડાના જબરા દરવાજા બંધ કરી દીધા અને પોતાના મુસલમાન સૈનિકોથી ગોળીઓ વડે ટોળાનો સામનો કર્યો. સૂબાએ લશ્કર મોકલી બંને બાજુના આગેવાનોની લાગવગથી રમખાણ શાંત થયું. આ હુલડની દિલ્હીમાં ખબર મળતાં હિંદુઓએ હડતાળ પાડી એટલે બાદશાહે છડીદારોને ગુજરાત જઈ મુસલમાનોના અગ્ર તોફાનીઓને નગરશેઠ કપુરચંદ ભણશાલી સાથે લઇ આવવા હુકમ કર્યો. આ વાતની અગાઉ અમદાવાદના મુસલમાનોને ખબર દિલ્હીના કેટલાક વોહરાઓએ આપી દીધી, એટલે મુલ્લા અને વોહરાઓ અને તેમના પછી કપુરચંદ ભણશાલી દિલ્હી ગયા. મુલ્લાએ પોતાના વકતૃત્વથી દરબાર–સભા પર સારી અસર કરી. બાદશાહે તેને અને ભણશાલીને પોતાની કને બોલાવી બંનેના ખુલાસા જાણ્યા. પછી ભણશાલીજીને કેદમાં નાંખેલાં. એમ કહેવાય છે કે તે મુલ્લા દ્વારા પોતે છુટી ગયા અને તેઓ અને વોહરાઓ ગુજરાત આવ્યા. આ સમય લગભગ સાબરમતીમાં મોટી રેલ આવી ને ભારે નુકશાન થયું. અમદાવાદના સુબાની ફેરબદલી થતી ગઇ. સને ૧૭૧૯ માં ફરૂકશીર બાદશાહને સૈયદોએ મારી નાંખ્યો, સં. ૧૭૨૦ માં ગૂજરાતના સુબા અજીત-

મિંગે પોતાની તરફથી અમુપમિંગે ભંડારીને ગૂજરાત મોકલ્યો. ભંડારીએ જુલમ ભર્યાં બહુકામ કીધાં, તેમાં એક આ પણ કે અમદાવાદના મોટા-અગ્ર વેપારી કપુરચંદ ભણસાલીનું ખૂન કરાવ્યું. આ ખૂનનું કારણ એ હતું કે તે શેઠે પગાર દઇ શસ્ત્રબદ્ધ પાસવાનો-સૈનિકો રાખ્યા હતા કે જેઓ ભંડારીના હુકમોની સામે થતા અને જે લોકોને અન્યાયથી કેદ કરવામાં આવતા તેઓને કેદમાંથી મુક્ત કરતાં. આમ પોતાના અન્યાયમાં વચ્ચે આવનાર ભણશાલીનું ધિયકારાપણે ભંડારીએ ખૂન કરાવ્યું, (સંવત્ ૧૭૭૬-૭૭). એક અગ્રગણ્ય શૂરવીર અને જબરજસ્ત શ્રીમંત, ધર્મપ્રેમી અને લોકો પર થતા જુલમ સામે ન્યાયથી બહાદુરી બતાવી ઝુઝનાર પ્રસિદ્ધ શ્રાવકની કારકીર્દિનો કરૂણ અંત આવ્યો, (ઉક્ત અંગ્રેજીમાં ગૂજરાતનો ઇતિહાસ પૃ. ૩૦૨ કે જેના સાર રૂપે નર્મદકવિશ્રીએ ગૂજરાત સર્વ સંગ્રહ ગૂજરાતીમાં લખેલ છે.)

૧૦૪. *પ્રેમજી પરીખના સંઘની પાસેથી મુંડકું લેવાનો આગ્રહ રાખનાર પૃથ્વીરાજ તે પાલીતાણાના ગોહીલ રાજવંશમાંનો

* આ પારખ પ્રેમજી સંઘવીના સંઘનો ઉલ્લેખ મતિરત્ને સં. ૧૮૦૪ માં નીકળેલા સુરત સંઘની વિગત આપતાં પહેલાં પ્રસ્તાવમાં પોતાની સિદ્ધાચલ તીર્થમાલામાં એ રીતે કર્યો છે કેઃ—

પારખ પ્રેમજી સંઘવી થયને સુરતિ સહેરથી આવે રે
ઠામ ઠામ મુકામ કરાવે લાડુઆ લેહણી ઠાવે રે
દેહરાસર જિન પ્રતિમા સાથે કેસર ચંદન ઘોલી રે
પ્રભુ પૂજી મન રંગે ગાવે મિલિમિલિ સંઘવી ટોલી રે
એમ ઇભ્ય મહોચ્છવ સંભલો થાવે શેત્રુંજે યાત્રા આવે રે
આદીશ્વર મનરંગે પૂજી કરમની કોડિ ખપાવે રે.

એક છે. તેની પહેલાં ગાદી ગારીઆધરમાં હતી. શત્રોજી પછી સરતાનજી, તેના પછી કાંધોજી ત્રીજો, અને તેના પછી તેનો પુત્ર આ પૃથ્વીરાજજી.

૧૦૫. શલોકામાં જણાવેલી ત્રણ વ્યક્તિઓ પ્રેમજી પરીખ, કપુરચંદ ભણશાલી ને પૃથ્વીરાજનો ટુંક પરિચય કર્યો. જ્ઞાનવિમલ-સૂરિએ પછી ઉક્ત પ્રેમજી પરીખની (એક) ભાર્યા નવીબાઇએ આદિનાથ બિંબ કરાવ્યું તેની પ્રતિષ્ઠા તેમજ પરિ સુરદાસ ગંગ-દાસની પુત્રી નંદુબાઇએ ભરાવેલી ચંદ્રપ્રભની મૂર્ત્તિની પ્રતિષ્ઠા સં. ૧૭૮૦ ના વૈશાખ શુદિ ૯ સોમને દિને કરી, (જુઓ લેખ નં. ૨૯૦ અને ૨૯૨ સુરત જૈન પ્રતિમા લેખ સંગ્રહ) આ પછી બે વર્ષમાં–સં. ૧૭૮૨ આસો વદિ ૪ ગુરૂ દિને ખંભાતમાં તે સૂરિએ કાલ કર્યો અને તેમની પાદુકા તેજ વર્ષ (સં ૧૭૮૨ શકે ૧૬૪૭) માં સુરતમાં તેમના શિષ્ય ને પટ્ટધર સૌભાગ્યસાગરસૂરિએ પ્રતિષ્ઠિત કરી (જુઓ લેખ નં. ૨૩૦)

૧૦૬. સં. ૧૭૮૦ માં મુનિ ક્ષમાવિજય યાત્રા કરતાં સુરત આવ્યા, સંઘની વિનતિથી ત્યાં ચોમાસું રહ્યા. તેમના ઉપદેશથી પર્યુ-ષણમાં અમારિ પળાવી, જલચર (માછલાં વગેરે) જીવોનો સંહાર અટકાવ્યો, જિન પૂજાદિ થયાં. બીજું ચોમાસું કરવા તેમને અતિ આગ્રહ થયો, પણ લાગલાગટ ચોમાસું કરવું એ મુનિનો માર્ગ નથી એમ કહી વિહાર કર્યો. શેઠ માણેકચંદના આગ્રહથી વાડીમાં આઠ દિન રહ્યા અને પછી જંબુસર ગયા.

૧૦૭. સં. ૧૭૮૧ ચૈત્ર શુદ ૧ શનિવારે મહોપાધ્યાય ઋદ્ધિ-વિજય ગણિના શિષ્ય પંડિત ધર્મવિજયગણિએ પંન્યાસ ગુણવિજયના

વાંચનાર્થે, 'શ્રી સૂરતિ બંદીર મધ્યે' મહોપાધ્યાય યશોવિજયજીના શિષ્ય તત્ત્વવિજયે સં. ૧૭૨૪ માં રચેલા અમરદત્ત મિત્રાનંદ રાસની પ્રત ૧૯ પત્રની લખી (પ્રત નં. ૨૩૩૩ શ્રી મુક્તિ કમલ જૈન મોહન જ્ઞાનમંદિર વડોદરા. જૈન ગૂ૦ કવિઓ ૩, પૃ. )

૧૦૮. અંચલગચ્છના વિદ્યાસાગરસૂરિ શિ૦ મેરૂલાભ શિ૦ સહજસુંદરના શિષ્ય નિત્યલાભ (પારા ૮૫ માં જણાવ્યા છે તે) એક સારા ગૂર્જર કવિ થયા છે. તેમણે સુરતમાં સં. ૧૭૮૧ માં ચોમાસું કરી ચોવીશી (૨૪ જિન સ્તવનો), શ્રી મહાવીર પ્રભુનાં પાંચ કલ્યાણક ગર્ભિત ચોઢાળીઉં અને આર્યા ચંદનબાલા પર સ્વાધ્યાય રચેલ છે, અને પછીના વર્ષમાં (સં. ૧૭૮૨ માં) મહા શુદ ૭ બુધે સદેવંત સાવલિંગા રાસ સુરતના સંઘના આગ્રહથી રચ્યો છે. (સદેવંત સાવલિંગાની વાર્તા જૈનેતર ગૂજરાતી સમાજમાં પ્રસિદ્ધ અને પ્રચલિત છે). આ રાસ અંતે તે કવિ ખરૂં કહે છે કે:-

નગર માંહે સુરત રંગીલો, શ્રાવક વસે નગીના રે,
દેવ-ગુરૂના રાગી દૃઢ ધર્મી જિનવર-ભક્તિએ ભીના રે.

૧૦૯. આ સમયમાં થયેલ ન્યાયસાગરે (જુઓ નં. ૪૪૬ પૃ. ૫૪૨ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨) સૂરત મંડન પાર્શ્વ સ્તવન રચ્યું છે:—

સુરતિ-મંડન મૂરતિ પ્યારી, મો મનિં અતિ હિં સુહાય
નયનાં દર્શન ઉમ્હલ્હે, મિલવેકું ચાહે કાય ૧
સનેહી સાહિબ મેરા બે
અરે હાં હાં સલૂનેં બંદા તેરા બે.

અરે હાં હાં મેં છોરૂં ન કેરા એ
અરે હાં હાં ટારો ભર્ત કેરા એ–આંકણી
તુંહી સાજન જનમનરંજન, મોં મન ફૂલન્ત બાગ
તુમ્હ ગુનપરિમલ મહમહે, ગુનરસિક ભમર પ્રર ભાગ ૨ સનેહી.
મો મન ભિતર તુંહિ બિરાજે, ઓર ન આવે દાય
તુઝ મુખપંકજ મોહિયો, મન ભમર રહિઓ લોભાય. ૩ સનેહી.
તું નીરાગી હું તુમ્હ રાગી, હમ કિમ વાધે હેત?
પ્રીત દુરાઇ ન દુરે, હમ્હ નયન અયન કહ દેત ૩ સનેહી.
તુંહિજ લચ્છી તુંહિજ સાહિબ, **સુમતિ મંડન પાસ**
**ન્યાયસાગર** પ્રભુ આગલિ, એ સેવકની અરદાસ ૪ સનેહી.

૧૧૦. સં. ૧૭૮૪ કા. શુ ૧૦ મંગલવારે 'શ્રી સુરત બંદરે શેઠ **નેમચંદ્ર મેલાપચંદ્ર**ની વાડીના ઉપાશ્રયમાં સ્વર્ગસ્થ જૈનાચાર્ય શ્રીમદ્ **વિજયવીરસૂરિ**ના શિષ્યે 'શ્રીકલ્પસૂત્ર પદ્દોદ્ધદ્દ કુલકની પ્રતિ લખી (ઝીંઝુવાડા ભં. પ્ર. ૧૧૭૫). અને તે વર્ષના મહા શુદિ ૧૦ બુધે **શ્રીમાલી** જ્ઞાતિના બાઇ ઇંદ્રાણીએ ફરાવેલો **ચતુર્વિંશતિ** જિન-પટ્ટ **વૃહ તપાગચ્છ** ધિરાજ ભટ્ટારક શ્રી **વૃદ્ધિસાગરસૂરિ**ના રાજ્યમાં **જિનચંદ્ર** મુનિએ પ્રતિષ્ઠિત કર્યો. (જુઓ લેખ નં. ૨૨૫) વળી આ વર્ષમાં પ્રસિદ્ધ અધ્યાત્મયોગી **દેવચંદ્રજી**એ ત્યાં ચાતુર્માસ કર્યુ.

૧૧૧. સં. ૧૭૮૫ જ્યે. વ. ૬ રવિએ શ્રી **યશોવિજયકૃત** ૩૫૦ ગાથાના સીમંધર સ્ત૦ ની ૨૮ પત્રની હસ્તપ્રત લખાઈ (દા. ૨૦ સીમંધર ભં. સુરત.) સં. ૧૭૮૬ શાકે ૧૬૫૨ ના ફાગણ વદ ૧ રવિવારે **સૂરત** મધ્યે ત૦ **ન્યાયસાગરે** (જુઓ પારા ૧૦૯)

સં. ૧૭૮૪ ધનતેરસે રાનેરમાં ગૂ૦ માં રચેલી મહાવીર રાગમાલાની પ્રત ૪ પત્રની લખાઈ (દા. ૧૦ નં. ૩૮ ઘોઘા ભંડાર)

૧૧૨. સં. ૧૭૮૭ ના ફાગણ શુદિ ૩ ને દિને તપાગચ્છના વિજયદયાસૂરિએ સુરતમાં પ્રવેશ કર્યો તે વખતે શેઠ માણિકચંદ શા પ્રેમજી વગેરે સંઘના આગેવાનોએ પ્રવેશોત્સવ કર્યો અને સૂરિએ તે વર્ષમાં ચોમાસું સુરતમાંજ કર્યું.

૧૧૩. સં. ૧૭૮૭ અને ૧૭૮૮ આ બંને વર્ષનાં ચોમાસાં તપા સાગરગચ્છીય લક્ષ્મીસાગરસૂરિએ સુરતમાં કર્યાં અને ત્યાં ૧૭૮૮ ના વિજયાદશમી દિને પ્રમોદસાગર ઉપાધ્યાયને બોલાવી તપગચ્છનો બધો ભાર સંભાળી લેવા કહી તેને સૂરિપદ આપી તેનું કલ્યાણસાગરસૂરિ નામ સ્થાપી આશો વદ ૭ ની રાત્રીએ દેહોત્સર્ગ કર્યો. તેમની પાદુકા હીરવિહારમાં (જેનું વર્ણન અગાઉ આવી ગયું છે તે સ્થાને) કલ્યાણસાગરસૂરિએ સ્થપાવી ત્યાં પૂજા કરાવી. આમાં સભાચંદ કચરાએ ઘણું દ્રવ્ય ખર્ચ્યું [જુઓ લક્ષ્મીસાગરસૂરિ રાસ–જૈન ઐ. રાસમાળા પૃ. ૨૦૦ થી ૨૧૨] આ વખતે સુરત સંઘમાં આગેવાન શ્રાવકો દોસી ગેલૂના કુલનો શાહ માનચંદ, અને કપૂર ધનાના પુત્રો શાહ નિહાલચંદ અને મેઘાશાહ એ ત્રણે મૂળ રાજનગર–અમદાવાદ વતની સૂરત આવી વસેલા; તથા સુરતના સંઘમાં આ ગુરુના રાગી વોહરા ધર્મદાસ, અમીચંદના પુત્ર શાહ લખમીચંદ અને લાલ શાહ, શાહ ઝવેર ખતજી, પરિખ ઝવેરલાલ, શાહ કપૂરચંદ હીરજી, સોની દેવચંદ, તિલકશાના પુત્ર વિમલશા અને મોતીચંદ, શા વર્ધમાન અભયચંદ, પરિખ ગલાલ વિજેકર્ણ,

શાહ કુંવરજી કાનજી, શાહ સભાચંદ કચરા, શા નાહના વીરજી, શા ધનજી નાહના, શાહ ગલાલ રૂપા, સુરચંદ વીરચંદ, માંકા જેતસી, સોમચંદ દીપચંદ, શાહ તારાચંદ, શાહ ઝવેર છનીઆ, શાહ અમીચંદ સંઘજી, ગાંધી વીરજી રહીયા, ગાંધી જીવણ, લાડુવા શ્રીમાલીમાં શાહ મોતીચંદ ગણેશ ઇત્યાદિ હતા. કલ્યાણ-સાગરને સૂરિપદ અપાયું તે વાત તેના રાસમાં (જૈન ઐ. ગૂ. કાવ્ય-સંચય પૃ. ૨૫૮ માં) જણાવી છે:—

સંવત સતર અઠયાસીએ રે કાંઇ વિજયદશમી ગુરૂવાર
સૂરતિ સંઘ ઉમાહીએારે, લેાક તણેા નહી પાર. વગેરે.

૧૧૪. આ સમય લગભગ મૂળ પાટણના વતની અને સુરતમાં આવી રહેલા કચરા કીકાએ દેવચંદ્રજીને કહ્યું કે પુણ્યયેાગે થયેલ લક્ષ્મીનેા ઉપયેાગ યાત્રા કરવામાં કરવા મનેારથ થયેા છે તેા કેાઇ શાસ્ત્રા-ભ્યાસી પુરૂષને સાથે આપેા તેા તે સફલ થાય; એટલે તેમણે પેાતાની પાસે અભ્યાસ કરતા પુંજકુમાર (પછીથી દીક્ષિત થયેલ મુનિ ઉત્તમ-વિજય) ને આપ્યેા. કચરાશાહે હર્ષિત થઇ સમેતશિખર યાત્રાર્થે જવા તૈયારી કરી. શુભ લગ્ને જહાજમાં બેસી ફલીકાટ આવી પાર્શ્વપ્રભુનાં દર્શન કરી ત્યાંથી મગસુદાબાદ આવી જૈન ચૈત્યેાનાં દર્શન કરી અનુક્રમે શિખરજી આવી તલેટીમાં વાસ કર્યેા. ત્યાં ગામ ધણીનેા શિખરજી ઉપર ચડવાનેા હુકમ નહેાતેા. પુંજકુમારને દિવ્ય સ્વપ્ન આવ્યું ને પ્રભાતે અંતરાય વગર કચરાશાહને લઇ સુખેથી યાત્રા કરી. ત્યાંથી રાજગૃહ, ચંપા, બ્રાહ્મણકુંડ ક્ષત્રિયકુંડ, પાવાપુરી, મથુરા, કાશી, આગ્રા, પટણા, મેડતા, ગૂજરાતનું પાટણ આવ્યા.

અહીં કચરાશાનો મૂળ વસવાટ હોવાથી તેને બહુ હર્ષ થયો અને ત્યાં ઘણા કરજદારોનું કરજ ફીટાડયું ને પછી સુરત આવ્યા.

૧૧૫ સં. ૧૭૬૦ મહા વદિ ૧૦ રવિ દિને 'સુશ્રાવક પુણ્યપ્રભાવક દેવગુરૂપરમભક્તિકારક જીવદયાપ્રતિપાલક સાહ ખુશ્યાલચંદ વાચનાર્થે શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયકૃત દ્રવ્ય ગુણ પર્યાય રાસ તેમના સ્વોપજ્ઞ બાલાવાબોધ સહિતની ૩૦ પત્રની હસ્તપ્રત લખાઈ (નાનચંદ યતિનો ભંડાર) અને તેની બીજી પ્રત ૭૫ પત્રની તેજ વર્ષના માહ શુદ ૮ ગુરૂવારે લખાઇ (દા. ૧૬ નં. ૬ સીમંધર સ્વામી ભં. સુરત.)

૧૧૬. સં. ૧૭૬૨ ફા. વ. ૧૩ શનિવારે પંડિત દેવહંસ ગણિ શિ૦ પં. જયહંસગણિ શિ૦ શ્રીરૂપહંસગણિ શિ૦ મુનિ મોહનહંસ અને મુનિ ઋદ્ધિહંસગણિ શિ૦ મુક્તિહંસે સુરતમાં ચાતુર્માસ રહી કવિ રામવિજયકૃત શાંતિનાથ રાસની ૧૮૪ પત્રની પ્રત લખી (દા. ૨૦ પો. ૧ વીરવિજય ઉપાશ્રય, અમદાવાદ.)

૧૧૭. સં. ૧૭૬૩ ના માગશર વદ ૧૦ ગુરૂવારે કડવાગચ્છના લાધાશાહે સુરતમાં જેટલાં ચૈત્યો છે તેનાં નામ ઠામ સહિત વર્ણન રૂપે 'સૂરત ચૈત્ય પરિપાટી સ્તવન' નામની પદ્યકૃતિ શાહ લાલચંદના આગ્રહથી રચી. આમાં અગાઉ શ્રી વિનયવિજય ઉપાધ્યાયે ગણાવેલાં ૧૧ દેરાસરો પૈકી ૧૦ મોટાં દેરાસરો, ઉપરાંત ગૃહમંદિર–ઘરદેરાસર ૨૩૫, ભોંયરાં ૩, પ્રતિમા ૩૯૭૨, પંચતીર્થીની ૫ ધાતુ પ્રતિમા, ચોવીસવટાની ૨૪. વગેરે દશ હજારને એકતાલીસ ગણાવેલ છે, એટલું જ નહિ પરંતુ તે દરેક દેરાસર કયા કયા પુરામાં આવેલ છે,

દરેક પરામાં કેટલાં નાનાં ઘર-દેરાસરો છે તે, દરેક દેરાસરમાં કેટલી પાષાણની અને ધાતુની મૂર્તિઓ છે વગેરે ગણના પૂર્વક જણાવેલ છે.

૧૧૮. સં. ૧૭૬૪ ના આશો શુ. ૨ દિને સુરત મધ્યે મુનિ ગણેશરૂચિએ 'વિચારામૃત સંગ્રહ' ની પ્રતિ લખી (હંસવિજય ભં. વડોદરા પ્રત નં. ૧૨૧૬)

૧૧૯. અંચલગચ્છના ગણિ જ્ઞાનસાગરે (પછી ઉદયસાગર-સૂરિએ) સુરતમાં ચોમાસું ગાળ્યું ને ત્યાં ગોડી પાર્શ્વનાથની સાનિધ્યે ગુણવર્મા રાસ સં. ૧૭૬૭ ના અષ૮ શુદ ૨ ને દિને ગૂજરાતી પદ્યમાં રચી પૂરો કર્યો તેની પ્રશસ્તિમાં નીચેની જે વાત નોંધેલી છે તે અત્ર ઉલ્લેખનીય છેઃ —

સુરતના શ્રીમાલી જ્ઞાતિના સંઘનાથે આબુ અને સિદ્ધાચલ (શત્રુંજય) ના સંઘ કાઢી ઘણું દ્રવ્ય ખર્ચ્યું. તેના પુત્ર કપૂરચંદ શાહે આચાર્યપદ અને ગચ્છનાયક પદના મહોત્સવો કર્યા, ચોરાશી એટલે સર્વે ગચ્છના સાધર્મી ભાઇઓને અનેક પકવાનોથી જમાડયા અને હુંબડના (દિગંબરી) સ્વધર્મીઓને પણ સંતોષ્યા. તેના પુત્ર શાહ ખુશાલચંદે અંચલગચ્છના આચાર્ય (વિદ્યાસાગરસૂરિ) નું ચોમાસું સુરતમાં કરાવી ઘણું દ્રવ્ય નવ ક્ષેત્રમાં વાપર્યું; ને તેણે સિદ્ધાચલની જાત્રા પણ કરી. આ વખતે પોરવાડ વણિક જ્ઞાતિના શ્રાવક મહેતા ગોડીદાસ અને જીવણદાસ નામના બે ભાઇઓ ધર્મ-રાગી દાનવીર હતા, તેમજ ઓસવાલ જ્ઞાતિમાં ધર્મચંદ્ર નામના શ્રાવક હતા કે જેણે ગુરૂના ઉપદેશથી ભારે ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવી. વળી ધર્મગ્રંથોના અભ્યાસી જૈનાગમરૂચિ (હાંસશાના પુત્ર) ગુલાલચંદ હતા કે જેના આગ્રહથી આ રાસ બનાવ્યો.

૧૨૦. આ જ્ઞાનસાગરગણિને આચાર્યપદ અને ગચ્છનાયકપદ આજ વર્ષ એટલે સં. ૧૭૬૭ ના કાર્ત્તક અને માગશર માસમાં સુરતમાંજ આપવામાં આવેલ હતાં તેનું વર્ણન ઉપર્યુક્ત નિત્યલાભે વિદ્યાસાગર (બીજી રીતે ઉદયસાગર સૂરિ)રાસ સં. ૧૭૬૮ માં રચીને તેમાં વિગતથી આપ્યું છે. (જુઓ જૈ. રાસસંગ્રહ ભાગ ૩ જો) તેનો ટુંક સાર એ છે કેઃ—

૧૨૧. વિદ્યાસાગર સૂરિ એ અંચલ (વિધિ) પક્ષના ગચ્છનાયક, તેઓ જ્ઞાનસાગર આદિ મુનિ સહિત કચ્છથી વિહાર કરતા ઔરંગાબાદ આવ્યા ત્યારે સુરત સંઘની વિનતિ આવી, એટલે ત્યાંથી ક્રમે સુરત આવ્યા. ત્યાંના ખુશાલશાહે મોટી ધામધૂમથી પ્રવેશોત્સવ કર્યો. તેમણે ચક્રેશ્વરીનું આરાધન કરી પોતાના ઉત્તરાધિકારી તરીકે કોણ યોગ્ય છે તેનો જવાબ માંગ્યો એટલે જ્ઞાનસાગર યોગ્ય છે એવો ઉત્તર મળ્યો. કાર્તિક શુદ્ધ ત્રીજ રવિવારનું મુહૂર્ત્ત નક્કી કર્યું. ખુશાલશાહ, મંત્રી ગોડીદાશ અને જીવણદાસે અપૂર્વ મહોત્સવ આરંભ્યો. સર્વ સ્થળે મનુષ્યો મોકલી સંઘોને તેડાવ્યા. જુદા જુદા ગામોથી સવાસો સાધુઓ આવ્યા. જ્ઞાનસાગરને નિર્ણિત દિને આચાર્યપદવી આપી ઉદયસાગરસૂરિ નામ આપ્યું. ઉકત ત્રણે શ્રાવક શ્રીમંતોએ છૂટે હાથે ધન વાવર્યું. બધા ગચ્છના સાધુઓને અશન અને વસ્ત્રો વહોરાવ્યાં; યાચકોને દાન આપ્યાં ને સાધર્મિકવાત્સલ્ય કર્યું. એ પ્રમાણે વિધિપક્ષના ગચ્છપતિ ઉદયસાગરસૂરિ થયા.

૧૨૨. વિદ્યાસાગરસૂરિ પોતાનું આયુષ્ય પુરૂં થવા આવ્યું છે એમ જાણી સંઘ તેમજ પોતાના નવા પટ્ટધરને સારી શિખામણ આપી સ્વર્ગસ્થ થયાં. કા. શુ. ૫ મંગળ. તેમના શબને અશ્વિની-

કુમારના સ્થળે ચંદનાદિથી અગ્નિસંસ્કાર થયો અને સંઘે ત્યાં તેમનાં પગલાંનો સ્થૂભ કરાવ્યો.

૧૨૩. પછી ખુશાલશાહે **શત્રુંજ**યનો સંઘ કાઢવા નિશ્ચય કર્યો અને ઉદયસાગરસૂરિને સાથે પધારવાની વિનતિ કરી મંત્રી **ગોડી**દાસ, તેમના બંધુ જીવણ અને ધર્મચંદશાહ પણ સંઘમાં સામેલ થયા. નરનારીનો મોટો સમૂહ સંઘમાં સાથે ચાલ્યો. **શત્રુંજ**ય આવી સંઘે યાત્રા કરી. અહીં **વિદ્યા**સાગરસૂરિનાં પગલાંની સ્થાપના કરી અને સંઘે ઘણું દ્રવ્ય ખર્ચીને યાત્રાનો આનંદ મેળવ્યો. **પાલી**તાણામાં સૂરિના ઉપદેશથી એક ઉપાશ્રય પોતાના સાધુઓ માટે થયો. પ્રતિમા-નિષેધક સાથે વાદ કરી પ્રતિમાપૂજક કર્યો. સંઘે પાછા ફરવાનો વિચાર કર્યો, ને ગુરૂને સાથે પધારી આવતું ચોમાસું **સુ**રતમાં કરવા વિનતિ કરી. ગુરૂ એને માન્ય રાખી સંઘ સાથે સુરત આવ્યા ને ત્યાં ચોમાસું રહ્યા. આ વખતે બ્રાહ્મણો વાદ કરવા આવતાં તર્કશાસ્ત્રથી તેમને સમજાવ્યા. (સં. ૧૭૬૮).

૧૨૪. આ દરમ્યાન સં. ૧૭૬૬ માં વૈ. શુ. ૧૫ બુધે પં. શ્રી **લો**જવિમલ ગણિ શિષ્ય **મે**ઘવિમલે દંડકપર સ્તબક (ગુજરાતી બાલાવ-બોધ) 'પશાગરીજી લક્ષ્મીશ્રીજી પઠનાર્થે' લખ્યો (વિ. દા શા. સંગ્રહ છાણી પ્ર. ૯૬૨).

૧૨૫. સં. ૧૭૬૮ લગભગ **ત**પાગચ્છીય (**સ**ત્યવિજય સંતાનીય) **જિ**નવિજય **સુ**રતમાં **સ**ઇદપુરમાં ચોમાસું રહ્યા હતા.

૧૨૬. સં. ૧૭૬૯ ના ફાગણ શુદ ૧ ને દિને **સુ**રત બંદરમાં **દે**વેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથ યંત્રસહિતની પ્રતિ લખાઈ (જૈનાનંદ પુસ્ત-

કાલય, સુરત) તે વર્ષના જ્યેષ્ઠ વદિ ૧૦ ભોમવાર તપાગચ્છના વિજયદયાસૂરિના ગચ્છમાં વિનીતસાગરના શિષ્ય ભોજસાગરે તપાગચ્છના સ્વ. વિજયપ્રભસૂરિના શિષ્ય હેમવિજયગણિના શિષ્ય પ્રતાપવિજય ગણીના શિષ્ય પં. રૂપવિજય ગણિની અભ્યર્થનાથી સૂરિત નામના નગરમાં તપા રત્નશેખર સૂરિકૃત આચારપ્રદીપ નામના સંસ્કૃત ગ્રંથપર ગૂ માં બાલાવબોધ રચ્યો. (તેની સં. ૧૮૪૭ ની ડભોઇમાં લખેલી પ્રત જૈ. એ. ઇં. ની પો. નં. ૫૭ માં નં. ૧૧૦૩ માં ૨૩૨ પ્રતની મોજુદ છે.)

૧૨૭. સં. ૧૭૬૯ ના વૈ. શુ. ૩ ને દિને સુરતમાં ઉપર્યુકત ઉત્તમવિજયે સંયમશ્રેણીગર્ભિત મહાવીર સ્તવન રચ્યું વળી સમાગચ્છના વિજયસિંહસૂરિ સંતાનીય ભાણુવિજયશિષ્ય જિનવિજયે સં. ૧૭૬૯ ના શ્રાવણ વદ ૧૦ ગુરૂવારે સુરતમાં ધનાશાલિભદ્ર રાસ રચીને પૂર્ણ કર્યો. (જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ પૃ. ૫૬૯)

૧૨૮. તપાગચ્છના ભટ્ટારક વિજયદયાસૂરિએ સુરતમાં ૧૪ (કોઇ કહે છે ૯) ચોમાસાં કર્યાં હતાં. સં. ૧૭૬૯ માં તેમનું ત્યાં ચોમાસું હતું ત્યારે તેમની પાસે રહેનાર સત્યસાગર મુનિએ પરમ શ્રાવક શાહ લાધોજીના આગ્રહથી વચ્છરાજ રાસ રચ્યો. (જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ પૃ. ૫૮૮)

૧૨૯. સં. ૧૭૬૯ ના આશો શુદ ૧૫ રવિવારે સુગુણસુંદર શિષ્ય પદ્મસુંદરે સુરતમાં પોતાના ચોમાસા દરમ્યાન નવવાડી પર સઝાય રચી (કે જેની સં. ૧૮૧૪ મૃગશર વદિ ૧૦ દિને સૂરત બંદર નગરે મુનિ હિતવિજયે લખેલી પાંચ પત્રની પ્રત પં. અમરવિજય ગણિના સીનોર ભંડારમાં છે).

૧૩૦. અઢારમા શતકના અંત ભાગમાં **વિજયલક્ષ્મીસૂરિ**ની ગૃહસ્થાવસ્થામાં છ વર્ષની ઉમર હતી ત્યારે તેને **સુ**રતમાં **વિજય**-સૌભાગ્યસૂરિ પાસે મોકલવામાં આવેલ અને ત્યાં ધર્મશિક્ષણ માટે **સુ**રતના સંઘે ગોઠવણ કરી, આવશ્યકથી શરૂ કરેલ અભ્યાસ જૈન શાસ્ત્ર, અલંકાર, કાવ્ય, ન્યાય, વ્યાકરણ આદિ વિદ્યાનાં જુદાં જુદાં ક્ષેત્રો સુધી ફેલાયો જેનો પરિપાક આપણે એમના ગ્રંથોમાં સવિશેષ-પણે જોઇએ છીએ. વિશેષાવશ્યક એમણે ન્યાયશાસ્ત્રની મદદ વડે સારી રીતે ધાર્યું હતું. વિદ્યાપ્રાપ્તિ કરવાના પ્રસંગ વિષે ખોલનાં રાસકાર કહે છે :—

જો દે દેવ જતિપણું તો, દેજે વાનાં ચાર,
સુકંઠ ને સ્વરૂપતા, પઠવું ને ગુરૂ-પ્યાર.
(જૈન યુગ પુ. ૧ પૃ. ૨૫૧ 'વિજયલક્ષ્મીસૂરિ')

૧૩૧. આ શતકને અંતે પ્રસિદ્ધ કવિ (ચંદ્ર રાસના કર્તા) **મો**હનવિજય (સં. ૧૭૫૫ થી ૧૭૮૩ જૈન ગૂ. કવિઓ ભાગ ૨ પૃ. ૪૨૮) નું સુરતમંડણ પાર્શ્વ સ્તવન સ્મરીશું :—

**પાસ** જિનંદા માતા **વામાજી**કે નંદા રે,
તુમ પર વારી જાઉં ખોલ ખોલ રે.
હાંરે દરવાજે તેરે ખોલ ખોલ રે,
હમ દરસન આયે તોલ તોલ રે—દરવાજે૦ ૧
પૂજા કરૂંગી મેં તો ધૂપ ધરૂંગી રે,
ફુલ ચઢાઉંગી બહુ મોલ મોલ રે—દરવાજે૦ ૨
તેં મેરા કાકર મેં તેરી ચાકર,
એક વાર મોસું બોલ બોલ રે—દરવાજે૦ ૩

**સુરતમંડણ** સુંદર મૂરત,
મુખડું તે ઝાકમ ઝોલ ઝોલ રે—દરવાજે૦ ૪
**રૂપ** વિબુધનો **મોહન** પભણે,
રંગ લાગો ચિત ચોલ ચોલ રે—દરવાજે૦ ૫

## ૭ વિક્રમ ૧૯ મું શતક.

૧૩૨ **તપા** ગચ્છના **ન્યાયસાગર**ના શિષ્ય **જયસાગરે** **તીર્થ**-માલા સ્તવન સં. ૧૮૦૧ માં રચ્યું છે તેમાં ૧૭ મી કડી એવી છે કેઃ—[જૈન યુગ પુ. ૪ પૃ. ૪૪૨]

**સુરત** ને **રાનેર**માં, આઠ છે જિન પ્રાસાદ
દેહરાસર અતિ દીપતા, જગમાંહિ જશવાદ
**સુરત** મંડણ **કલીકંડુ**, વલી **ભાલો** **ઘૃતકલ્લોલ** ભવિયણ
**જગવલ્લભ** ને **સહસફણો**, જુહારો નિસા પોલ ભવિયણ ૩૧.

૧૩૩. સં. ૧૮૦૨ ના આસો શુદ ૧૨ રવિએ સુરત બંદરમાં ઉપર્યુક્ત **જ્ઞાન**વિમલ સૂરિકૃત ઉક્ત **અ**શોકચંદ્ર રોહિણી રાસની પ્રતિ લખાઇ; અને ૧૮૦૩ ના આસો માસે શનિવારે ઋષિ **રાઘવજી** શિષ્ય ઋષિ **મનજી**એ બાઇ **પાંખડી** પઠનાર્થે **સુમતિહંસ**ની સં. ૧૭૧૩ માં રચેલી **વૈદર્ભી** ચોપઇની પ્રત ચાર પત્રની લખી (નં. ૨૪૦૭ શ્રી મુક્તિ કમલ **જૈન** મોહન જ્ઞાનમંદિર વડોદરા જૈ. ગૂ કવિઓ ૩ પૃ.)

૧૩૪ જેનો ઉલ્લેખ ઉપર આપણે કરી ગયા છીએ તે **ઉદય**-સાગર સૂરિએ સાધુ **યોગ્ય**વિમલ અને **દર્શ**નસાગરની પ્રાર્થનાથી **શ્રી**માલી વંશના દેવગુરૂભકત **કી**કાના પુત્ર **કચરા**એ કાઢેલા સંઘની

સાથે યાત્રા કરતાં જિનરાજની ભક્તિને માટે 'રત્નાકર પંચાશિકા' નામનો ગ્રંથ સંસ્કૃતમાં સં. ૧૮૦૪ ના પોષ શુદિ ૧૫ ને સોમવાર દિને પાલીતાણામાં રચ્યો છે.

૧૩૫. આ કચરા શાહનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. તેમણે કાઢેલા સંઘનું વર્ણન પ્રસિદ્ધ અધ્યાત્મી દેવચંદ્રજીના શિષ્ય મતિરત્ને સિદ્ધાચલ તીર્થયાત્રા પદ્યકૃતિ (જુઓ પ્રાચીન તીર્થમાળા સંગ્રહ) એ નામની પાંચ ઢાળમાં રચી તેમાં કર્યું છે, તેનો રચ્યા સંવત્ આપેલ નથી તેમ સંઘ નીકળ્યાનો સંવત્ આપેલ નથી પણ તેની મિતિ કાર્તિક શુદ ૧૩ આપેલ છે. આમાં વિગત એ છે કે:—

મૂળ પાટણના રહીશ અને રવજીશાના કુલમાં થયેલા વૃદ્ધ-શાખીય (વીસા) શ્રીમાલી કચરા કીકા પોતે ત્રણ ભાઈ સહિત સુરત આવ્યા. તેણે શત્રુંજ્યનો કાર્તિક શુદ ૧૩ દિને (સંવત્ આપ્યો નથી) કાઢયો. રૂપચંદ નામના શેઠ પણ સંઘવી તરીકે જોડાયા. કુંબસ (કુમસ) આવી ત્યાંથી ભાવનગર આવ્યા કે જ્યાં ભાવસિંહજી (કે જેમણે સં. ૧૭૭૯ ના વૈશાખ શુદ ૩ ને દિને ભાવનગર વસાવ્યું હતું અને જેઓ ૬૧ વર્ષ સુધી સ્વતંત્રપણે રાજ્ય કરી સં. ૧૮૨૦ માં સ્વર્ગસ્થ થયા. આ તેજ ભાવસિંગ હોઇ શકે કે જેનો ઉલ્લેખ સં. ૧૭૭૦ માં સુરતના સંઘવી પ્રેમજી સવજીના સંઘને મળેલા તેના શલોકામાં જણાવેલ છે) રાજ્ય કરતા હતા. તેમણે ચાંચીઆને જેર કરી જગાત ઓછી કરી સમુદ્રને નિર્ભય અને વેપારીઓને આબાદ કર્યા હતા. આ સંઘને માન આપવા ભાવસિંહજીએ ત્યાંના શેઠ કુંઅરજી શેઠને બીજા આગેવાન સાથે

સામે જવા કહ્યું. તે રીતે સંઘને માન આપ્યું, ત્યાંના આદીશ્વરનાં દર્શન કર્યાં ને સંઘે પૂજા કરી. રાજાજીને સાથે આવવા વિનતિ કરી ને રાજાએ તે માટે ચોકીદાર વગેરે માટેનું લાગત ખર્ચ માંગ્યું. કચરાશાએ દસ્તુર જે યોગ્ય હોય તે આપવા કબૂલ્યું એટલે રાણાજી લશ્કર સાથે સંઘ ભેગા નીકળ્યા (કાર્તિક વદિ ૧૩). ચોથે દિન વરતેજ, પછી કનાડે આવ્યા સાથે ઉત્તમવિજય પંન્યાસ, યોગવિમલ તપસ્વી, ખરતરગચ્છી દેવચંદ્રજી હતા. પાલીતાણાના રાજા પૃથ્વીરાજજી (જેનો પણ અગાઉ ઉલ્લેખ થઇ ગયો છે) ના કુંવર સામા આવ્યા કે જેને સંઘવીએ પહેરામણી કરી. કુંવર શ્રી નવઘણ સંઘ સાથે ગારીઆધર સુધી આવ્યા ને માગશર શુદિ ૧૩ દિને શત્રુંજયની જાત્રા કરી. પછી પાલીતાણા આવ્યા, હમેશ યાત્રા થતી રહી ઉપદેશ શ્રી દેવચંદ્રજી અને ઉત્તમવિજયજીનો ચાલુ થયો એટલે ખંભાતથી જીવણશાહ સંઘવી ખંભાત, ઘોઘા, ભાવનગરના લોકોનો સંઘ લઇ આવ્યા; વેલાવલ પાટણથી રામચંદ્રશા અને દક્ષિણથી મેઅર ગામનો સંઘ લઇ ગલાલશા. એમ અનેક સંઘોએ આવી યાત્રા કરી. સુરતથી વિધિપક્ષ (અંચલ ગચ્છ) ના (ઉપર્યુક્ત) ઉદયસાગરસૂરિ, તપાગચ્છના પાઠક સુમતિવિજય આદિ અનેક સાધુઓ આદિનો ચતુર્વિધ સંઘ મળ્યો. પોશ શુદિ ૧૩ દિને ઇંદ્રમાલનો ઉત્સવ થયો. સફલ યાત્રા કરી સંઘ સુરત જવા પાછો વળ્યો, ભાવનગર થઇ સુરત આવ્યો. શેઠ કચરા કીકાનો પુત્ર તારાચંદ, ફતેચંદ પુત્ર ઝવેરચંદ રૂપચંદ સંઘવીનો પતિ દેવભાઇથી થયેલ પુત્ર લાલચંદ તથા તેનો ભાઇ મીઠાચંદ સૌને સંઘ યાત્રા કરી પાછો ફરતાં અતિ આનંદ વર્ત્તાયો.

૧૩૬. આ સંઘ સં. ૧૮૦૪ માં નીકળ્યો હતો એ વાતનું પ્રમાણ દેવચંદ્રજી પોતાના સિદ્ધાચલ સ્તવનમાં ચોખ્ખું કહે છે:—

સંવત અઢાર ચોડોત્તર વરસે, સિત મૃગસર તેરસીયે
શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસિયે
કચરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ ગુણવંતજીએ
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જીણુંદજીએ.
—શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૨ પૃ ૯૧૭.

૧૩૭. સં. ૧૮૦૭ ના વૈ શુ ૩ બુધવારે શ્રીમદ્ યશોવિજયજીકૃત ૧૨૫ ગાથાના સીમંધર સ્તવનની ૧૦ પત્રની પ્રતિ પં. વિનીતવિજયે શ્રાવિકા લહેરીબાઈ પઠનાર્થે લખી (નાહટા સંગ્રહ બીકાનેર.)

૧૩૮ સં. ૧૮૦૫ અને ૧૮૧૦ ની વચ્ચે ઉત્તમવિજયજી સાથે પદ્મવિજયજી સુરત આવ્યા હતા અને સુવિધિવિજય પાસે શબ્દ શાસ્ત્ર, પંચ કાવ્ય, મદાલસા આદિ નાટક, છંદશાસ્ત્ર, અલંકારનો અભ્યાસ કર્યો. તારાચંદ સંઘવીએ તેમની સુંદર બુદ્ધિ જોઈ ધન ખર્ચી પંડિત રાખી દઈ તેમને ન્યાય શાસ્ત્ર ભણાવ્યું. પછી ઉત્તમવિજયજીએ ગુરૂ પાસે જૈન ન્યાય, મહાત્માત્ય, અંગ ઉપાંગ મૂલ સૂત્ર, પાંચ કર્મ ગ્રંથ, કર્મ પ્રકૃતિ આદિનો અભ્યાસ કર્યો.

૧૩૯ ઉપર્યુક્ત કલ્યાણસાગરસૂરિએ અમદાવાદમાં સં. ૧૮૦૮ વિજય દશમીને ગુરૂવારે પોતાના શિષ્યને સૂરિપદ આપી ગુણસાગરસૂરિ નામ સ્થાપ્યું. ત્યાર પછી ત્યાં એવામાં સૂરતનો સંઘ સિદ્ધાચલની યાત્રા કરી અમદાવાદ આવ્યો (આ સં. ૧૮૧૦ નો

કચરા કીકાનો સંઘ હોવો જોઇએ). તે સંઘે ગુરૂને સૂરત પધારવા વિનંતિ કરતાં તે સ્વીકારી ગુરૂ સૂરત પધાર્યા. સંઘે મહોત્સવ કર્યો. ત્યાં તેમણે સં ૧૮૧૧ જેઠ વદ ૨ ને દિને સ્વર્ગવાસ કર્યો. (જુઓ કલ્યાણસાગરસૂરિ રાસ જૈ. ઐ ગૂ. કાવ્ય સંચય.)

૧૪૦. વિશેષમાં દેવચંદ્રજીના જીવનચરિત્ર રૂપે એક કવિએ સં. ૧૮૨૫ માં રચેલ 'દેવવિલાસ' નામના રાસમાં (શ્રી બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાલા નં. ૧૦૩–૧૦૪) જણાવ્યું છે કે સં. ૧૮૧૦ માં કચરાશાહે શત્રુંજયનો સંઘ કાઢયો તે સથે દેવચંદ્રજી પધાર્યા અને શત્રુંજય ઉપર સાડ હજાર દ્રવ્ય ખર્ચી જિનબિંબની પ્રતિષ્ઠા કરી. આ સંબંધી એક લેખ શત્રુંજય પર હાથી પોળ તરફ જતાં દક્ષિણે આવેલા દેવાલયમાં (વિમલવસી લિસ્ટ પૃ. ૨૦૭ નં. ૨૮૫ બુહ્લર સંગ્રહ) મળી આવે છે તેનો સાર આ પ્રમાણે છેઃ—

"સંવત્ ૧૮૧૦ માહ શુદિ ૧૩ મંગળવાર, સંઘવી કચરા કીકા વગેરે આખા કુટુંબે સુમતિનાથની પ્રતિમા અર્પણ કરી. સર્વ સૂરિએ પ્રતિષ્ઠા કરી" (શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ અવલોકન પૃ. ૫૨)

૧૪૧. સં. ૧૮૧૦ કાર્તિક શુદિ ૧૩ ગુરૂવારે સૂર્યપુરમાં ચાતુર્માસ કરીને સ્થિત થયેલા 'સંઘમુખ્ય સંઘનાયક સંઘભારધુરંધર સંઘમુખ્યતિલકાયમાનદિનમણી અધિકતેજપ્રતાપસમાન સાહ શ્રી સેઠજી શ્રેષ્ઠિ સા લાલ સાહ અમીચંદ સાહાય્ય દાનાત્ તસ્ય આગ્રહાત્ જ્ઞાનેન સાર્ધ્યં કૃતં સ્વયં ભક્તિભાવેન' લખાવેલ અને પં. અમરવિજય ગણિ શિષ્ય પં. સૌભાગ્યવિજય ગણિ શિષ્ય મુનિ

હિતવિજયે જિનવિજય કૃત ધના શાલિભદ્ર રાસની પ્રત ૧૪૨ પત્રમાં લખી ( દા. ૬ નં. ૯ ખેડા ભંડાર. )

૧૪૨. સં. ૧૮૧૩ માર્ગશિર્ષ વદિ ૨ દિને શ્રી સૂરત બંદર મધ્યે ગોપીપુરા મધ્યે શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્ કનકકુશલે ( સં. ૧૬૫૫ માં ) સંસ્કૃતમાં રચેલી સૌભાગ્યપંચમી કથાની પ્રતિ ૬૭ પત્રની લખાઇ ( નં. ૨૪૧૬ નાહટાજીનો અભય પુસ્તક ભંડાર )

૧૪૩. સં. ૧૮૧૩ અને ૧૪માં એમ બે ચોમાસાં પદ્મવિજય જીએ સુરતમાં કર્યાં. તે વખતે તારાચંદ સંઘવીએ ત્યાં ઉપધાન વહ્યાં અને માલારોપણનો મોટો ઉત્સવ કર્યો. સં. ૧૮૨૧ માં સિદ્ધપુર ચોમાસું કરી સુરત આવ્યા. ત્યાં જૈન ન્યાય પૂર્વક મહાભાષ્યમાંથી વ્યાખ્યાન કરી લોકોને નયવાદ, યુક્તિવાદનો પરિચય કરાવ્યો.

૧૪૪. સં. ૧૮૧૪ આસપાસ ઉપર્યુક્ત ઉત્તમવિજયના શિષ્ય રત્નવિજયે સુરતમાં ચોવીસી ( ૨૪ જિન સ્તવન ) ની રચના કરી.

૧૪૫. સં. ૧૮૧૫માં ફા. શુ. ૭ સોમે વૃદ્ધ શ્રીમાળી દેવચંદ ભાર્યા જીવી બાઇના કરાવેલ શાંતિબિંબ અને શ્રીમાળી શાંતિદાસે કરાવેલ આદિનાથ બિંબની તથા બીજાં બિંબોની પ્રતિષ્ઠા આંચલ ગચ્છના ઉક્ત ઉદયસાગર સૂરિએ કરી; ( જુઓ લેખ નં. ૧૮૮ થી ૧૯૨ સુરત જૈન પ્રતિમા લેખ સંગ્રહ )

સં. ૧૮૧૫ વૈશાખ શુદિ ૭ રવિવારે તૂર્ણીપુરે ( સુરતમાં ) સૂર્યમંડણ પાર્શ્વ પ્રસાદ વડે ભ૦ વિજયપ્રભસૂરિ શિષ્ય હિમવિજય શિષ્ય પ્રતાપવિજય શિષ્ય રૂપવિજય ગણિ શિષ્ય માનવિજયે સ્વ શિષ્ય કસ્તુરવિજય ગણિ વાચનાર્થે કાંતિવિજય કૃત મહાબલ મહા

સુંદરી રાસની ૮૮ પત્રની પ્રત લખી (સુમતિરત્ન લાયબ્રેરી ખેડા) તથા આ વર્ષમાં (મણીરત્નીય) નવતત્ત્વાનિની હસ્તપ્રત ઋષિ વાઘજીએ લખી (જૈનાનંદ પુસ્તકાલય, સુરત નં. ૧૮૩૧)

૧૪૬. સં. ૧૮૧૭ના વૈશાખ વદિ ૧ બુધવારે અમૃતવિજયે (સં. ૧૭૫૦માં લાલવિજય શિષ્ય સૌભાગ્યવિજય કૃત તીર્થમાલા સ્તવન કે જે પ્રાચીન તીર્થમાલા સંગ્રહમાં પૃ. ૭૩ થી ૧૦૦ માં પ્રકટ થયેલ છે તેની) ૧૧ પત્રની પ્રત 'શ્રી સૂર્યપુર મધ્યે શ્રી સૂર્યમંડન પાર્શ્વ પ્રસાદાત્' લખી (કે જે પ્રત પાલીતાણામાં આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તકના અંબાલાલ ચુનિલાલના ભંડારમાં મોજૂદ છે.)

૧૪૭. સં. ૧૮૧૮માં ઉપાધ્યાય વિનયવિજય અને યશોવિજય મળીને પૂર્ણ કરેલા શ્રીપાલરાસની ૫૬ પત્રની પ્રત સુરત મધ્યે આશો વદ ૫ દિને ભીમજીએ લખી (પોથી ૧૩ નં. ૨૪૩ દાન સાગર ભંડાર બીકાનેર.)

૧૪૮. સં. ૧૮૧૯ આષાઢ વદિ ૧૩ રવિવારે સુરતિ મિંદિર મધ્યે વાચક જયચંદ ગણિએ જયરંગ-જેતસી કૃત કયવન્ના રાસની ૨૩ પત્રની પ્રત લખી (દા. ૨૦ નં. ૨૧ સીમંધર સ્વામીના ભંડાર સુરત.)

૧૪૯. આબૂ ઉપર સંવત્ ૧૮૨૧ના કાર્ત્તક વદ ૫ નો લેખ છે.

(શ્રી સંઘવીઃ તારાસ (ચંદઃ ઈ (ફ) તે સહ.....શ્રી સુરત બંદર નઃ શ્રી આદેસરજીઃ દેરનુઃ ક.. કરાવસઃ...' (લેખ નં. ૨૩૮ આબૂ ભાગ ૨ જો-મુનિ જયંતવિજય) તેમાં સુરતના સંઘવી તારાચંદનો ઉલ્લેખ છે.

૧૫૦. સં. ૧૮૨૧ માગશર શુદિ ૩ સોમવારે સુરત મધ્યે શા. પ્રેમચંદ સખી પઠનાર્થે દેવચંદજી કૃત ચોવીશીની ૧૫ પત્રની હસ્તપ્રત લખાઇ ( પો. ૧૩ વડા ચૌટા ઉપાશ્રય ભં. સુરત. )

૧૫૧. સં. ૧૮૨૨ ના માઘ શુદિ ૧૩ ને દિને સંઘવી તારાચંદની સંઘભક્તિ ઉલ્લસી. શંખેશ્વર પાર્શ્વ આદિ ૨૬૫ જિન બિંબની પ્રતિષ્ઠા સિદ્ધાચલ પર કરવાની વૃત્તિ થતાં પદ્મવિજયજીએ શાસ્ત્રાનુસાર તેની પ્રતિષ્ઠા કરીને તેની ઇચ્છા પૂરી કરી. ( જુઓ 'પદ્મવિજય નિર્વાણરાસ. જૈન ઐ. રાસમાળા. )

૧૫૨. સં ૧૮૨૩ માં આંચલિક ગચ્છના ઉદયસાગર સૂરિ ( કે જેનો ઉલ્લેખ ઉપર થઇ ગયો છે તેના પટ્ટધર તરીકે ) એ આચાર્ય પદ તેમના શિષ્યને આપી કીર્ત્તિસાગર સૂરિ નામ સ્થાપ્યું. આ વખતે શા ખુશાલચંદ તથા ભુખણદાસે છ હજાર ખર્ચી મહોત્સવ કર્યો.

૧૫૩. આ કીર્ત્તિસાગર સૂરિના પટ્ટધર તરીકે આચાર્ય અને ગચ્છેશ પદ સુરતમાં સં. ૧૮૪૩માં પુણ્યસાગર સૂરિને અપાયું અને તેનો મહોત્સવ શા લાલચંદે કર્યો. આ પુણ્યસાગર સૂરિના પટ્ટધર રાજેન્દ્રસાગરનો જન્મ સુરતમાં થયો હતો.

૧૫૪. ઉક્ત ઉદયસાગર સૂરિના શિષ્ય દર્શનસાગરે સં. ૧૮૨૪ મહા શુ. ૧૩ રવિને રોજ સુરતમાં વડાચૌટાના ભાઇસાજીના ઉપાશ્રયમાં રહીને આદિનાથ રાસ રચ્યો. તે વખતે કપુરચંદ વંશદીપક તેના પુત્ર શાહ ખુશાલચંદ હતા કે જેણે ઉપાશ્રય ધર્મશાલા પ્રમુખ શુભ કાર્ય કર્યાં હતાં તેમ પોરવાડ જ્ઞાતિના

નિહાલચંદ ગચ્છના રાગી અને ધર્મપ્રેમી હતા, તેમ મોહનદાસના પુત્ર ભૂખણદાસે અતિ આડંબરથી (બિંબ) પ્રતિષ્ઠા કરાવી હતી, અને વ્રતધારી ગલાલશાહના પુત્ર સકલચંદ શાસનપ્રેમી હતો. આગમગચ્છના સિંહરત્ન સૂરિના શિષ્ય હેમચંદ્રના આગ્રહથી ઉક્ત રાસની રચના થઇ હતી. ( હાલ છપાતો જૈન ગૂ. ક. ભાગ ૩ જો પૃ ૧૨૨ ) ઉક્ત સૂરિજી સુરતમાં સં. ૧૮૨૬ ના આશો શુદ ૨ દિને સ્વર્ગસ્થ થયા.

૧૫૫. સં. ૧૮૨૫ કા. વ. ૧૦ શનિવારે શ્રી હરિપુરા મધ્યે શ્રી સંભવનાથ પ્રસાદાત્ શ્રી હેમરાજ પઠનાર્થે પાર્શ્વચંદ્ર સૂરિ ગચ્છના મુનિએ સકલચંદ્ર કૃત સત્તરભેદી પૂજની પ્રત લખી ( ૪ પત્ર વીરમગામ લાયબ્રેરી. )

૧૫૬. સંવત્ ૧૮૨૬ માં તારાચંદ શેઠે સુરતનો સંઘ લઇને રાજનગર આવી શ્રી શત્રુંજયની જાત્રા કરી અને તેની સાથે તારંગા, આબુ, ગોડી શંખેશ્વર પાર્શ્વને ભેટયા. એ વાત ક્ષેમ-વર્ધ્ધનના સં. ૧૮૭૦માં રચેલા શાંતિદાસ વખતચંદ શેઠના રાસની ઢાલ ૩૮ માં મળી આવે છેઃ—

'સંવત અઢાર છવીસમાં રે લાલ તારાચંદ સંઘ જેય
રાજનગરે તે આવીને રે લાલ, સુરત વાસી સંઘ લેઇ.
તારંગા આબુ ભેટી કરી રે લાલ ગોડી શંખેસર પાસ
ઉભી સોરઠ નેમનાથજી રે લાલ સિદ્ધગિરિ ભેટયો ઉલ્લાસ

—જૈન ઐતિહાસિક રાસમાળા પૃ. ૮૩-૮૪

૧૫૭. સંઘવી **તારા**ચંદના સંઘમાં **અં**ચળ ગચ્છના **ઉદય**સાગર સૂરિ અને તેમના શિષ્ય **તિલક**ચંદ હોવા જોઇએ એમ તેના રચેલ સિદ્ધાચલ સ્તવન ( જૈન પ્રબોધ પૃ. ૩૧૭.) ની છેલ્લી બે કડી પરથી જણાય છેઃ—

સંઘવી **તારાચં**દનો સંઘ, ભૂષણદાસ મલ્યા મનરંગ
એ તો જાત્રા કરે સર્વ સંઘ, મનોહર મિત્ર એ ગિરિ સેવો. ૯
શ્રી **વિધિ** પક્ષ ગચ્છપતિ રાયા, **ઉદયસાગર** સૂરિ સુપસાયા
શિષ્ય **તિલકચંદ** ગુણ ગાયા, મનોહર મિત્ર એ ગિરિ સેવો. ૧૦

૧૫૮. સુરતના સંઘ સાથે **જિ**નવિજયજી **પા**લીતાણા ગયેલા તે વખતનું સં. ૧૮૨૮ પોશ શુદિ ૧૪ ને દિને '**શ**ત્રુંજય સ્તવન' તેમણે રચ્યું છે તે કેટલીક મહત્વની ઐતિહાસિક હકીકત પૂરી પાડે છે. ( જૈનયુગ પુ૦ ૧ પૃ. ૨૫૨ )

૧૫૯. સં. ૧૮૨૭ના શ્રાવણ શુદિ ૮ ચંદ્રવારે પં. **દે**વે સા **વિમલ**ચંદના પઠનાર્થે **સ**કલચંદ્ર કૃત **સ**ત્તરભેદી પૂજની પ્રત એક ચોપડામાં ( મુનિમાણેક પાસેનો ) લખી.

૧૬૦. સં. ૧૮૨૭ અને ૨૮ માં ઘણા મોટા પ્રતિષ્ઠા મહોત્સવો **ખ**રતર ગચ્છના **જિ**નલાભ સૂરિના ઉપદેશથી **અ**ને **સુ**રતના **ભા**ઇદાસ **ને**મિદાસના દ્રવ્યથી થયા અને તેથી સં. ૧૭૯૩માં **લા**ધા **શા**હે ચૈત્યપરિપાટીમાં ગણાવેલાં બિંબોમાં ઘણો વધારો થયો. તે **સં**બંધી હકીકત એમ છે કે **ખ**રતર ગચ્છનાં ચૈત્યો **સુ**રતમાં **ના**ણાવટ **હ**નુમંત પોલમાં **અ**જિતનાથનું અને **ગો**પીપુરામાં **શી**તલ નાથનું તથા બીજું એમ ત્રણ હતાં. સં. ૧૮૨૭ વૈશાખ શુદિ ૧૨ દિને આદિ

ગોત્રીય શાહને મિદાસના પુત્ર ભા ઇદાસે કરાવેલ ત્રણ ભૂમિના પ્રાસાદમાં શીતલનાથ, સહસ્ત્રફણા પાર્શ્વ, અને ગોડી પાર્શ્વ આદિ ૧૮૧ બિંબોની પ્રતિષ્ઠા જિનલાભ સૂરિએ કરી તથા સં. ૧૮૨૮ વૈશાખ શુદિ ૧૨ ને દિને ત્યાંજ દેવગૃહમાં શ્રી મહાવીર આદિ ૮૨ બિંબોની પ્રતિષ્ઠા કરી (ક્ષમાકલ્યાણ કૃત ખરતર ગચ્છ પટ્ટાવલી). આ સંબંધમાં ઉક્ત સૂરિએ રચેલાં વિવિધ સ્તવનો (પૃ. ૧૫૮થી ૧૭૧) માંથી કેટલીક હકીકત મળી આવે છે. સુરત (શીતલાદિ) પ્રતિષ્ઠા સ્તવનમાં જણાવેલ છે કે ૧૮૨૭ વૈ. શુ. ૧૨ ને દિને શીતલનાથની તે સૂરિએ પ્રતિષ્ઠા કરી, અને ૧૮૨૮ના વૈ. શુ. ૧૨ ગુરૂવારે ગોડી પાર્શ્વની, વીર બિંબની, જીવિત મૂર્ત્તિ પદ્મનાભ (શ્રેણિકનો જીવ ભવિષ્યમાં થનાર તીર્થંકર) ની પણ તેમણે પ્રતિષ્ઠા કરી મૂલ નાયક વીર બિંબ અને અન્ય ૨૩ જિનનાં બિંબ, અજિત જિન આદિ એક ચૈત્યમાં સ્થાપિત કર્યાં અને તે સૂરિના ઉપદેશથી શ્રાવક ભાઇદાસે સર્વ કર્યું. ભૂમિગૃહમાં સહસ્ત્રફણા પાર્શ્વની સ્થાપના કરી. અતીત જિનમાંથી કેવળજ્ઞાની પ્રથમ જિનના નૂતન બિંબની, અનાગત જિનમાંથી પદ્મનાભની જીવિત મૂર્ત્તિની, વિહરમાન જિનમાંથી સીમંધર સ્વામીની મૂર્ત્તિની સ્થાપના ભાઇદાસે કરી અને તેની પ્રતિષ્ઠા જિનલાભ સૂરિએ કરી.–સં. ૧૮૨૮ વૈ. શુ. ૧૨ બૃહસ્પતિ વાર. ગોપીપુરામાં શીતલનાથ ચૈત્યમાં ખરતર ગચ્છના ગુલાલચંદ, મુલતાની મંછારામજી ભક્તિ કરે છે અને સંઘમાં સ્વશક્તિ અનુસાર ખર્ચ કરે છે. સંઘે વૈ. વ. ૫ ગુરૂએ જિનવરનું અષ્ટોત્તરી સ્નાત્ર કર્યું.

૧૬૧. ઉક્ત ભાઇદાસ નેમિદાસ તે ઓસવાલ વંશના એટલે ઓસવાલ જ્ઞાતિના શ્રદ્ધાવાન્ શ્રીમંત શ્રાવક હતા.

ધન્ય ધન્ય જ્ઞાતિ **ઓસ** વંશ **વીર**નો શાસન શોભાવે મુદા
ધન્ય ધન્ય ચતુર્વિધ સંઘ શ્રદ્ધા રાખે શ્રી અરિહંતની.
ધન્ય ધન્ય શ્રી **નેમીદાસ** તસ કુલે **ભાઇદાસે** બિંબ સ્થાપન કિયા
**ઓસ** વંશ ભૂપાલ જેહવા તેવા થયા જિન શાસને.
દ્રવ્ય ખર્ચે જલધર આષાઢો વરસે નિમ દ્રવ્ય ખર્ચતા
શ્રી ગુરૂના ઉપદેશ એહવી ધર્મ કરણી ચિત્તમેં વસી.
નવકારસી ભોજન ઘૃતપૂર અન્ય મિષ્ટાન્ન વિધિ યુક્તના
સુવિહિત **ખરતર** ગચ્છ સ્વચ્છતા સુરસિન્ધુને તુલ્યતા.

—જિનલાભ સૂરિ કૃત સ્ત. પૃ. ૧૬૯-૧૭૦

તે શ્રાવક સંબંધી યશોગાન એક કવિએ 'સ. ૧૮૨૭ વૈશાખ શુકલ દ્વાદશ્યાં દિને શ્રી સૂર્યપુરે ભાઇદાસસ્ય યશોવર્ણન કૃતં પ્રતિષ્ઠાવસરે' એમ છેવટે લખીને સુન્દર રીતે હિન્દીમાં કર્યાં છે બીકાનેરના શ્રીયુત ભંવરલાલ નાહટાની કૃપાથી અત્ર ટાંકું છું

સવૈયા એકત્રીસા

**શીતલ** જિનેસરકો નયો હી પ્રાસાદ કીનો,
નયે હી બનાય બિંબ ઇષ્ટ લાભ લીનો હૈ
**પ્રતિષ્ઠા** મહોચ્છવ રચિકૈં અનેક રીત,
નૌકારસી જિમાય સુકવિ દાન દીનો હૈ
દ્રવ્યહી કૌ લિયૌ લાહ લોક ભનૈ વાહવાહ,
ભાગ્યબલી **ભાઇદાસ** ઐસો કામ કિનો હૈ
**ઓસવાલ** વંશ રૂપ જાન હૈ સકલ ભૂપ,
**નેમિકૌ** સુતન્ન સુતૌ કુલમૈ નગીનો હૈ. ૧

સંવત **સય** અઢાર વરસ વલિ **સત્તાવીસહ**
**માધવ** માસ ઉદાર **શુકલ** પખ **બારસ** દીસહ
**ખરતર** ગચ્છપતિ ગહિર શ્રીય **જિનલાભ** સૂરીસર
કિરીયાવંત કૃપાલ ધરા સારી શોભાધર
શુભ વાર મુહૂરત શુભ લગન કીધ પ્રતિષ્ઠા શુભકરૂ
દુખહરણ અનુપમ સુખ દયણ જ્યૌ **શીતલ** જિનવરૂ. ૨
દાતાકૈ સિરદાર ધરમ ધોરીધર સહ્ઘર
યશ ઉજ્જવલ જગ જાસ એહો દાતા નહી અવ્વર
ગુરૂભગતૌ ગુણવાન વદ મુખ માધુર વાણી
સતધારી સત વાચ પ્રસિદ્ધ જગ સિગલે જાણી
**નેમિ** સુતન્ન નિર્મલ સહિત **ભાઇદાસ** ભણીજ્યે
આશીસ એર કવિ ઉચ્ચરૈ જગમેં એ ચિરંજીજ્યે. ૩

૧૬૨. ઉપરની પ્રતિષ્ઠા વખતે પ્રસિદ્ધ અધ્યાત્મી શ્રી **જ્ઞાન**-સારજી પણ હાજર હતા એમ તેમણે **સુરત**માં સ્વહસ્તે લખેલા પોતે રચેલા ઉપરના સહસ્ત્રફણા પાર્શ્વના સ્તવન પરથી અનુમાન થાય છે તે સ્તવન નીચે પ્રમાણે છેઃ—

જગ સોહનાં જિનરાયા—એ દેશી

અવિકારી વલિ અવિન્યાસી
સિવ પદ સત્સુખ સુવિલાસી રે
જગજીવનાં જિનરાયા
તોરા સુરનર પ્રણમૈ પાયા રે—જગ જી૦ ૧
ઉજ્વલ ગુણ ગણ સોહૈ, મુખ મટકૈ મનડું મોહૈ રે જગ જી૦
પદ્મપત્ર વર્ણે પ્રભુ દીપૈ, જગચક્ષુ કોડ દ્યુતિ જીપૈ રે જગ જી૦ ૨

ઉપસમ અમિ હસ્તેં ધારી, અરિ ઉદ્વતિ ક્રોધ નિવારી રે જગ જી૦
ભવી **સહુસફણા** પ્રભુ વંદો દુકૃતિનો કંદ નિકંદો રે જગ જી૦ ૩

સમતા-ધારી ભ્રમ-વારી, મનહારી જગ જયકારી રે જગ જી૦
અડ કમ વારી ધ્રમ-ધારી, સુકૃતિ-કારી દુખ ટારી રે જગ જી૦ ૪

અતીત અનાગતિ ગ્યાતા, વર્ત્તમાંન સ્વરૂપ વિગ્યાતા રે જગ જી૦
સાંતિ દાંતિ મુદ્રાયેં સોહૈ, પ્રભુ પ્રણમ્યાં પાપ ખિછોહૈ રે જગ જી૦ ૫

ત્રિજગ-ત્રાતા જગત-ભ્રાતા, જ્ઞાનાદિક ગુણનો દાતા રે જગ જી૦
ધન ધારૈ નીવહીયૈ ધનીસ, સુદ્ધ ગુણ ધારક સુજગીસ રે જગ જી૦ ૬

**વામા**નંદન વરદાઇ, તુમ સુનિજર સુખ સદાઈ રે જગ જી૦
**જ્ઞાનસાર** કહૈ આણદૈ, જિન વંદૈ તે ચિર નંદૈ રે જગ જી૦ ૭

—ઇતિ શ્રી **પા**ર્શ્વજિન સ્તવનં લિપિકૃતં **જ્ઞાન**સારેણ **સુ**રતિ-બિંદર મધ્યે ॥ શ્રીરસ્તુ **સુ**ભં ભવતુ ॥ પત્ર ૧ નાહટાજી પાસેનું. (આનો ફોટો બ્લોક એ. જૈન કાવ્ય સંગ્રહ પૃ. ૪૩૨ પ્રકટ થયો છે)

૧૬૩. સં. ૧૮૩૩ ના માહા શુદિ ૫ બુધવારે (**ત**પગચ્છના) **વિ**નીતવિજયના શિષ્ય પં. **દ્વ**વિજય ગણિની પાદુકા તેમજ **વિ**નય (વિનીત) વિજયની અને મહોપાધ્યાય **સુ**મતિવિજય ગણિની પાદુકા પં. **ઉ**ત્તમવિજય ગણિએ **સુ**રત બંદરમાં પ્રતિષ્ઠિત કરી. (જુઓ લેખ નં. ૨૨૬ થી ૨૨૮ સુરત જૈન પ્રતિમા લેખ સંગ્રહ.)

૧૬૪. આ **ઉ**ત્તમવિજય તે પ્રસિદ્ધ ન્યાયાચાર્ય શ્રીમદ્ **ય**શો-વિજયના શિષ્ય **ગુ**ણવિજયના શિષ્ય **સુ**મતિવિજય (ઉપર્યુક્ત) ના શિષ્ય **ઉ**ત્તમવિજય હોવા ઘટે. તેમણે **સુ**રતમાં સંઘવી **તા**રાચંદન।

પત્ની બાઈ રત્નબાઇએ સમુદાયે ઉજમણું કર્યું હતું ત્યારે સંવત્ ૧૮૩૪ ના કાર્તિક શુદિ ૫–જ્ઞાનપંચમીને બુધે દિને ૪૫ આગમની સ્તવના રૂપે પૂજા રચી પૂર્ણ કરી. ( જુઓ જૈન ગૂર્જર કવિઓ ભા. ૩ પૃ. ૧૫૦–૧. )

આ વર્ષના વૈશાખ વદિ ૧૧ દિને ' શ્રી સૂરતિ બિંદરે ' વાચનાચાર્ય મુનિરંગ ગણિના શિષ્ય વાચક ક્ષમાનંદન ગણિ પં. ચંદ્રભાણે ઉત્તમચંદ, વિજયચંદ, સરૂપચંદ જગરૂપ સહિત જ્ઞાનવિમલ-સૂરિકૃત અશોકચંદ્ર રોહિણી રાસ ( કે જેનો ઉલ્લેખ ઉપર થઈ ગયો છે ) ની પ્રત ૩૫ પત્રમાં ' શ્રી અજીતનાથજી પ્રસાદાત્ ' લખી ( દા. ૧૭ વીરવિજય ઉપાશ્રય ભં. ભઠીની પોળ, અમદાવાદ. )

૧૬૫. સૂરતમાં વિજયઉદયસૂરિ ( વિજયાણંદસૂરિની પરંપરામાં વિજયઋદ્ધિ સૂરિના વિજયપ્રતાપસૂરી અને તેના પટ્ટધર ) સં. ૧૮૩૭ પોષ શુદિ ૧૦ દિને સ્વર્ગસ્થ થયા.

૧૬૬. હવે આપણે મોદી લવજી સુત પ્રેમચંદે સુરતથી બે સંઘો કાઢેલ તે પૈકી છેલ્લા સંઘનું વિસ્તૃત વર્ણન તપગચ્છના મુનિ જશવંતસાગર શિષ્ય જૈનેંદ્રસાગર શિષ્ય આગમસાગર અને વિનોદ-સાગરના શિષ્ય ઋષભસાગરે સં. ૧૮૪૩ ના જેઠ વદ ૩ સોમે સુરતમાં રચી પૂર્ણ કરેલા પ્રેમચંદ–સંઘ–વર્ણન નામના રાસમાં આપેલ છે ( પૃ. ૧૯૮ થી ૨૫૨–જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ પૃ. ૧૬૮ થી ૭૨ ) તેનો સાર અત્રે દાખવીએ :–

૧૬૭. તે **પ્રેમચંદ** મૂળ **અ**મદાવાદના વતની; ત્યાંથી આવી **સુ**રતમાં વસ્યા અને સં. ૧૮૩૭ ×માં **સિદ્ધા**ચલનો સંઘ કાઢી સંઘપતિ થયા. **સિદ્ધા**ચલ પર મંદિર બાંધવાનો મનોરથ **ત**પગચ્છના નાયક **વિજયધર્મ**સૂરિના ઉપદેશથી જાગતાં ખોડીયાર કુંડ ઉપરની ભૂમિમાં તેણે શિખરબંધ દેવાલય કરાવ્યું. તે પૂરું થતાં સુરતમાં તેનું

×શલોકામાં સંવત્ આવેલ છે કે-

આગે **અઢારસે તીસે** સમે, કાઢયો સંઘ તે મનને ગમે
આ સંવત્ બરાબર છપાયો નથી જુઓ પૃ ૧૯૯ (અઢારસે તીસેસમેં– એમ છપાયું છે.) તેથી સં. ૧૮૩૦ હોવાનું કલ્પ્યું હતું, પણ તે અઢાર સેંતીસ એટલે સાડત્રીસને મારવાડમાં સેંતીસ કહે છે તે પ્રમાણે ૧૮૩૭ હોવું જોઇએ, એ ક્ષેમવર્ધન કૃત શાંતિદાસ વખતચંદ શેઠના રાસમાં નીચે પ્રમાણે આપેલ સંવત્ પરથી ધ્યાનમાં લેતાં જણાયું છેઃ—

સંવત **અઢાર સાડત્રીસમાં** રે લાલ **પ્રેમચંદ લવજી** સર
સંઘવી **સિદ્ધ**ગિરિનો થયો રે લાલ, શેઠજી પણ હતા લાર.

[ જૈન ઐ રાસમાળા પૃ ૮૪ ]

–આ સંઘમાં 'શેઠ' એટલે વખતચંદ શેઠ પણ સાથે હતા. વળી આ સંઘમાં પદ્મવિજય પણ હતા, એ તેના રાસ પૃ. ૧૮૫થી જણાય છેઃ—

મેદી **પ્રેમચંદ લવજી** હો કે, સંઘમાં **વિમલગિરિ**
ગુરૂ ભેટે રંગે હો કે, પરિણતિ શુદ્ધ ધરી.

પ્રતિષ્ઠા મુહૂર્ત જોવરાવતાં [ સંવત્ ૧૮૪૩* ] મહા શુદિ ૧૧ સોમવારનું આવ્યું. તે સમયે પહોંચવા અને પોતાની સાથે યાત્રા કરવા સુરત સંઘને તેણે વિનતિ કરી. પોતે અને પોતાના બે ભાઇ નામે હેમચંદ અને જયચંદ એમ ત્રણેએ સંઘપતિનાં તિલક ધરાવ્યાં. એવામાં પાટણના બોધલશાએ આ સંઘમાં ભાગ આપો તો હું દ્રવ્ય આપું એમ જણાવ્યું. સંઘ પોશ શુદ ૨ સોમે નીકળ્યો. કંકોતરી સંઘોને મોકલી તેથી ગામગામના સંઘોનાં માણસો એકઠાં મળ્યાં. વિજયધર્મસૂરિ સં. ૧૮૪૧માં સ્વર્ગસ્થ થયા હતા એટલે તેમના પટ્ટધર વિજયજિનેંદ્ર સૂરિ કે જે શિરોહીમાં ચોમાસું હતા તેને ત્યાં આમંત્રણ રૂપે કંકોતરી કાસદ દ્વારા મોકલી. તેમણે તે આમંત્રણ સ્વીકારી ત્યાંથી સંઘમાં ભળવા પ્રયાણ કર્યું. ગુરૂ અને સંઘ બન્ને મળ્યા. ને યાત્રાર્થે સંઘ વહાણમાં જઇ પહેલાં ભાવનગર ઉતર્યો ત્યાંના આદીશ્વરને જુહારી ગાડાં, વહેલ, સુખાસન, ઘોડા, ઉંટ, રથ આદિ વાહનોમાં શેઠ અને સંઘ પાલીતાણે આવ્યા.

૧૬૮. પંચમીને મંગલવારે પ્રભાતે સંઘવીએ શિખર જોઇ આનંદ દાખવ્યો અને સુવર્ણ-થાલમાં ફૂલો ભરીને ગિરિરાજને વધાવ્યો. લલિતાસર પાસે ડેરા નાંખ્યા. પાલીતાણાના ( ઠાકોર )

*આ સંવત્ ૧૮૪૩માં બીજીવાર સંઘ કાઢયો તેને ઉપર્યુક્ત શાંતિદાસ વખતચંદ શેઠના રાસમાંથી ( ઉક્ત રાસમાળા પૃ. ૮૪ ) ટેકા મળે છેઃ—

સંવત અઢાર ત્રેતાલીશે રે લાલ, બીજીવાર રસાળ
પ્રેમચંદ લવજી તણો રે લાલ, સંઘ શેત્રુંજે વિશાળ.

ઉનડજી (ઉપર અગાઉ જણાવેલ પૃથ્વીરાજ પછી નોંધણજી ત્રીજો, તેની પછી સરતાનજી બીજો કે જેનું મરણ ઇ. સ. ૧૭૬૬–સં. ૧૮૨૩ માં થતાં તેની પછી થોડાં વર્ષે ગાદીએ આવનાર ને સં. ૧૮૭૭માં સ્વર્ગસ્થ થનાર) ને તેડી સંઘનું મુંડકું સંઘવીએ ચુકાવી આપ્યું. ઉદયસાગર સૂરિ (સાગર ગચ્છના પુણ્યસાગર સૂરિના પટ્ટધર) સાથે બધા લોક આવતાં સંઘવીએ તેમને અને ગિરિને જોઇ આનંદ–સુખ પ્રાપ્ત કર્યું. પ્રભાતે યાત્રા કરવા ગિરિપ્રત્યે ચાલ્યા. સંઘે અંબડ વાવમાં પ્રથમ સ્નાન કર્યું. ભૂખણદાસે ત્યાં ઘણી શોભા કરી. સંઘ તલેટીએ જઈ ડુંગર પર ચઢયો. નીલી પરબ, ધોલી પરબ, કુમાર (પાલ) કુંડ નાં પાણી પીને હિંગલાજનો હોડો (હડો), જલ-કુંડ, થઈ મૂલ-કોટમાં આવ્યો. સુખાલ શાહની કરાવેલી પોળ, વાઘણ પોળ, ચક્રેશ્વરી માતા, ને પછી મૂલનાયક આદીશ્વરનાં દર્શન કરી પ્રદક્ષિણા કરી. રાયણ વૃક્ષતળે ઋષભ-પગલાંને વંદન કર્યાં. આમ મૂલકોટમાંથી આવી બહારનાં દેરાં વાંદ્યાં. સુરજકુંડ, પછી અદ-ભુદ (અદ્‌ભુત) રૂપે આદીશ્વર, શિવા–સોમનું ચોમુખ મંદિર, પાંડવ દેહરૂં, છિપા–વસહી, પછી ખોડીયાર ઉપરનું શિખરબદ્ધ મંદિર પોતે કરાવેલું તે જોઇ સંઘપતિ હરખ્યા. વિધિસર વેદિકા કરી ત્યાં બિંબ બેસાડયાં. અને ઉત્તમવિજય (ઉપર જણાવેલ) મુનિએ ધૂપાદિ વિધિ સહિત કર્યાં. આઠ દિવસનો ઉત્સવ ચાલ્યો. સાધર્મિક વાત્સલ્ય થયાં. પ્રતિષ્ઠાવિધિ જાણનાર પ્રેમજી શેઠ શ્રાવક પણ હાજર હતા. આમ દિનદિન વિધિ સાચવવામાં આવી. પાલીતાણા તળમાં પૂજા, આદી-શ્વરના દરબારમાં સ્નાત્રમહોત્સવ વગેરે થયું. આમ કેટલાક દિવસો ગયા પછી સંઘવીએ મુનિ ઉત્તમવિજયને કહ્યું કે હવે કયારે ગુરૂજી

આવે ને મનનો આમળો ભાંગે? મુનિએ જણાવ્યું કે શ્રીજીને પત્ર લખો ને બોલાવો. એટલે પત્ર મોકલાયો. શ્રી વિજયજિનેંદ્ર સૂરિએ મહાથી પાલણપુરના મણિભદ્રની યાત્રા કરી આવીશ એમ ઉત્તર મોકલ્યો. પાંચ સાધુઓ સંહિત મણિભદ્રની યાત્રા કરી ઉગ્ર વિહાર કરી સમઉ, નીંબડા થઇને સીહોર મહા શુદિ આઠમે આવ્યા ને ત્યાંથી પાલીતાણે નવમે આવી પહોંચ્યા. સામૈયું ગાજતે વાજતે થયું.

૧૬૯. સંઘવીએ સૂરિજીને પૂછતાં તેમણે પોતાનો વિહાર જણાવ્યોઃ–'અર્બુદ (આબૂ) ગિરિ ભેટી શિવપુરી (શિરોહી) ચોમાસું કર્યું, માગશરમાં વિહાર કરી રોહાઈ દેશ, બાંભણવાડા વીરપ્રભુ, જીવિતસ્વામિ, લોટાણા આદીશ્વર, વસંતપુર શાંતિનાથ, હમીરપુરનો કોરણીવાળો પ્રાસાદ, ત્યાંથી તમારો આગ્રહ આવતાં મણિભદ્ર ભેટી શંખેશ્વર પાર્શ્વનાથ વંદી અહીં આવ્યા.' પછી ગિરિવર જઈ યાત્રા કરી. નવા દેરાસરને જોઇ બીજે દિને (અગ્યારસે) પ્રતિષ્ઠા કરવાની હતી (પછી ઋષભચરિત્ર આવે છે.) પ્રેમચંદ સંઘવીનું કરાવેલું ઋષભબિંબ બહુ મનોહર હતું. તેની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક ઉત્સવ કર્યો. પ્રેમચંદ સંઘવીની બહેન તેજકુંવર સ્વર્ગસ્થ થઇ હતી તેનો ઉલ્લેખ અહીં કર્યો છે. તેણીને શંખેશ્વર પાર્શ્વ પ્રત્યે ધ્યાન હતું તેથી 'ત્રીશાવર્ષે' (સં. ૧૮૩૦માં?) શંખેશ્વરનો સંઘ કઢાવ્યો હતો અને તેણીનો જીવ દેવ થઇ આ સંઘને સાંનિધ્ય કરતો હતો એમ કવિ કહે છે.

૧૭૦. મુહૂર્ત દિને (મહા શુદ ૧૧ દિને) સંઘે સૂરીશ્વર સાથે ચઢી સ્નાત્ર–મહોત્સવ કર્યો. સૂરિએ મંત્રથી બિંબોની અંજનશલાકા કરી. પહેલાં વીજી વહુએ પેખંયા. બોધલશાની વહુએ વધાવ્યા.

બિંબ-પ્રવેશનો દિન (વદ) પાંચમ ને બુધવારનો નક્કી થતાં બિંબને પાટે બેસાડ્યા. પ્રાસાદને 'સર્વતોભદ્ર' એ નામ આપ્યું [આ પ્રતિષ્ઠાનો શિલાલેખ છે કે જેનો સાર ડા. બુહ્લરે પોતાના 'લિસ્ટ્સ'માં અંગ્રેજીમાં આપેલ છે તેનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે છેઃ-

'નં. ૪૪ સંવત્ ૧૮૪૩, શક ૧૭૦૮, માઘ શુદિ ૧૧ સોમવારે; લઘુ શાખા અને કાશ્યપ ગોત્ર તથા પરમાર વંશના શ્રીમાલી અને રાજનગર (મૂલ) નિવાસી, પ્રેમચન્દે આદિનાથની પ્રતિમા અર્પણ કરી. તપાગચ્છના વિજયજિનેંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.'-જુઓ શ્રી જિનવિજય સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ, અવલોકન પૃ ૫૩]

૧૭૧. ગામમાં આવી ત્રણ સૂરિઓ (ઉપર્યુક્ત વિજયજિનેંદ્રસૂરિ, ઉદયસાગરસૂરિ એ બે અને ત્રીજા કોણ તે કહી શકાતું નથી; કારણ કે તેનો ઉલ્લેખ નથી. ઉત્તમવિજય ન હોઇ શકે; કારણ કે તેને સૂરિપદ હતું નહિ) ને બોલાવી વહોરાવ્યું. પાઠક-ઉપાધ્યાય પદધારી એક અને સાધુ પાંચસો સત્તાવીશ હતા નવાંગે પૂજા કરી, બે શાલ ઓઢાડી આચાર્યોનું સન્માન કર્યું. સર્વે સાધુના હાથમાં એક રૂપૈયો રાખી પૂજા કરી મોદકાદિ વહોરાવ્યું. સર્વે સંઘના લોકોને જમણ માટે નોતર્યા. અમદાવાદ, સૂરત, પાટણ, કપડવણજ, ખંભાત, પાલણપુર, કાકરેચી, મારવાડ, ઔરંગાબાદ, અગ્રા, બરહાનપુર, હૈદ્રાબાદ, ભાવનગર, ભરૂચ, ઘોઘા, નવાનગર, કંડાલ (માંગરોલ પોરબંદરાદિ), ડભોઇ, વડોદરા, પેટલાદ, મિયાંગામ, જંબૂસર, કાવલી, ઝાલાવાડ આદિ આવેલ ગામના સંઘને જમાડ્યા. કેટલાકે લેહેણી કરી. મિઠાચંદ લાધાએ સંઘની ભક્તિ બહુ કરી, શ્રીપૂજ્યને પહેરામણી કરી. એવામાં ત્યાં ભારે વરસાદ થયો.

વીજળી ઝબકી, જલપૂર વહ્યાં. આ જોઇ સંઘવી સદ્‌ગુરૂને વિનવવા લાગ્યા કે એવું કંઈ ધ્યાન કરો કે આ વૃષ્ટિ બંધ થાય સૂરિએ કહ્યું 'ચિંતા ન કરો. આજ પ્રહરે રાત્રિ સમે તેનું જોર વિલય પામશે.' એવામાં મેઘનો ઉપદ્રવ દૂર થયો. સૂરતી સંઘવાળાએ સાધર્મિક વાત્સલ્ય કર્યું. સૂરતના લખમીદાસ શેઠે અનેક ઉત્સવ કર્યા.

૧૭૨. એવે માલ પહેરવાનો મહોત્સવ આવ્યો. મહા વદ પાંચમને દિવસે સંઘવીએ ગુરૂ સહિત જિનવંદન કરી રથયાત્રા રચી. પ્રેમચંદ સંઘવીએ પહેલી, અને પછી હેમચંદ, જયચંદ અને ખોધલશાહે ઇંદ્રમાલા પહેરી ઇંદ્ર બન્યા. સંઘવિણ (સંઘવીની પત્નિ) વીજીવહુએ, અને (ખોધલશાની પત્નિ) ગુલાબવહુ[1] ઇંદ્રાણી થયાં ગુરૂ સાથે રહી આદીશ્વર પ્રભુને પાયવંદન કરી ચૈત્યસ્તવ બોલી ગામમાં આવ્યાં ને તેનાં દેહરાં વાંદ્યાં. સ્વામીવચ્છલ કર્યું. બીજે દિને પ્રદક્ષિણા દઈ ઉલખાઝોલ દેખી ચેલણા-તલાઈ, અને સિદ્ધશિલા વગેરે સ્થળે જઇ ગિરિ ફરસીને ઉતારે આવી સંઘને જમાડયો. શત્રુંજી નદીમાં સ્નાન કરી સંઘ પવિત્ર થયો. સાધુઓમાં લહાણી થઇ. સંઘે સૂરિ પાસે આવી સૂરતમાં ચોમાસું કરવા વિનંતિ કરી ને તે તેમણે સ્વીકારવાથી સંઘવી હરખ્યો. વાજતે ગાજતે ગામબહાર આવી ડેરા નાંખ્યા. ત્યાં કેશરીસિંઘ લાધાએ ગુરૂને કહ્યું કે તેની પ્રતિમાની

---

૧ આ ગુલાબ વહુએ સિદ્ધચક્ર કરાવ્યું હતું એવો લેખ મળે છે 'સંવત્ ૧૮૨૫ વર્ષે આશાઢ સુદિ ૧૫ બાકશન (?) સુત ખોધલશાહ ભાર્યા ગુલાબવહુકયા સિદ્ધચક્રં કારાપિતં' (જુઓ લેખ નં. ૨૭૬ સુરત જૈ. પ્ર. લેખ સંગ્રહ)

પ્રતિષ્ઠા કરવા રહ્યો. ગુરૂએ તે માટે વાચકને રાખ્યા. સંઘ આગળ ચાલ્યો. સીહોર, ભાવનગર આવી આદીશ્વરની પૂજા કરી, પછી ઘોઘાના નવખંડા પાર્શ્વનાથની જાત્રા કરી, પાછા ભાવનગર ગુરૂ સાથે આવ્યા. ત્યાંથી કેટલાક વહાણમાં સૂરત તરફ ગયા. સંઘપતિ અને સૂરિજી ખંભાત તરફ ચાલ્યા. વરતેજ, પીપલી, સાબરમતી, થઇને ખંભાત આવ્યા. ધામધૂમથી નગર–પ્રવેશ થયો. થંભણપુર પાર્શ્વનાથ, ને સઘળાં મળી ૯૬ દેરાસરો–ચૈત્યો વાંદી સત્તરભેદી પૂજા રચાવી. દાંડીયા રાસ લેવાયા. સ્વામીવચ્છલ થયાં. શ્રીજી ત્યાં રહ્યા ને સંઘ ચાલ્યો–પેટલાદની વિનંતિથી ત્યાં આવી પછી જંબૂસર જઇ કાવીના દેવને વંદી ગંધાર જાત્રા કરી. ભરૂચ જઇ ત્યાંના મુનિ-સુવ્રત પ્રભુનાં દર્શન કરી અંકલેશ્વર જઇ સંઘ સુરત આવ્યો. શ્રીપૂજ્ય ખંભાતથી વરીયાવે આવવાની ખબર મળતાં સુરત સંઘ સામો ગયો. કતારગામમાં શેઠની વાડીમાં તેમને રાખ્યા. સામે ગયેલા સંઘ સાથે સૂરતનો નવાબ પણ હતો. ત્યાં એક રાત્ર રહી શ્રીજીને સુરતના પરિસરે વાડીમાં ઉતરાવી સામૈયું કરી મોટા આડંબરથી શહેરમાં લઇ આવ્યા. સુરતમંડણ પાર્શ્વનાથ, ધર્મનાથ, ગોડી પાર્શ્વ, શંખેશ્વર પાર્શ્વનાં દર્શન કર્યાં. સાથે ખુશાલવિજય વાચક હતા. નિત્ય વ્યાખ્યાન, પ્રભાવના થતાં. વિજયજિનેન્દ્ર સૂરિ ચોમાસું રહ્યા. આ રીતે આ રાસ પૂરો થાય છે.

૧૭૩. શત્રુંજયની મુખ્ય નવ ટુંકોમાં એક ટુંક પ્રેમચંદ મેદીની પ્રેમાવસી કહેવાય છે, તે પ્રેમચંદ મોદી ઉપર કહેલા મૂળ અમદાવાદના અને પછી સુરતમાં વસી રહેલા શ્રીમંત સંઘવી પ્રેમચંદ લવજી. લાખો રૂપીઆ ખર્ચી તેણે આ ટુંક બંધાવી અને તેની

પ્રતિષ્ઠા કરાવી. તે ટુંકમાં ૭ મોટાં મંદિર અને ૫૧ દેહરીઓ બંધાયેલ છે. આ શેઠે પોતાની અગણિત દોલત ધર્મકાર્યમાં ખર્ચી. કર્નલ ટૉડ સાહેબે પોતાના 'પશ્ચિમ ભારતના પ્રવાસ-વર્ણન ( Travels of the Western India )' માં લખ્યું છે કે 'મોદી પ્રેમચંદની દોલતનો કંઇ પાર નહોતો. તેની કીર્તિએ સંપ્રતિ જેવા પ્રતાપી અને ઉદાર રાજાની કીર્તિને પણ ઢાંકી દીધી છે.'

૧૭૪ ઉક્ત પ્રેમચંદ મોદીનો ઉલ્લેખ કરનારાં બે સ્તવનો અહીં ઉતારીએ:—

## સિદ્ધાચલ સ્ત.

આજ આણંદ થયો, શ્રી વિમલાચલ નિરખ્યા
ધન દિન આજનો —આજ આણંદ થયો૦
શ્રી સિદ્ધાચલ નિરખ્યા આજ૦
મારે આજ આંગણીયે મોતીડે મેહ વૂઠા
મારે કુલ-દેવ્યા આપજ તૂઠા—આજ૦
મેં તો રતન-ચિંતામણી કર પાયો
મારે કામકુંભ મુજ ઘર આયો—આજ૦
મારે આંગણ કલ્પાદિક ફલિયા
મારે ભવભવના દુખ દુરે ટલિયા—આજ૦

## સિંઘવી મોદી પ્રેમચંદ

રૂડો સંઘ ચલાયો આણંદ—આજ૦
લીખીઇ વીનતી દેશ દેશે, તુમે જાત્રા આવજ્યો સુવિશેષે—આજ૦
કેઇ વ્યવહારીયા ઘણું લટકાલા, કેઇ ઉત્તમ જીવ તરણવાલા—આજ૦

કેઇ સીલવંતા પાલૈ ચારી કેઈ સચિત તણા વલિ પરિહારી–આજ૦
ભૃગુવારે ભલો જસ લીધો, સંઘ સહમીવચ્છલ બહુ કીધો–આજ૦
સંવત **અઢારે સૈતીસા** વરષૈ, ચૈત્ર સુદિ તેરસ દિન હરષે–આજ૦
શ્રી**વિજયધરમસૂરિ તપ**ગચ્છરાયા, **સિદ્ધક્ષેત્ર** ફરસવા સચિ આયા–આજ૦
ગિરિ નિરખીને આણંદ પાયા, પૂજ્યા શ્રી **ઋષભ** જિણંદ રાયા
તિણ ઉત્તમ એ ગિરિવર રાયા, ફરસતાં થઈ નિરમલ કાયા.
ઇણ ગિરવરીયે અણસણ કીધા, કેઇ ઉત્તમ જન સધ સીધા
**રાજનગર**ના સંઘ માહે, રથ—જાત્રાદિક કીધી ઉછ હે
માંહે **પટ**ણી સંઘ સાથે આયા, ગણી **પદ્મવિજય** પુન્યે પાયા–આજ૦

[ સં. ૧૮૪૦ ના ફા. શુ. ૧૩ દિને **તપ**ગચ્છના **અમૃત**-વિજયે રચેલી **વિમલાચલ**-તીર્થમાલામાં શેઠ **પ્રેમચંદ લવ**જીના **શત્રુંજય** પર કરેલ મંદિરનું વર્ણન નીચે પ્રમાણે છેઃ— ]

બીજી ટુંક જુહારીયે એ, પાવડીયેં ચઢી જોય
નમો ગિરિરાજને એ

પહેલાં તે **અદબુદ** દેખીને એ, મુઝ મન અચરિજ હોય–નમો૦ ૧
તિહાંથી આગલ ચાલતાં એ, દેહરી એક નિહાલ
તેહ ઠામેં જઇ વંદીયેં એ, **પાસજી શાંતિ** કૃપાલ–નમો૦ ૨
**ખોડીયાર** કુંડની ઉપરે એ, કીધો પ્રાસાદ ઉત્તંગ
**સંઘવી પ્રેમચંદ લવજીયેં** એ, નિજ ધન ખરચી ઉમંગ–નમો૦ ૩
ગોખ સલાવટ કોરણી એ, ઉન્નત રચના જાસ
ધ્વજ કલશેં કરી શોભતો એ, દીપે જેમ કૈલાસ–નમો૦ ૪

**તપ** ગચ્છનાયક દિનમણી એ, **વિજયજિનેંદ્ર** સૂરીંદ
અઠાણું જિન પરિવારશું એ, થાપ્યા **ઋષભ** જિણુંદ–નમો૦ ૫
**સંઘવી પ્રેમચંદ** કર્યો એ, જિનમંદિર સુખકાર
**સર્વતોભદ્ર** પ્રાસાદમાં એ, બિંબ નવાણું સાર–નમો૦ ૬
શા **હેમચંદ** લવજીયેં કર્યો એ, દેહરો તિહાં શુભભાવ
બિંબ પચવીશ તિહાં વંદીયેં એ, ભવોદધિ–તારણ નાવ–નમો૦ ૭
(પાઠાં.) **સંઘવી હેમચંદ**ને દેહરે એ, તેત્રીસ જિનવરદ્વાર
વંદી પરમાનંદથી એ, સફળ કર્યો અવતાર–નમો૦ ૮

૧૭૫. સં. ૧૮૩૦ શ્રાવણ શુદિ ૧૪ દિને **સુ**રત બિંદર મધ્યે મુનિ **અ**મૃતવિજયે ઉદયરત્ન કૃત થૂલિભદ્ર રાસ–નવરસોની પાંચ પત્રની પ્રત લખી ( પોથી ૩ વડાચૌટા ઉપાશ્રય ભંડાર સુરત )

૧૭૬. **લોં**કા ગચ્છના **મ**હાનંદ મુનિએ **સુ**રતમાં સં. ૧૮૩૨ માં ચોમાસું રહી દશાર્ણભદ્ર સજ્ઝાય ઢાલસંધ રચી, અને પછી સં. ૧૮૪૯ માં **સુ**રતમાં શ્રીપૂજ્ય **સોમ**ચંદજી સાથે ચતુર્માસ કરી **પ**ર્યુષણાપર્વ સ્વાધ્યાય, **જ્ઞા**નપંચમી સ્વાધ્યાય ૪ ઢાલમાં અને આસો સુદ ૧૫ રવિવારે કલ્યાણક ચોવીસી રચી.

( જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ પૃ. ૩૭, ૪૦, ૪૨ અને ૪૩. )

૧૭૭. સં. ૧૮૪૩ માં **વા**સુપૂજ્ય જિનની પ્રતિષ્ઠા **સુ**રતના રતનચંદ શાહે કરાવી તે માટેનું **વા**સુપૂજ્ય–જિનમહિમા–વર્ણન સ્તવન **વિ**જયસૌભાગ્ય સૂરિના શિષ્ય **પ્રે**મવિજયે કર્યું છે (પૃ ૭૨ થી ૮૬) તેનો સાર નીચે આપ્યો છેઃ—

જેમણે શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર કર્યો એ સમરા શાહ અને સારંગશાહના વંશજ સુરત બંદરે વસતા ખેમરાજ મેઘરાજના (પુત્ર) ઝવેરશાના પુત્ર રતનચંદે ગુરૂમુખે વાસુપૂજ્ય તીર્થંકરનું ચરિત્ર સાંભળીને તેનું દેવાલય મોં માગ્યા ધન ખર્ચીને શુદ્ધ ભૂમિપર બંધાવવાનો નિશ્ચય કર્યો. તેવું જિનમંદિર શરૂ થયું. ચંદ્ર જેવા ઉજ્વલ પાષાણ–આરસ–પહાણ મંગાવી માનોપેત મૂર્ત્તિ કરાવી. રતનશાએ પછી પ્રતિષ્ઠા કારણે વેદિકા રચી, પીઠો મંડાવી, જળયાત્રા વગેરે વિધિ કરી. દશમે દિને શુભ મૂહૂર્તે અંજનશલાકા કરાવી. સં. ૧૮૪૩ વૈશાખ શુદિ ૨ ને દિને તખતપર મૂળનાયક રૂપે તે વાસુપૂજ્યજિનની મૂર્તિ સ્થપાવી. આની પ્રતિષ્ઠા વિજયલક્ષ્મી-સૂરિએ કરી. રતનશાએ પ્રતિષ્ઠા–ઉત્સવ હર્ષથી કર્યો. દેહરા ઉપર મનમોહનજી પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી, જમણી બાજુએ ચોમુખ સીમંધરજી, ડાબી બાજુએ સહસફણા (પાર્શ્વ) ની ચોમુખ મૂર્તિ, ભમતીમાં ૨૪ જિનનાં બિંબો રાખ્યાં. રતનચંદ અને તેના બે ભાઇ અભેચંદ અને પ્રેમચંદ એ ત્રણેએ અતિ દ્રવ્ય ખર્ચી જિનશાસનની શોભા વધારી. જે માતાની કુખે રતનચંદ જન્મ્યા તે ઝમકુબાઇને ધન્ય છે. રતનચંદની ભાર્યા બાઈ આધારનો ઉછરંગ માતો નહોતો. ચતુર્વિધ સંઘનું સ્વામીવચ્છલ, યાચકોને દાન, સાધુભક્તિ ખૂબ કરી રતનશાએ ધનનો લાહો લીધો.

૧૭૮. વિજયલક્ષ્મીસૂરિએ સુરતમાં રતનચંદે કરાવેલ વાસુપૂજ્યની પ્રતિષ્ઠા કરી હતી તેની નોંધ દીપવિજય કવિ પોતાના સોહમકુલ-પટ્ટાવલી રાસમાં કરે છે:—

**સૂરત** બંદિર દીપતો, સાહેલડીયાં, તિહાં **રતનચંદ** છે જેહ,
**વાસુપૂજ્ય** મહારાજની, સાહેલડીયાં, કીધી પ્રતિષ્ઠા તેહ.

૧૭૯. સં. ૧૮૪૪ આષાઢ શુદિ ૫ બુધે (**અ**ંચલગચ્છના **અ**મરસાગરસૂરિના શિષ્ય **સ**ત્યસાગર ગણિના શિષ્ય **ક્ષ**માસાગર ગણિના શિષ્ય) **તે**જસાગરે **બ**ર્લિન-સંગ્રહની ૨૦૧૩ નંબરની પ્રત લખી છે.

૧૮૦. સં. ૧૮૪૭ જ્યે. શુ. ૧૧ સોમવારે 'શ્રી સૂરતિ બિંદરે' **ત**પાગચ્છીય પં. શ્રી **સૌ**ભાગ્યવિજય ગણિના શિષ્ય પં. **વિ**દ્યાવિજયે હિંદીમાં **સુ**મતિ કવિએ રચેલી ષટરાગરાગણી ગુણવર્ણન સ્વરૂપ નામની રાગમાલાની ૧૪ પત્રની પ્રત લખી (દા. ૨૦ નં. ૬૬ સીમંધર સ્વામીના મંદિરાંતર્ગત ભંડાર સુરત).

૧૮૧. સં. ૧૮૪૮ ના પોસ વદ ૧૩ શનિએ શ્રી **સૂ**ર્યપુર (સુરત?) મધ્યે શ્રી **શાં**તિજિનચરણે ભ **કી**ર્તિરત્નસૂરિ શિષ્ય મુનિ **બુ**દ્ધિરત્ને ઉદયરત્ન કૃત **અ**ષ્ટપ્રકારી પૂજા રાસ (૨. સં. ૧૭૫૫) ની ૬૪ પત્રની પ્રત લખી.

૧૮૨. સં. ૧૮૪૯ માં **પ**દ્મવિજયજીએ **સિ**દ્ધાચલ જાત્રા કરી **લી**ંબડી જઇ **સુ**રત આવ્યા, તે વખતે સંઘવી **પ્રે**મચંદ **લ**વજી પ્રમુખે સારૂં સામૈયું કરી નગર-પ્રવેશ કરાવ્યો. ઉપાશ્રયમાં **પ**ન્નવણા સૂત્રનું વ્યાખ્યાન કર્યું.

૧૮૩. સં. ૧૮૫૨ માં ઉક્ત **પ્રે**મચંદ **લ**વજી, (રાધનપુરના) **મ**સાલીયા **ગો**વિંદજી અને (લીંબડીના) **હૃ**દયરામ દિવાન એ ત્રણે જણાએ મળી સંઘ કાઢી મોટી જાત્રા-**મો**રવાડના **ગો**ડી **પા**ર્શ્વનાથની-કરી, જુઓ **શાં**તિદાસ **વ**ખતચંદ શેઠનો રાસ પૃ. ૮૪:-

સંવત **અઢાર બાવીસને** ( ?**બાવને**) રે લાલ, હૃદયરામ દિવાન, **મસાલીઆ ગોવીંદજી** રે લાલ, **પ્રેમચંદ લવજી** પ્રધાન. ત્રિહું જણ મલી સંઘવી રે, **મોરચાડે** કરાવી જાત્ર દાન માન જસ ઉજળો રે લાલ, દીધાં દાન સુપાત્ર.

ઉપરની કડીમાં 'બાવીસ' એ સંવત્ ખોટો છપાયો છે, તે બદલે સાચો 'બાવન' જોઇએ કારણ કે કવિએ પહેલાં સં. ૧૮૩૭, પછી ૧૮૪૩ આપેલ છે તો તે પછીનો આ સંવત્ ૧૮૫૨ ક્રમ પ્રમાણે હોવો ઘટે. આ વાતને **પદ્મવિજય** નિર્વાણ-રાસમાંથી ટેકો મળે છે. તેમાં જણાવેલ છે કે '**પદ્મવિજયે રાજનગરમાં** સં ૧૮૫૩ માં ચોમાસું કર્યું તે પહેલાના વર્ષે **લીંબડીના** ત્યાંના હૃદયરામ દીવાનના સંઘમાં સાથે જઇ **ગોડી** મહારાજની યાત્રા કરી **લીંબડીમાં** ચોમાસું કર્યું હતું.' ( પદ્મવિજય રાસ-જૈન ઐ. રાસમાળા પૃ. ૧૮૮ ) આ સં. ૧૮૫૨ના વર્ષમાં શાકે ૧૭૧૭ વર્ષે કૃષ્ણ દશમીએ પં. **અમરવિલાસ** મુનિએ **સૂર્યપૂર**માં **નિર્વાણ**-કલિકાની પ્રતિ લખી. ( જૈનાનંદ પુસ્તકાલય સુરત )

૧૮૪. સં. ૧૮૫૩ માં **રાજભદ્ર** માટે **સમય**પ્રમોદકૃત **જિન**-ચંદ્રસૂરિ નિર્વાણ રાસ ( સં. ૧૬૭૦ પછી રચાયેલ ) ની ૪ પત્રની પ્રતિ **સુરત** મધ્યે લખાઇ ( જે પ્રત સુરતના વડા ચૌટા ઉપાશ્રય ભંડારમાં પોથી ૧૯ માં છે. )

૧૮૫. **વિજય** લક્ષ્મીસૂરિએ સં. ૧૮૫૭ માં પોતાના શરીરની અશાતા જાણી **વડોદરા**માં પટધર તરીકે **વિજયદેવેંદ્રસૂરિ**ને સ્થાપી કંઇક ઠીક થતાં **રાનેર** આવી ત્યાં અંજનશલાકા કરી **સૂરત**માં

પ્રવેશ કર્યો. ત્યાં તપ ઉપધાનાદિ કરાવ્યાં. સંઘના **વિમલચંદ** શાહે સારો લાભ લીધો. તે સૂરિએ સં. ૧૮૫૮ ના મેરૂ તેરસને દિને ૬૪ વર્ષનું આયુષ્ય પાળી **સુરત**માં સ્વર્ગગમન કર્યું.

આયુદાનેં સંબંધે, શરીરે સ્યાતા થાય,
મુહુરત અવસર જાણીને **રાનેર** બંદિર આય. ૪

અંજનસિલાકા કરીને, **સૂરત** કીધ પ્રવેશ,
તપ ઉપધાંન માલાદિક, કિયો ઉપગાર વિશેષ. ૫

ધન **સૂરત**ના સંઘનેં, ધન **વિમલચંદ** શાહ,
શ્રી **સૂરત**ને સંઘે, લીધો ભક્તિનો લાહ ૬

સંવત **અઢાર અઠાવને**, મેર સેરસ દિન જેહ,
વરસ ચોશઠ આયુ પાલીનેં, ગયા સુરલોકે તેહ. ૭

નિર્વાણ મોહોચ્છવ મોટો, કીધો સંઘે સાર,
અમારિ પલાવી જીવની, જીવદયા ઉપગાર. ૮

ગુણવંતા ગુરૂરાજના, ગુંણ સંભારે લોક,
**દીપવિજય** ગુણ ગાવે, નરનારીના થોક. ૯

[ઢાલ ૫૮ સોહમકુલરત્ન પટ્ટાવલી રાસ.]

૧૮૬. આ **વિજયલક્ષ્મી**સૂરિના ઉક્ત પટ્ટધર **વિજયદેવેંદ્ર**સૂરિ મૂળ **સૂરત**માં **શ્રીમાલી** કુલમાં જન્મ્યા હતા.

૧૮૭. ઉપરની **શત્રુંજય** પરની મોદી **પ્રેમચંદ**ની ટુંકમાં જતાં જમણી બાજુએ આવેલા દેવાલયની પ્રતિમાની બેસણી ઉપર એવી મતલબનો લેખ છે કે:—

'વિ. સં. ૧૮૬૦, શક ૧૭૨૬ વૈશાખ શુદિ ૫, સોમવારે સુરતના ઓસવાલ જ્ઞાતિના ઝવેરી પ્રેમચંદ ઝવેરચંદ અને જોયતીના પુત્ર સવાઇચંદે, પ્રેમચંદ વગેરેના નામે વિજયાણંદસૂરિ ગચ્છના વિજયદેવચંદ્ર (દેવેન્દ્ર) સૂરિના વિજયી રાજ્યે વિજાજહરા (? અજારા) પાર્શ્વનાથના નવા દેવાલયમાં એક નવી પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના વિજયજિનેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.' (બુહ્લરના લિસ્ટ્સ પૃ. ૨૦૮ નં. ૩૬૭; શ્રી જિનવિજય સંપાદિત પ્રા. જૈ. લેખ સંગ્રહ ભા. ૨ અવલોકન પૃ. ૫૩ નં. ૪૬)

૧૮૮. અને તે ટુંકમાં સામે આવેલા દેવાલયની–પ્રતિમાની બેસણી ઉપર તેજ વર્ષ અને મિતિનો બીજો લેખ છે તેનો સાર એ છે કે:—

'વિજયાણંદસૂરિના ગચ્છના ઓસવાલ જ્ઞાતિના ઝવેરી પ્રેમચંદે વિજયદેવચંદ્ર (દેવેન્દ્ર) સૂરિના વિજયી રાજ્યે અસ્ત્રહુરા (અજારા–વજાજહરા?) પાર્શ્વનાથના નવા દેવાલયમાં એક નવી મૂર્તિ અર્પણ કરી; તપાગચ્છના ભટ્ટારક વિજયજિનેંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.' (બુહ્લરના લિસ્ટ્સ પૃ. ૨૦૮ નં. ૩૬૪; ઉક્ત અવલોકન પૃ ૫૩-૫૪ નં. ૪૭)

૧૮૯. ટેકરીથી ઉતરતાં રસ્તા ઉપરનો કુંડ છે તે ઇચ્છા કુંડ કહેવાય છે. આ નામ તેના બનાવનાર ઇચ્છાભાઇના નામ પરથી પડેલું છે, અને તે ઇચ્છાભાઇ સુરતના શ્રીમાલી શ્રાવક હતા એ તે કુંડ પરના લેખ પરથી જણાય છે. તેનો સાર એ છે કે:—

'વિ. સં. ૧૮૬૧, શક ૧૭૨૬ ધાતા સંવત્સર માર્ગશીર્ષ શુદિ ૩ બુધવાર, પૂર્વાષાઢા નક્ષત્ર, વૃદ્ધયોગ, ગિરકરણ. આંચલગચ્છના ઉદયસાગરસૂરિના અનુગ કીર્તિસાગરસૂરિના અનુગ પુણ્યસાગરસૂરિના

વિજયી રાજ્યે સુરતના શ્રીમાલી નિહાલચંદભાઈના પુત્ર ઇચ્છાભાઇએ ઇચ્છાકુંડ નામે એક કુંડ અર્પણ કર્યો. તે વખતે ગોહિલ રાજા ઉનડજી પાલીતાણા ઉપર રાજ્ય કરતો હતો.' (જુઓ શ્રી જિનવિજયનું ઉક્ત અવલોકન પૃ. ૫૪ નં. ૫૧)

૧૬૦. આ સમયમાં બૃહત્ ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિ (૮) હતા, તેમણે દક્ષિણ દેશના અંતરિક્ષ પાર્શ્વનાથની યાત્રા કરી સુરત બંદરે આવી ત્યાં સં. ૧૮૫૬ના જ્યે. શુ. ૩ ને દિને સ્વર્ગવાસ કર્યો અને તેના પછી પટ્ટધર તરીકે હિતરંગ મુનિને તેજ વર્ષના જ્યે. શુ. ૧૫ ને દિને સુરત સંઘે કરેલા ઉત્સવપૂર્વક સૂરિપદ મળ્યું ને તેમનું નામ જિનહર્ષસૂરિ રાખ્યું. તે વખતે તે નગરમાં શ્રી સંઘે ચૈત્યબિંબપ્રતિષ્ઠા તેમની પાસે કરાવી.

૧૬૧. 'સં. ૧૮૬૦ (સને ૧૮૦૪) માં મોટો દુકાળ પડયો હતો જે સાઠો કાળ કહેવાયો છે. એ સુડતાળા કાળ જેવો નહોતો. તો પણ મોંઘવારી ઘણીજ હતી. કણપીઠમાં હુલ્લડો થતાં એ વખતે સુરતના (અધિકારીઓએ) અનાજના વેપારીઓને સમજાવી તથા ધમકી આપી બજાર બંધ થવા દીધું નહિ અને ચોમાસું આવતાં લગી દિવસે પણ શહેરમાં રોન ફેરવી સમાધાની રાખી-એ દુકાળમાં નવાડી શ્રીકૃષ્ણ અર્જુનજી નાથજી, ભણશાળીજી, નહાલચંદ કાકા વગેરે સાહુકારોએ ઘણો ધર્મ કરી ગરીબોને જીવાડયા.'

—નર્મગદ્ય પૃ ૨૬૦

૧૬૨. આ સાહુકારો પૈકી બ્રાહ્મણ ત્રવાડી શ્રીકૃષ્ણનો પરિચય નર્મગદ્યના પૃ ૨૬૮ માં ઘણા વિસ્તારથી સાહુકાર તરીકે કરાવવામાં આવ્યો છે, જ્યારે અન્યનો પરિચય નામ સિવાય 'આત્મારામ

ભૂખણવાળા, ભણશાલીજીવાળા, નગરશેઠવાળા વગેરે ઘણાએક સહુકારો હતા' એમ જણાવી વિશેષ કંઇપણ કરાવ્યો નથી. ભણશાલીજી, નહાલચંદ કાકા, નગરશેઠવાળા એ સર્વે તે સમયના જૈન આગેવાનો હતા.

૧૯૩. ભણશાલીજીના કુટુંબમાં માણેકચંદ રૂપચંદ ભણશાલીની પેઢી ચાલતી હતી તેના થોડા વંશજોનો આંબો પૃ. ૫૩ પર આપ્યો છે કે જે પૈકી એક સુરતમાં ગુજરાત સમાચાર ને ડાંડીઓ પત્ર કાઢતા હતા. તેમના ઘરની આસપાસનો લતો હજુ પણ ભણશાલીનો મહોલો કહેવાય છે. આ ભણશાલીના કુટુંબીજ અગાઉ ઉલ્લેખેલ પ્રેમજી સંઘપતિ સાથે ગયેલા અમદાવાદના કપુરચંદ ભણશાલી હશે.

૧૯૪. નહાલચંદ કાકા ઉપર જણાવેલ શત્રુંજય પર સં. ૧૮૬૧ માં ઇચ્છાકુંડ બંધાવનાર ઇચ્છ.ભાઇના પિતા નિહાલચંદભાઇ શ્રીમાલી હોવા જોઇએ. નગરશેઠ એટલે નગરશેઠ લખમીદાસ અને તેના વંશજો હજુ સુધી નગરશેઠ પદવી ધરાવનાર જૈન ધર્માનુરાગી છે.

૧૯૫. સં. ૧૮૬૨ માં ડાહ્યાભાઇ શેઠ સુરતથી સંઘ લઇ અમદાવાદના પ્રસિદ્ધ નગરશેઠ વખતચંદ શેઠને પૂછીને ગોડીરાય ભેટવા યાત્રા અર્થે મોરવાડ ગયા.

સંવત અઢાર બાસઠે રે લાલ, ડાહ્યાભાઇ સુજાણ
સુરતથી સંઘ લેઇને લાલ .....
શેઠજીને પુછી કરી રે લાલ, ભેટણ ગોડી રાય
સંઘ સરસ બન્યો અતિ ઘણો રે લાલ, ગોડીરાય ને ભેટવા જાય.
મોરવાડે પ્રભુ તેડીને રે લાલ, સંઘને હર્ષ અપાર
સંઘ સરસ રળીયામણો રે લાલ, ઘણું શું કહું વારોવાર.

૧૬૬. કહેવાય છે કે સંઘમાંથી આવ્યા બાદ ડાહ્યાભાઇ શેઠે સુરતમાં આવેલ ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર કે જે વડા ચૌટા નગરશેઠની પેળમાં આવેલું છે તે બંધાવ્યું છે.

( સુરત ચૈત્ય પરિપાટી પૃ. ૨૫ )

૧૬૭. સં. ૧૮૭૧ માં પ્રસિદ્ધ કવિશ્રી વીરવિજયે સુરતમાં ચોમાસું રહીને શ્રાવણ માસમાં પાંચ ઢાળનું અક્ષય નિધિ તપ સ્તવન રચ્યું.

૧૬૮. સં. ૧૮૭૨ ના શ્રાવણ શુદિ ૭ શુક્રે સાગરગચ્છના પં. ન્યાયસૌભાગ્ય ગણિ પાસે સૂર્યપુર વાસ્તવ્ય વીસા ઓસવાળ ન તિના સા. રૂપા સુત ખેમચંદની પુત્રી શ્યામકુંવરે પં. ભક્તિસાગરના ઉપદેશથી ઉદયરત્નકૃત લીલાવતી સુમતિવિલાસ રાસની ૧૬ પત્રની પ્રત લખાવી. ( જૈન ગૂર્જર કવિઓ ભા. ૩ પૃ. ૧૩૫૫ )

૧૬૯. સં. ૧૮૭૭ માં સુરતના સંઘે પોરબંદરમાં રહેલા તપાગચ્છના ભટ્ટારક વિજયજિનેંદ્રસૂરિને સૂરત પધારવા નિમિત્તે ચિત્રબદ્ધ એક વિજ્ઞપ્તિપત્ર મોકલેલું તેમાં સૂરત નગરનું વર્ણન તુટી ફુટી આરોટશાહી હિંદી–રાજસ્થાની ભાષામાં મૂકેલું છે તે મને પાલણપુરવાળા રા. નાથાલાલ પાસેથી તે વિજ્ઞપ્તિ પત્ર મળતાં મેં ઉતારી આપેલ તે પૃ ૧૩૩ થી ૧૩૭ માં છપાયેલું છે; હાલ તે વિજ્ઞપ્તિ પત્ર શેઠ કેશરીચંદ પાસે છે. તેમાં તે વખતે વિદ્યમાન સુરત સંઘના જૈન આગેવાનોની સહીઓ છે તે ખાસ નોંધવા લાયક છે.

૨૦૦. આ વર્ણન કવિ દીપવિજયે સં. ૧૮૭૭ માં કરેલ સૂરતની ગજ્જલનું પ્રથમ સ્વરૂપ છે. તે ગજ્જલ મેં જૈન યુગ પુ. ૪ અંક ૩–૪ પૃ. ૧૪૩ થી ૧૪૬ માં તેના તંત્રી તરીકે પ્રગટ કરી

હતી અને તેનો સાર પણ ત્યાં આપ્યો હતો. આ ગજ્જલ અને તેનો સાર અક્ષરશઃ આ પુસ્તકના પૃ. ૧૩૭ થી ૧૫૩ માં પ્રકટ કરેલ છે એટલે તેનું પુનર્કથન અહીં કર્યું નથી.

૨૦૧. તે કવિએ સોહમકુલ પટ્ટાવલી રાસ સં. ૧૮૭૭ માં સુરતમાં રચ્યો છે તેમાં ઉક્ત સુરતની ગજ્જલ દાખલ કરી છે. ઉક્ત રાસ સુરતના પોરવાડ શા કેલા શ્રીપતકુલોત્પન્ન શા૦ વ્રજલાલ વધુના પુત્ર અનોપચંદના આગ્રહથી તે કવિએ રચ્યો છે એમ પ્રશસ્તિમાં જણાવ્યું છે. (જૈન ગૂર્જર કવિઓ ભા. ૩ પૃ. ૨૦૧)

૨૦૨ સં. ૧૮૭૭ ના માહ વદિ ૨ દિને શ્રી વિસા નેમા જ્ઞાતીય સા. અંબાઇદાસ સુત દેવચંદે કરાવેલ ધર્મનાથનું બિંબ અને બીજા સુત માણેકચંદે કરાવેલ અજીતનાથ અને વિમલનાથનાં બિંબ વિજયાણંદસૂરિ ગચ્છના વિજયસુરેન્દ્રસૂરિ રાજ્યે આણંદસોમ સૂરિ (હેમવિમલસૂરિ પરંપરાના) એ અને વિજયસુરેન્દ્ર સૂરિએ પ્રતિષ્ઠિત કર્યાં (લેખ નં. ૪૪ અને ૪૬); અને સં. ૧૮૮૧ ના વૈ. શુ ૬ રવિ ને દિને વીસા નેમા જ્ઞાતિના દોસી વ્રજલાલ કૃષ્ણદાસની ભાર્યા રળીયાતબાઇએ કરાવેલ ધર્મનાથનું બિંબ તથા તે જ્ઞાતિના દોસી મોતાની ભાર્યા રયામકુંવરે કરાવેલ આદિનાથનું બિંબ ઉક્ત આણંદસોમસૂરિએ પ્રતિષ્ઠિત કર્યાં. (લેખ નં. ૪૨ અને ૪૩ સુરત જૈ. પ્ર. લેખ સંગ્રહ.)

૨૦૩ સં. ૧૮૮૬ ના કા૦ શુ. ૧૧ શનિવારે લૂંકાગચ્છે ગોપીપુરા મધ્યે આઠમું ચોમાસું ગાળતા ઋીમચંદ ઋષિએ ઉદયરત્ન કૃત લીલાવતી સુમતિવિલાસ રાસની પ્રતિ ૧૮ પત્રની લખી. (જૈન ગૂર્જર કવિઓ ભા. ૨ પૃ. ૪૦૫)

૨૦૪ સં. ૧૮૮૯ માં સૂરત સંઘે નંદીશ્વર મહોત્સવ કર્યો તે વખતે ત્યાં વસતા મૂળ ખંભાતના વતની રૂપચંદ જેઠાના પુત્ર ગુલાબચંદે પૂજા ભણાવી ને ઉપર્યુક્ત કવિ દીપવિજયે 'નંદીસર મહોત્સવ પૂજા' મુનિ ભક્તિસાગરના કહેવાથી રચી (જૈન ગૂર્જર કવિઓ ભા. ૩ પૃ. ૨૦૬)

૨૦૫. સં. ૧૮૯૨ માં ધનતેરસે તપાગચ્છના દીપવિજય મુનિ (ઉપર્યુક્ત દીપવિજય કવિથી ભિન્ન) ના શિષ્ય ક્ષેમવિજયે પ્રતિમા પૂજા વિચાર રાસ (કુમતિ ૫૮ પ્રશ્નોત્તર રાસ) રચી ધનતેરસને દિને પૂર્ણ કર્યો. તે રાસની રચના સુરતના પ્રસિદ્ધ શ્રી કલા શ્રીપતના પુત્ર વધુઆના પુત્ર વ્રજલાલ ચુત અનોપચંદ (કે જેના આગ્રહથી સં. ૧૮૭૭ માં સોહમકુલ પટ્ટાવલી રાસ ઉકત દીપવિજયે રચ્યો હતો એમ અગાઉ કહેવાઇ ગયું છે તેના તથા શા નથુચંદ હરખચંદ અને જયચંદ પાનાના આગ્રહથી કરી એમ તે જણાવે છે. (જુઓ જૈન ગૂર્જર કવિઓ ભા. ૩ પૃ ૩૧૦–૩૧૧)

૨૦૬ સં. ૧૮૯૪ માં વિનયવિજય ઉપાધ્યાય કૃત લોકપ્રકાશ ની પ્રત મુનિ જીવણવિજયે સુરતમાં લખી. (જૈનાનંદ પુસ્તકાલય, સુરત નં. ૪૦૨)

## વીસમું શતક.

૨૦૭. સં. ૧૯૧૨ માઘ વદિ એકમે સુરતવાલા શ્રાવિકા ધનકુંવરે વિજયલક્ષ્મીસૂરિ કૃત પાંચજ્ઞાનનાં દેવવંદન–જ્ઞાનપંચમી દિન દેવવંદન વિધિની ૧૧ પત્રની પ્રત શ્રાવક જીવરાજ પાસે પાલીતાણા શ્રી શેત્રુંજય તીર્થ ઉપર કુંતાસર મધ્યે લખાવી (મુનિ સુખસાગર પાસે)

૨૦૮. સં. ૧૯૧૯ માં (શ્રી સત્યવિજય ગણિ સંતાનીય રૂપવિજય શિષ્ય કીર્તિવિજય શિ. તપવિજય શિ મણીવિજય શિ.

બુદ્ધિવિજયના શિષ્ય ) **નિત્યવિજયે** વીશ વિહરમાન જિનની પૂજા **સૂરતમાં** ચોમાસું કરી રચી ( તે શા. પ્રેમચંદ કેવલદાસે સં. ૧૯૩૫ માં છપાવેલા ચોવીશી વીશી સંગ્રહમાં પૃ. ૭૧૬ થી ૭૩૫ માં છપાયેલ છે )

## પૂરવણી.

૨૧૦. સ્વ. પૂરણચંદ્ર નાહારના સંગ્રહની પ્રતિ નં. ૨૪૦ પત્ર ૪ ની લોંકાગચ્છની પટ્ટાવલીમાં જણાવેલું છે કેઃ—

"ततश्च **गूर्जरत्रिय ऋषि**ना **सूरत** બંદિરે સં. ૧૫૮૯ વર્ષે **ઊકેશ**-જ્ઞાતીયાય **જીવા**ખ્યાય પ્રવ્રજ્યા દત્તા સ ચ તદ્પટ્ટધરઃ સન **ભાણુકા**પેક્ષયા ઽષ્ટમો ભવતિ, **ઋષિ** પેક્ષયા તુ દ્વિતીય; ન ચ તસ્ય **ભાણુકા**પેક્ષા ન યુક્તેતિ શંકનીયં, તસ્ય નિશ્રયેવ સ્વયં વેષ-પરિધાનાત્ નિશ્રામંતરેણાપિ પરિહિતવેષો **ભાણુકા**ખ્યો ઽમીષાં મૂલાચાર્યઃ સંપન્નસ્તર્હિ નિશ્રયા વેષપરિધાનેન પટ્ટધરભવને કિમાશ્રયમિતિ ઓધ્યં વસ્તુગત્યા તુ **ભાણુક**સ્ય છિન્નસત્તા ન ભૂતા, **નાગપુરીયા**ખ્ય **ગુર્જરત્રિયા**સ્તુ **ઋષ**ય દ્રષેરેવેતિ તાત્પર્યં **જીવર્ષિ**ણાપિ **દ્વવપત્તન** વાસ્તવ્યોકેશ **વરસિંહા**ખ્ય સં. ૧૫૮૭ વર્ષે **પત્તન** પાર્શ્વવર્તિ **કતપુરે** પરિવ્રાજ્ય નિજપટ્ટે સ્થાપિતઃ અગ્રે તેષાં પરંપરા સર્વેપિ જનન્તિ." આ પરથી જણાય છે કેઃ—

ગૂજરાતી **ઋષિ**એ **સુરત** બંદરે સં. ૧૫૭૬ માં **જીવા**નામના ઓસવાલને પ્રવ્રજ્યા આપી.

સં. ૧૭૭૪માં 'સૂર્યપુર નગરે' તપ ગચ્છના **વિજયાનંદસૂરિ**ના શિષ્ય **હંસવિજય** ઉપાધ્યાયના શિષ્ય **ધીરવિજય** ગણિએ વિજય ઋદ્ધિસૂરિના આદેશથી મૌન એકાદશી મહાત્મ્ય કથા સંસ્કૃત શ્લોકમાં રચી. ( પત્ર ૯ નં. ૩૪૧ ગોડીજી ભં. મુંબઇ )

# ૯ અંતિમ વક્તવ્ય.

૨૧૨. ઉપલબ્ધ સામગ્રીમાંથી બની શકે તેટલી ચીવટ અને મહેનત લઈને મેં સુરત–સૂર્યપુર સંબંધી હકીકત એકઠી કરી મૂકી છે, અને હજુ નહિ તપસાયેલા ઘણાયે ભંડારો છે તેની ખોજ–તપાસ થયે ઘણી બીનાઓ સુરત સંબંધે મળી શકશે, અને પ્રકાશિત ગ્રંથો વગેરેમાંથી નજરે નહિ ચડેલી ઘણીયે હકીકતો હશે તે હવે પછી કોઇ બીજી બહાર પાડશે એમ ઇચ્છું છું. સૂર્યપુર એ નામ ઝીઝુવાડાને પણ અપાયું છે તે ધ્યાનમાં લેવાનું છે.

૨૧૩ આ પુસ્તકનાં બે નામ આપેલાં છે. પ્રથમ નામ 'સૂર્યપુરનો સુવર્ણયુગ' વાંચતાં સુરતવાસી પ્રસિદ્ધ કવિ નર્મદાશંકરે 'સુરત સૂતાની મૂરત' એમ કહી સુરતને આપેલી યથાર્થ અને શોભીતી ઉપમા યાદ આવે છે; 'સુરત સારૂં શહેર, મુંબઇ અલબેલી' એ લોક–ગીતમાં સુરતને સુંદર જણાવ્યું છે. ખરે! સુરત એક ઐતિહાસિક નગર છે અને તેની પૂર્વની જાહોજલાલી જોતાં તેને 'સુવર્ણ-મૂર્તિ' અને 'સુન્દર નગરી' કહેવામાં આવેલું તે બંધબેસતું હતું. મોગલરાજ્યનું મુખ્ય બંદર સુરત હતું. ત્યાં મોગલ કાફલો રહેતો અને તે મક્કાનું દ્વાર કહેવાતું. સુરતમાં વહાણ બાંધવાનો ઉદ્યોગ પણ સારો હતો અને બાંધનારા કસબી હતા. તેના સુવર્ણયુગથી મોહી મરાઠા નૃપતિશ્રી શિવાજીએ તેને બે વખત લૂંટયું હતું; તે લૂંટો જબરદસ્ત હતી છતાં તેની સમૃદ્ધિ બહુ મોળી નહોતી પડી, પણ સુરતનો બંદરી વ્યાપાર મુંબઇ બંદર થયું ત્યારથી તૂટવા લાગ્યો, પાણીની રેલો આવી, આગો ખૂબ લાગી, એટલે જે દશાને

તે પ્રાપ્ત થયું તે જોઇ નર્મદને તેની 'રડતી સુરત'થી થયેલી વેદના તેણે પોતાના કાવ્યમાં વર્ણવી છે. વળી સુરતના નાગરિકો આનંદી મોજીલા અને લહેરી સામાન્યતઃ હોઇ તેમને 'સુરતી લાલા' એવું લાડીલું નામ અપાય છે; આવી 'લાલાઇ' સંસારના કટુ જીવનમાં મીઠાશ આપે, પણ તેઓ કુલણજી કે નિરૂદ્યમી બને અને તેમની લાલાઇનો દુરૂપયોગ થાય યા લેવાય તો વ્યવહારમાં મોળાપણું આવતાં ગેરલાભ થાય, માટે તે ઉપર કવિશ્રી નર્મદ ખરૂં કહે છે કે:—

સુરત તારિ લાલાઇ, દુઃખમાં સૂખ કરે છે;
પણ તે છે ચરચાઇ, ગરિબ તો એમ મરે છે.
મૂકિ દે લાલાઇ, છાજતી નથી જ હમણાં;
છાજે ધનથી તેહ, થયાં છે તેનાં સમણાં.
મૂકિ દે સહુ દોષ, ભૂખડૂને જે વળગે;
સૂરતી ગત કહેવાય, એથિ મારો જિવ સળગે.
મારીને લપડાક, ગાલ તૂં રાખે રાતા;
એમાં શો રે માલ, ઉદ્યમે કરિ દે માતા.
કરજ કરી કર દિયે, ન્યાત ને વરઘોડાનો;
એમાં શી તુજ શાખ, જોસ વાધે છે ધ્વાનો.
(માટે) વિચારથી લહિ છૂટ, તોડિ દે બંધન જૂનાં;
ભર્યાં ભાદર્યાં કર, ઘરો હારાં જે સૂનાં.—૧૫૪

—નર્મકવિતા પૃ. ૪૦૦

૨૧૪. આ પુસ્તિકાનું બીજું નામ 'સુરતનો જૈન ઇતિહાસ' રાખેલું છે. આ વાંચતાં જ પ્રથમ એમ કોઇને સહેજે લાગે કે તેમાં

કાંઈક ઇતિહાસ જેવું હોવું જોઇએ; પણ ખરી રીતે ઇતિહાસ કહેવા કરતાં તેમાં જૈન ઇતિહાસનાં સાધનો છે, અને તે સાધનો તેમજ અન્ય સાધનોથી મેં ઉપરની ક્રમિક જૈન ઐતિહાસિક બીનાઓ સાંકળીને વર્ષાનુક્રમે આપેલી છે.

૨૧૫. ઇતિહાસ પ્રજાજીવન ઘડે છે; પ્રજામાં ચેતના અને ભાવનાના પ્રવાહ ફોરાવે છે. સંચયકાર ઝવેરી કેશરીચંદની માતૃભૂમિ સુરત છે; **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**—જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહતી-મોટી છે એ સૂત્રના પાઠ પ્રમાણે તે ભાઇશ્રી પોતાની જન્મભૂમિ પ્રત્યે પ્રેમથી પ્રેરાઈ તેને લગતો જે જૈન ઇતિહાસ જૂદા જૂદા ગ્રંથો લેખો વગેરેમાંથી સાંપડયો તે એકઠો કરીને મૂકયો છે. જેમ જેમ તેના સંબંધી હકીકતો મળતી ગઇ તેમ તેમ તે પ્રેસવાળાને આપતા ગયા ને છપાવતા ગયા, તેથી કાલક્રમ વ્યવસ્થા અને લેખનશૃંખલા રહી નથી એટલુંજ નહિ પણ ભાષાની અશુદ્ધિ અને પાઠો સંવત્ નામો વગેરેની ભ્રષ્ટના એટલી બધી છે કે તેનું શુદ્ધિપત્રક અતિ મોટું થાય તેમ છે, અને તેથી તે પર આધાર રાખતાં બહુ સાવચેતી-સાવધતા રાખવાની છે-મૂલ પ્રમાણ પર પ્રથમ દૃષ્ટિ નાંખ્યા વગર છૂટકો નથી; છતાં કેશરીચંદ ઝવેરીએ પોતાને જે જે સાધનો મળતાં ગયાં, જે જે સૂચવાતાં ગયાં તે તે એકઠાં કરી પુસ્તકાકારે છપાવીને પોતાના વતન પ્રત્યેનો પ્રેમ પ્રકટ કર્યો છે.

૨૧૬. પ્રાંતનો ઇતિહાસ તે તેનાં શહેરોનો ઇતિહાસ. સુરત એ ગૂજરાત પ્રાંતનું એક શહેર, તેથી સુરતનો ઇતિહાસ તે ગૂજરાત પ્રાંતના ઇતિહાસનું એક અંગ. ગૂજરાતનાં બધાં નગરોનો ઇતિહાસ

એકત્રિત થાય તો આખા ગૂજરાતનો સમગ્ર ઇતિહાસ સાંપડે વળી એ રીતે થયેલા ગૂજરાતના પ્રાચીન ઇતિહાસમાંથી ગૂજરાતીઓને જરૂર ચેતના અને પ્રેરણા મળે 'ગૂજરાત સર્વ સંગ્રહ' એ બહુ પુરાણો ગ્રંથ થયો. હવે તો તે છપાયા પછી થયેલ શોધખોળ અને અભ્યાસનાં પરિણામોવાળો ઇતિહાસ રચવાની જરૂર છે. એવો ઇતિહાસ પ્રાચીન ઐતિહાસિક ગ્રંથોને, શિલાલેખો આદિને આધારભૂત રાખી, સાચી ઐતિહાસિક દૃષ્ટિ કેળવી, પોતાના શહેરની ઐતિહાસિક માહિતી સંગ્રહી, બની શકે તેટલા ટુંકાણમાં તેમજ સાદી અને સરળ ભાષામાં ઉતારવાનો પરિશ્રમ સાધુઓ, વિદ્વાનો, ગ્રેજ્યુએટો, લેખકો, અમલદારો લે, તો તે તેમને માટે અભિનંદનનો તથા સત્કારનો વિષય બને, એટલું જ નહિ પણ તે તે સ્થાનના વતનીઓને માટે પણ અભિમાનની વસ્તુ બને અને થોડા સમયમાં ગૂજરાતને આધારભૂત અને બને તેટલો પૂર્ણ ઇતિહાસ મળી રહે.

૨૧૭ કવિવર અને સુજ્ઞ વિવેચક શ્રી મેઘાણીના શબ્દોમાં કહીએ તો 'વર્ત્તમાન યુગનાં અનેક ઉત્તમ બલો પૈકીનું એક બલ તે આપણા દેશના પ્રાચીન ઇતિહાસ તથા સંસ્કૃતિના પ્રામાણિક અભ્યાસમાં ઉંડા ઉતરવાની સત્યશોધક વૃત્તિ છે. કેવલ કપોલકલ્પિત દંતકથાઓને ભરોસે રહી આપણા ભૂતકાલને મહોજ્જ્વલ માન્યા કરવાની, અથવા તો કેવલ યુરોપી ઇતિહાસકારોએ કરેલાં ઉપરછલ્લાં સંશોધન પર અવલમ્બીને આપણા અતીતની હીણી ગણના કરવાની –એ બન્ને આદતો વચ્ચે તુલનાત્મક સંશોધનદૃષ્ટિ જન્મી ચૂકી છે, અને એ વૃત્તિએ કેવલ દેશ અને પ્રાંતનીજ નહિ, પણ અકેકેક પ્રાચીન નગરની પ્રાચીનતા તપાસવાનું શરૂ થયું છે.' ઉદાહરણ

તરીકે અહમદાવાદ અને ખંભાત વિષે રા. રત્નમણિરાવના અભ્યાસ-પ્રધાન ગ્રંથો હમણાં પ્રગટ થયા. રા. દેવશંકર વૈકુંઠજી ભટ્ટ કૃત 'સિહોરની હકીકત' નામના પુસ્તકમાં ભૂગોલ, વ્યાપાર ઉદ્યોગ, સ્થાનો ને દંતકથાઓ વગેરે બાજુઓ બતાવી વર્તમાન સિહોરનો સર્વાંગી પરિચય કરવામાં આવ્યો છે. આજ મિસાલે અન્ય પુરાતન સ્થલોનો ઇતિહાસ પણ ઉકેલાય એ ઇષ્ટ છે.

૨૧૮. ઉપર ગણાવેલાં તેમજ બીજાં સ્થલોનો જૈન ઇતિહાસ જૈન ઐતિહાસિક કૃતિઓ—શિલાલેખો, ધાતુલેખો, વિજ્ઞપ્તિપત્રો, ઐ૦ રાસ-સ્વાધ્યાય-સ્તવનો, કર્ત્તા-પ્રશસ્તિઓ, લેખક-પુષ્પિકા, પટ્ટાવલીઓ, તીર્થમાલાઓ, ચૈત્ય-પરિપાટીઓ, પ્રબંધો, આચાર્ય-મુનિઓના નિર્વાણ-રાસો વગેરે પરથી ઘણા વિપુલ પ્રમાણમાં સંગ્રહિત થઈ શકે તેમ છે, અને બહુશઃ તત્કાલીન સમયની કૃતિઓ મળવાથી આધારભૂત હકીકતો ઉપલબ્ધ થાય છે. ગૂજરાતનું એક પણ નગર નથી કે જ્યાં જૈનોની વસ્તી ન હોય, જ્યાં તેઓનાં દેવાશ્રય (દેરાસર) અને ગુરૂ માટે ઉપાશ્રય ન હોય, વળી જ્યાં પાંજરાપોળ ન હોય. ઘણે સ્થળે તો હસ્તલિખિત પ્રતોનાં ભંડારો વિદ્યમાન છે. આ સર્વે પરથી કોઇપણ અભ્યાસી શુદ્ધ સ્વરૂપમાં ઐતિહાસિક સામગ્રી લેખબદ્ધ કરી તે પરથી સમગ્ર ક્રમિક ઇતિહાસ તે તે શહેરની સ્થાપનાથી તે અત્યાર સુધી શૃંખલાબદ્ધ લખી શકે તેમ છે. સુરત કરતાં પણ વિશેષ પ્રાચીન એવા જૂનાગઢ, પાલીતાણા, દ્વારામતી (દ્વારકા), વલ્લભીપુર (વળા), ખંભાત, ભરૂચ આદિ સ્થળો છે કે જેના સંબંધમાં ઘણું ઘણું એકઠું કરી શકાય ને તે પરથી તે તેનો સંક્ષિપ્ત પણ રસભર્યો જૈન ઇતિહાસ રચી શકાય.

૨૧૯. ગૂજરાતમાં જૈન તીર્થસ્થળો—શત્રુંજય, ગિરિનાર, વગેરે પ્રસિદ્ધ છે. તેનો પણ ઇતિહાસ તો એક બાજુ રહ્યો, પણ પરિચય-પુસ્તિકા જેવું પણ દુર્ભાગ્યે મળી શકતું નથી. યુરોપમાં ઐતિહાસિક નગરોની, પાટનગરોની, મોટાં શહેરોની 'ગાઇડ' (પરિચય-પુસ્તિકાઓ) સહેલાઇથી મળી શકે છે કે જેમાં જોવા લાયક સ્થાનોનાં ચિત્રો તથા વર્ણનો તેમજ વિવિધ માહિતી આપેલી હોય છે તે કોઇ પણ મુસાફર કે અજાણ્યાને અતિ માર્ગદર્શક થઈ પડે છે તથા પોતાની ટુંક મુલાકાતમાં આખા નગરમાં કોઇ ભોમિયાની મદદ વગર જોવા જેવાં સ્થળો જોઇ શકે છે. આપણી આણંદજી કલ્યાણજીની તથા તેવી બીજી પેઢીઓ પોતાની હસ્તકનાં તીર્થોનો—પ્રાચીન દેરાસરો વગેરેનો ઇતિહાસ સચિત્ર બહાર પાડે અને દરેક શહેરનો કોઇ વતનપ્રેમી જૈન શ્રીમંત ને વિદ્વાન મળી પોતાના શહેર સંબંધી ઐતિહાસિક હકીકતો પ્રકાશન માટે શ્રમ ઉઠાવે તો પ્રવાસીઓને ઉપયોગી થાય એટલું જ નહિ પણ પુરાતત્ત્વ-પ્રેમી પાઠકને પણ રસદાયી નીવડે.

૨૨૦. આપણા સાધુઓ આચારે સતત વિહારી હોઇ કોઈપણ પ્રાંતના ગામેગામમાં ફરે છે-ફરી શકે છે, અને તેવા પરિભ્રમણમાં પોતાના પ્રવાસ-કાલમાં ઐતિહાસિક વિગતો લોકો પાસેથી તેમજ શિલાલેખો, ધાતુપ્રતિમા-લેખો, વગેરે પરથી ભેગી કરી શકે તેમ છે. આબૂના તીર્થસ્થાન સંબંધી પૂજ્ય મુનિ મહારાજશ્રી જયંતવિજયજીએ ઐતિહાસિક પ્રમાણ વગેરેથી પુષ્ટ ઘણી વિગતો મેળવીને 'આબૂ' એ નામથી ગૂજરાતીમાં અને હિંદીમાં પુસ્તક લખીને બહાર પડાવ્યાં છે, તેમજ ત્યાંના શિલાલેખો તે તીર્થ પર મહિનાઓ થયાં રહીને

એકનિષ્ઠાપૂર્વક ઉકેલી તોંધી તેને 'શ્રી અર્બુદ–પ્રાચીન જૈન લેખ સંદોહ–આબૂ ભાગ બીજો' એ નામથી તેના અવલોકન અને અનુક્રમણિકા સાથ પ્રકાશમાં મૂકેલ છે. એનું દૃષ્ટાંત અન્ય સાધુઓ ઇતિહાસરસિક બની લે તો એક પણ તીર્થ તેના પ્રકાશિત સત્ય ઇતિહાસથી વંચિત ન રહે. દુર્ભાગ્યે હાલ સુરત સાક્ષર પંડિત શ્રી **લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી** હાથે લખાતો તીર્થસ્થાનોનો ઇતિહાસ પ્રકટ થઈ શકયો નથી. **શત્રુંજય** તીર્થ સંબંધી પુષ્કળ પ્રમાણવાળો ઇતિહાસ તો તેમના હાથે લખાઇને તૈયાર હતો અને તેમાંનો કેટલોક ભાગ છપાયો હતો. આ સત્વર પ્રકાશમાં આવે એમ સૌ ઇતિહાસપ્રેમી ભાઈબહેન ઇચ્છશે

૨૨૧. આ પુસ્તકના છાપકામ માટે જો ફરિયાદ થાય તો તે ખોટી નથી. 'ઉછીનાં પુસ્તકો લઈ વાંચવાના આ જમાનામાં' મુદ્રણકામ ઉકીને આંખે વળગે તેવું, સુંદર 'ટાઈપ' અને છપાઇવાળું, ભાષા અને ટાઇપની ભૂલો વગરનું હોય અને સાથે સરસ રૂપરંગ તથા ઓછી એટલે ભારી ન પડે તેવી કિંમત હોય તોજ પુસ્તકનો સુપ્રસાર થઇ શકે તેમ છે. આવું પુસ્તક વિશેષમાં ઐતિહાસિક સામગ્રી પૂરી પાડનાર હોઇ તેમાં સંવત–સાલ, નામ, આદિમાં એક પણ અશુદ્ધિ રહેવી ન જોઇએ, જ્યારે આમાં તેનું પ્રમાણ વિશેષ છે.

૨૨૨. ઇતિહાસમાં હવે રસ લેવાતો જાય છે; પૂર્વજોનાં પરાક્રમો, ધર્મકાર્યો, અને જૂનાં ધર્મસ્થાનો, ધર્મગ્રંથો વગેરે પ્રત્યે પ્રેમ લોકોમાં રહ્યુર્યો છે, તો તે રસ અને પ્રેમને સતત જાગ્રત રાખવા અને ઉત્તેજવા ઇતિહાસ–સામગ્રી શોધી જનતા પાસે રજુ કરવાનો પ્રયાસ

શ્રીમાનો અને ધીમાનોએ કરવો ઘટે. દર્શનો અને તત્ત્વજ્ઞાનો પણ હવે ઇતિહાસ-દૃષ્ટિથી જગત્માં તપાસાવા માંડ્યા છે. ઇતિહાસ-દૃષ્ટિ એવી છે કે જે ઉત્ક્રાંતિ અવક્રાંતિના પડદા ચીરી વસ્તુનું ખરૂં, તુલનાત્મક અને પારદર્શી ભાન કરાવે છે. સર્વ ભંડારોમાં તપાસ કરી જેટલી ઇતિહાસ-સામગ્રી છે તે બધી પ્રકાશમાં લાવવાની જરૂર છે. એ રીતે **બી**કાનેરના **નાહ**ટા **અ**ગરચંદ અને **ભ**ંવરચંદે 'ઐતિહાસિક **જૈન** કાવ્ય સંગ્રહ' બહાર પાડેલ છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેઓ પોતાના **બી**કાનેર તેમજ **રા**જપુતાનાનાં અનેક પ્રાચીન અને અર્વાચિન નગરોનો ઇતિહાસ સંગ્રહિત કરી બહાર પાડશે એમ ઈચ્છીશું.

૨૨૩. આ મારો પ્રયત્ન જૂદાં જૂદાં ઐતિહાસિક નગરો, પાટનગરો, મોટાં શહેરોનો ક્રમિક જૈન ઇતિહાસ એકત્રિત થઈ પ્રકાશિત થવામાં ઉદાહરણભૂત થશે તો હું કૃતાર્થ થઇશ.

તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ નં. ૨.
પર્યુષણ પર્વ સં. ૧૯૯૪.

**મોહનલાલ દલીચંદ દેશાઇ.**
B. A. LL. B. Advocate.

આ પુસ્તકની પ્રસ્તાવના માત્ર પેજ ૧ થી ૧૨૮ સુધીની 'શ્રી મહાવીર પ્રિં. વર્કસ'માં મનસુખલાલ હીરાલાલ લાલને છાપી; ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

# પરિચય

શ્રીયુત કેસરીચંદ હીરાચંદ ઝવેરીના આગ્રહથી પ્રસ્તુત ગ્રંથ વિષે પરિચય લખતાં મને અત્યંત આનંદ થાય છે કારણ કે સૂરતની એમ. ટી. બી. કોલેજના અધ્યાપક તરીકે ત્યાંના મારા પાંચ વરસના વસવાટ દરમ્યાન મને સૂરત વિષે કાંઈક જાણવાનું તેમજ જોવાનું મળ્યું છે. એ પાંચ વરસમાં ભાઇ કેસરીચંદ ઝવેરીનો પણ એક સાહિત્યોપાસક તરીકે સારો એવો પરિચય થયો છે. તેમણે આ પહેલાં પણ બીજા બે એક ગ્રંથોનું પ્રકાશન કરીને તેમની સાહિત્ય પ્રિયતા બતાવી છે, તેમજ કેવળ જૈન તરીકે નહિ પણ સૂરતના એક નાગરિક તરીકે તેના પ્રાચીન અને યશસ્વી ઇતિહાસનું યથાશક્તિ સંશોધન કરીને પોતાની ફરજ બજાવી છે. ઇતિહાસ રસિકોને અને તેટલી સામગ્રી પૂરી પાડવાનો તેમણે આ ગ્રંથમાં પ્રયત્ન કર્યો છે તે સ્તુત્ય છે.

આખા પુસ્તકમાં કુલ સોલ પ્રકરણો છે. પ્રથમ પ્રકરણમાં વર્તમાન સૂરતનું વર્ણન આપીને ભૂતકાળમાં તેનું સ્વરૂપ કેવું હતું તેનો સુંદર ખ્યાલ ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજના રચેલા ઇન્દુદૂત નામના કાવ્યમાંથી

સૂરતના વર્ણન અંગેનાં અમુક પદ્યોથી આપવા સફળ પ્રયત્ન કર્યો છે. બીજા પ્રકરણમાં સૂરતની પ્રાચીનતાના લગભગ બધાજ ઉપલબ્ધ પૂરાવા રજુ કર્યા છે તથા સૂરત નામ કેમ પડયું તે વિષેની રસિક માહીતિ અમુક અતિ-હાસિક પ્રસંગો સાથે આપી છે. ઇ. સ. ૧૩૪૭ થી ઇ. સ. ૧૮૯૩ સુધીના મુખ્ય મુખ્ય બનાવોની ટુંકી નોંધ પણ ઘણીજ રસપ્રદ તથા ઉપયોગી છે.

ત્રીજું પ્રકરણ સંવત ૧૬૨૭ માં જગદ્‌ગુરુ શ્રી હીર-વિજયસૂરિ સૂરત પધાર્યા તે પ્રસંગના ઉલ્લેખથી શરૂ થાય છે. પછી શ્રી શાંતિદાસ શેઠને ધન પ્રાપ્તિ કેવી રીતે થઇ તેની આશ્ચર્યકારક ઘટના આપી છે. જૈન મુનિઓ મંત્ર તંત્ર શાસ્ત્રમાં પારંગત હોવા છતાં તેનો ઉપયોગ કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે એટલે સામાન્ય રીતે કોઈ પણ જૈન-મુનિ તેનો ઉપયોગ કરતા નથી. છતાં ક્વચિત શાસનના ઉદ્યોત કે રક્ષણ માટે અથવા ધર્મકાર્યમાં કોઇ શ્રાવકને ઉત્તેજન આપવાના હેતુથી તેનો ઉપયોગ કરે છે, એવા દાખલા મળે છે પરંતુ સ્વાર્થ સિદ્ધિ માટે કદી પણ કરતા નથી.

ચોથા પ્રકરણમાં સૂરતની સાહિત્ય પ્રવૃત્તિ વિષેની નોંધ સંવત ૧૬૭૪ થી ૧૮૯૬ સુધીની આપી છે તે માટે સંચયકારને ખરેખર ધન્યવાદ ઘટે છે, પોતાનો ધંધો ઝવેરાતના વેપારનો હોવાં છતાં સાહિત્ય વિષયક પ્રવૃત્તિમાં

આટલો રસ લે છે અને શ્રમ ઉઠાવે છે તે ઘણુંજ પ્રશંસનીય છે. જુના ગુજરાતી સાહિત્યની રચના–સંગ્રહ અને સાચવણુનો યશ મુખ્યત્વે જૈનોનેજ ઘટે છે. તેઓ જો અત્યારે તેના સંશોધનમાં રસ લે અને યથાશક્તિ પ્રયત્ન કરે અથવા તેમાં રસ લેનાર તેમજ પ્રયત્ન કરનારને ઉત્તેજન આપી બનતી સહાય–સગવડ આપે તો જરૂર તેમણે સાર્વજનિક સેવા કરી ગણાય.

પછીનાં પ્રકરણોમાં સૂરતના સંઘે સૂરતમાં તેમજ બહાર જિનબિંબ ભરાવ્યાની જિનચૈત્યની પ્રતિષ્ઠાની સંઘયાત્રા તથા પુસ્તકાલયો અને સાર્વજનિક સંસ્થાઓ સ્થાપ્યાની હકીકત છે. નવમા પ્રકરણમાં સૂરતના દાનવીરોની નામાવલિ તથા તેમની સખાવતોનો નિર્દેશ છે તે વાંચીને સ્હેજે મન પ્રફુલ્લિત બને છે અને સાથે એમ પણ થાય છે કે જૈન શ્રીમંતોનો દાન પ્રવાહ સંકુચિત દૃષ્ટિવાળો નથી તો પણ જોઇએ તેટલી વિશાળ દૃષ્ટિવાળો પણ નથી. જૈનધર્મની વિશિષ્ટતા સમભાવમાં છે તે લક્ષમાં રાખીને વધારે ઉદારતાથી સાર્વજનિક સંસ્થાઓને મદદ કરવામાં આવે તે ઇચ્છવા યોગ્ય છે. અંતમાં સંચયકારે લગભગ વીસ જેટલી સંસ્થાઓ તથા ઉપાશ્રયો અને ચૈત્યોનો ઉલ્લેખ કર્યો છે એ બધાનું વિસ્તૃત વર્ણન તેમનાજ બીજા બે ગ્રંથો "સૂરતની જૈન ડીરેકટરી" તથા "સૂરત ચૈત્ય પરિપાટી"માં મળે છે. ઉપસંત શ્રી પ્રેમવિજયજીનો વાસુ-

પૂજ્ય સ્વામીના દેરાસરના વર્ણનનો રાસ શ્રી શીલ-વિજયજીનું સંવત ૧૭૨૧ થી ૧૭૩૮ નું સૂરતની યાત્રાનું વર્ણન, શ્રી અમરવિજયજીના શ્રી સિદ્ધાચલની યાત્રાના શ્લોકો–શ્રી. મોહનલાલ હલીચંદ દેસાઇ સંશોધિત "સૂરત હીરવિહાર સ્તવન"–શ્રી ઠાકોરનો સૂરતની પ્રાચીનતા વિષે લેખ તથા શ્રી ત્રિવેદીનો "સૂરતનું એક કલામંદિર–ચિંતા-મણિનું જૈન દેરાસર" નામક લેખ આપી આ સંચયને ઠીક ઠીક સમૃદ્ધ બનાવ્યો છે.

સૂરતનો–અમદાવાદ–પાટણનો કે સારાય ગુજરાતનો ઇતિહાસ જૈનોના ઇતિહાસ વિના અધુરોજ રહે. સ્થાપત્ય–સાહિત્ય તેમજ સમાજના ઘડતરમાં અને રાજ્યદ્વારી બાબ-તોમાં પણ જૈનોનો ફાળો ઘણોજ કિમતિ છે તે દરેક વિદ્વાન કબુલ કરે છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કુમાર-પાલ–વિમલમંત્રી–વસ્તુપાલ–તેજપાલ–શીલગુણસુરી અને વનરાજ વગેરેના સમયમાં જૈનોની જાહોજલાલી કેટલી હતી તેની નોંધ ઘણા ગ્રંથોમા મળી આવે છે પણ અમૂક–અમૂક શહેરની આબાદી વગેરેની વાતો તો મુખ્યત્વે જુના રાસા-ઓમાંજ મળે છે. "સૂરતનો જૈન ઇતિહાસ" પણ તેવા રાસાઓમાંથી ખાસ કરીને ગુંથી કાઢવામાં આવ્યો છે. આપણામાંના ઘણા ખરા રોમ કે પેરીસ વિષે જાણતા હોય તેટલું પોતાનાજ શહેર કે ગામ વિષે જાણતા હોતા નથી

એટલુંજ નહિ પણ તે વિષે જાણવાની વૃત્તિ અને પ્રયત્ન નહિ જેવાજ હોય છે. તેમને આ ગ્રંથમાંથી થોડી પણ પ્રેરણા મળશે તેમાં આ ગ્રંથનું સાફલ્ય છે.

શ્રી કેસરીચંદ ઝવેરીએ આ પુસ્તકનું સંપાદન-પ્રકાશ કરીને સાહિત્ય રસિકો સમક્ષ બહુજ સારી સામગ્રી રજુ કરી છે જેનો ઉપયોગ સામાન્ય વાચકને છે તેથી પણ વધારે સંશોધકોને છે. તેઓ તેનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકે છે. સામાન્ય પ્રજાજનને પણ પોતાના શહેરની-સમાજની કે જ્ઞાતિની ઉત્પત્તિ વગેરેની વાતો જાણવાનો રસ આપણા દેશમા બહુ નથી હોતો તે પણ આ પુસ્તકના વાંચનથી સ્હેજે ઉત્પન્ન થશે એમ લાગે છે.

સંસ્થાઓના વહીવટદારોને સાર્વજનિક ભાવના પોષવાની તેમની વિનંતિ ઘણીજ યોગ્ય અને સકારણ છે. મુનિ મહારાજોનું ધ્યાન પણ તેમણે જે રીતે દોરવા પ્રયત્ન કર્યો છે તે પણ ઉચિતજ છે.

અંતમાં ભાઈ કેસરીચંદને તેમના આ શુભ અને પ્રમાણિક પ્રયાસ માટે અભિનંદન આપીને ઇચ્છું છું કે તેમણે પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે સૂરત વિષેના રાસાઓનો સંગ્રહ તેમનાજ હાથે સત્વર બહાર પડે.

અમદાવાદ — **વ્રજલાલ મોહનલાલ શાહ.**

તા. ૨૫-૨-૩૮.

# પ્રસ્તાવના

સૂર્યપુરના સુવર્ણ યુગને આલેખતા પુસ્તકને પ્રસ્તાવનાની આવશ્યકતા ખરી ? 'પુસ્તકનું નામજ તેના સ્વરૂપને દર્શાવે છે તો પછી પ્રસ્તાવના શા માટે ?' એમ પણ પ્રશ્ન થાય: જે પુસ્તક સૂર્યપુરના સુવર્ણયુગને વિસ્તારથી દર્શાવે. તત્સંબંધ સંક્ષીપ્ત રૂપરેખા જાણવાની વાંચકવૃંદની જિજ્ઞાસા સંતોષવા, પ્રસ્તાવના પરમ આવશ્યક એ પણ નિર્વિવાદ ! સમુચિત ઉદ્દેશાનુસાર પ્રચલિત પ્રથાનું પાલન એજ લેખક, સંગ્રાહક કે પ્રકાશક તમામનું કર્તવ્ય !

મ્હારા અલ્પવાંચન, યથાશક્ય સંશોધન તથા સ્વાભાવિક આ દિશામા જિજ્ઞાસાવૃત્તિથી જે સ્વરૂપે જે કાંઇ જાણવામાં આવેલ છે તે સ્વરૂપે તે તે તમામ હકીકતોનો સમાવેશ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

સુરતના જૈનોએ સમાજના અભ્યુદયાર્થે કયા કયા પ્રશસ્ત પુણ્ય કાર્યો કર્યાં છે તે જાણવાની તીવ્ર જિજ્ઞાસા મ્હને સંવત ૧૯૮૧માં ઉદ્ભવી. કેટલાક પુસ્તકો વાંચતાં મને એમ લાગ્યું કે લેખકોએ આમાં સુરતની સંસ્થાઓ તથા હકીકતો સંબંધમાં ઘણો સામાન્ય ઉલ્લેખ કર્યો હોઇ, એને અંગે વધુ પ્રયત્ન આવશ્યક છે. સામાન્ય ઉલ્લેખોવાળું વાંચન તથા તેના લેખકોનો આભાર જરૂર કેમકે પ્રેરણાની



શેઠ રાયચંદ દીપચંદ ધર્મશાળા ગોપીપુરા–મુખદ્વાર

શેઠ પ્રેમચંદ રાયચંદ જેઓને પ્રથમ સાર્વજનીક સખાવત કરનાર જૈન તરીકે જૈનેતર ઇતિહાસકારો વર્ણવે છે.

ઉત્પત્તિ તો એમનાથીજ ! આ ક્ષેત્રમાં ખાસ ખંતથી પ્રયાસ થાય તો સારો પ્રકાશ પાડી શકાય એમ હૃદયે કબુલ્યું. પ્રેરણા, સંકલ્પ, તથા યથાશકય પ્રયત્નનું જ આ યત્કિંચિત્ પરિણામ !

સૂર્યપુર સુવર્ણયુગ વાસ્તવિક રીત્યા સંવત ૧૯૩૫થી ગણી શકાય. વડીલો કહે છે કે સમવસરણની રચના બાદ ગોપીપુરાનો ઉદય થયો છે. આ રચના શેઠ નેમચંદ મેલાપચંદની વાડીના ઉપાશ્રયમા શ્રી રત્નસાગરજી મહારાજશ્રીના અધ્યક્ષપણે થઇ હતી. આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજી તે સમયે તેમની પાસે અભ્યાસાર્થે રહ્યા હતા.

સુરતમાં (આ ક્ષેત્રમાં) આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજી, મુનિમહારાજ શ્રી મોહનલાલજી અને આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીનો અનહદ ઉપકાર છે. કારણ કે તેઓનાજ ઉપદેશથી અત્રે અનેક શુભ કાર્યો થયા છે અને અનેક પારમાર્થિક સંસ્થાઓની ઉત્પત્તિ થઇ છે.

જૈનેતર ઇતિહાસકારોએ શેઠ પ્રેમચંદ રાયચંદને પ્રથમ સાર્વજનિક સખાવત કરનાર જૈન ગૃહસ્થ તરીકે વર્ણવ્યા છે. સામાન્ય રીતે તે કથન વ્યાજબી ગણાય, કારણ કે પચાસ વર્ષ પૂર્વેનો ઇતિહાસ તપાસવામાં આવે તો ગચ્છવાદી ઉપાશ્રય, ગચ્છવાદી મંદિરો અને ગચ્છવાદી જ્ઞાન ભંડારો મુખ્યત્વે હતા. આજે પણ ગચ્છવાદી (પર્યુષણાના) જમણવારો ચાલુ છે. વળી જૈનોએ મુખ્યતયા

પોતાની લક્ષ્મીનો ઉપયોગ પોતાના ગચ્છપુરતા ધાર્મિક કાર્યોમાં કરેલો હોવાથી અન્ય ઇતિહાસકારોથી તે કાર્યો અજાણ્યા રહે એ ખુલ્લું છે.

સુરતના જૈન ઇતિહાસને લગતી પ્રાચીન હકીકતો મુખ્યત્વે રાસાઓમાં વર્ણવેલી છે. ઉપાધ્યાય શ્રી વિનય-વિજયજીનું ઇન્દુદૂત, શ્રી હીરવિહારના રાસાઓ, શ્રી વાસુપૂજયસ્વામિના દેરાસરના મહોત્સવના વર્ણનના રાસાઓ, પ્રેમજી પારેખના સંઘના વર્ણનના રાસાઓ, શીતલનાથ-જીની પ્રતિષ્ઠાના રાસાઓ, પ્રેમચંદ લવજીના સંઘનું વર્ણન, કચરા સંઘવીના સંઘનું વર્ણન વિગેરે મુખ્ય છે.

રાસા યુગમાં અનેક મુનિઓના આવાગમનો થયા હતા અને તેઓએ પોતે અનેક રાસાઓ રચી તે તે સમયના શ્રેષ્ઠીવર્યોનાં વર્ણનો, તે વખતે થયેલાં શુભ કાર્યોનાં વર્ણનો વગેરે દ્વારા અનેક બીના પુરી પાડી છે.

સુરતમાં રચાએલા રાસાઓ તથા સુરતના વર્ણનોના રાસાઓનો એક પુસ્તક રૂપે સંગ્રહ પ્રગટ કરવામાં આવે તો પ્રાચીન ઇતિહાસ ઉપર સારૂં અજવાળું પાડી શકાય.

દેરાસરોના સંબંધમાં પણ ઉપાધ્યાય શ્રી વિનય-વિજયજીની ચૈત્ય પરિપાટી, લાધાશાહની ચૈત્ય પરિપાટી, દીપવિજયજીની ગઝલ, શીલ વિજયજીની ચૈત્ય પરિપાટી વગેરે મુખ્ય છે આ ચૈત્ય પરિપાટીઓ તે સમયના મંદિ-રોનો ઇતિહાસ સારી રીતે પુરો પાડે છે

પચાસ વર્ષ પૂર્વે જનસેવામાં જૈનોએ ઓછો ફાળો આપ્યો હતો એમ કહેવું એ મૂર્ખાઈ છે કારણ કે પોતાના ગચ્છના વાડામાં અઢળક ધન ખર્ચવા છતાં સાર્વજનિક કાર્યોમાં સહકાર આપવામાં જૈનો પશ્ચાત્ નહોતા. અનેક રેલો, આગો, દુષ્કાલો, વગેરે વગેરે આફતોમાં જૈનોએ સારી મદદ કરી છે જેનો ઉલ્લેખ ઈતિહાસકારોએ પણ કર્યો છે, એ મદદ કરનારાઓમાં ભણશાલીજી, ત્રિવેદી, ન્યાલચંદ કાકા, વીરજી વોરા વગેરે મુખ્ય હતા.

આજે તો અનેક જૈનેતર મિત્રો જૈનોની ઉદારતાની મુક્ત કંઠે પ્રશંસા કરે છે અને કહે છે કે આજે જૈનો સાર્વજનિક કાર્યોમાં યથાશક્તિ મદદ કરી રહ્યા છે તે પ્રશંસનીય છે કારણ કે ઘણી સાર્વજનિક સંસ્થાઓના પ્રેરકો તથા ઉત્પાદકો જૈનો છે.

સાર્વજનિક સંસ્થાઓમાં નીચેની મુખ્ય છે.

પાંજરાપોલ, જીવદયા ફંડ, મુંગા પ્રાણી પર ગુંજરતું ઘાતકીપણું અટકાવનાર ધન્યગૌરી મંડળી, નગીનચંદ ઝવેરચંદ ઈન્સ્ટીટ્યુટ (ટાઉન હોલ), નેમચંદ મેઘાપચંદ ઇન્સ્ટીટ્યુટ, નવલચંદ હેમચંદ દેશી ઔષધાલય, મગનલાલ ધનજીભાઇ દવાખાનું, શેઠ પ્રેમચંદ રાયચંદ કન્યાશાળા, શેઠ પ્રેમચંદ રાયચંદ ધર્મશાલા વગેરે વગેરે

વલી સુરતના નગરશેઠ જૈન છે અને તેઓની ચાલુ જનસેવા પણ પ્રશંસનીય છે.

સુરતમાં સ્થાનિક જૈનોની વસ્તી લગભગ ચાર હજારની ધારવામાં આવે છે. સંવત ૧૯૧૧ના સેનસસના આધારે સુરત જીલ્લામાં ૬૮૨૧ જૈનોની વસ્તી હતી. ગામડાઓથી ઘણા જૈનો આવીને સુરતમાં વસ્યા છે. તેમ ગોપીપુરાની વસ્તીનો મોટો ભાગ મુંબઈ રહે છે છતાં એકંદર પરાંઓની વસ્તીની ગણત્રીમાં ગોપીપુરામાં જૈનોની વસ્તી વિશેષ ગણાય. સુરતમાં મુખ્યત્વે કરીને જુની પ્રણાલીકા મુજબ વસ્તી છે. દરેક પરાંમાં અમુક જ્ઞાતિની વસ્તી વિશેષ છે. ગોપીપુરામાં ખાસ કરીને વીસા ઓસવાળ, શ્રીમાળી, પોરવાડની વસ્તી છે. નવાપુરા અને સગરાપુરામાં મારવાડીભાઇઓની, હરિપુરામાં લાડવા શ્રીમાળીભાઇઓની, છાપરીઆ શેરીમાં શ્રીમાળી-ભાઇઓની, વડાચૌટામાં શ્રીમાળી અને દશાઓસવાળભાઇ-ઓની વસ્તી છે. વેપારના તથા અન્ય કારણે અન્ય જ્ઞાતિ-ઓના પણ છુટા છવાયા ઘરો છે.

દરેક સંસ્થાની ઉત્પત્તિ પ્રાયઃ તેજ લતાની હોય છે, અને વહીવટ પણ ત્યાંજ હોય છે, તે લતાનોજ હોય છે.

સંસ્થાઓમાં અથવા વહીવટ અમલમાં સાર્વજનિક ભાવના જોવામાં આવતી નથી એ દુઃખદ બીના છે.

---

# જરૂરી સુચના.

પૃ. ૪૯ માં—ધર્મશાળાઓ જણાવવામાં આવી છે તેમાં જશકુંવરની ધર્મશાળાનો ઉમેરો કરવામાં આવે છે.

પૃ. ૬૨ માં—શ્રી દિનેશ નર્મદાશંકરના લેખમાં નીચેનો સુધારો મુનિમહારાજ શ્રી ન્યાય વિજયજી તરફથી સુચવવામાં આવે છે.

"વડી પોશાળ કોઈ સ્વતંત્ર ગચ્છ નથી, વડી પોશાળ અને લઘુ પોસાળ આ બન્ને તપગચ્છની શાખાઓ છે. વડી પોશાળ ગચ્છના સાધુઓ મારવાડનાં હોય છે એમ પણ નથી.

વ. શ્રી. વિજયદેવસૂરગચ્છ અને શ્રી આણંદસૂરગચ્છ આ પણ તપગચ્છનાંજ બે પાટીયાં છે: બે શાખાઓ છે અત્યારે તપગચ્છના જેટલા સાધુઓ છે તે બધાં શ્રી વિજયદેવસૂરગચ્છના અને લઘુ પોશાળના છે."

પૃ. ૫૧ માં સહસાકુટનું દહેરૂં—ના સંબંધમાં લખાણ છે તેના સંબંધમાં ઈતિહાસવેત્તા મુનિ મહારાજ શ્રી કલ્યાણ વિજયજી તરફથી નીચેની વિશેષ હકીકત જણાવવામાં આવી છે.

'શત્રુંજય ઉપરના સહસ્રકુટ તીર્થ વિષે તમે જે લખ્યું છે એથી જુદા પ્રકારની હકીકત મ્હને યાદ છે. મ્હને સ્મરણ છે કે શત્રુંજયની મુલ ટુંકમાં મૂલ મંદીરના દક્ષિણ ભાગમાં શહસ્રકુટ તીર્થો છે તે સુરતના ઓશવાળોએ

સ્થાપ્યા છે અને સં. ૧૭૧૦ માં ઉપાધ્યાય વિનય વિજયજી ગણીએ તેની પ્રતિષ્ઠા કરી છે. એ સ્થાન તમારે જોવા જેવું છે."

શ્રીયુત અગરચંદ નાહટા બીકાનેરથી નીચેની સુચના કરે છે. તેઓ તરફથી પ્રાચીન સ્તવન સંગ્રહ અને ખરતલ-ગચ્છની પ્રવૃતિ જે અમોને મોકલી આપવામાં આવી છે તે અક્ષરસહ છાપી છે.

પૃ. ૧૯ સુરતકી પ્રાચીનતા કે પ્રમાણ સ્વરૂપ જિન લેખોકા ઉલ્લેખ કીયા ગયા હૈ ઉનમે નતો કહી સુરતકા નામહી હૈ ઔર ન કહી સુરત સે કોઇ સંબંધ હી વિદિત હોતા હૈ. અતઃઉનસે પ્રાચીનતા પ્રમાણિક કહેના એક મહદ્ ભૂલ હૈ. હમારે ખ્યાલ સે સુરતકા પ્રાચીન નામ કયાં થા ઔર સુરત નામ કબસે પડા ઇસકે વિષયમેં ગંભીર અધ્યન એવં પ્રમાણિક પુષ્ટ પ્રમાણ ખોજના આવશ્યક હૈ.

નોંધ–આ આખો લેખ શ્રીયુત ધનસીંગ ઠાકોરસીંગ–ઠાકોરનો છે જેથી તે સંબંધી વિશેષ ખુલાસો અમો આપી શકતા નથી.

પૃ ૨૪ જિનસૌખ્યસૂરિજીકા પ્રવેશોત્સવ લિખા ગયા હૈ પર વહતિહાની ભૂલ હૈ વસ્તુતં સં. ૧૭૬૬-નો પદોત્સવમેંહી ૧૧૦૦૦ રૂપયે વ્યય હુએથે નહિ પ્રવેશોત્સવમેં

નોંધ–આ સંબંધી અમોને પણ બે મત લાગ્યા છે જેની નોંધ અમોએ તેજ પાનામાં (બીજી જગ્યાએ પદનો મહોત્સવ લખ્યો છે) એમ લખ્યું છે. જેથી હવે વાંચકોએ પદમહોત્સવ સમજવો.

પૃ. ૩૧ સં. ૧૬૯૭ કે ચાણસ્માકે લેખમેં સુરતકા કોઈ ઉલ્લેખ નહિ હૈ. યહિ સૂર્યવાસરે કા સુરત સમજ લિયા હોતોવહ ભૂલહી હૈ. સૂર્ય વાસરે રવિવારકા કહતે હૈ.

**નોંધ**—અમો સૂર્યવાસરે ને સુરત સમજ્યા હતા. જેથી તે લેખને અમે સંચીત કરેલ છે.

પૃ. ૫૪ (વ્યતેમદશાનુસિદ્ધિ) ગલત છપા હૈ વાસ્તવમેં વ્યોમકૃળાનુસિદ્ધિ ક્ષોણી હોના ચાહીએ. જિનહર્ષસૂરિ આ. ૧૮૫૬ ઉસી લાઇનમેં છપા હૈ પર વો અલગ પંક્તિમે નહિ હોનેસે અવતરણ ભ્રમ ઉત્પન્ન કરતા હૈ.

**નોંધ**—ઉપર મુજબનો સુધારો સમજવો.

પૃ. ૬૪ અમદાવાદના સરસપુરમાં સંવત ૧૯૬૮ માં શાંતિદાસશેઠ નામના જૈને બંધાવેલું સુંદર અને ભવ્ય દેહરૂં વીગેરે છે તેની સંવત ખોટી છપાઇ છે તે સંવત ૧૬૬૪ સમજવી.

## છેલ્લી વિનંતિ

છેલ્લે અત્રે આવનાર મુનિ મહારાજાઓને વિજ્ઞપ્તિ કે શાસનના ખરા સ્તંભો તમે છો: તમારા ઉપદેશથી અમારી ત્રુટીઓ દર્શાવો અને અમને અમારી સંસ્થાઓ દ્વારા ધ્યેયે પહોંચાડો: સુજ્ઞજનોને વિનંતિ કે તમારા વડીલોએ સ્થાપેલી સંસ્થાઓ તરફ તમારો દાન પ્રવાહવાળી યથાર્થ સ્વરૂપે વિકસિત કરવા ઘટતું તમામ કરશો એજ પ્રાર્થના: અભ્યર્થના.

**સંચયકાર કેશરી**

# બે બોલ


મ્હારા પૂજ્ય પિતાજી સ્થાપિત શ્રી જૈન સાહિત્ય ફંડ તરફથી સૂર્યપુરનો સુવર્ણયુગ યાને સુરતનો જૈન ઇતિહાસ પ્રકાશન કરતા અત્યંત આનંદ થાય છે.

શ્રીયુત કેશરીચંદ હીરાચંદ તરફથી સંચિત કરેલ બે પુસ્તકો સુરતની જૈન ડીરેકટરી અને ૨, સુરત ચૈત્ય પરિપાટી બહાર પાડી ચુક્યા છે, અને તેઓની ત્રીજી કૃતિ સૂર્યપુર અનેક જૈન પુસ્તક ભાંડાગાર દર્શિકા સૂચિ અમારી તરફથી બહાર પાડવામાં આવી છે, અને તેઓની આ ચોથી કૃતિ છે.

તેઓની, સુરતના જૈન સમાજની અનેકવિધ સેવાઓ જાણીતી છે, છતાં તેઓની સુરતની સેવાઓને જાહેર લાવવાની તમન્ના ગજબ હતી, જે યતકિંચિત સ્વરૂપે તેઓએ પોતાની આગળની બે કૃતિઓ–સુરતની જૈન ડીરેકટરી અને સુરત ચૈત્ય પરિપાટી નામના ગ્રંથોમાં જગાવી છે. બાદ તેઓએ આ કૃતિમાં તો સુરતને લગતું ઘણુ નવું સાહિત્ય બહાર પાડયું છે. આ ક્ષેત્ર અણખેડાયેલું હતું, જેમાં તેઓએ પ્રથમ ચંચુ પ્રવેશ કર્યો છે એમ કહીએ તો અસ્થાને નથી. બીજા સંશોધકો આ ક્ષેત્રમાં પ્રવેશી નવી વિશેષ વાનગી સમાજને પિરસશે એહવી ભાવના છે.

ઇતિહાસ પ્રેમીઓને અને સંશોધકોને આ સુવર્ણયુગ નામનું પુસ્તક જરૂર ઉપયોગી નીવડશે.

શ્રી જૈન સાહીત્ય ફંડના સ્થાપકઃ—ઝવેરી ભગનભાઈ પ્રતાપચંદ



# —: આભાર :—

પુસ્તકની સર્વ મેટર સંચયકાર તરફથી પ્રકાશન કરવા આપવા બદલ તેમનો ઉપકાર તેમજ ઉપોદ્ઘાત લખી આપવા શ્રીયુત મોહનલાલ હલીચંદ દેશાઈ વકીલ અને પરિચય લખી આપવા પ્રોફેશર વ્રજલાલ શાહનો ઉપકાર માનું છું. મુનિ મહારાજ કલ્યાણ વિજયજી, ન્યાયવિજયજી અને અગરચંદ નાહટા વગેરેનો સહકાર આપવા બદલ ઉપકાર માનું છુ.

મોતીચંદ મગનભાઇ ચોકસી
શ્રી જૈન સાહિત્ય ફંડ સુરત, તરફથી.

# સમર્પણ

સૂરિસમ્રાટ–અકબર પ્રતિબોધક–આચાર્ય વિજયહીરસૂરી-
શ્વરજી મહારાજના ચરણ કમલમાં. આપના પૂનિત
પગલાંથી પાવન થયેલું, આપના પટ્ટધર વિદ્વાનઆચાર્ય
સેનસૂરિજીની દીક્ષા ભૂમિ તરીકે માન ધરાવતું,
હીરવિહાર નામનું સ્મારક ધરાવતું, આપનું
મનોહર ચિત્રદર્શન ધરાવતું તેમજ આપ-
નાજ પગલાંથી જેનું અસ્તીત્વ ઉત્પન્ન
થયું એવું સુરત શહેર છે. તે શહે-
રનો ત્રણશો વર્ષનો સુવર્ણ યુગનો
ઇતિહાસ આપનેજ ચરણે
ધરું છું.

ભૌક્તિક—
પ્રકાશક :

સૈયદપુરાના દેરાશરમાં આ ચિત્ર છે.



આખી પૂનમ પોલાંથી આ ફ્રેમ પાકમ થઈ છે.

# વિષયાનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લું. | સુરતનો સામાન્ય (જનરલ) ઇતિહાસ. | ૧ થી ૮ |
| ૨ જું. | સુરતની પ્રાચીનતા. નામવિધાન તથા ઐતિહાસિક પ્રસંગો. | ૯ થી ૨૨ |
| ૩ જું. | સુરતનો જૈન ઇતિહાસ | ૨૩ થી ૨૬ |
| ૪ થું. | સુરતમાં સાહિત્ય પ્રવૃત્તિ સુરતમાં રચાયેલા ગ્રંથો અને રાસાઓ | ૨૭ થી ૨૯ |
| ૫ મું. | અનેક તીર્થો અને શહેરોમાં–સુરતે ભરાવેલા શ્રી જિનબિંબો | ૩૦ થી ૩૧ |
| ૬ ઠું. | કાલના તથા આગના ભોગ થયેલા જિન ચૈત્યો | ૩૨ |
| ૭ મું. | સુરતમાં મુનિઓનાં ચાતુર્માસ | ૩૩ થી ૩૬ |
| ૮ મું. | સુરતના જૈન ઐતિહાસિક પ્રસંગો | ૩૭ થી ૪૦ |
| ૯ મું. | સુરતના દાનવીરોની નામાવલી અને સંવત ૧૯૫૦ પછીની સખાવતો. | ૪૦ થી ૪૮ |
| | શ્રી સિદ્ધાચલજીમાં પુણ્ય સંસ્મરણો | ૪૮ થી ૫૧ |
| ૧૦ મું. | જૈન ઐતિહાસિક વર્ણનો | |
| | (૧) શ્રીમાળી જ્ઞાતિની સેવાઓ | ૫૨ |
| | (૨) ભણશાલી પેઢી દીગદર્શન | ૫૩ |
| | (૩) સુરતમાં પદ્મવિદ્યાન | ૫૪ |
| | (૪) શીતલનાથજીના દેરાશરનો ઇતિહાસ | ૫૪ |
| | (૫) સુરતમાં સામુદાયિક સંસ્થાઓ | ૫૫ થી ૫૭ |
| | (૬) સુરતમાં હીરવિહાર અને ગુરૂ મૂર્તિઓ | ૫૭ થી ૫૯ |
| | (૭) રાજેન્દ્રસૂરિનું આવાગમન | ૫૯ થી ૬૦ |

(૮) બાલચંદ્રજીનું વર્ણન ૬૦
(૯) શિલ્પ વિજયજીએ વર્ણવેલું સુરતના મંદીરોનું વર્ણન ૬૧
(૧૦) શ્રી ચિંતામણી પાર્શ્વનાથના મંદીરનું વર્ણન ૬૨ થી ૭૧
(૧૧) શ્રી વાસુ પુજ્ય સ્વામીના દેરાશરનું વર્ણન ૭૨ થી ૮૬
પ્રકરણ ૧૧ મું.
સુરતથી સંઘયાત્રાઓ પ્રેમજી પારેખના સંઘનું વર્ણન ૮૭ થી ૧૦૫
૧૨ મું સુરતનો વર્તમાન ઇતિહાસ ૧૦૬ થી ૧૨૪
૧૩ મું. સુરતના હીર–વિહારનું વર્ણન ૧૨૫ થી ૧૩૨
૧૪ મું. સુરત નગર વર્ણન ૧૩૩ થી ૧૫૩
૧૫ મું. ખરતરગચ્છની સુરતમાં પ્રવૃતિ ૧૫૪ થી ૧૫૬
૧૬ મું. પ્રાચીન સ્તવન સંગ્રહ ૧૫૬ થી ૧૭૪
૪ થું. અનુસંધાન ૧૭૫ થી ૧૭૬
૭ મું. અનુસંધાન ૧૭૭
૮ મું. અનુસંધાન ૧૭૮
૯ મું. અનુસંધાન ૧૭૯
૧૦ મું. અનુસંધાન ૧૮૦
૧૧ મું. અનુસંધાન ૧૮૧ થી ૨૫૨
શેઠ હીરાચંદ ખુબચંદ જૈન પુસ્તક
સીરીઝ સંબંધી નિવેદન ૨૫૩ થી ૨૫૫
સમાલોચના ૨૫૫ થી ૨૬૦

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# સૂર્યપુરનો સુવર્ણયુગ

## યાને

# સુરતનો જૈન ઈતિહાસ.

## પ્રકરણ ૧ લું.

### સુરતનો સામાન્ય (જનરલ) ઈતિહાસ.

સમસ્ત સૃષ્ટિની દૃષ્ટિને આકર્ષનાર હિન્દુસ્તાનનું મુખદ્વાર (Gateway of India) મુંબઈ બંદર છે. ધંધાના સંબંધને અંગે દુનિયાનો કોઈ ભાગ એવો નથી કે જે મુંબઈ (બોમ્બે Bombay)ને ન જાણતો હોય. મુંબઇથી એક જી. આઈ. પીની મેન રેલ્વે છે તથા બીજી બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે છે. પરાંઓના સુવ્યવસ્થિત વ્યવહાર માટે ઇલેક્ટ્રીક લોકલ રેલ્વે, ઉપરની બન્ને રેલ્વેઓ તરફથી દોડે છે. બી. બી. એન્ડ. સી. આઇ. રેલ્વે–મેઇન લાઇનમાં મુંબઇથી ૧૬૩ માઇલે સુરત નામનું શહેર આવેલું છે. સ્ટેશને ઉતરતાં ડુંગર ઉપરથી નીચે તલેટીએ જવાનું હોય એવું દેખાય છે. સ્ટેશન શહેરથી ઉંચાઇએ બાંધેલું છે. નીચે ઉતરતાં તરતજ મોટરો, ગાડીઓ અને મજુરોની ધમાલ ચાલુ હોય છે. શહેર બે ભાગમાં વહેંચાયેલું જોવામાં આવે

છે. જરા દૂર જતાં મ્યુનિસિપાલની ઢાણુચોકી આવે છે. ત્યાંથી બે મોટા રસ્તા જુદા પડે છે. એક રસ્તો જેને કિલ્લા સ્ટેશન મેઇન રોડ કહેવામાં આવે છે તે શરૂ થાય છે. આ રસ્તે શહેરના ભવ્ય બજારો તથા પરાંઓની શરૂઆત કરતાં રસ્તાઓ નજરે પડે છે. જરા આગળ જતાં શહેરનું પ્રસિદ્ધ ક્લોક ટાવર નજરે પડે છે જેની બાજુમાંથી ઝાંપા-બજારની શરૂઆત થાય છે, કે જ્યાં જાણીતા મોટા વહોરા વેપારીઓના આલીશાન મકાનો એ કોમની સંપત્તિ દર્શાવે છે. ત્યાંથી આગળ જતાં નવાપુરા બજાર નજરે પડે છે અને તે પસાર થતાં તે રસ્તો સીધો કિલ્લા સુધી જાય છે. ઈ.સ. ૧૫૪૩માં પાદશાહ મહમદ બીજાએ તે જગ્યા ઉપર સરી આગા નામના હાકેમની દેખરેખ હેઠલ એ કિલ્લો બંધાવ્યો છે એમ ઐતહિાસિક વિગતો પરથી જણાય છે.

તાપી તટે આવેલું આ શહેર અનેક પરાંઓમાં વહેંચાયેલું છે. શહેરને ફરતો કોટ હોવાના કારણે દરેકે દરેક પરાંમાં શહેરને નાકે દરવાજાઓ છે. ઇતિહાસ પ્રસિદ્ધ આ શહેરને મુખ્ય બાર દરવાજાઓ છે. જે દરવાજામાંથી જે ગામ તરફ જવાતું હોય ત ગામના નામ મુજબનું તે દરવાજાનું નામ બોલાય છે, જેમકે ઘોડ દોડનો દરવાજો, ઉધનાનો દરવાજો, દિલ્હી દરવાજો વગેરે વગેરે નામો છે. આ તો થઈ દરવાજાની વાત. પરાંઓનાં સંબંધમાં પણ તેમજ છે. પરાંઓનાં નામો મુખ્યત્વે કરીને ત્યાં ત્યાંના અગ્ર ગણ્ય

ગૃહસ્થોના નામથી પડેલાં છે: જેમકે:-હરિ બ્રાહ્મણના નામથી હરિપરૂં, સગરામ વસી દેશાઈના નામથી સગરામપરૂં, અને ગોપીના નામથી ગોપીપરૂં: કેટલાક લત્તાઓ અને ભાગોલો, ત્યાંના વેપાર, માર્ગ દર્શક રસ્તા અને વસવાટના નામે પણ સંબોધાય છે: જેવાં કે વડા ચોટા જેનો અર્થ "મુખ્ય ચોટું" (બજાર) એવો થાય છે: "નવસારી ભાગોળ" નામનો રસ્તો સૂચવે છે કે આ માર્ગે નવસારી જવાય છે. નવીન વસાયેલું પરૂં માટે એને નવાપરા કહેવાય છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીમહારાજે ઇન્દુદૂત નામના કાવ્યમાં સુરતનું વર્ણન નીચે મુજબ આલેખ્યું છે—

કાવ્ય માલા ગુચ્છક. ૧૪ (નિર્ણય સાગર પ્રેસ–પ્રકાશક)

"ઇન્દુદૂત" શ્રીવિનયવિજયજી ઉપાધ્યાય—

पोतश्रेणीपरिचयमिषात्तीरवेल्लद्विमाना
मज्जद्वृन्दारकवरवधूनागरै र्नागरीभिः ।
स्वादुस्वच्छस्फटिकरुचिराम्भो भरैरुत्तरङ्गा
तापी तत्र श्रयति तटिनी स्वर्गगङ्गानुकारम् ॥८७॥

ભાવાર્થ:–ત્યાં તાપી નામની સ્વર્ગ ગંગા સમાન નદી આવેલી છે. જેમ સ્વર્ગ ગંગામાં વિમાનો તરતાં હોય છે તેમ (તાપી) નદી વહાણોની હાર વડે વિમાનવાળા કાંઠા જેવી લાગે છે. નાગર અને નાગરીઓ ત્યાં સ્નાન કરે છે, સ્વચ્છ, સ્વાદિષ્ટ અને સ્ફટિક જેવા જલના તેમાં તરંગો છે. ૮૭

एनां संगच्छति जलनिधिः प्रत्यहं द्वित्रिरस्याः
सौभाग्येनातिशयगुरुणा कार्मणेनेव वश्यः ।
अभ्रच्छन्न त्वमपि भवितास्ये तयोर्योगकाले
पित्रोः पश्यन्क इह सुरतं लज्जते नेजडोऽपि ॥८८॥

ભાવાર્થ:—એ નદીને સમુદ્ર બે ત્રણ વખત અતિશય સૌભાગ્યથી ભેટે છે. તેમના યોગ કાલે તારે વાદળમાં છૂપાઈ જવું કારણ કે વડીલોનાં દેખતાં કયો જડ પણ સંયોગ કરશે ? ૮૮

तत्र श्रीमत्तपगणपत्तेः सद्विहारानिलोर्मि
प्लुष्टातङ्कां फलदलसुमस्फातिसंपन्नवृक्षान् ।
इष्टानेहः परिगत घनोद्भासिभूयिष्ठ सस्यां
द्रक्ष्यस्यर्हत् समवसरणापास्तदोषामिव क्ष्माम् ॥८९॥

ભાવાર્થ:—ત્યાંની જમીન શ્રી તપગણના આચાર્યના પવિત્ર વિહારથી ઉત્પન્ન થએલી પવન લહરી સ્પર્શાએલી, ફૂલ, પત્ર અને કુસુમ યુક્ત વૃક્ષોવાળી અને પુષ્કળ ધાન્યવાળી હોઈ શ્રી જીનેશ્વરના સમવસરણથી દૂર ગયા છે દોષ જેના એવી પૃથ્વી જેવી લાગશે. ૮૯

नम्रीभूताप्रतिपदमहो लुम्मिवृन्दैः पलानां
स्वर्णै योषा इव धनवतां सन्ति कम्राकदल्यः ।
स्निग्धच्छायै मधुरफलदलै र्मण्डपैर्गोस्तनीनां
गैहैग्रामा इव सुमनसां तत्र कान्तावनान्ता ॥९०॥

ભાવાર્થ:–સોનાનાં આભરણોના ભારથી વાંકી વળેલી ધનિકોની સ્ત્રીઓ જેવી ફલોના ભારથી નમ્ર બનેલી (નીચી વળેલી) ત્યાં કદલીઓ છે અને શીતલ છાયા, મધુર ફળ તથા દ્રાક્ષોના ઘણાજ મંડપો વાળા ત્યાં સુંદર વનો છે. ૯૦

उद्यानानां नगरमभितः संतति र्भाति नाना
वृक्षै र्लक्षै र्विविधसुमनः संपितानां लतानाम् ।
क्रीडद्दम्पत्युचितकदलीमन्दिरै र्बालकानां
मेहैः क्रीडाभवनसरसीदीर्घिकावापिकाभिः ॥९२॥

ભાવાર્થ:–નગરની ચારે તરફ વિવિધ પ્રકારનાં ફળ, ફુલ લતાવાળા ઉદ્યાનો આવેલાં છે તેમાં કેળ ગૃહોમાં દંપતીઓ ક્રીડા કરે છે. તે ઉદ્યાનોમાં વાવો અને નાનાં સરોવરો છે. ૯૨

पोता न्पोतानिव जलनिधेः कुक्षिनिक्षिप्तनाना
वस्तुस्तोमांश्चतुर भविता पश्यतस्ते विलम्बः ।
जाग्रज्जैत्रध्वनपरिगताजङ्गमद्रङ्गतुल्या-
न्पश्यन्नेतान् भवति जनः कोऽत्र विक्षिप्तचेताः ॥९३॥

ભાવાર્થ:–વિવિધ પ્રકારની વસ્તુઓનો સમૂહ ભર્યો છે જેમાં એવા સમુદ્રની સપાટી પર પડેલા જહાજોને જોતાં તને ઘણો સમય થઈ જશે. ફરફરતી ધ્વજાઓવાળા ડોલાયમાન ડુંગર જેવા એ વહાણોને જોઇને કોનું ચિત્ત ચલાયમાન ન થાય ? ૯૩

दुर्गोभर्गोज्ज् वलवपुरिहोत् कन्धरश्चन्द्रशाला
दम्भात्सौधच्छ दिपरुपचितो मौक्तिकच्छात्रशाली।
नाना यन्त्रप्रहरणधरो युद्ध सज्जोग्रशः
क्षत्रस्येष श्रयति सुखिनां धैर्यगर्वोद्धुरस्य ॥९४॥

ભાવાર્થ:–ત્યાં ઉંચા ભીનારાવાળો એક કિલ્લો છે તેમાં વિવિધ પ્રકારનાં ક્ષત્રિઓનાં યુધ્ધનાં શાસ્ત્રો રાખવામાં આવેલાં છે. ૯૪

गोपी नाम्नः किमिह सरसो वर्णयामो महत्वं
यत् क्षीराब्धेः कलयति कलां मथ्यमानस्य नो चेत्।
आस्ते कुक्षौ किमिह निहितौ मेरुरद्यापि किं वा
वीचिक्षोभो मथनजनितत्रासतोऽत्रागतस्य ॥९५॥

ભાવાર્થ:–અહીં ગોપી નામનું એક સરોવર છે. તેનું તો હું શું વર્ણન કરૂં ? (અવર્ણનીય છે). તે મંથનકાલના મહાસાગર જેવું ભાસે છે અથવા જાણે મંથનના ત્રાસથી મહાસાગર અહીં ભાગી આવ્યો ન હોય! એમ જણાય છે. ૯૫

नीलाच्छायाम् क्वचिदविरलैर्नागवल्लीदलौघैः
शुभ्रच्छायं क्वचनकुसुमैर्विस्तृतै विक्रियाय।
पिङ्गैः चङ्गैरतिपरिणितैः कुत्रचिच्चैक्षुदण्डै
र्नानावर्णं पुरमिदमिति द्योतते सर्वदापि ॥९६॥

ભાવાર્થ:-આ શહેર કયારેક નાગરવેલના પત્રોના સમૂહથી લીલું દેખાય છે, અને કયાંક વેચવાને માટે આવેલા કુલના સમાહારથી શુભ્ર દેખાય છે. પીળા શેલડીઓના સમૂહથી કયાંક પીળું દેખાય છે. આ શહેર આખો દિવસ પ્રકાશમાન લાગે છે. ૯૬

पोतोत्तीर्णाम्बुधिपरतठोद्भाविनो वस्तुवृन्दा-
न्द्रत्कसंख्यातुम् क इह गणना कोविदोऽपि क्षमेत।
इष्टे मातुं कइव....रज स्वर्ण माणिक्यपुञ्जा
न्गुञ्जाने मारुणतररुचींश्चाङ्कुरान् विद्रुमाणाम् ॥९८॥

ભાવાર્થ:—સમુદ્રના કીનારા પર ઉત્પન્ન થતી વસ્તુઓ જે વહાણમાંથી ઉતરે છે તેને ગણવા કયો વિદ્વાન પણ શક્તિશાળી થઈ શકે? અને સોનું, માણિકય, તથા અતિશય રાતાં વિદ્રુમોને કોણ માપી શકે? ૯૭

रूप्यस्वर्णप्रकरघटनप्रोत्थितैष्टङ्कशाला
गर्भोद्भूतप्रतिरवकृतैस्तारतारैष्टकारैः।
यत्र क्वापि प्रभवितुमलां दुष्टदौर्गत्यभूत
पूतः क्षौद्रे इयुपजविधौ मन्त्रसारष्टकारः ॥९८॥

ભાવાર્થ:—(તે શહેરની સમૃદ્ધિનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે) ટંકશાળમાં સોના તથા રૂપાને ટીપવાથી થતા અવાજથી ત્યાં દારિદ્રરૂપી ભૂતનો કયાંય પ્રભાવ પડી શકતો

નથીઃ મતલબ કે તે શહેરની ટંકશાળમાં એટલું બધું સોનું રૂપું ટીપાતું હતું કે ગરીબી જેવી વસ્તુ જણાતીજ નહોતી.

तस्य द्वाराङ्गणभुवि भवान् स्थैर्यमालम्ब्य पश्य-
न्साक्षाद्देवानिवनृजनुपो द्रक्ष्यसि श्राद्धलोकान्
हस्त्यारूढानथरथगतान् सादिनश्चार्थपौ.....(१)
ष्यर्थान् श्रोतुम् रसिकहृदयाञ्शीघ्रमाटीकमानान् ॥१०३॥

ભાવાર્થઃ—તે ઉપાશ્રયના દ્વારાગણુમાં સાક્ષાત્ દેવ સમાન શ્રાવકોનું તને દર્શન થશે. કોઈ હસ્તિપર બેઠા હશે, કોઇ રથમાં હશે, જ્યારે કોઈ જલદીથી આવજા કરતા હશે. ૧૦૩

(આ પરથી તે સમયના શ્રાવકોના વૈભવ તથા ધર્મ શીળતાનું સારૂં દિગ્દર્શન થાય છે.)

मध्ये सिंहासनमनुपमं तस्य शक्रासनाभं
चेतश्चेतत्सुखयति सतां हृद्यपद्यानुकारं।
सालंकारं सुघटितमहासंधिबन्धसुवर्णं
स्वच्छच्छायं सुललितचतुः पादसंपन्नशोभम् ॥१०६॥

ભાવાર્થઃ—તે ઉપાશ્રયની મધ્યમાં એક સુંદર ઇંદ્રાસન સમાન સિંહાસન છે. સુંદર કાવ્યની જેમ તે સત્પુરૂષોને હૃદયાનંદકારી છે. તે અલંકારવાળું, સુઘટિત, અને સુંદર વર્ણવાળું તથા ચાર પાયાવાળું છે ૧૦૬

# પ્રકરણ ૨જું

## સુરતની પ્રાચીનતાઃ નામાભિધાન

### ઐતિહાસિક પ્રસંગો

સુરતને સંસ્કૃતમાં સૂર્યપુર કહેલ છે. અપભ્રંશ સૂરજપુર પણ કહે છે. 'સુરત એ નામના સંબંધમાં ઘણી હકીકતો મળે છે જેમાંની એ મુખ્ય છે. રાંદેરના નવાબે સુરજ નામની ઉપપત્ની (રખાત) રાખી હતી જેની યાદગીરીમાં આ શહેર વસાવવામાં આવ્યું–પછી 'સુરજ'માંથી 'સુરત'. આ એક હકીકતઃ હવે બીજી હકીકત–તુર્કસ્તાનના સુલતાન તાપી કીનારે રહેતા હતા એ સુલતાનની બેગમનું નામ સુરતા હતું. આ આધારે પણ આશહેરનું નામ સુરત થયું હોય. ઐતિહાસિક સાધનોથી મૂલ નામ કયું હશે તે સિધ્ધ થઇ શકતું નથી. ઇ. સ. ૬૯૦માં અણહીલવાડના રાજાનું લશ્કર લાડવા સરદાર પર ચઢી ગયું તે વખતે સૂર્યપુર રહીને ગયું હતું એમ નોંધાયેલું છે. તે ઉપરથી આ શહેર સૂર્યપુર નામે પ્રચલિત હતું.

એ. બી. રેનલ લખે છે કે–" ૧૩મી સદીની શરૂઆત સુધી સુરત નાના ગામડાથી વધારે મોટું નહોતું" ઇ. સ. ૧૨૦૫માં સુરતનું અસ્તિત્વ હતું. મુસ્લીમ તવારીખ લખનારાઓ જણાવે છે કે–મહમદ શાહબુદ્દીન ઘાદશાહનો સરદાર, રાજા ભીમદેવને હરાવ્યા બાદ ઇ. સ. ૧૨૦૫ (આશરે)માં રાંદેર અને સુરત સુધી ગયો હતો."

## –: મૂલવતની :–

જેમ મુંબઇના મૂલવતનીઓ માછીઓ હતા તેમ સુરત, નદીના કિનારે હોવાને લીધે તેના વસ્તીમાંની એક કોમ તરીકે માછીઓ ખરા: તેમજ આ પ્રદેશ ફલદ્રુપ હોવાના કારણે ખેતી કરનારામાં હુબલાઓ મુખ્ય હતા. આજે પણ સુરત તેમજ તે જીલ્લામાંની ખેતીની જમીનો તેઓના કબજામાં છે. આજે દેશાઇઓ, જૈનો વગેરે જેઓ જમીનદારો થયા છે તેઓની જમીનોના મૂલ માલીકો હુબલાઓ હતા. સમય પલટાવાના કારણે તેઓ પોતાની જમીનો વેચી આજે મજુરો બન્યા છે એ નિર્વિવાદ છે.

## સુરતના ઐતિહાસિક પ્રસંગો.

ઇ. સ. ૧૩૪૭–મહમદ તઘલખ નામનો હિન્દુસ્તાનનો ગાંડો પાદશાહ ઇ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧ સુધી રાજ કરી ગયો. તેના વખતમાં ગુજરાતમાં એક મોટો બળવો જાગ્યો. તે વખતે ગુજરાતમાં અંધેર ચાલી રહ્યું હતું. એ બળવા વખતે તઘલખ પાદશાહે સુરત શહેર લૂંટી લેવાની રજા આપી સુરત લૂટીને નવસારી રહીને તે દેવગઢ ઉપર ચઢાઇ કરવાને ચાલ્યો.

ઇ. સ. ૧૩૭૩–તાપીના કિનારે દિલ્હીના પાદશાહ ફીરોજશાહે નાનો કિલ્લો બંધાવ્યો.

ઇ. સ. ૧૩૯૧–ગુજરાતના સુબા ઝુફરખાને પોતાના બેટા માહેરખાનને રાંદેર અને સુરતનો નવાબ ઠરાવી મોકલ્યો. તે વખતે પણ સુરતમાં ઝાઝી વસ્તી નહોતી.

## —:પન્નરમી સદીમાં:—

(ગોપીએ ગોપીતલાવ અને ગોપીપરૂં વસાવ્યું છે)

ઇ. સ. ૧૪૯૮થી૧૫૧૨–ઇ.સ. ૧૪૯૮માં પહેલવહેલા હિન્દુસ્તાનમાં યુરોપના પોર્ટુગીઝ લોકો આવ્યા; તેઓ કાલીકટમાં ઉતર્યા હતા. ત્યાંથી તેઓ સુરત આવ્યા અને ૧૫૧૨માં તેઓએ સુરત બાળી મુકયું.

ઇ. સ. ૧૫૩૦માં પોર્ટુગીઝોએ બીજી વાર ચઢાઇ કરી ફરી સુરતને બાળ્યું.

ઇ. સ. ૧૫૩૧માં સુરતને ત્રીજી વાર બાળી મૂકયું.

ઇ. સ. ૧૫૭૩ તા. ૧૯મી જાનેવારીએ અકબરે સુરત લીધું. તા. ૬ઠ્ઠી માર્ચે અકબર બાદશાહનો ત્યાં વાવટો ઉડયો. અકબરે કિલ્લેદાર નીમ્યો. સુરતની સુબાગીરી અલીજાનને સોંપી તથા કિલ્લાનો ઉપરી બીજાને બનાવી અકબર આગ્રે ગયો.

ઇ. સ. ૧૬૦૮ અંગ્રેજો પહેલવહેલા સુરતમાં આવ્યા. તે

તે વખતે અકબરનો પુત્ર જહાંગીર (સલીમ) રાજ્ય કરતો હતો.

ઈ. સ. ૧૬૦૯ માં મુઝફ્ફરનો પુત્ર બહાદુરખાન સુરત પર ચઢી આવ્યો. એજ અરસામાં નીઝામ સરકારના દૌલતાબાદના હાકેમ મલીક અંબરે ગુજરાત ઉપર ચઢાઇ કરી, સુરત લૂંટયું.

ઈ. સ. ૧૬૧૧ પ્રીરંગીઓનો પગ વધ્યો અને પહેલ વહેલી અહીં કોઠી નાંખી.

ઇ. સ. ૧૬૧૨ તા. ૧૧મી જાનેવારીએ ગુજરાતના સુબાએ કોઠી સ્થાપવા દેવા માટે અંગ્રેજો સાથે કરાર કર્યા.

ઈ. સ. ૧૬૧૫ પ્રીરંગીઓ ચઢી આવ્યા.

ઇ. સ. ૧૬૧૬ માં વલંદાઓ આવ્યા.

ઈ. સ. ૧૬૧૭ માં તેઓને વેપારના હકો મળ્યા.

ઇ. સ. ૧૬૩૧ માં સુરતમાં ભારે દુષ્કાલ પડયો. ત્રાસમાં ત્રાસ એ ન્યાયે વળી મરકી ચાલી.

ઈ. સ. ૧૬૫૭ શાહજહાં માંદો પડયો તેના છોકરાઓ માંહોમાંહે લડયા. શાહજહાંના મરણબાદ ઔરંગજેબ ગાદીએ આવ્યો તે ધર્માંધઝનુની હતો તેણે સુરતને "મક્કાનો દરવાજો" એ ઇલકાબ આપીને ધર્મઝનુન વધાર્યું જેથી સુરત જગજાહેર થયું.

ઈ. સ. ૧૬૫૯ હિંદુ મુસલમાન વચ્ચે ભારે લડાઇ થઇ. વાણીયા તથા નાણાવટી ઉપર ત્રાસ વર્તાવાયેા.

ઇ. સ. ૧૬૬૪ શિવાજીએ ત્રણ દિવસ સુરતમાં લુંટ ચલાવી, એક કરેાડ રૂપીયા લઇ તે પુને ગયેા.

ઇ. સ. ૧૬૭૦–૭૧–૭૪–૭૫ શિવાજીએ લુંટ ચાલુ રાખી.

ઇ. સ. ૧૬૮૧ શહેરનેા કેાટ બંધાવ્યેા.

ઈ. સ. ૧૬૮૪ મરકી ફાટી નીકળી. બે વર્ષ ચાલી. રેાજના ત્રણસેા મરણ થતા હતા.

ઇ. સ. ૧૬૮૭ શિવાજી હિંદુઓને લુંટી દક્ષિણના હિંદુઓમાં પૈસેા વહેંચતેા અને ઔરંગજેબ એજ રીતે લુંટી મુસલમાનેાને વહેંચતેા. બીચારૂં સુરત ! અંગ્રેજો પણ કંટાળી ગયા અને મુંબઇને મુખ્ય મથક કરી બેઠા.

ઇ. સ. ૧૭૧૬ ઓસ્ટેન્ટ નામની ત્રણ ઓસ્ટ્રીઅન કંપની સુરતમાં વેપાર કરવા આવી.

ઇ. સ. ૧૭૨૦ આલમપનાર કેાટ. નવાબ હાઇદર કુલીખાનનાં વખતમાં (૧૭૧૭–૧૯)માં બંધાવા માંડયેા. સને ૧૭૨૦માં તહયારખાનના વખતમાં બંધાઈ રહ્યો.

ઈ. સ. ૧૭૨૧ ઓસ્ટ્રીયન શહેનશાહે કંપની ચાર્ટર રદ કર્યો જેથી કંપની પાછી ગઇ.

ઇ. સ. ૧૭૨૯ તાપીનદીમાં ભારે રેલ ચઢી આવી.

ઇ. સ. ૧૭૩૬ કંપનીના દલાલ જગન્નાથ લાલદાસ દમાયા.
ઇ. સ. ૧૭૪૨ નાસરજંગ સુરત ઉપર ચઢી આવ્યો.
ઇ. સ. ૧૭૪૭ માં તેઓએ મોટી મદદ કરી અને સલાહકાર બન્યા.
ઇ. સ. ૧૭૫૯ ૪થી માર્ચે અંગ્રેજો કિલ્લાના ધણી થયા. તે વખતે સુરતની વસ્તી ૧૦ લાખ માણસની હતી. નીમબર નામનો પરદેશી લખે છે કે સાત લાખની હતી.
ઇ. સ. ૧૭૮૨ દટંદર વાવાઝોડું થયું. શહેરના અડધાં મકાનો તૂટી ગયાં.
ઇ. સ. ૧૭૯૦ ફરી દુષ્કાલ પડયો. લોકોને ઘણો ત્રાસ થયો.
ઇ. સ. ૧૭૯૨ હિન્દુ મુસલમાન વચ્ચે તોફાન થયું, અને સુરતને સળગાવવામાં આવ્યું.
ઇ. સ. ૧૮૦૦ તા. ૧૩ મીએ નવાબી રાજ ખતમ થયું અને અંગ્રેજી અમલ દાખલ થયો.
જૈનોમાં નગર શેઠ લખમીદાસની તથા ભણશાલીની પેઢીઓ મુખ્ય હતી.
ઇ. સ. ૧૮૧૦ બૌધાન ગામમાં અબ્દુલ રહેમાન નામનો મુસલમાન ઇમામ મહેદીનું નામ ધારણ કરી દુનીઆના રાજ્યનો દાવો કરવા નીકળ્યો. અંગ્રેજ સરકારે તેની સાથે લડાઇ કરી.
ઇ. સ. ૧૮૧૨–૧૩ દુષ્કાલ તથા મોંઘવારી !

ઈ. સ. ૧૮૧૭ પેશ્વાના માંડવ વંશના રાજાએ માંડવી આપવાની ગોઠવણ કરી જેથી ચઢાઈ કરીને તેને તાબે કર્યો.

ઇ. સ. ૧૮૨૨ ફસ્તમપુરામાં મોટી આગ લાગી. આખું પરૂં બલી ગયું. તરત ભારે રેલ આવી. એ રેલ ઇતઠોતેરની રેલના નામે ઓળખાય છે. એ રેલમાં જાન માલની મોટી ખરાબી થઇ.

ઈ. સ. ૧૮૨૫ વલંદા તથા ફ્રેંચોએ કોઠી બંધ કીધી.

ઇ. સ. ૧૮૩૭ મોટી રેલ આવી, મોટી આગ લાગી.

ઈ. સ. ૧૮૩૮ માંડવી હકદાર નહિ હોવાથી બાલસા કર્યું

ઇ. સ. ૧૮૪૪ મીઠાના ટેક્ષની સામે હુલ્લડ થયું

ઇ. સ. ૧૮૪૭ પોર્ટુગીઝોએ કોઠી બંધ કીધી.

ઇ. સ. ૧૮૫૨ સુરતમાં મ્યુનિસિપાલીટી સ્થપાઈ.

ઈ. સ. ૧૮૬૪ સુરતમાં રેલ્વે નંબાઇ અને મુંબાઇ સાથે વહેવાર ચાલુ થયો.

ઇ. પ્ર. ૧૮૬૮ મોટું સૂર્ય ગ્રહણ થયું,

ઇ. સ. ૧૮૭૨ ઉંટીઆ ટુંટીયાનો ઉપદ્રવ થયો.

ઇ. સ. ૧૮૭૮ લાઇન્સ ટેક્ષ સામે મહાજનના નામે હડતાલ પડી.

ઈ. સ. ૧૮૮૩ ભારે રેલ આવી.

ઇ. સ. ૧૮૯૩ ભારે અગ્નિ પ્રકોપ થયો.

(સુરતના વધુ ઇતિહાસ માટે જુઓ નર્મ ગદ્ય, સુખ તેરસની હકીકત)(સુરતનો ઇતિહાસ, ગુજરાત સર્વ સંગ્રહ વગેરે.)

# સુરત શહેરની પ્રાચીનતાના સંબંધમાં જૈનેતરમિત્ર ધનસીંગ ઠાકોરસીંગ ઠાકોરનો લેખ અત્રે રજુ કરવામાં આવે છે

## સુરત શહેર કેટલું પ્રાચીન છે? તેને વિષે કેટલીક દંતકથાઓ. એ શહેર કોઇએ વસાવ્યું હતું?

[ લેખકઃ—શ્રી ધનસીંગ ઠાકોરસીંગ ઠાકોર ]

( મુંબઈ સમાચાર, તા. ૨૭–૬–૩૬ માંથી )

ઇતીહાસીક લેખો ઉપરથી સુરત એક પ્રાચીન ૧૦૦૦ વરસ ઉપરનું પુરાણું શહેર જણાય છે. અને એ શહેર કયારે વસ્યું, અને કોણે વસાવ્યું તે વિષે કંઇ ચોક્કસ હકીકત ઇતીહાસમાં મળી આવતી નથી. સુરતના કવી નર્મદાશંકરે નર્મગદ્યમાં સુરતનો ઇતીહાસ લખ્યો છે, તેમાં સુરત શહેર અમદાવાદના બાદશાહનાં વખતમાં ઇસ્વીસન ૧૫૨૧ એટલે ૪૧૫ વરસ ઉપર સુરત શહેર નામે પ્રસિદ્ધ થયું છે. અને તે અગાઉ માછીવાડો હતું. તેનું નામ રામજની સુરજનાં નામ ઉપરથી સુરત રાખવામાં આવ્યું છે એમ લખ્યું છે. તો તે વિષે નીચેના બે ઇતીહાસીક લેખો લખ્યા છે. તેબે લેખો પૈકી કયો લેખ ખરો છે તે વિષે કોઇ ગુજરાતનો ઇતીહાસ જાણનારા સાક્ષરો ખુલાસો કરશે તો, સુરતની પ્રાચીનતા વિષે અજવાળું પડવાનો સંભવ છે.

(૧) સુરત એક પ્રાચીન શહેર છે તે વિષે મહેરબાન ફ્રાર્બસ સાહેબનું લખેલું રાસમાળા નામનું પુસ્તક ભાગ ૧–૨ તથા મી. એદલજી બરજોરજી પટેલે લખેલી સુરતની તવારીખ નામનું પુસ્તક તથા સુરત ગુજરાતમિત્રના સને ૧૯૨૩નાં સાલનાં છપાયલા હીરકમહોત્સવ અંકમાં શ્રીયુત મોહનભાઇ હરીભાઇ દેશાઇએ લખેલું સુરત શહેરનું સંક્ષિપ્ત વર્ણન તથા શેઠ હીરાચંદ ખુબચંદ જૈન પુસ્તક સીરીઝ ચાર્ત્ય પરીપાટી નામનું પુસ્તક જેમાં સુરતના જૈન દેહરાસરોમાં દેવની પ્રતીમાઓની પ્રતિષ્ઠા કરાવી છે, તે પ્રતીમા પર લેખો લખ્યા છે તેનો તથા બીજા ઇતીહાસોનો આધાર લઇ સુરતની પ્રાચીનતા વિષે નીચલો લેખ લખ્યો છે.

મહેરબાન ફ્રાર્બસ સાહેબે લખેલા રાસમાળા નામના પુસ્તકનાં આધારે રાસમાળાના પાના ૭૩માં લખ્યા મુજબ દસમી સદીમાં ગુજરાતના મહારાજા મુળરાજના વખતમાં મુળરાજ તથા તેના પાટવીકુંવર ચામુંડરાયે લાટ દેશના રાજા બારપ પર ચઢાઇ કરેલી તે વખતે તેમનું સૈન્ય સુર્યપુર અને ભૃગુકચ્છ હાલનું સુરત અને ભરૂચ એ બે શહેરો વચ્ચે રહી ગયલાનું લખ્યું છે. ત્યારથી ઇતીહાસમાં સુરતનું નામ જણાય છે. [ઇસ્વીસન ૯૯૭.] રાસમાળાના પાના ૨૯૩માં અણહીલપુર રાજ્યનું અવલોકનમાં મહેરબાન ફ્રાર્બસ સાહેબે લખ્યું છે કે ગુજરાતના રાજાના સ્વાધીનમાં સમુદ્ર કીનારે જગ્યાઓ હતી તેમાં સ્તંભનતીર્થ (ખંભાત) ભૃગુકચ્છ (ભરૂચ)

સુર્યપુર તે સુરત હશે એમ લખ્યું છે. તેથી જણાય છે કે સોલંકીવંશનાં ગુજરાતનાં છેલ્લા મહારાજા કુમારપાળના વખત સુધી સુરત સુર્યપુર નામે હતું. વળી રાસમાળાના પાના ૬૪૭માં મહેરબાન ફાર્બસ સાહેબ લખે છે કે જીત પામેલા મુસલમાનોએ રાજધાનીનું શહેર અણહીલપુર ખંભાત ભરૂચ અને સુરત બંદરો તથા સીદ્ધરાજના વંશના તાબામાં જે પ્રદેશ હતો તેનો ઘણો ભાગ પોતાના સ્વાધીનમાં કરી લીધો હતો એટલે પ્રથમ મુસલમાનોએ ગુજરાત જીતી લીધું હતું. રાસમાળા ભાગ ૨ ના પાનાં ૩૫૦માં મહેરબાન ફાર્બસ સાહેબ લખે છે કે દીલ્હીનો બાદશાહ મહમદ તઘલખ ઇસ્વીસન ૧૩૨૫ માં દીલ્હીની ગાદીએ હતો. તેણે સુરત તથા ખંભાત બંદરો લુટયાનું લખ્યું છે. તે પરથી માલમ પડે છે કે સુરત શહેર તે વખતે આબાદ અને મોટું શહેર હશે તોજ લુટેલું જણાય છે. ઇસ્વીસન ૧૩૫૧માં દીલ્હીની ગાદી-પર ફીરોજશા તઘલખ બાદશાહ હતો તેણે સુરત શહેરના રક્ષણ સારૂ ઇસ્વીસન ૧૩૭૩માં તાપી કાંઠે નાનો કીલ્લો બંધાવ્યો હતો. તે પરથી જણાય છે કે ઇસ્વીસન ૧૩૭૩માં સુરત શહેર મોટું અને આબાદ હશે તોજ તેના રક્ષણ સારૂ તેણે કીલ્લો બંધાવ્યો હશે. એટલે ઇસ્વીસન ૧૩૭૩માં પણ સુરત હતું.

ઇસ્વીસન ૧૨૦૫ માં દીલ્હીના બાદશાહ શાહબુદીનને સરદાર કુતુબુદીન અણહીલવાડનાં રાજા ભીમદેવને હરાવ્યા

પછી સંદેશ અને સુરત સુધી આવેલાનું જણાવ્યું છે એટલે ઈસ્વીસન ૧૨૦૫ માં પણ સુરત હતું.

## જૈન લેખો

સુરત જૈન પરીપાટી નામના પુસ્તકમાં જૈન દેહરાસરોમાં દેવની પ્રતીમાની પ્રતીષ્ઠા કરાવેલી મુરતીઓ છે તેના પર પ્રતીષ્ઠા કરાવ્યાનાં લેખો લખ્યા છે તે નીચે મુજબ છેઃ—

સુરત નાણાવટ તાળાવાળાની પોળમાં શ્રીમંધર સ્વામીના દેહરાસરમાં શ્રીપાર્શ્વનાથની મુરતીની સંવત ૧૨૧૫ માં માઘ વદી ૪ને શુક્રવારે પ્રતીષ્ઠા કરાવેલી છે. વળી એજ દેરાશરમાં સંવત ૧૨૧૫ના અખાડ સુદ ૯ને સોમવારના રોજ શ્રી-પાર્શ્વનાથની બીજી પ્રતીમાની પ્રતીષ્ઠા કરાવેલી છે, આ બન્ને લેખો ઉપરથી માલમ પડે છે કે ૭૭૭ વરસ પર સુરતની હસ્તી હતી.

તાપી નદીના એમબારી કાંઠા પર આવેલા શ્રીઆદીશ્વરજીનાં જૈન દેહરાશરમાં શ્રીપાર્શ્વનાથની પ્રતીમાની સંવત ૧૩૩૩માં પ્રતીષ્ઠા કરાવેલી છે તથા સુરત નાણાવટ નગરશેઠની પોળમાં શ્રીગોડીપાર્શ્વનાથના દેહરાસરમાં શ્રીપાર્શ્વનાથની મુરતી પર સંવત ૧૩૯૨નો લેખ છે, એટલે ૬૫૯ વરસ પર સુરતની હસ્તી હતી.

સુરત શાહપોરમાં આવેલા શ્રીચીંતામણી પાર્શ્વનાથના દેહરાસરમાં શ્રીઅનંતનાથની મુરતી પર સંવત ૧૪૦૫નો લેખ

છે. ત્યાં એજ દેરાસરમાં શ્રીકુથુંનાથજીની પ્રતીમા પર સંવત ૧૪૯૬નો લેખ છે. એટલે ૫૮૭ વરસ પર પણ સુરતની હસ્તી હતી.

સુરત નાણાવટ હનુમાનની પોળમાં શ્રીઅજીતનાથના દેહરાસરમાં શ્રી નેમીનાથની પ્રતીમા ઉપર સંવત ૧૪૭૫નો લેખ છે. ત્યાં એજ દેહરાસરમાં બીજી આદીનાથની પ્રતીમા ઉપર સંવત ૧૪૬૪નો લેખ છે તે પરથી જણાય છે કે ૫૧૭ વરસ પર પણ સુરતની હસ્તી હતી.

સુરત નગરનીશેઠની પોળમાં શ્રીગોડીપાર્શ્વનાથના દેહરાશરમાં શ્રીવીમલનાથની પ્રતીમા ઉપર સંવત ૧૫૩૬નો લેખ છે. તેમાં સુર્યપુર લખ્યું છે. તે પરથી ૪૫૩ વરસ પર પણ સુરતની હસ્તી હતી.

## ૧૦૦૦ વરસ પરનું શહેર

ઉપરનાં ઇતીહાસીક લેખો પરથી માલમ પડે છે કે સુરત ૧૦૦૦ વરસ ઉપરનું પુરાણું શહેર છે. કયારે વસ્યું અને કોણે વસાવ્યું તેનો કંઇ આધાર ઇતીહાસમાં મળતો નથી પણ એટલું તો ચોક્કસ છે કે તે ૧૦૦૦ વરસ ઉપરનું પુરાણું શહેર છે.

## દંતકથાઓ

સુરતનાં કવી શ્રી નર્મદાશંકરે પોતાના રચેલા નર્મગદ્યમાં પાનાં ૨૭૦માં સુરત વિષે લખ્યું છે કે સુરત–માછીવાડો તાપી કાંઠે હતું. એમાં માછી અને ખારવા લોક રહેતા હતા

એમ લખ્યું છે એટલે સુરત નામનું શહેર આગળ હતું જ નહિ અગર સુર્યપુર નામનું શહેર આગળ હતું જ નહિ. એનો એવો અર્થ થાય છે. પાના ૨૭૭માં સુરતની કતકથા નંબર (૧) લખી છે કે સુરજ રામજનીના નામ ઉપરથી ગોપીએ શહેર વસાવ્યું અને શહેરનું નામ રામજની સુરજના નામ ઉપરથી સુરત રાખવામાં આવ્યું અને તે સને ૧૫૨૧માં એટલે ૪૧૫ વરસ ઉપર સુરત શહેર નામે સુરત પ્રસીદ્ધ થયું.

કંતકથા નંબર (૨)માં લખ્યું છે કે રાંદેરના કોઇ જમીનદારથી સુરજ નામની છોકરીનું પેટ વધવાથી તે બાઇને તેના સગાઓએ માછીવાડમાં રાખી અને ત્યાં તેને ગોપી નામનો છોકરો થયો. તે છોકરો મોટો થયા પછી તેણે રોજગાર કરી સુરત શહેરની વસ્તી વધારી તે ઉપરથી શહેરનું નામ સુરત રાખ્યું.

કંતકથા (૩)માં લખ્યું છે કે યુરોપનાં કોનસ્ટેનટીનોપલ શહેરનાં બાદશાહે પોતે એક સુરતા કરીને રામજની હતી તેને રાખી હતી. તેના પર બાદશાહની બક્ષા મરજી થવાથી તેને કાઢી મુકી હતી. તે સુરતા રામજનીને એજ શહેરના ફમી નામના સોદાગરે રાખી તેની ખબર બાદશાહને પડવાથી બન્ને જણાને દેશનીકાલ કર્યા તેથી ફમીસોદાગર સુરતા રામજનીને સાથે લઇ માલમીલકતના વહાણો ભરી સુરત તરફ આવ્યો અને મુકામ કરી વેપાર કર્યો તેથી

સુરતની વસ્તી વધી. તેની બખર અમદાવાદના બાદશાહને પહવાથી તેણે કીલ્લો બાંધ્યો તે દીવસથી સુરતા રાજાજીના નામ ઉપરથી સુરત સુરત નામે પ્રસિદ્ધ થયું.

દંતકથા (૪) માં લખે છે કે કામરેજના રાજાની સુરજ વાડી નામની વાડી હતી તે પરથી સુરતનું નામ સુરત પડયું પાંચમી (૫) દંતકથામાં એમ લખે છે કે જે રૂમીખાંને સુરતનો કીલ્લો બાંધ્યો તેણે પોતાની કોઈ પ્યારીના નામ ઉપરથી શહેરનું નામ સુરત કેમ નહી પાડયું હોય એમ લખ્યું છે. ઉપરની દંતકથા વાંચી જોતાં માલમ પડે છે કે તે દંતકથા એક બીજાને મળતી આવતી નથી. દરેક દંત-કથામાં જુદી જુદી હકીકત લખી છે. તો કઇ દંતકથાના આધારે સુરતનું નામ સુરત પડયું તે નક્કી થઇ શકતું નથી પણ મારા ધારવા પ્રમાણે સુરતનું પ્રાચીન નામ સુર્યપુર હતુ અને તે અમદાવાદના બાદશાહનાં તાબામાં આવ્યા પછી સુર્યપુરમાં વેપાર રોજગાર વધવાથી શહેર આબાદ થઇ મોટું થયું. શહેરનું નામ સુર્યપુર બાદશાહને વાસ્તવીક નહી લાગવાથી તેનું નામ સુર્યપુરને બદલે સુરત રાખેલાનું જણાય છે.

ઉપરની બે ઇતિહાસીક હકીકતોમાં કઇ ઇતીહાસીક હકીકત ખરી અને માનવા લાયક જણાય છે તે વિષે વીદ્વાન વર્ગ ખુલાસો કરશે એની આશા રાખું છું.

## પ્રકરણ ૩જું.

## —સુરતનો જૈન ઇતિહાસ—

આ પુસ્તકનો મુખ્ય વિષય સુરતમાં કયા કયા આચાર્યોના આવાગમનો, તથા મુખ્ય મુખ્ય પુણ્ય સ્મરણો આલેખવાનો છે.

હીરસૌભાગ્યના કર્ત્તાએ જણાવ્યું છે કે સંવત ૧૬૨૧-માં શ્રી વિજયદાનસૂરિ સ્વર્ગસ્થ થતાં શ્રી હીરવિજયસૂરિ તપગચ્છના નાયક થયા તે પહેલાં પાટણમાં રાજ અમલ કરતા પઠાણ યવનશેરખાં (અહમદશા બીજાના વખતમાં પાટણનો સુબેદાર)ના સચીવ સમરથ ભણશાલીએ ગચ્છનો મહોત્સવ કર્યો. સુરત અને પછી વડલી જતાં સંવત ૧૬૨૧માં શ્રી વિજયદાનસૂરિ સ્વર્ગે સંચર્યા. (જૈન સાહિત્યનો ઇતિહાસ પાનું ૫૩૮)

## ગુરૂપુજાની સિદ્ધિ.

સંવત ૧૬૪૯માં શ્રી હીરવિજયસૂરીશ્વરજી શ્રી શેત્રુંજયની યાત્રાએ ગયા, ત્યાં સુરતનો સંઘ એકઠો થયો હતો અમદી ભણશાલીએ ૧૮૦૦ મહોરથી સૂરિજીની અંગપૂજા કરી. (જૈન સાહિત્યનો ઇતિહાસ પાનું ૫૫૨)

પ્રાચીનકાલમાં પણ ગુરૂપૂજા થતી હતી તે આ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે.

## ગુરૂપ્રવેશ મહોત્સવ

જીનસૌભાગ્યસૂરિ:–આચાર્ય ખરતરગચ્છમાં થયેલા જીનચંદ્રસૂરિના શિષ્ય તથા જીનભક્તિસૂરિના ગુરૂ હતા. તેમનો જન્મ વિક્રમસંવત ૧૭૩૬માં, દીક્ષા ૧૭૫૧માં, સૂરિપદ ૧૭૬૩માં, અને સ્વર્ગગમન ૧૭૮૦માં: આ આચાર્યે જ્યારે સુરતમાં પ્રવેશ કર્યો હતો ત્યારે ત્યાંના રહીશ ચોપડાગોત્રના પારેખ સ્વામીદાસે અગીયાર હજાર રૂપીઆ ખરચીને કર્યો હતો. આજના કાલમાં ગુરૂપ્રવેશ મહોત્સવો સામાન્ય રીતે થાય છે તેમાં કોઈપણ રીતે આશ્ચર્ય પામવાનું નથી કારણ કે આ પ્રથા પ્રાચીન પ્રચલિત છે.

(બીજી જગ્યાએ પદનો મહોત્સવ લખ્યો છે.)

સુરતમાં ચમત્કારી શ્રી પાર્શ્વનાથજીની અદ્‌ભુત પ્રતિમાં સુરતના ગોપીપુરામાં દેવસુરગચ્છના પ્રાચીન શ્રી ધર્મનાથજીના મંદિરમાં, નીચે ભોંયરામાં અતિ ચમત્કારી પ્રતિમાજી છે, જે સુરતમંડન, સુરજમંડન અગર સૂર્યપુરમંડન તરીકે મશહુર છે. તે પ્રતિમાજી સંપ્રતિ મહારાજના ભરાવેલા કહેવાય છે. આ પ્રતિમા સન્મુખ રાજસાગરમુનિએ શાંતિદાસ શેઠને માટે ચિંતામણી મંત્રની આરાધના કરી હતી. જેનું વર્ણન નીચે મુજબ છે. તે શાંતિદાસ શેઠના વંશજો સુરત તેમજ અમદાવાદમાં વસે છે જેની વંશાવલી આ સાથે આપી છે.

ચિંતામણી મંત્રની સાધના સુરતમાં સુરતમંડન પાર્શ્વ-


નાથજીના દેરાસરમાં થઇ હતી. શ્રીપાર્શ્વનાથજીની તે મૂર્તિ હાલ ત્યાંજ ગુફામાં (ભોંયરામાં) વિદ્યમાન છે અને તે અતિ-ચમત્કારી છે અને તે પ્રતિમા સંપ્રતિ મહારાજાએ ભરાવેલી કહેવાય છે.

જૈનરાસમાલાઃપા ૫.

ચિંતામણી મંત્રની સાધના જેના માટે થતી હતી તે સુરતના શાંતિદાસ શેઠ હતા. જેના કર્મ યોગ બલવાન છે તે બીજા માટેનું નિર્મીત પણ પોતે લઈ જાય છે. તેવી રીતે અમદાવાદના શાંતિદાસ શેઠે તે મંત્રની સાધનાનું ફલ લઈ ગયા જ્યારે સુરતના શાંતિદાસ કે જે શાંતિદાસ મણિયાના નામે પ્રખ્યાત હતા તે કંઇ ન પામ્યા. ચિંતા-મણી મંત્રની સ્થાપના પછી આ મંત્રની સાધના સધાવી કોણે ? તે રાસમાંથી જો કે સ્પષ્ટ થતું નથી. પરંતુ તેમાં નેમસાગર અને મુક્તિસાગરનું તે વખતે ચોમાસું હતું એમ જણાવે છે. સામાન્ય કથા પ્રમાણે રાજસાગર મુનિએ તે મંત્રની સાધના કરાવી હતી અને તેથીજ તેમને છેવટે સૂરિપદ અપાવવું અને પોતાનું ઋણ થોડે અંશે પણ સારી રીતે વાળવું એવો નિશ્ચય શેઠે કરીને પાળ્યો હતો.

શેઠ સરૂપચંદ મુલચંદ તા. ૧૨મી જુન સને ૧૮૮૨ મુકામ સુરત કાયસ્થ મહોલ્લો.

# શેઠ શાંતિદાસ.


[illegible]
રતનજી
લક્ષ્મીચંદ
માણેકચંદ
હેમચંદ
કેશરીસીંગ
ફતેસીંગ
અજરાલસીંગ
ચંદનસીંગ
દીપચંદશા
કલાણસંગ
મુલચંદ
તારાચંદ
ઉત્તમચંદ
કેવલવહુ
સરૂપચંદ
દેવચંદ
દીવાલીબેન
જસકોરવહુ
ગુલાબ
બીજકોર
મણીકોર
મોટીબેન
માનચંદ
નેમચંદ
હીરાકોર
ઉદેચંદ
જીવકોરવહુ
જવેરવહુ
શીવકોરવહુ
સકળચંદ
ઉત્તમલાલ
શીવકોર
દીવાલી
ચંચલ
કંકુબેન
અમરતબેન
પાર્વતીબેન
જીવણચંદ
ઉત્તમચંદ

## પ્રકરણ ૪થું.

## સુરતમાં સાહિત્ય પ્રવૃત્તિ

### સુરતમાં રચાએલા ગ્રંથો અને રાસાઓ.

સંવત ૧૬૭૪ સુરતમાં મુનિસુંદર કૃત અધ્યાત્મ કલ્પદ્રુમ પર કલ્પલતા નામની ટીકા રચાઈ: તથા ચંપકમાલા રાસ.

,, ૧૬૭૬ પ્રશસ્તી ઈડરના ભંડારની પ્રતની

,, ૧૬૭૬ પોષ સુદિ ૧૩ના દિવસે સુરતમાં, પ્રસિદ્ધ શાંતિચંદ્ર ગણિના શિષ્ય રત્નચંદ્ર ગણિએ ભવ્યકૃત્વ રત્ન પ્રકાશ નામનો ગ્રંથ રચ્યો.

,, ૧૬૮૯ સૂર્યપુર ચૈત્ય પરિપાટી–કર્તા વિનયવિજયજી સત્તરિસો સોલોત્તરઈ સુરત રહી ચોમાસ, તવન રચ્યુ મઇઅલ્પમતિ, આતમજ્ઞાન પ્રકાશ શ્રીવિજયદેવ સૂરીંદપાટે શ્રીવિજયપ્રભસૂરિ શ્રીકીર્તિવિજય વાચક તણેા, વિનય વિજય રસપૂરિ.

,, ૧૭૧૬ સુરતમાં શ્રી વિનય વિજયજી ઉપાધ્યાયે ચોમાસુ કર્યું.

,, ૧૭૨૨ સુરતમાં શ્રીયશોવિજયજી ઉપાધ્યાયે ચોમાસુ કર્યું. પ્રતિક્રમણ હેતુગર્ભિત અગીઆર અંગની સજ્ઝાય શ્રીઉપાધ્યાયજીએ સુરતમાં રચી, તેમજ સુરજ મંડન શ્રીપાર્શ્વનાથ સ્તવન રચ્યું.

સુરત ચોમાસું રહીરે, વાચક જશ કર જોડે,
યુગ યુગ મુનિ વંદુ, વત્સ, દેજોમંગલકોડે.

„ ૧૭૨૮ રાંદેરમાં નેમિનાથ બાર માસ સ્તવન શ્રી-
વિનય વિજયજીએ રચ્યું.

„ ૧૭૨૯ રાંદેરમાં પુણ્ય પ્રકાશના સ્તવનની રચના થઈ.

„ ૧૭૩૨ અનિરૂદ્ધ હરણ— કર્તા જયસાગર

„ ૧૭૩૮ ભગવતી સૂત્રની સજ્ઝાય રચના, શ્રી શ્રીપા-
લરાજાનો રાસ, શ્રીવિનયવિજયજીએ રચવો
શરૂ કર્યો. ગાથા ૭૫૦ થઈ. અપૂર્ણ રહ્યો.
સંવત ૧૭૪૩માં તેઓ ડભોઈમાં સ્વર્ગવાસ
પામ્યા. પાછળથી શ્રીયશોવિજયજી ઉપાધ્યાયે
તે રાસ પુરો કર્યો.

સંવત ૧૭૫૧ આસો સુદિ ૧૦.જિનવિજયે ગુણાવલી રાસ રચ્યો.
સંવત સત્તર એકાવન વરસે. વિજયાદશમીએ
સુરત બંદરમાં રાસ રચ્યો એ, સહાય સિદ્ધચક્ર.
કહે જિનવિજય મુનિ ધન્યાસી, સત્તાવીસમે
ઢાલે ઉંબર, બેઠી પાસ પસાય, ઘરિ ઘરિ
મંગલ માલરે.

„ ૧૭૫૮ સામાયિક દોષ સજ્ઝાય— કર્તા કહાનજી—

„ ૧૭૭૩ વીરજિન પંચ કલ્યાણક અશાડ શુદિ. ૫.
રામ વિજયે રચ્યું.

„ ૧૭૭૪ શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ માગશર શુદિ.

૫. સૈયદપરે અશોક–ચંદ્ર તથા રોહિણી રાસ રચ્યો. પ્રતલ ખાર્ડ છે.

,, ૧૭૮૧ ચોવીશી. કર્તા નિત્ય લાભ.

,, ૧૭૮૨ સદેવંત સાવલીંગા રાસ ,, ,,

,, ૧૭૯૩ સુરત ચૈત્ય પરિપાટી લાધાશાહ. માગશર વદ ૧૦

,, ૧૭૯૭ શુભવર્મારાસ અશાડશુદિ ૨ ,, જ્ઞાનસાગર

,, ૧૭૯૯ ધન્નાશાલિભદ્રરાસ શ્રાવણ શુદિ ૧૦ કર્તા જિનવિજય

,, ,, વચ્છરાજ રાસ ,, સત્યસાગર

,, ૧૮૦૨ સંવત ૧૮૦૨ વર્ષે આશો સુદ દ્વાદશી દિને શ્રીરવિવાસરે શ્રીસુરતિ બંદરે, શ્રીસૂર્યમંડણ પાર્શ્વપ્રાસાદ ર્કતિ શ્રેય શ્રેણુય શ્રી ત્યાદૃશં પુસ્તકં દૃષ્વા તાદૃશં લિખિતંમયા યદિ શુદ્ધ મશુદ્ધવા મય દોષો ન દિયતે.

,, ૧૮૭૭ સોહમકુલ પટ્ટાવલી રાસ દીપવિજય કવિ.

,, ૧૮૯૦ ચૈત્ર શુદ પ્રતિપદાવાદગુરો. શ્રીસૂર્યપુર મધ્યે લ. પુ. તેન રત્નેન આત્મા અર્થે

,, ૧૮૯૬ ના વરસે કારતક શુદિ ૧૧ને વાર શનિ લ. ખીમચંદ વિદ્યમાન જયચંદજી સ્થિ પ્રાસાદાત લખ્યો છે. શ્રી સુરત મધ્યે સ્વ અર્થેવા પરોપગારાય શ્રીલુંકાગચ્છે ગોપીપુરા મધ્યે આઠમે ચોમાસે લખ્યો છે.

આ સિવાય અનેક ગ્રંથો, અનેક રાસાઓ રચાયા છે. અસંખ્યાત પ્રતો લખાઇ છે. જો જુની પ્રતોની પ્રશસ્તીઓ બહાર પાડવામાં આવે તો ઇતિહાસ ઉપર અનેરો પ્રકાશ પડશે.

---

## પ્રકરણ પમું.

## અનેક તીર્થો અને શહેરોમાં સુરતે ભરાવેલાં શ્રીજિનબિંબો.

### નામાવલી.

શ્રીગીરનાર તીર્થમાં સંપ્રતિ રાજાની ટુંકમાં રંગમંડપમાં શ્રીવિમલનાથજીની મૂર્તિ ૪૮ ઇંચની છે. જેમાં નીચે પ્રમાણે લેખ છે.

સંવત ૧૬૦૯ મહા શુદ ૨ શુકે સુરતવાસી શ્રી શ્રીમાલી જ્ઞાતિય શ્રી ભાઈ ખેતાભાઇ જ્ઞાત્રણ કુટુંબ યુતેન શ્રીવિમલનાથ બિંબંકારિતં પ્રતિષ્ઠિતં બૃહત્તપાગચ્છે શ્રીરત્નસિંહસૂરિભિઃ

( શ્રી ગીરનાથ તીર્થનો ઇતિહાસ પા. ૫૩ )

### (જેસલમેર શ્રી ચંદ્રપ્રભુ સ્વામિમંદિર)

લેખ નં. ૨૩૫૩.

સંવત ૧૫૩૪ વર્ષે વૈ. વ. ૧૦ સુરતવાસિ પ્રાગ્વાટ વ્ય. ધર્માત્મા રાજીસુત વણવીર ભણછરી નામના સુત મહાકેન કુટુંબયુતેન શ્રી સુમતિબિંબ કા: પ્રા:ત થા લક્ષ્મી સાગરસૂરિભિઃ

## ઝાલુરમાંડ

સંવત ૧૬૬૭ વર્ષે શાકે ૧૫૬૨ પ્રવર્તમાને ફાલ્ગુન માસે શુકલપક્ષે સપ્તમા તિથૌસૂર્યવાસરે શ્રી શ્રીમાલજ્ઞાતિય વીશાશ્રીમા ગૃહે ભાર્યા કપુરા સુત વિંજરે શ્રી સોમાકેન શ્રેયસર્થે શ્રી આદિનાથ બિંબકારિતં.

## ડભોઇ

### (શ્રી શામળા પાર્શ્વનાથ મંદિર)

સંવત ૧૬૭૩ વર્ષે પોષ વદ ૬ શુક્ર તપાગચ્છા ધિરાજ શ્રી હિરવિજયસુરિ પાટુકે સુરતી બંદીર વાસ્તવ્ય ઓશવાલ જ્ઞાતિય શાવસ્તા ભાર્યા શ્રી બાઇ સુરત દેવકરણ ભગિનિ સાસકરણ ભર્યા–

## પ્રકરણ ૬ ઠું.

### કાલના ભોગ થએલા જિન ચૈત્યો.

મીરઝા સામેની મસજીદની કબર પત્થરની સને ૧૫૪૦માં ખુદાવંદ ખાન જેણે સુરતનો કિલ્લો બાંધ્યો હતો તેણે બંધાવી હતી અને અંદર મસજીદ–શાહપોરના શ્રાવકોને લુંટી જઈને તે સરસામાનથી બાંધેલી છે.

રાંદેરમાં પણ મસજીદ જૈન મંદિરોને લુંટીને બાંધવામાં આવી હતી.

### આગના ભોગ થયેલા જિન ચૈત્યો.

સુરતમાં અનેક વેલો અને આગોની આફત આવી હતી. જેમાં બે જિન ચૈત્યોનો નાશ થયો હતો. બપાટીઆ ચકલામાં જે ઉપાશ્રય આવેલો છે જેના સાથે પાર્શ્વનાથનું મંદિર હતું જેનો નાશ થયો છે. ગોપીપુરાની નવી ધર્મશાલા (જે મોહનલાલજીના ઉપાશ્રય તરીકે ઓળખાય છે) તેની સાથે પણ મંદિર હતું, જેનો આગમાં નાશ થયેલો છે;

આગ લુંટ વગેરેના ભોગ અનેક મંદિરો થયા છતાં આજે અનેક મંદિરોથી શહેર સુશોભિત છે.

(વાંચો સુરત ચૈત્ય પરિપાટી)

## પ્રકરણ ૭ મું.

## સુરતમાં મુનિઓનાં ચાતુર્માસ

સંવત ૧૭૮૭ શ્રી લક્ષ્મીસાગરસૂરિએ ચોમાસું કીધું.

સંવત સતર સત્યાશીએ વરસે, સુરજપુર ચોમાસોરે
સંઘ સકલે સોભાગી ગુરૂની ભકિત કરે ઉલ્લાસે–૬
બહુ તપ જપ ઉપધાન વહે તેમ માલારોપણ કિયારે
શ્રાવક લાભ લીએ બહુ ઈણીપરી ગુણ રયણે જે ભરીઆરે–૭

સંવત ૧૭૮૮ વિજયાદશમીએ પ્રમોદસાગર ઉપાધ્યાયને તેડાવી આચાર્ય પદવી આપી અને કલ્યાણસાગરસૂરિ નામ સ્થાપ્યું.

સંવત સત્તર અઠાસીએ વરસેરે,
વિજય દશમી દિવસે મનહરણેરે
પ્રમોદસાગર ઉવજઝાયને રંગેરે,
તેઠયાશ્રીજીએ અતિ ઉત્સંગેરે–૧૬
મોટો એ તપગચ્છનો તારરે,
તુમ્હને શું પુછું નિરધારરે
નિરવહેલે તુમે નિરતિચારરે,
પાલજો નિર્મલ પંચાચારરે–૧૭
વાસ લક્ષ કર ઉંચો કીધોરે,
શ્રીજીએ આચારીજ પદ દીધરે,
શ્રીકલ્યાણસાગરસૂરિ થાપ્યું નામરે,
સિદ્ધાભાવે મનવાંછિતકામરે–૧૮

સંવત ૧૭૮૯માં ક્ષમાવિજયજી ગણીએ ચાતુર્માસ કીધું.

લોટી ધર્મ જિણંદ સુપાસ; શ્રી સુરત મંડણ પાસ,

શ્રી સંઘને અધિક ઉલ્લાસ સંવત ઓંસીએ રહ્યા ચોમાસ.
સંવત ૧૭૮૦માં જિયવિજયગણીએ સુરતમાં ચોમાસું કર્યું.

ભરૂચથી મુનિસુવ્રત નમી સુરતપેરે સરનીવારે
સંઘસકલ સન્મુખ સહા ગાજતે વાજતે આવે રે. ૫
અતિ મોટે આડંબરે ઉપાસરે પધરાવેરે,
લવગોરી કરે ગહુંલી, મોતીડે વધાવે રે. ૬
ઓટે પાસ ધરમ સહા, કરે આગમ ગ્રંથ અભ્યાસો રે
સંઘ તણી અનુમતિ રહ્યાં, સંવત ઓંસીએ ચોમાસું રે ૭

સુરતમાં પાટણ શહેરના કચરા કીકા નામના સુશ્રાવક આવી વસ્યા હતા. તેમણે પોતાની લક્ષ્મીનો ઉપયોગ યાત્રાએ કરવાનો શ્રીદેવચંદ્રજીને પોતાનો ભાવ જણાવ્યો અને કોઇ સારા પંડિત પુરૂષને પોતાની સાથે આવવા વિનતિ કરી તેથી ગુરૂએ પુંજાકુમારને લઇ જવા કહ્યુ. (ઉત્તમવિજયજી જે સંસારીપણામાં હતા.)

પાટણ શહેરના વાણીઆ, કચરા કીકા નામ;
આવી સુરતમાં રહ્યા, સુંદર જેહનું ધામ ૧
પુણ્ય પ્રાકૃત જોરો થયો, લહી ક્ષેમાતર યોગ;
મન ચિંતે સફલો કરૂં, લક્ષ્મીનો સંયોગ–૨

ત્યાં સંઘને વિશેશાવશ્યક વાંચી સંભળાવ્યું. પછી ગુરૂ શિષ્યે પ્રેમાપુર આવી ત્યાં ચોમાસું કર્યું. અહિંથી સુરત આવ્યા. અહિં શ્રી વિજયદયાસૂરિ બિરાજતા હતા. અહીં સુરત મંડણ શ્રી પાર્શ્વનાથ, શ્રી ધર્મનાથ, શ્રી સંભવનાથ

શ્રી શાંતિનાથ, શ્રી ઋષભદેવ, શ્રી મહાવીર પ્રભુ, શ્રી અજીતનાથ આદિને વંદના કરી, નંદીશ્વરદ્વીપનો મહોત્સવ કર્યો. આઠ ગુરૂનો આદેશ લઇ પાદરા ગયા.

કચરા ઠીકાના શ્રી સિદ્ધાચલજીના સંઘમાં ગયા. પાછા ફરતા ભટ્ટારકશ્રીએ ઉત્તમવિજયજીને સુરત મોકલવા વિનંતિ કરી. સુરત આવતાં સામૈયું થયું, એમણે પન્નવણા સૂત્ર વાંચ્યું. બીજું ચોમાસું પણ રહ્યા. ઉપધાન, સ્વામિવત્સલ્યાદિ થયાં. ઉત્તમ વિજયજીના સુરતમાં ઘણાં ચોમાસાં થયાં હતાં. તેઓ સંવત ૧૮૨૭માં કાલ ધર્મ પામ્યા હતા—

સંવત ૧૮૧૩–૧૪માં શ્રી પદ્મવિજયજીએ સુરતમાં ચોમાસું કર્યું. તારાચંદ સંઘવીએ ઉપધાન વહેવરાવ્યા. સંવત ૧૮૪૯માં ફરી તેઓ સુરત પધાર્યા–પ્રેમચંદલવજી સંઘવીએ મોટું સામૈયું કર્યું. પન્નવણા સૂત્ર પુરૂં કરી મહાભાષ્યની તેઓએ વ્યાખ્યા કરી. ઉપધાન વહેવરાવ્યા. હૃદયસમ દીવાનનો ગોડીજીની યાત્રાર્થે સંઘ નીકળ્યો તેમાં પણ તેઓ શ્રી જોડાયા.

સંવત સત્તર સત્યાસીએ વરસે, સૂરજપુર ચોમાસોરે,
સંઘ સકલ સોભાગી ગુરૂની, ભક્તિ કરે ઉલ્લાસે ૬
બહુ તપ જપ ઉપધાન વહે તિમ, માલા રોપણ કિરીઆરે,
બહુ લાભ લીએ શ્રાવક મણિપરે, ગુણ રયણે જે ભરીઆ ૭
ભક્તિ કરે શ્રી ભગવાનજીની, ભાવ ભલેરો આણીરે,
ચરણ કમલ ગુરૂના નિત વંદે, ધન એ સુકૃત કમાણીરે ૮

સુરતિ સહિર, મનોહર બંદીર, શ્રાવક અતિ સુવિચારીરે,
શ્રીજીને ચોમાસું રાખી, કીરતી સબલ વધારી ૯
બહુ ગુણવંતા ગુરૂ ગુણ રાગી, ધન જનનીના જાયારે,
એક મને સેવે સદ્ ગુરૂના, ચરણ કમલ સુખ દાયા ૧૦
સુખ સમાધિમાં રહી ચોમાસું, લાભ ઘણો તિહાં દીધોરે
શ્રી લક્ષ્મી સાગરસૂરિ નિર્વાણ રાસ.

કર્તા:–લક્ષ્મી સાગરસૂરિના શિષ્ય સુમતિવિજય તાશિષ્ય રામ વિજય ઉપાધ્યયે રાજપરામાં રચ્યેા.

ચોમાસાં સુરત તણા, સદ્ વય લીન રે
ભક્તિ બહુ વિધ સાચવે, ગુણે કરી આધીનરે
શાંતિ નામે તિહાં રહે, હુંવારી ધનવંત અતિ ઉદારરે
પુત્ર નહિ તેણે કરી, ,, પૂછે ગુરૂને ધારરે
ગુરૂ પણ એમ કહે–સાંભલેા ,, ચિંતામણી જે મંત્ર
અટમાસ છે સાધના ,, તે અમ પાસે યંત્રરે
બાર હજાર જાપે કરે ,, વળી છત્રીશ હજારરે
પાંચ પ્રકાર ઉપર ચલે, ,, એહનેા અતિ વિસ્તાર
ધૂપ દીપ બલ બાકુલે ,, આહુતિ અટમાસ રે
ધરણ રાય પદ્માવતી ,, તેહની પુરે આશ
મેાઢીબાનું ભળાવીએા ,, જેમજેમ જોઇએ તેહરે
અમ આજ્ઞા છે આપજો ,, એહમાં નહિ સંદેહ.

(વધુ રાસાઓ—પ્રાચીન તીર્થમાલા સંગ્રહ, ઐતિહાસિક રાસ સંગ્રહ ભા. ૪, જૈન રાસ માલામાંથી જોવા.)

# પ્રકરણ ૮મું.

## સુરતના જૈન ઐતિહાસિક પ્રસંગો.

સંવત ૧૭૬૩ જિન સૌભાગ્યસૂરિ અશાઢ શુદિ ૧૧ સુરત બિંદર વાસ્તવ્ય ચોપડા ગોત્રીય પારિષ શ્યામદાસેન એકાદશ રૂપકવ્યયેન પદ મહોત્સવંકૃતં —આચાર્યપદવી આપી.

,, ૧૮૫૬ શ્રીજિનચંદ્રસૂરિ જેઠ શુદિ ૩ના દિવસે સ્વર્ગે ગયા.

,, ,, જેઠ શુદિ ૧૫ શ્રી જિનહર્ષસૂરિ.
શ્રી સુરત બિંદરે શ્રી સંઘકૃતોત્સવેન સૂરિપદં શ્રીજિનહર્ષસૂરિભિ નામ વિહિતં તદા તસ્મિન નગરે શ્રી સંઘ ચૈત્ય પ્રતિષ્ઠા કરાયિતા.

,, ૧૯૩૬ શ્રી રત્નસાગરજીનું ચોમાસું હતું. તેઓશ્રીના નેતૃત્વ નીચે નેમુભાઈની વાડીમાં સમવસરણની રચના થઈ. પાછલથી નાણાવટમાં આરસનું સમવસરણ થયું.

,, ૧૯૪૫ શેઠ ધરમચંદ ઉદયચંદ તરફથી શ્રી સિદ્ધાચળજીનો છ "રી" પાળતો સંઘ તથા શ્રી કેસરીઆજીનો પગ રસ્તે સંઘ શ્રી મોહનલાલજી મહારાજ સાથે નીકળ્યો. સ્ત્રીપુરૂષ મળી સંખ્યા ૧૪૪૦ લગભગ. સાધુસાધ્વી ૧૫૦.

સંવત ૧૯૪૬ શ્રીઆત્મારામજી મહારાજનું આગમન. (શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી)

,, ૧૯૫૦ જૈન ભોજનશાલાની સ્થાપના.

,, ૧૯૫૧ જશકોરની ધર્મશાલા તથા દેરાસરજી, મોતી સુખીઆની ધર્મશાલા તથા દેરાસરજી, ગોડીજીના દેરાસરજી તથા ભણશાલીની ધર્મશાલા.


,, ૧૯૫૬ શ્રીસૂર્યમંડન પાર્શ્વનાથ પ્રભુની ફરી પ્રતિષ્ઠા મોહનલાલજી મહારાજે કરાવી. જીવણચંદ ધરમચંદ તથા બાલુભાઇ મૂલચંદ—આ શ્રાદ્ધવર્યોએ ભગવાન પધરાવ્યા.

,, કતારગામના દેરાસરનો ફરી જિર્ણોદ્ધાર થયો. શ્રીમોહનલાલજી મહારાજના નેતૃત્વ નીચે રૂપચંદ લલ્લુભાઇએ મૂલનાયકને બેસાડયા.

સંવત ૧૯૫૭ આચાર્ય શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજીને પંન્યાસ પદસમર્પણ. તે પ્રસંગે શેઠ નગીનચંદ ઝવેરચંદ તરફથી એક લાખનો સદ્વ્યય. અપૂર્વ મહોત્સવ.

૧૯૬૧ આચાર્ય શ્રીવિજયનીતિસૂરીશ્વરજીને પંન્યાસપદાર્પણ. ઝવેરચંદની આગેવાની. પંચતીર્થની રચના. અપૂર્વ મહોત્સવ.

૧૯૬૨ શ્રી મોહનલાલજી જ્ઞાનભંડાર શા. નગીનચંદ કપુરચંદે બંધાવ્યો. મોહનલાલજી પાઠશાલાની સ્થાપના.



આચાર્ય સિદ્ધિસૂરિજીનો પંન્યાસપદ મહોત્સવ. ભાવવિજયજી, પં. ચતુરવિજયજી, સિદ્ધિસૂરિજી.
સં. ૧૯૫૭ એક લાખનો સદ્વ્યય.

„ ૧૯૬૩ આચાર્યમહારાજશ્રી આનંદસાગરસૂરીજીના નેતૃત્વ નીચે શહેરયાત્રા. (પ્રથમ આગમન)

„ ૧૯૬૪ આચાર્યમહારાજશ્રી આનંદસાગરસૂરીજીના નેતૃત્વ નીચે શ્રીઅંતરીક્ષજીનો સંઘ શેઠ અલૈચંદ સરૂપચંદે કાઢયો.

„ ૧૯૭૪ વૈશાખ શુદિ ૧૦ આચાર્ય મહારાજ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીને આચાર્યપદનું સમર્પણ. પાંત્રીસ હજારનો સદ્વ્યય. આચાર્યપદ પ્રદાન કરનાર આચાર્યમહારાજ શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી (મુલચંદમહારાજના સમુદાયના) હતા. મેરૂપર્વતાદિ તીર્થ રચના, ઉજમણું, વગેરે ઉત્સવો થયા હતા.
લાલન, શિવજી વગેરેના ધર્મદ્રોહના ઝઘડાની પતાવટ.


„ ૧૯૭૫ શ્રીજૈનઆનંદ પુસ્તકાલયની સ્થાપના.
આચાર્યપદની યાદગીરીમાં છઠ્ઠી અને સાતમી આગમવાચના.

„ ૧૯૭૬ આચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીના નેતૃત્વ નીચે શેઠ જીવણચંદ નવલચંદનો છ 'રી' પાળતો શ્રીસિદ્ધાચલજીનો સંઘ નીકળ્યો.

„ ૧૯૮૧ આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયકમલ સૂરીશ્વરજી,

શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી, શ્રીમદ્ વિજય-
લબ્ધિસૂરીશ્વરજી વગેરેનાં ચાતુર્માસ: શ્રીવિજય-
કમલસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધારક ફંડ, જૈન
સહાયક ફંડ એ બે ફંડની સ્થાપના.

,, ૧૯૮૬ આચાર્યમહારાજ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની
પધરામણી. દેશવિરતિ ધર્મારાધક સમાજ તથા
યંગમેન્સ જૈન સોસાયટીનાં સંમેલનો, નવપદ
આરાધન, શહેરયાત્રા વગેરે થયાં હતાં.



ઐતિહાસીક સંમેલનો માટે આચાર્ય આણંદસાગરસૂરિજીના પ્રવેશ મહોત્સવનું દ્રષ્ય સં. ૧૯૮૫ સંચયકાર કેપ્ટન તરીકે.

## પ્રકરણ ૯ મું.

## સુરતના દાનવીરોની નામાવલી અને સંવત ૧૯૫૦ પછીની સખાવતો.

(ઓગણીસમી સદીના જૈન કુટુંબો—નગરશેઠ, ભણશાલી, કલાશ્રીપત, ઉદેચંદ–ઈચ્છાચંદ, નેમાવાંદા, ડાહ્યાભાઈ વકીલ વગેરે લક્ષાધિપતિઓ તરીકે ઓળખતા હતા).

શેઠ મોતીશા અમીચંદ—શ્રીસિદ્ધાચલજી તીર્થ ઉપર અઢળક દ્રવ્યવ્યય તથા સાહસ કરી, પૂર્ણ ઉત્સાહથી ટુંક બંધાવનાર, મુંબઈમાં ભાયખલામાં દેહરાસર, કોટમાં દેહરાસર, અગાશીમાં દેહરાસર, લાલબાગ ઉપાશ્રય, ધર્મશાલા વિગેરે બંધાવનાર

શેઠ પ્રેમચંદ રાયચંદ—(જાહેર સખાવતોની શરૂઆત કરનાર). એમણે ગોપીપુરામાં મોટી ધર્મશાલા બંધાવી. ગોપીપુરામાં તેમજ હરિપુરામાં કન્યાશાલા કાઢી તે બન્ને ખાતાં તેમના પિતાના નામે (રાયચંદ દીપચંદ ધર્મશાલા–રાયચંદ દીપચંદ કન્યાશાલા) ઓળખાય છે. તેમજ જીવનમાં લાખની સખાવત કરનાર દાનવીર.

### સુરતના નગીનાઓ—

શેઠ નગીનચંદ ઝવેરચંદ—નગીનચંદ ઈન્સ્ટીટ્યુટના સ્થાપક

શેઠ નગીનચંદ કપુરચંદ—જીવદયા ફંડ, પાલીતાણામાં મકાન,

ધર્મશાલા, મોહનલાલજી જ્ઞાનભંડાર આ તમામના ઉત્પાદક.

શેઠ નગીનચંદ મંછુભાઇ—શેઠ નગીનચંદ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધારક ફંડ, શેઠ નગીનચંદ મંછુભાઇ જૈન આરોગ્ય ભુવન લાઇન્સ આ બે ખાતાં એમના સ્મરણરૂપે છે.

શેઠ નગીનચંદ ઘેલાભાઇ— શેઠ નગીનભાઇ ઘેલાભાઇ જૈન હાઇસ્કુલના સંસ્થાપક.

શેઠ ધરમચંદ ઉદેચંદ સંઘવી—શેઠ ધરમચંદ ઉદેચંદ જૈન એજ્યુકેશન ફંડ, શેઠ ધરમચંદ ઉદેચંદ જિર્ણોદ્ધાર ફંડના ઉત્પાદક: તેઓએ શ્રીસિદ્ધાચલજીનો તથા શ્રી કેસરીઆજીનો એમ બે સંઘ કાઢયા. લોયણી તીર્થમાં શ્રીમલ્લીનાથજી ભગવાનને હીરાનો મુગટ પહેરાવ્યો—સમર્પ્યો.

શેઠ દેવચંદ લાલભાઇ—શેઠ દેવચંદ લલાભાઇ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, દેવચંદ લાલભાઇ જૈન ધર્મશાલા. આ બે ખાતાં તેમની યાદગીરી છે.


શેઠ ઘેલાભાઇ લાલભાઇ—શેઠ ઘેલાભાઇ લાલભાઇ કેશરબરાસ ફંડના ઉત્પાદક.

શેઠ નેમચંદ મેલાપચંદ—એમની યાદગીરી.
શ્રી અનંતનાથજીનું મંદિર, વાડીનો ઉપાશ્રય, રત્નસાગરજી મીડલસ્કુલનું મકાન.



શેઠ ફુલચંદ કલ્યાણચંદની લાઈબ્રેરીના દેરાસરમાંની મૂર્તિ.

# શ્રી સિદ્ધચક્ર યંત્ર



શેઠ તલકચંદ માણેકચંદ માસ્તરના દેરાશરમાં છે.

શેઠ ખીમચંદ મેલાપચંદ—એમનું સ્મરણ—ઉપાશ્રય અને ધર્મશાલા.

શેઠ કુલચંદ કલ્યાણચંદ—એમનાં સ્મરણો—લાઇન્સમાં દેરાસર, લાઇન્સમાં વાર્ષિક સાધર્મિક વાત્સલ્ય, શ્રીશાંતિનાથજીના દેરાસરમાં રત્નજડિત મુગટ રૂપીઆ પચીસ હજારનો, ઉપર મંદિરની સ્થાપના.

શેઠ ભુરીઆભાઇ જીવણચંદ—એમણે પોતાના પિતાજીના સ્મરણાર્થે જીવનનિવાસ ધર્મશાલા બંધાવી છે તથા માતુશ્રીના સ્મરણાર્થે પાનસરમાં ટાવર બંધાવ્યું છે.

શેઠ તલકચંદ માણેકચંદ—સ્મરણો—જૈનમંદિર પાલીતાણા, લાયબ્રેરી, વિદ્યાર્થીઓને આર્થિક સહાય, અતિથિ સત્કાર.

શેઠ મગનલાલ ધનજીભાઇ—સગરામપુરામાં દવાખાનું ઉઘાડનાર.

શેઠ નેમચંદ નાથાભાઈ—સ્મરણો—દેરાસર, ધર્મશાલા(સ્ટેશન) અને પોણાલાખની પરચુરણ સખાવત.

શેઠ મલુકચંદ—એમણે નવાપુરામાં ઉપાશ્રય બંધાવ્યો છે.

શેઠ બાલુભાઈ અમરચંદ—સ્મરણો વડેચૈટે જ્ઞાનભંડાર તથા પાઠશાલા

શ. બા. શેઠ હીરાચંદ મોતીચંદ—જયકોરજ્ઞાન ઉદ્યોગ શાલાના સ્થાપક.

શેઠ ભુરાભાઈ નવલચંદ—નવલચંદ હેમચંદ દવાખાનાના સ્થાપક

શેઠ ભાઈદાસ નેમી—શ્રી શીતલનાથજીનું મંદિર બંધાવનાર, તથા શીતલવાડીના સમર્પક.

ડાહી ડોશી—શ્રીશાંતિનાથજીનું મંદિર બંધાવનાર.

લક્ષ્મી ડોશી—શ્રીમનમોહનપાર્શ્વનાથજીનું મંદિર બંધાવનાર

શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ સંઘવી—શેઠ પ્રતાપચંદે શ્રીસિદ્ધાચલજીનો સંઘ વહાણમાં કઢાડયો તથા શેઠ ઝવેરચંદે મુંબાઇ–વાલકેશ્વરમાં શ્રીજિનમંદિર બંધાવ્યું.

શેઠ ગુલાબચંદ રાયચંદ—સ્કોલરશીપ ફંડ અને સહાયકફંડના સ્થાપક.

શેઠ અમીચંદ ખુશાલચંદ—સહાયકફંડ એમના સ્મર્ણાર્થે ઉઘાડવામાં આવ્યું.

શેઠ નગીનચંદ કુલચંદ ઉસ્તાદ—એમણે મુંબાઈમાં મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું છે.

શેઠ અલેચંદ સરૂપચંદ સંઘવી—શ્રીઅંતરીક્ષજી તીર્થનો છ 'રી' પાળતો સંઘ કાઢનાર સંવત ૧૯૬૪

શેઠ ઉત્તમચંદ માનચંદ—એમણે સાગરગચ્છનો ઉપાશ્રય ફરીથી બંધાવ્યો.



ગોડી પાર્શ્વનાથજીનું દેરાસર સુરતના આગલા નવાબ સાહેબના વખતના જાણીતા ડાહ્યાભાઈ લાલભાઈ ભાઈશાજીવાળા તરફથી બંધાવવામાં આવેલું છે. આ દેરાસરમાં જેમ પાટણના પંચાસરા પાર્શ્વનાથના દેરામાં વનરાજ ચાવડાની મૂર્તિ છે. તેમ તેના બંધાવનાર ડાહ્યાભાઈ સાહેબની મનુષ્ય આકારની આબેહુબ મૂર્તિ છે.

શેઠ નવલબેન વખારવાલા—શ્રીજૈનતત્વબોધ પાઠશાલા માટે મકાન અર્પનાર સંવત ૧૯૮૭.

શેઠ રૂપચંદ લલ્લુભાઈ—ધર્મશાલા; સ્ત્રીઓ માટે ઉપાશ્રય તથા કતારગામમાં વાર્ષિક સાધર્મિક વાત્સલ્ય કરનાર.

શેઠ કલા શ્રીપત—શ્રીઅષ્ટાપદજીનું મંદિર બંધાવનાર.

શેઠ જગાભાઈ વીરચંદ—શ્રીશાંતિનાથજીનું મંદિર બંધાવનાર.

શેઠ હીરાચંદ મંગલદાસજી—શ્રીપાર્શ્વનાથજીનું મંદિર બંધાવનાર.

શેઠ મંછુભાઈ તલકચંદ—એમના સુપુત્રોએ એમના નામથી શ્રીસંભવનાથજીનું મંદિર બંધાવ્યું છે.

શેઠ જમનાદાસ લાલભાઈ—વડા ચૌટામાંશ્રી કલ્યાણ પાર્શ્વનાથજીનું મંદિર બંધાવનાર.

શેઠ માણેકચંદ મેલાપચંદ દીવાન.—શ્રી વડા ચૌટામાં શ્રી ગોડીજી પાર્શ્વનાથજીનું મંદિર બંધાવનાર.

શેઠ તલકચંદ મોતીચંદ કચરા—ધર્મશાલા, સમવસરણ વાડી બંધાવનાર.

શેઠ ખીમચંદ કચરા—શ્રી સિદ્ધાચલજીમાં વીશહજારની કિંમતનો હાર કરાવનાર.

શેઠ હીરાચંદ રતનચંદ મુખડીઆ—શ્રી મહાવીર સ્વામીજીનાં મંદિરનો ત્રીશ હજારના ખર્ચે જિર્ણોદ્ધાર કરાવનાર

શેઠ કલ્યાણચંદ વેલાભાઇ—એમના સ્મરણાર્થે પાલીતાણામાં કલ્યાણ ભુવનની સ્થાપના થઇ છે. એમના પુત્રોએ કાવી ગંધારનો સંઘ કાઢયો છે અને શ્રી ચંદ્ર પ્રભુજીના દેરાસરનો જિર્ણોદ્ધાર કર્યો છે.

શેઠ કલ્યાણચંદ નવલચંદ—કલ્યાણચંદ નવલચંદ જૈન પ્રાઇઝ ફંડના સ્થાપક.

શેઠ તારાચંદ સંઘવી—શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીનું મંદિર બંધાવનાર.

શેઠ મોતીચંદ ઝવેરચંદ—પાલીતાણામાં ધર્મશાલા તથા (મોતીકોર) (સુખીઆ) દેરાસર બંધાવનાર.

શેઠ કસ્તુરચંદ પ્રતાપચંદ—પાલીતાણામાં ધર્મશાલા તથા દેરાસર બંધાવનાર.

શેઠ જીવણચંદ નવલચંદ સંઘવી—શ્રીસિદ્ધક્ષેત્રનો છ "રી" પાળતો સંઘ કઢાવનાર.

શેઠ નગીનભાઈ કલ્યાણચંદ—મુંબાઇ–અગાશીમાં ધર્મશાલા બંધાવનાર.

શેઠ માણેકચંદ મુલચંદ—મુંબાઇ–અગાશીમાં સેનીટેરીઅમ બંધાવનાર.

શેઠ મંછુભાઈ જીવણચંદ—મુંબાઇ–મલાડમાં સેનીટરીઅમ બંધાવનાર.

શેઠ ભાઈચંદ તલકચંદ—મુંબાઈ–લાલબાગ ધર્મશાલા બંધાવનાર.

શેઠ પાનાચંદ ભગુભાઇ—શીતલવાડી ઉપાશ્રય, તેમાં જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર બંધાવનાર.

શેઠ મંછુભાઇ દીપચંદ—જૈન ધર્મશાલા બંધાવનાર અને સહાયક ફંડના સ્થાપક.

શેઠ છગનલાલ ગીરધરલાલ—છાપરીઆ શેરીમાં ધર્મશાલા બંધાવનાર.

લાલી—ગોપીપુરામાં દેરાસર બંધાવનાર.

શેઠ ધનલાલ રૂપાલાલ—૧૮૫૦ દેશાઈપોલમાં શ્રીસુવિધિનાથજીનું દેરાસર બંધાવનાર

બાઇ નેમીકુંવર—ગોલશેરીમાં શ્રીચંદ્રપ્રભુજીનું દેરાસર બંધાવનાર.

શેઠ બાલુભાઇક લાણુચંદ—મુંબઇમાં શ્રીગોડીપાર્શ્વનાથજીમાં પર્યૂષણાપર્વમાં પારણાં એમના તરફથી થાય છે.

શેઠ મગનભાઇ પ્રતાપચંદ—ગોપીપુરામાં લાયબ્રેરી અને સાહિત્ય ફંડ ઉઘાડનાર

શેઠ ઝવેરચંદ રાયચંદ બંગડીવાલા—પોરવાડ જ્ઞાતિ માટે સહાયક ફંડ ઉઘાડનાર

શેઠ અમેચંદ કસ્તુરચંદ—એમણે પોતાની પુત્રી ધનગૌરીના નામે મુંગાંપ્રાણી પ્રત્યે જુલમ વગેરે અટકાવનારી મંડળી સ્થાપી છે.

શેઠ ઘેલાભાઈ રતનચંદ—સોપાવર (માલવા)માં ધર્મશાલા બંધાવી છે.

શેઠ ભાઇચંદ કલ્યાણચંદ—સેનીટેરીઅમ માટે ફંડના ઉત્પાદક

શેઠ બાપુભાઇ સરૂપચંદ—કેળવણી ફંડના સ્થાપક

શેઠ સૌભાગ્યચંદ દીપચંદ—શ્રીમાલી જ્ઞાતિ માટે કેળવણી ફંડના સ્થાપક તેમના સ્મણાર્થે એક લાખનો સદ્વ્યય.

## શ્રી સિદ્ધાચલજીમાં સુરતના પુણ્ય સંસ્મરણો

### શહેર પાલીતાણા

**શ્રી ગોડીજી પાર્શ્વનાથનું દેહેરૂં**—આ દહેરાસર સંવત ૧૮૫૦માં સુરત નિવાસી ભણશાલી હીરાચંદ ધર્મચંદના સુપત્ની હેમકુંવર શેઠાણીએ પોતાના રહેવાના મકાનમાં ઘર દહેરાસર બંધાવ્યું હતું; પણ પાછલથી તેમણે શ્રી સંઘને સોંપ્યું- પાલીતાણાના શ્રીસંઘે નવું બંધાવી સંવત ૧૯૯૦ના જેઠ શુદિ ૧૨ના દિવસે આચાર્ય મહારાજ શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજીના હાથે પ્રતિષ્ઠા કરાવી.

**શ્રીઆદીશ્વરનું યાને મોતી સુખીઆનું દહેરાસર** તથા ધર્મશાલા સંવત ૧૯૪૮માં ચતુર્વિધ સંઘને ઉતરવાને એક ધર્મશાલા બંધાવાઇ છે જેમાં એક શિખર બંધ દેરાસર છે. કુલ પ્રતિમા ૧૪ છે. ધર્મશાલામાં કુવો છે.

શ્રી પાર્શ્વનાથજીનું યાને જશકુંવરનું દહેરૂં. સુરત નિવાસી જશકુંવરે સંવત ૧૯૪૯માં ધર્મશાલા બંધાવી તેના કંપાઉન્ડમાં શિખરબંધ દેહરાસર કરાવી પ્રતિષ્ઠા કરાવી છે. કુલ પ્રતિમાજી ૧૨ છે. ધર્મશાલામાં પાણીનો કુવો છે.

## ધર્મશાલાઓ

શેઠ મોતીશાની ધર્મશાલા—શેઠ મોતીચંદ અમીચંદ તરફથી બાંધવામાં આવી.

મોતી સુખીઆની ધર્મશાલા—મોતીચંદ ઝવેરચંદ સુખીઆની વિધવા બાઈ મોતીએ બંધાવી.

કલ્યાણ ભુવન—શા. પ્રેમચંદ કલ્યાણચંદે બંધાવેલ છે.

## સાત ઓરડાની અંદર સામે હાથાભાઇના ઓરડા

રાણીવાવ–સુરત નિવાસી ભુખણદાસ શેઠે યાત્રીઓ અને જનાવરો માટે બંધાવી છે.

ચોતરા–સતીવાવની સામે બે ચોતરા મોતીશા શેઠે બંધાવ્યા છે.

પરબો–સતીવાવના ઓટલા ઉપર મોતીશા શેઠની પરબ છે.

તલેટીના ભાથાના ચોતરા સામે હીરાભાઇના કુંડ આગળ શેઠ તલકચંદની પરબ છે.

કુંડો–ઇચ્છાકુંડ સંવત ૧૬૮૧માં સુરતવાલા શેઠ ઇચ્છાચંદે બંધાવેલો છે.

ભુખણદાસનો કુંડ–શેઠ ભુખણદાસે બંધાવ્યો છે જેમણે રાણીવાવ પણ બંધાવી છે.

રામપોલનું દહેરૂં–એ દેરાસર ત્રણ શિખરનું શેઠ દેવચંદ કલ્યાણચંદ સુરતવાલાએ બંધાવેલ છે.

શ્રીમહાવીર સ્વામીજીનું દહેરૂં—આ દેરાસર શ્રી શાંતિનાથજીના દહેરા સામે ઉંચા પરશાલ ઉપર મહાવીરજીના સમવસરણ મંગળગઢનું સંવત ૧૭૮૯માં સુરતવાલા સોમચંદ કલ્યાણચંદનું બંધાવેલું છે.

શ્રીસંભવનાથનું દહેરૂં–સુરતવાલા કેશરીચંદ વોહરાનું બંધાવેલું છે.

નવા આદિશ્વરનું દહેરૂં–આ દહેરૂં મંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળનું બંધાવેલું છે. અને તેમાં સુરતવાલા તારાચંદ સંઘવીએ ગયા સૈકામાં પ્રભુની પ્રતિષ્ઠા કરાવી છે. નાસિકા ખંડનના કારણે નવીન પ્રતિમા લાવવામાં આવેલા હતા અને અત્રે પ્રતિષ્ઠાપન કરવામાં આવ્યા છે

શેઠ મોતીશાની ટુંક–મોતીશા શેઠે કુંતાસરનો ખાડો પુરાવી, તળીઉં સરખું કરી દઇ સંવત ૧૮૯૨માં આ ટુંક બંધાવી. સંવત ૧૮૯૩માં શેઠ ખીમચંદે સંઘ કાઢી માહા વદી ૨ ના દિવસે શ્રી ઋષભદેવજીની પ્રતિષ્ઠા કરી. પુંડરીક સ્વામી દેરાસર પણ આ શેઠેજ બંધાવેલ છે.

ચૌમુખજીનું દહેરૂં–મોતીશાની ટુંકમાં તેમના મામા પ્રતાપમલ જેઇતાએ બંધાવેલ છે.

પાર્શ્વનાથનું દહેરૂં–સુરતવાલા શેઠ ખુશાલચંદ તારાચંદે બંધાવેલ છે. પ્રેમચંદ મોદીની ટુંકમાં—

શ્રીસહસ્રફણા પાર્શ્વનાથનું દહેરૂં–સુરતવાલા રતનચંદ ઝવેરચંદ ધુસે બંધાવેલ છે. સંવત ૧૮૬૦

શ્રીસહસ્રફણા પાર્શ્વનાથનું દહેરૂં–૨. સુરતવાલા ઝવેરી પ્રેમચંદ ધુસે બધાવેલ છે. સંવત. ૧૮૬૦

શ્રીસહસ્રકુટનું દહેરૂં–પાંડવોના દહેરા પાછલ છે. આ દહેરૂં સંવત. ૧૮૬૦માં સુરતવાલા ખુબચંદ મયા· ભાઈ લાલચંદે બંધાવ્યું છે.

શ્રી સત્રુંજય પર સુરતવાલાએ શ્રી આદિનાથજી ભગવાનની પાદુકાજી સ્થાપન કરી. વીર સંવત. ૨૨૬૨ વિ. સં. ૧૭૬૨.

# પ્રકરણ ૧૦ મું.

## જૈન ઐતિહાસિક વર્ણનો

### (૧) શ્રીમાલી જ્ઞાતિની શેવાઓ.

કચરા કુટુંબ પાટણથી આવેલ છે. તેઓ તરફથી નાણા-વટમાં સમવસરનું દેરાંસર, ધર્મશાલા તથા વાડી શેઠ તલકચંદ મોતીચંદે બંધાવેલ છે. શ્રી રત્નસાગરજી મહા-રાજના સમયમાં વાડીના ઉપાશ્રયમાં સમવસરણની સકલ રચના કરવામાં આવેલી. તે ત્યાં પધરાવ્યું. ત્રણ થોયવાલા રાજેન્દ્ર સૂરિની પ્રેરણાથી એ સમવસરણ લાકડામાંથી ફેરવી આરસનું કરાવ્યું અને તેની પ્રતિષ્ઠા મુનિ શ્રી મોહનલાલજી મહારાજે સંવત. ૧૯૬૧માં કરાવી છે. એજ કુટુંબના ખીમચંદ મોતીચંદે શ્રી સિદ્ધાચલજીમાં વીસ હજારની કિંમતનો મુલનાયકજીનો હીરાનો હાર કરાવ્યો હતો જેનું ઝવેરાત પાછલથી હાલના મુગટમાં વાપરવામાં આવ્યું છે જેથી એ કુટુંબને વગર નકરે મુગટ પહેરાવવાની છુટ પેઢી તરફથી આપવામાં આવી છે. વલી એજ કુટુંબની બાઇ લક્ષ્મી તે મોહનલાલ માણેકચંદની વિધવાએ લગભગ પચા- ય હજારની પરચુરણ સખાવતો કરી છે. મુલચંદ ગુલાબચ ે શ્રીસિદ્ધાચલજીનો સંઘ વહાણમાં કહાડયો હતો અને ર પાંજરાપોલમાં, નિભાવ માટે દશ હજારની દાન .ા. સૌભાગ્યચંદ દીપચંદની વિધવા બાઇ



શેઠ માણેકચંદ ઝવેરચંદના ઘર દેરાસરનું દ્રષ્ય


કાયસ્થ મોહલ્લા, ગોપીપુરા.

સરસ્વતીએ પોતાના ધણીના સ્મરણાર્થે લગભગ એક લાખ રૂપીઆનો ખર્ચ કર્યો છે જેમાં મુખ્યત્વે જ્ઞાતિ માટે કેળવણી ફંડ કરવામાં આવેલ છે.

તારાચંદ સંઘવી જેમણે શ્રીધર્મનાથજીની પાછલનું શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીનું દેહરાસર બંધાવ્યું તે તેમણે શ્રીસિદ્ધાચલજીનો સંઘ કહાડેલો છેઃ ત્યાંનો ઉધ્ધાર (વિજળી પડયા પછીનો) થવાનો હતો. તે નવી આદિનાથજીની પ્રતિમા લાવ્યા હતા. એ પ્રતિમાજી આ તારાચંદ સંઘવીએ ભરાવેલી છે.

## (૨) માણેકચંદ રૂપચંદ ભણશાલી પેઢીનું નામ.

### તેમના પુત્રો




ગુજરાત સમાચાર ઠાંડીઓ } માણેકચંદ મોતીચંદ જેચંદ ઘડીઆળી કહાડતા હતા પુસ્તકો પણ તેઓએ રચ્યા હતા.

## (૩.) સુરતમાં પદવીપ્રદાન પ્રસંગો—

| | |
|---|---|
| આચાર્ય શ્રી આનંદસાગરસૂરિજીને | આચાર્યપદ |
| ,, શ્રી નીતિસૂરિજીને | પંન્યાસપદ |
| ,, શ્રી સિદ્ધિસૂરિજીને | ,, |
| ,, શ્રી હરખમુનિજીને | ગણીપદ |
| ,, શ્રી કુમુદસૂરિજીને | ,, |
| ,, શ્રી પદ્મસૂરિજીને | ,, |
| ,, શ્રી માણિક્યસૂરિજીને | ,, |

## (૪.) શ્રી શીતલનાથજીના દેરાસરનો ઇતિહાસ.

સુરત બિંદર સમાગતા સ્તત્ર સં. ૧૮૨૭ વૈશાખ શુદિ દ્વાદશ્યાંઆદિ ગોત્રીય શાહ નેમિદાસાંગજ ભાઈદાસ કારિતઃ ત્રિભૂમપ્રાસાદ મંડનં. શ્રી શીતલનાથ, સહસ્રફેણુપાર્શ્વ, શ્રી ગોડીપાર્શ્વદ્વેકાશીત્યધિકં શતબિંબ પ્રતિષ્ઠા કૃતવંતસ્તથા સં. ૧૮૨૮ વૈશાખ શુદિ દ્વાદશ્યાંતત્રૈવ દેવગૃહે શ્રી મહાવીરઆદિ દ્વાંશીતિ બિંબ પ્રતિષ્ઠાં કુર્વતિસ્ય તદાદેવ ગૃહ બિંબ નિર્માપણ પ્રતિષ્ઠા દ્વયં વિધાપન સંઘ, ભક્તિ કરણાદૌ ષટ્ ત્રિંશત સહસ્રરૂપકર્માણી વ્યયભુતાની. જિનહર્ષસૂરિ. આ. ૧૮૫૬ (ખરતરગચ્છીય)

કર્તાઃ—ક્ષમાકલ્યાણ. ગ્રન્થનો સંવત. (વ્યતેમદશાનુસિદ્ધિ) ફાગણ માસ.

## (૫) સામુદાયિક સંસ્થાઓ

### કેળવણી વિભાગ

(૧) શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાલા
શ્રી રત્નસાગરજી જૈન બોર્ડિંગ હાઉસ } ગોપીપુરા.

(૨) શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ

(૩) શ્રી જૈન વિદ્યાશાલા

(૪) શ્રી મોહનલાલજી જૈન પાઠશાલા

(૫) છાપરીઆ શેરી જૈન પાઠશાલા

(૬) શ્રી સિદ્ધિ વિજય જૈન પાઠશાલા

(૭) શ્રી નવાપુરા જૈન પાઠશાલા.

### સ્ત્રી કેલવણી વિભાગ

(૧) શ્રા જૈન વનિતા વિશ્રામ

(૨) શ્રી જૈન તત્વ બોધ પાઠશાલા

### સાહિત્ય વિભાગ

(૧) શ્રીવિજયકમલસૂરીશ્વરજી પ્રાચીન પુસ્તકોદ્ધારક ફંડ

(૨) શ્રી આગમોદય સમિતિ

(૩) શ્રી જૈન સાહિત્ય ફંડ

### વાંચનાલયો

(૧) શ્રી જૈન આનંદ પુસ્તકાલય

(૨) શ્રી જિનદત્તસૂરી જ્ઞાન ભંડાર

(૩) શ્રી મોહનલાલજી જૈન જ્ઞાન ભંડાર

(૪) શ્રી હુકમમુનીજ્ઞાન ભંડાર

(૫) શ્રી દેવસુર ગચ્છ ભંડાર
(૬) શ્રી સીમંધર સ્વામી જ્ઞાન ભંડાર
(૭) શ્રી આનસુર ગચ્છ ભંડાર
(૮) શ્રી વડા ચૌટા જ્ઞાન ભંડાર
(૯) નેમચંદ મેળાપચંદ ઉપાશ્રય ભંડાર
(૧૦) શ્રી ચિંતામણુજી જ્ઞાન ભંડાર

## શ્રી જૈન ચૈત્યો

શ્રી મહાવીરસ્વામીજી, શ્રી કુંથુનાથજી, શ્રી સંભવનાથજી, શ્રી શાંતિનાથજી, શ્રી ધર્મનાથજી, શ્રી આદીશ્વરજી, શ્રી આદીશ્વરજી, ઉમરવાડી, શ્રી મનમોહન પાર્શ્વનાથજી, શ્રી ચંદ્રપ્રભુજી, શ્રી અજિતનાથજી, શ્રી નેમિનાથજી, શ્રી શ્રી આદીશ્વરજી, શ્રી અજિતનાથજી, શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી, શ્રી ચંદ્રપ્રભુજી, શ્રી વિમલનાથજી, શ્રી સુવિધિનાથજી, શ્રી ચંદ્રપ્રભુજી, શ્રી વાસુપૂજ્યસ્વામીજી, શ્રી શાંતિનાથજી, શ્રી શીતળનાથજી, શ્રી સુપાર્શ્વનાથજી, શ્રી આદીશ્વરજી, શ્રી ગોડીપાર્શ્વનાથજી, શ્રી આદીશ્વરજી કતારગામ શ્રી આદીશ્વરજી કતારગામ.

## જૈન ઉપાશ્રયો અને ધર્મશાળા

દેવસુરગચ્છનો ઉપાશ્રય.
અંચલગચ્છનો ઉપાશ્રય.
આનસુરગચ્છનો ઉપાશ્રય.

સંવેગી ઉપાશ્રય.
સાગરગચ્છનો ઉપાશ્રય.
વડાચૌટા મુનિજીનો ઉપાશ્રય.
બૈરાંનો ઉપાશ્રય.
સાધ્વીજીનો ઉપાશ્રય.

શ્રી પોશાલગચ્છનો ઉપાશ્રય, શાહપુર, મોટો ઉપાશ્રય, નવાપુરા, લોઢી પોશાલગચ્છનો ઉપાશ્રય નવાપુરા, ઉપાશ્રય હરિપુરા, નાનો ઉપાશ્રય હરિપુરા, ઉપાશ્રય ઓલશેરી, દેવ-સુરગચ્છ ઉપાશ્રય, છાપરીઆશેરી, શ્રાવિકાનો ઉપાશ્રય છાપરીઆશેરી, સાધુઓનો ઉપાશ્રય છાપરીઆ શેરી, સંવે-ગીનો ઉપાશ્રય–સગરામપુરા, બૈરાંઓનો ઉપાશ્રય–સગરામપુરા.

સાધર્મિક વાત્સલ્ય.

શ્રી જૈન ભોજનશાલા. શ્રી જૈન સહાયક ફંડ.

**જાહેર જન સેવા–**

પાંજરાપોલ, જીવદયા ફંડ, મુંગાપ્રાણી ઉપર ગુજરાતું ઘાતકીપણું અટકાવનાર ધન્યગૌરી ફંડ વગેરે.

વિસ્તારવાથી વર્ણન જાણવાની ઈચ્છાવાલાએ **સુરતની જૈનડીરેકટરી** તથા **સુરત ચૈત્ય પરિપાટી** આ બે ગ્રંથો વાંચવા.

**(૬) સુરત હીરવિહાર અને ગુરૂપાદુકા મૂર્તિ ગુરૂ-મંદિર વગેરે.**

હીરવિહાર–સુરતમાં સયદપુરામાં શ્રીચંદ્રપ્રભુ સ્વામીના

દેરાસરમાં બહારના મકાનની નીચે બાંધેલી દેરી છે જેમાં જગદ્‌ગુરૂ શ્રીમદ્ હીરવિજયસૂરિજીની પાદુકા છે.

(વધુ માટે જુઓ હીરવિહારરાસાઓ)

## હીરવિહાર સ્તવ.

સૂરતિ નયર સોહામણું એ, જિહાં સંઘ છઈ સુવિચારતો,
જિનગુરૂ આણુ શિર ઇંધરઈએ, સમકિત રયણ ભંડાર તો,–૧૦
શિલઈ થુલભદ્ર જાણીઈએ, બુદ્ધિઈ અભયકુમાર તો
લબ્ધિઇ ગૌતમ અવતર્યો એ, રૂપઈ નાગકુમાર તો–૧૧
વાંચક નેમિસાગર વરૂએ, તેહતણુઈ ઉપદેશ તો
હીરવિહાર મંડાવીઉએ, સંઘમનિ હર્ષ વિશેષ તો–૧૨

(જૈન સત્ય પ્રકાશ વર્ષ ૨ અં. ૧ પા. ૧૩)

શ્રીઆત્મારામની મૂર્તિ–વડોચૌટે શ્રીગોડીજી પાર્શ્વનાથજીના મંદિરમાં છે.

દાદા સાહેબનું મંદિર–હરિપુરા–સ્વતંત્ર જિનદત્તસૂરિ ઇત્યાદિની પાદુકાઓ છે.

શ્રીજિનદત્તસૂરિની મૂર્તિ–ગોપીપુરામાં શ્રીશીતલનાથજીના દેરાસરમાં શ્રીપાર્શ્વનાથજીના ગભારામાં

મુનિ મોહનલાલજીની મૂર્તિ–કતારગામના આદીશ્વરજી ભગવાનના દેરાસરના ગભારાના માથા ઉપર.

ગોપીપુરાના અષ્ટાપદજીના દેરાસરમાં મૂર્તિ તેમજ પાદુકા છે.

શ્રી સિદ્ધસેનમૂર્તિ–ગોપીપુરામાં માલીફલીઆમાં શ્રીશાંતિનાથજીના દેરાસરમાં છે.

શ્રી વિજયસેનસૂરિની પાદુકા–ગોપીપુરામાં માલીફલીઆમાં શ્રી શાંતિનાથજીના દેરાસરમાં છે.

શ્રી કુશલચંદ્રજીની પાદુકા–ગોપીપુરામાં માલીફલીઆમાં શ્રીશાંતિનાથજીના દેરાસરમાં છે.
ધર્મનાથજીના દેરાસરમાં મૂર્તિઓ છે.

શ્રી જિનદત્તસૂરિની પાદુકા–શ્રીચંદ્રપ્રભુજીના દેરાસરમાં તથા રૂપચંદ લલ્લુભાઈના ઉપાશ્રયમાં છે.

શ્રી હુકમમુનિની પાદુકા–ગોપીપુરાના ઉપાશ્રયમાં છે.

શ્રી નીત્તિવિજયજીની પાદુકા–ઓવારી કાંઠે શ્રી આદીશ્વરજીના દહેરાસરમાં છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું ચિત્ર દર્શન શાહપુર શ્રી ચિંતામણીજીમાં જોવામાં આવે છે.

આ સિવાય અનેક મંદિરોમાં અનેક પાદુકાઓ છે જેનું યોગ્ય સંશોધન કરવામાં આવે તો અનેક મુનિઓના સંબંધમાં પુરાતત્વ પ્રેમીઓને ઘણું જાણવાનું મળે.

(૭) ત્રણ થોયવાળા મુનિ રાજેન્દ્રસૂરિ સુરતમાં સંવત ૧૯૩૬ના અરસામાં આવ્યા હતા. તે સમયે સુરતમાં સમવસરણની રચના થઈ હતી. જે રચના પાછળથી નાણાવટના શેઠ તલકચંદ મોતીચંદ કચરા તરફથી પધરાવવામાં આવી

હતી. મૂલ રચના લાકડા પર હતી. તે રચના ફેરવીને આરસની બનાવવા એમણે ઉપદેશ કર્યો હતો અને એ ઉપદેશથી આજે આરસનું સમવસરણ અસ્તિત્વ ધરાવે છે.

તપગચ્છની સમાચારી અને ત્રણ થોયની સમાચારી વચ્ચે ફરક છે અને તેથી જ્યારે રાજેન્દ્રસૂરિ સુરત આવ્યા ત્યારે, તેમના મુકામદરમ્યાન શાસ્ત્રાર્થની ચર્ચા પંન્યાસ શ્રી ચતુરવિજયજી સાથે ઉપડી હતી પણ પરિણામમાં શાસ્ત્રાર્થ થયોજ નહોતો જે સંબંધમાં અન્યત્ર વિશેષ છપાયેલ હોવાથી એ પ્રસંગ અત્ર વિસ્તારથી લખવો આવશ્યક નથી.

(૮) કાશી (બનારસ)ના ગાદીપતિ નેમિચંદ્રજીના ગુરૂ શ્રીપૂજ્ય બાલચંદ્રજી યતિ સંવત ૧૯૩૮ના અરસામાં સુરત આવ્યા હતા. તેઓ સૂર્યમંડન પાર્શ્વનાથજીના મંદિરની બાજુમાં આવેલા લક્ષ્મીબાઇના મકાનમાં ઉતરેલા હતા. તેઓ યતિ હોવા છતાં ચારિત્રવાન અને વિદ્વાન્ હતા. પચાસ વર્ષ પહેલાંનો ઈતિહાસ જોતાં દરેક ગચ્છના સંવત ૧૯૩૬ પહેલાં સુરતમાં પ્રાયઃ ગચ્છાચાર, મચ્છ વ્યવસ્થાનું જોર વિશેષ હતું. સંવત ૧૯૪૦ પછી તે બંધ થયું છે. આજે સામુદાયિક ઉપાશ્રયો અસ્તિત્વ ધરાવે છે તેમજ સંવેગી મુનિઓના ચાતુર્માસો થાય છે. પર્યૂષણપર્વમાં વાર્ષિક જમણવારો થાય છે.

## (૯) સંવત ૧૭૨૧ થી ૧૭૩૮માં શીલવિજયજીએ સુરતની યાત્રા કીધી છે તેમણે નીચે મુજબ સુરતના મંદીરોનું વર્ણન કર્યું છે.

નવસારી સુરત મંડાણુ, ચિંતામણ સોહે જિનભાણુ,
ઉંબરવાડી જીરાઉલા, આદિનાથ ગાઉં ગુણનીલો (૧૧૧)
જિનધર્મી વ્યવહારી બહુ, સોહે સુરતરૂ સરિખા સહુ
મહઋધે રૂડા–લીલાવંત, દાન સુપાત્રે આપે સંત (૧૧૨)
વિનયવંત વારૂ ગુરૂમુખી, સદ્‌ગુણી સોહે દિનદિન સુખી
ન્યાયે મેલે સબલી લાછ, સાત ખેત્ર પોષે ઉલ્લાસ (૧૧૩)
તાપી તટ સાગરનું સંગ, કૌતુક જહાજ ઘણા ઉછરંગ
દ્વીપાંતરના અપૂર્વ વાત, મેવા મોતી વસ્ત્ર વિખ્યાત (૧૧૪)

અર્થ–સુરતમાં શ્રીજિનસૂર્ય એવા ચિંતામણી પાર્શ્વનાથ છે. ઉંબરવાડીમાં જીરાઉલા પાર્શ્વનાથ અને ગુણનીલા એવા આદીશ્વર ભગવાન છે તેમના ગુણ ગાઉં છું. અહિં જૈનધર્મ પાલનારા વ્યવહારી લોકો કલ્પવૃક્ષની માફક ઘણા શોભે છે. તેઓ ઋદ્ધિ સમૃદ્ધિએ લીલાવાલા છે અને સંત પુરૂષોને સુપાત્રે દાન આપે છે. વિનયવાળા અને સદ્‌ગુણથી શોભે છે. તેઓ દિવસે દિવસે સુખી થાય છે–સારી રીતે સુખી છે. તેઓ લક્ષ્મી ન્યાયથી ઉપાર્જન કરે છે. તાપીના કીનારે એ સમુદ્રનો સંગમ છે. અહીં ઉછરંગવાળા મને કાતુકથી જોવા લાયક ઘણા જહાજો રહે છે. મેવા મોતી

અને વસ્ત્રોથી વિખ્યાત એવી દ્વિપાન્તર વાતો અહિંજ મલે છે.

"શ્રીશીલવિજયજી વિરચિત સંવત ૧૭૨૧ થી ૧૭૩૮માં જાત્રા કીધી છે.

## તીર્થોની તીર્થમાલા

### નકસી

સુરતના લાકડકામ (નકસીવાળું) થી મશહુર થયેલું અને ચમત્કારી પ્રતિમાવાલા શ્રી ચિતામણી પાર્શ્વનાથજીના મંદિર સંબંધમાં જૈનેતર મિત્ર શ્રી દિનેશ નર્મદાશંકર ત્રિવેદીએ તૈયાર કરેલો નિબંધ અત્રે રજુ કરીએ છીએ.

## સુરતનું એક કલામંદિરઃ ચિંતામણીનું જૈન દેરાસર

[લેખકઃ-શ્રી દિનેશ નર્મદાશંકર ત્રિવેદી]

સેનીટરી ઇન્સપેકટર, પીતાંબર ગલી, સોની ફળીયા (પ્રતાપમાંથી)

"Architectural style is perfect and complete in all parts when we first meet with it at Abu or Girnar from that point, it progresses towards greater richness." Sames Ferguson.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એક પ્રસંગે કહ્યું હતું: "જ્યાં જ્યાં મનુષ્યે સત્યને આનંદ અને અમૃત રૂપે અનુભવ્યું છે ત્યાં ત્યાં તે પોતાની કાંઇક નિશાની રાખી ગયો છે. તે નિશાની કોઇ સ્થળે મૂર્તિના રૂપમાં અને કોઇ સ્થળે તીર્થના રૂપમાં મોજુદ છે. જો મનુષ્ય આવાં ચિહ્નો ન

ખોઇત તો સંસાર આપણને સંકીર્ણ લાગત." આ શબ્દો મનુષ્યની કલાકૃતિ સરજાવવાની પ્રેરણાને ઘણી સુંદર રીતે વ્યક્ત કરે છે. કલાના સૌન્દર્યને જડ સૃષ્ટીના સૌન્દ્રયમાં સમાવી દેવા માટે માનવીને પરિશ્રમ, બુદ્ધિમત્તા અને અગાધ કલ્પનાશક્તિની જરૂર રહે છે. જૈન સંપ્રદાયની માન્યતા ધરાવનાર કલારસિક મગજમાં પણ સૌન્દર્યને અમર કરવા માટે, સૃષ્ટી સૌન્દર્યની સ્પૃહાની તૃપ્તિ માટે લલિતકલા સરજાવવાની એવીજ પ્રેરણા થઇ. આબુ શત્રુંજય, વગેરે તીર્થો અને સુરત, અમદાવાદ વગેરે શહેરોમાં જૈનોએ જે દેરાસરો વગેરે બનાવ્યાં છે તે આર્યોની શિલ્પકલાનો કિમતી ખજાનો છે. જૈનોએ ધાર્મિક દૃષ્ટિએ દેરાસરો, જિનાલયો, બાવાસરા વગેરે બનાવવામાં ખૂબ ઉત્સાહ અને પરિશ્રમ સેવ્યાં છે. તેમની ધાર્મિક ભાવનાએ સ્થાપત્યની સ્વયંકલ્પ્ય યોજના સરજાવી છે. એ સ્થાપત્ય સંપૂર્ણ, ઉચ્ચ અને સતત અભ્યાસ અને અનુભવવાળા કલાવિકાસના પરિણામ રૂપે હિંદમાં સ્થળે સ્થળે નજરે પડે છે.

* * *

આવું એક કલામય દેરાસર સુરતમાં મીરજાંસ્વામીના ચકલામાં આવેલું છે. એ ચિંતામણી પાર્શ્વનાથભગવાનના દહેરાને નામે પ્રસિદ્ધ છે. મીરજાંસ્વામીના ચકલાથી વરિયાણી ગેટ જતાં જમણી બાજુએ મોરજાંસ્વામીની મસીદ

છે. બારીક નજરે જોતાં એનું સ્થાપત્ય જૈન દેરાસરનું હોય એમ જણાય છે. ઔરંગઝેબ સંવત ૧૭૦૦ ના અરસામાં ગુજરાતનો સુબો હતો તે વખતે અમદાવાદના સરસપુરમાં સંવત્ ૧૬૬૪માં શાંતિદાસ શેઠ નામના જૈને બંધાવેલું સુંદર અને ભવ્ય દહેરૂં તોડી નંખાવી ત્યાં મસીદ કરવામાં આવી હતી. એજ અરસામાં આ સ્થળેનું જૈન દેરાસર તૂટીને મસીદ બની હોવાનો સંભવ છે. શાંતિદાસ શેઠે શાહજહાંને અરજ કર્યાથી અમદાવાદનું દહેરૂં નવેસરથી બંધાવી આપવાનો હુકમ થયો હતો. આ શાંતિદાસ શેઠના વંશજો આજે પણ અમદાવાદના નગરશેઠ છે.

એવી દંતકથા છે કે સુરતનું એ દેરાસર તુટ્યા પછી પાર્શ્વનાથભગવાનની મૂર્તિ ભૂગર્ભમાં થઈને હાલમાં જે સ્થળે દહેરૂં છે ત્યાં આવી પહોંચી અને વડીપોસાળગચ્છના એક જૈનના સ્વપ્ન પોતાના આગમની ખબર આપી. તે પરથી એ ગૃહસ્થ એક જૈન યતિને મળ્યો. તે વખતના જૈન સાધુઓ તંત્ર વિદ્યામાં ઘણાજ કુશલ હતા. તેથી તે જૈન સાધુએ પોતાની સિદ્ધિ વડે વિશીકના બે જંત્રો, એક સોપારી, આઠ કોડી અને એક કોથળી મંત્રીને તે ભક્તને આપી અને આજ્ઞા કરી કે, આ કોથળીમાંથી દરરોજ હાથ નાંખીને તારે દેરાસરના બાંધકામના સરસામાનના અને મજુરીના અર્થ જેટલી મહોરો કાઢી લેવી, પણ કોથળી ઉંધી વાળવી નહિ. જો આનું ઉલ્લંઘન થશે તો

તો વિપરીત પરિણામ આવશે, તે પછી દેરાસરનું બાંધકામ શરૂ થયું અને લગભગ પૂરું પણ થયું અને સ્તંભ તથા છત પરના લાકડાના કોતરકામ અને ભાવન (ઘર) તીર્થંકરોની 'ભમતી'ઓના કોતરકામ પર સુવર્ણ રંગ રંગાઈ પણ ગયો. એટલામાં એક દિવસે પ્રલોભનથી કે ભૂલથી કોથળી ઉંધી વાળવાની અવળી મતિ એ જૈનને સૂઝી. પરિણામે દેરાસરનું તે પછીનું રંગકામ બંધ રાખવાનો વખત આવ્યો. આ દંતકથા ઉપરાંત વિશેષ જંત્ર પરનું લખાણ તથા બીજી તવારીખ તપાસતાં જણાય છે કે *પાદશાહ ઔગઝેબના વખતમાં ઈ. સ. ૧૭૦૧માં વૃદ્ધિસાગરજીસૂરિએ આ દેરાસરમાં ભગવાનનીમૂર્તિ પ્રતિષ્ઠાપન કરી હતી.

વૃદ્ધિસાગરસૂરિની પૂર્વે સૌભાગ્યરત્નસૂરિ વૈરાગ્યસાગરસૂરિ, લક્ષ્મીસાગરસૂરિ, શ્રી હર્ષસૂરિ અને મહિમાસાગરસૂરિ એમ પાંચ જૈન સાધુઓ થઈ ગયા હતા. વૃદ્ધિસાગરસૂરિજીના વખતમાં જૈન દેરાસરમાંનો જે ખજાનાનો ભાગ પ્રતિષ્ઠાપનાની સાથે સાથે બંધાયો હતો તેમાં જરાપણ પરિવર્તન કરવાની ધાર્મિક મનાઈ છે. એમ કરનાર અનિષ્ટ પરિણામ ભોગવી બને છે એવી માન્યતા છે.

* * *

---

* સંવત ૧૭૫૬ ચૈત્ર સુદિ ૯ દિને ગુરુવાસરે પાતસાહ શ્રી અવરેગજે શ્રી. પૂ. વિદ્યમાન વૃદ્ધિસાગરસૂરિ...આવું લખાણ જંત્ર પર છે.

આ જૈન દેરાસરનો મૂળ વહિવટ વડી પોશાળ ગચ્છના જૈનોના હસ્તક હતો. સુરતના નગરશેઠ નરસિંહદાસના વખતમાં તેમના હસ્તક હતો. તે પછી ગુલાબદાસ નગરશેઠના સગીરપણામાં રતનચંદ શેઠના હસ્તક એનો વહિવટ ગયો. તે પછી ખરમચંદ ઇચ્છાચંદના હસ્તક હતો. અને હાલમાં આંચળીયા ગચ્છના જૈન ગૃહસ્થ અમરચંદ કરમચંદના હસ્તક એનો વહિવટ ઈ. સ. ૧૯૧૮થી છે. વડી પોશાળ ગચ્છના ૪–૫ કુટુંબોજ હયાતીમાં રહ્યાં છે. આ ગચ્છના જૈન સાધુઓ તંત્ર વિદ્યામાં નિષ્ણાત હોવા ઉપરાંત મારવાડ તરફના વતની હોવાથી સ્વભાવે અહીંના જૈન સાધુઓ કરતાં જરા ઉગ્ર પ્રકૃતિના હોય છે. આ દેહરાસરના નિભાવ ખર્ચ માટે શીલકમાં રોકડ રકમ ન રાખતાં સ્થાવર મિલકતો વસાવવાનો રિવાજ ચીવટાઇથી દરેક વહિવટદાર પાળે છે, એટલુંજ નહિ પણ આ દેહરાસર સમસ્ત જૈન સંઘ માટેનું હોવા છતાં દરેક વહિવટદાર સુરતના નગરશેઠની સલાહ લઇનેજ દેહરાસરનું કામ કરતા આવે છે. સર્વધ્વંસક કાળના વહન સાથે ગભારાની ચારે તરફ ફરતો ભાવન તીર્થંકરોની 'ભમતી'માંથી ૨૮ ભાંગી ગઇ અને ચાર છતો (Ceiling) પરનું કોતરકામ પણ નષ્ટપ્રાય થઇ ગયું. તેથી "હીરૂમામા"ના નામથી પ્રખ્યાત થયેલા જૈન ગૃહસ્થે ઇ. સ. ૧૯૦૬–૭માં આ દેરાસરનો કેટલોક ભાગ રીપેર કરાવ્યો. એ કાર્ય શુદ્ધ નિષ્ઠાથી કરવામાં આવ્યું પણ કલાની દૃષ્ટિ ન હોવાથી લાકડાના

સુંદર અને બારીક કોતરકામવાળી છત અને બીજો લાકડ સામાન પાણીના મૂલ્યે, પાણી ઉતું કરવા જેવા કામ માટે મજુરોને વેચી દેવામાં આવ્યો. યુરોપનો કો કલાકાર આજે એ વસ્તુને લાખો રૂપીઆને મૂલે મૂલવત. વળી તીર્થંકરોની ૨૪ ભમતી જે હયાત રહી હતી તે પરનું સુવર્ણ રંગકામ ઝાંખું પડતું જોઈને હીરૂમામાએ જે રંગ કરાવ્યો તેથી હિંદની પ્રાચીન રંગકલાની પીંછી હંમેશને માટે આપણી આગળથી દૂર થઈ. હજીયે ધાર્મિક માન્યતા જો આડે ન આવત તો હાલમાં જે કોતરકામ હયાત અને કાયમ રહ્યું છે તે સઘળું રીપેર થઇ જાત અને સુરતનું કલામંદિર કલાનું સ્મશાન બની જાત. પણ તે પછીનું રીપેર કામ બંધ રાખવામાં આવ્યું અને હાલના વહિવટદારે કલાની પ્રતિમાવાળી બે છતોને ઉપરથી 'બોલ્ટ' વડે કાયમ કરી દીધી છે. ભવિષ્યમાં બને તો સ્તંભન અને છતના રક્ષણ માટે કાચના 'કેસ' કરાવી લેવાની સૂચનાનો વહિવટદાર અમલ કરે તો સારૂં.

* * *

મધ્યયુગીય જૈન મંદીરોનું વીશેષ લક્ષણ એ છે કે એના સ્તંભો પર નકશીકામ ખૂબ અને બારીક હોય છે. સ્તંભના શિરોભાગથી તે છેક છેવટ સુધી લતાનાં ચિત્ર અને શિરોભાગ આંબળાના આકાર જેવો ઘાટદાર અને વચ્ચે જરા ફુલેલો હોય તેને કાંગરા હોય છે. આ દેરાસરના સ્તંભોનું

કોતર કામ પણ એવું જ છે. તેમાં યક્ષ યક્ષિણી, અષ્ટદિગ્પાલો, બુદ્ધચરિત્ર અને જાતક કથાના કથા પ્રસંગો, ઘોડા અને હાથી સાથેની દેવોની સ્વારી વગેરે કોતરાયલાં છે. એકી ટસે જોવાથી એ કોતર કામ ઉપસીને આપણી તરફ ધસી આવતું હોય એવો ભાસ થાય છે. ચીત્રોનો યથોચિત ઘાટ એ ચીત્રકારોની કુશલ કારીગરીનો અને સૌન્દર્ય-વિષયક ઉચ્ચ કલ્પનાનો દ્યોતક છે. એ ચીત્રોમાં કૃત્રિમતા નથી. અનુકરણ સાથે અમુક અંશે સ્વાભાવીકતા (originality) પણ છે. ચીત્રકારોને ચીતરતાં થાક ચઢયાનાં ચિહ્નો આ ચીત્રોમાં નથી. દરેક ચીત્ર જૂદું જોતાં જેટલું સુંદર લાગે છે તેટલુંજ સુંદર સ્વારી વગેરે સામૂહિક દ્રશ્યમાં પણ લાગે છે. કારણ કે ચીત્રો પર જે કલામય પીંછી અને કોતરણીનું કામ થયું છે તે યથોચિત સ્થાને યથોચિત પ્રમાણમાં અને યથોચિત સ્વરૂપમાં થયું છે. આજ સૌન્દર્યનું રહસ્ય છે. ચીત્રોની કિનારીઓમાં પણ કૌશલ્ય ઓછું નથી. એમાં સુશોભીત વેલબુટ્ટીઓ છે. રંગમંડપના દક્ષિણ, પશ્ચિમ (નૈઋત્ય) ખુણામાંની એક વેલની ડિઝાઈન ઘણીજ આકર્ષક અને સુંદર હોય અનુકરણીય છે. રંગની યોજનામાં પણ ચીત્રો સફલ છે. સોનેરી રંગ એવી કુશલતાથી પૂરાયેા છે કે આજ સૈકાઓ વીત્યા છતાં એ રંગ જેટલેા ઝાંખેા પડવેા જોઇતેા હતેા તેટલેા પડયેા નથી. સ્તંભેા પરનું સોનેરી રંગ કામ ઝાંખું પડતું જોઇને તેના ઉઠાવ

લાવવા માટે સ્તંભો રંગાવવાનું કામ હાલના વહીવટદ્વારે આજથી ૧૩–૧૪ વર્ષ પર હાથ ધરૂં હતું. રંગમંડપમાંના પૂર્વ દીશાના દ્વાર પાસેના એક સ્તંભ રંગવા માટે જયપુર, પુના વગેરેથી ચુનંદા રંગના કારીગરો રોજના રૂા. છના મજુરી ભાવથી બોલાવ્યા હતા, અને એક સ્તંભનું રંગ કામ પૂરૂં થતાં લગભગ રૂ. ૧૧૦૦) ખર્ચ થયો હતો. પણ બીજેજ વરસથી એ થાંભલાનું રંગકામ ઝાંખું પડવા માંડયું હોવાથી વધુ કામ અટકાવી દીધું. આજે પણ વર્તમાન રંગ કલાના નમૂના રૂપ એ સ્તંભ ત્યાં ઉભો છે. અને તેની પાસેજ પ્રાચીન રંગકલાનો સ્તંભ તેની ઓસરતી અને આથમતી અવસ્થામાં પણ તેને પડકાર આપતો ઉભો છે. કલાકાર એ બન્નેનું સામ્ય આજે પણ કરી શકે તેમ છે. કોતર કામની વધુ સાચવણી માટે ઝુમ્મરો કાયમ રહેવા દઈને વીજળીની બત્તી દાખલ નહી કરવાનું કાર્ય પ્રશંસનીય છે. પ્રાચીન કલાના ધામમાં ઝુમ્મરોમાંથી પ્રતિબિંબિત થતો અને ચળાઇ આવતો પ્રકાશ કેટલો આહ્લાદદાયી થતો હશે! દર મહીનાની સુદ પ્રતિપદાએ આંગી પૂજા વખતે આ દહેરાનું દ્રશ્ય દર્શનીય થઇ પડે છે.

આશરે ચાર દાયકા પર સુરતમાં આ દેરાસરનું સુબ્બનું Model બનાવી લંડનના મ્યુઝિયમમાં મોકલવામાં આવ્યું હતું. એની કિંમત રૂા. ૩૬૦૦૦ થઇ હતી. એક દાયકા પર કેટલાક યુરોપીયનોએ દેરાસરના ગભારાની બહાર

સાથેનો લાકડ કોતર કામનો ભાગ રૂા. ૧ લાખની કિંમતે લઈને તેની જગાએ આરસપહાણ બેસાડી આપવાની માંગણી પણ કરી હતી. એ વાત સર જેમ્સ ફર્ગ્યુસન જેવા માર્મિક કલાવેત્તાના શબ્દોને સાચા સાબીત કરે છે કે હિંદમાં કોતર કામની કલા અત્યંત ઉચ્ચ શિખરે પહોંચી હતી. 'શિલ્પ રત્ન' નામના પ્રાચીન ગ્રંથમાં 'વજ્રલેપ' નામના લીંપણની રીત લખવામાં આવી છે. આ લીંપણના રંગ ખનિજમાંથી બનાવતાં હતા. સોનેરી રંગ સોનાના વરખમાંથી બનાવાતો અને ચીકાચ માટે પાડા તાજા ચામડા પર અનેક સંસ્કાર કરવાથી થયેલો ગુંદર તેની સાથે મેળવાતો. ભીંતો અને છત પર એવા વજ્રલેપના લીંપણવાળાં ચિત્રો ચીતરાતાં અને ટકાઉ રંગથી તે રંગાતા ત્યારેજ આજદિન સુધી તાજાંજ જણાય તેવો તેનો ઉઠાવ રહેતો આવ્યો છે.

આ દેરાસરની કલામય પાંખ જોઈને આપણે એના અપ્રસિદ્ધ ગ્રંથ ભંડાર તરફ જરા નજર નાંખીએ આ દેરાસર માંના અપ્રસિદ્ધ ગ્રંથો માગધી ભાષામાં લખાયલા છે. એક ગ્રંથ શાલીવાહન શક ૧૭૫૩ના કાર્તિક સુદ ૧૦નો છે. બીજો ગ્રંથ સંવત ૧૮૭૨ના વૈશાખ વદ ૧૨નો લખાયલો છે. ગ્રંથોની કાળી અને રાતી શાહી હજી તાજીજ જણાય છે. અક્ષરો ઝાંખા પણ પડયા નથી. કેટલાક ગ્રંથો તંત્ર શાસ્ત્ર અને કામશાસ્ત્રના છે. જૈન સાધુઓ સાધુત્વ સંપૂર્ણ અંશે પાળવા છતાં સાંસારીક જ્ઞાન (Knowledge of Se-

xual Science) સંસારીઓને પણ ફૂટી જાય એવા પ્રકારનું બતાવતા હતા, એવા શ્રી કુંવરલાલ ઝવેરીના મત સાથે મળતા થવું પડે છે. જૈન મતના ઈતિહાસને તપાસતાં જણાય છે કે ઇ. સ. ૧૪૬૭માં ભાણા નામનો એક સાધુ સુરત પાસેના ગામમાં થઈ ગયો અને તેણે જૈન ધર્મની પ્રતિમા પૂજાનો નિષેધ કર્યો હતો. ઇ. સ. ૧૬૫૩માં લવજી નામના સુરતના એક દશા શ્રીમાળીએ ઢૂંઢીયા મતનો પ્રચાર કર્યો. આ રીતે સુરતના વાતાવરણમાં જૈનમતના જાતજાતના વિચારતરંગો પ્રસંગોપાત ઉઠીને સમાઈ જતા હોવા જોઈએ. તેથી આ અપ્રસિદ્ધ ગ્રંથ ભંડારમાં કોનો કોનો ફાળો હશે તે તો કોઈ પુરાતત્વ વિદ્યાનો જાણકાર જ્યારે શોધશે ત્યારેજ જણાશે.

અત્યારે તો દાર્શનિક 'કેન્ટ'ના શબ્દોમા સૌન્દર્યની ભાવના સ્મરી અત્રેજ વિરમીએઃ

That is beautiful which pleases (qualtity). which please all (quaulity), which please without interest an without a concept and pleases necessarily.

# શ્રી વાસુપૂજ્યસ્વામીના દેરાશરનું વર્ણન

## દોહરો

શ્રી વાસુપૂજ્ય જિણંદને, પ્રણમું ગુણ અભિરામ;
જેહને નામે સંપજે, સકલ મનોરથ ધામ–૧
ત્રિભુવન વંદન પાવનો, વાસુપૂજ્ય નંદનદેવ;
વંદન ભાવ સહિત કરે, તવન કરૂં તત ખેવ–૨

આદિજિણંદ મયા કરો.–એ દેશી

પૂણ્ય પ્રભાવક ઉપના, ઉમરવાલ વંશ પ્રસિધ્ધો રે;
શમરા શારંગ શેત્રુંજયતણો, ધન્નરમો ઉદ્ધાર તે કિધો રે–૧
ધન ધન શ્રીજિનશાશને,–આંકણી.

નવલખ બંદિવાનને છોડાવી જશ લીધો રે;
તસ વંશે સુરત બંદરે વસતાં કારજ સિધ્ધો રે–૨
ખેમરાજ મેઘરાજનો, ઝવેરશા વ્યવહારી રે;
તસ સુતપુન્ય પવિત્ર જયો, રતનચંદ સુખકારી રે–૩
એકદા ગુરૂ મુખે સાંભળી, વાસુપૂજ્ય સંબંધ રે;
શાહીણી ચરીત્રને ધારીને, હર્ષ થયા પુન્ય બંધ રે–૪ ધન
વાસુપૂજ્ય મહારાજનો, નિપજાવુ પ્રસાદો રે;
મુહ માગ્યા ધન ખરચીને, ભુમિકા સુધ અલ્હાદ રે–૫ ધન
રંગમંડપ રળિયામણો, દેવરચિ મેટિ ઉદાર રે
ગંભારો તેજે ઝબહળે ગર્ભાવાસા નિવાર રે–૬ ધન
દ્રવ્ય ખરચ્યું મોટે મને જિનમંદિર સુભ કાજ રે
દેવ વિમાને સમો દેખી હરખ્યા સંઘ સમાજ રે–૭ ધન

ચંદ પરે ઉજવલ કાંતી, પાખાંણુ દલ ઝંઝાવે રે
પુરવ દેશથી આવીઆ શિલાવટ મન ભાવ્યો રે–૮ ધન
પંચ સુતર સિતારે ભાગની પડિમાજીનની ભરાવી રે;
કરણ ચરણની સીતરી પામવા જહે જણાવી રે–૯ ધન
માન પ્રમાણે બિંબ તે શલિજનને સુખ દાઈ રે;
સંપૂર્ણ મૂર્તિ તે થઈ, રતનશા હરખ વધાઈ રે–૧૦ ધન
કુંમાર યક્ષને ચંદા દેવી વાસુપૂજય પટરાગી રે
ટાળે વિઘનમાંણી ભદ્રજી દિઈ શાંતી પુષ્ટિ સોભાગી રે–૧૧ ધન

## ઢાળ

(ભરત નૃપ ભાવસ્યું એ)

હવે પ્રતિષ્ઠા કારણે એ, પુરવ ધન મુખ સારતો,
વેદિકા શુભ રચીએ, દોઢ હાથ ઉન્નત ભલીએ
ગુરીત વસ્તુ ઉદારતો...૧
પાંચ સ્વસ્તીક શ્રીફળ છવીએ, પંચ રતન ભુપીઠતો,
અષ્ટ સુગંધે વીલેપીઉં એ, કરી ધૂપ ઉકિઠતો.....વે. ૨
બાર અંગુલ માંમથી નહિ એ, ઉન્નત શરલ ઉતંગતો,
ચઉદિશી ચઉવેશને એ, થાએ મન ઉછરંગતો.....વે. ૩
વંશ પાત્ર માંડવારકા એ, ચઉવંશે સાત સાત તો,
પુણ્ય અંકુર જાણે ઉગીઆરે, વીમાન તોરણ પાંતતો....વે. ૪
સમોસરણ પ્રથમ સમે એ, પીઠ રચે સુરરાજ તો,
તિમ ઈહા શુભ મુરત શુભ દીન એ, ભૂમી સુધ અહારાજ વે. ૫
હવે જળ લેવા કારણે એ, થયો ઉજવાલ પુન્યવંત હો,

જળયાત્રા ભણિએ, હયવરસિણ ગાયે ભલા એ,
મયગલમદ મલ મદ પંતતો....જળ૦ ૧
હવે ચંદાવિરને એ, વૃષભ રથ કર્યા સજ્જતો,
પંચમાં અંગમાં વર્ણવ્યા એ, તિર્થ ઇહા રથ ઘન ગાજતો. ૨
ભેરી ભુગલ શરણાઇઉ એ, ઢોલનિશાંન વાજિંત્રતો,
સંઘ ચતુર્વિધ બહુ મળ્યા એ, ધ્વજા લહકંતી પવિત્રતો. ૩
સોહવગીત મંગળ ભણે એ, નરનારીના થોકકે,
પ્રસન્ન કરી જળદેવતાએ, મંત્ર સનાથ સલોકકે ૪
સોલ સિંણગારે શોભતી એ, રૂચીવંતી ચઉ નારી તો,
શજળ કલશ શીરેા પર ઠવીએ, આવે જિન દરબાર તો. ૫
પ્રભુની જમણી દીશી ઇઠવે એ, દેહ પ્રદક્ષણા માનતો,
સંઘ સત્કારકાર આડંબરે એ, રતનશા હરખ પ્રમાણ તો. ૬

## ઢાળ બીજી

(દેવનાહના છોકરા થાવે, વિરનેપંધોળે ચઢાવે—એ રાહ.)
હવે મંગળ કલશની રચના, કરી વિધિ યેાગ્ય નીયતના,
દાગ રહીત મંગળ અહચાત્ર, મધ્યે કુંકુમ સાથીઉ મંત્ર–૧
પંચરત્નને દ્રવ્ય અભંગ, માંહિ ઠવીએ મન ઉછરંગ,
મેાહેાસનાથ મેાહેાસવ કીજે, તથા બિંબ પ્રવેશ તીહાં કીજે–૨
નવા બિંબ પ્રતિષ્ઠા હેાવે, તિહાં કુંભ સ્થાપના જોવે,
પ્રભુજી મણી દીશી માનેાહાર, દિપક જયણા સુરકકાર–૩
કુંભ ચકે નક્ષત્ર આવે, સવી પાપ તાપ શમાવે,
કંઠે કુલ માલના હેર શુભ વસ્ત્ર આછાદીન સાર–૪

શાલ સ્વસ્તીક ઉપર થાપે સુંદરી ગીત ગ્યાંન આલાપે,
જિનશાશનમાં એ કરણી નિરવિઘ્ન તણી નીસરણી–૫
તેસવી અંકમાં અક્ષય અંક તેહમાને ગણુવો નિશંક,
સોહવ પુત્ર વંતી નારી નવપદનો પદનો મંત્ર સંભારી–૬
થિર શાશે અષંડ ધારે જળ પુરી જે શુભ વારે
લક સ્નાત્ર તે દીનથી સોહાઈ શાંતિ સ્મરણ ત્રિસાઉ હોનેરૂયો–૭
એહ કીરીઆમાં હુશીઆરી ત્રિકરણ યોગે વ્રત ધારી
ઉજવલતા સવતી ગવરી ઘૃતદીપ પુરે શુભ કુમરી–૮
સૂર્ય કાંતીનો દેવતા યોગે ધર્મ દીપક પ્રગટે ઉછોગે,
ધર્મકુંભ સ્થાપના યુગતે સૌભાગ્ય લક્ષ્મિસુરી શક્તિ–૯

## ઢાલ–૩

ફતમલ હુતો ગહતી તળાવ–એ દેશી

સુરિજન બિજ દીવસ સુજાણ સોવન પટે સોહતો
સુરિજન સુગંધના સાત લેપ સોવન લેખની દીપતો ૧
સુરિજન નંદા વર્ત લિખંત કલ્યાણ તેતનો કંદએ
સુરિજન જીનની ગહ ત્રણ રાજિત પરમાનંદ એ ૨
સુરિજન નક્ષત્ર પાલ આહવાન, ત્રીજે દિવસે કીજી એ,
સુરિજન નવગ્રહ દશ દીગપાલ અષ્ઠ મંગળ સ્થાપી પુંજી એ ૩
સુરિજન સિદ્ધચક્રની સેવ ચોથે પાંચમે દીહાડલે
સુરિજન વિસથાનિક ભક્તિ ધરતાં રતનચંદ હીઅડલે ૪
જગપતિ વાસુપુજ્યનો જીવ પંચોતેર ભુપ શંથમી
જગપતિ વીસથાનિક તપ કીધ ભવ ત્રિજે ગુણ અનુરમી ૫

જગપતિ બાંધિ તિર્થંકર ગોત્ર પ્રાણુત સ્વર્ગે સિધાવીઆ,
જગપતિ વીરશાગરનુ આય ભોગવિજયા કુખ પામીયા ૬
જગપતિ જયારાણી ચંપાનગર મળારી વાસુપુજ્ય ભુપતી ગુણનીલેા
જગપતિ જયારાણી ગુણવાણી, સર્વ સ્ત્રી જાતિમાં સીરતીલેા ૭
જગપતિ જેષ્ટ શુદિ નવમી જાણુ ગરભા વાસે અવતરીયાં
જગપતિ પેાઢિપલ્યંગ મલારી સુખનિદ્રાઇ અલંકર્યાં ૮
જગપતિ ચઉદ સુપન તિહાંદીઠ તે શકૂળ શાસ્ત્રમાં દાખીઉં,
જગપતિ વચન કલ્યાણક ધાર પ્રાણુથાપન બે બે થાપીઉં ૯
જગપતિ રંડ આવે તત બેહ બંદ જનની કુશળ પુંધે,
જગપતિ ત્રિણુજ્ઞાન ભગવાન શામતેા રવી સમ રૂપ છે ૧૦
જગપતિ છઠે દીવસે બે કાજ કાજે કીયા અતિભલી
સુરીજન રતનશા હરખ અપાર ધન ખરચી જે મન રૂલી–૧૧

## ઢાલ ૪

અંબાયનેા ગઢ ગાજે છે–બે દેશી

આવેા જમાઇ પ્રાહુણા જયવંતાજી
ઐરાવણ ગરૂપતી કહેરે સુણેા માતાજી
કર સ્યે મુળ સ્વામી શેવ તવસુત જાણજી
મુળ પરેં ભારવ હુશે, જમ નંદજી
ધમ કહેતેા ઘેારી દીઠ, નયણા નંદજી ૧
રાગ દ્વેષ, કહે સી ડેાજી
વિઠેા જયા રાણી, ધર્મ સમી ડેાજી
માહરેા ચપલ દેાષ વારસ્યે, પુત્ર સેવાજી
સિરી દેવી વિનવે એમ, તત્વ કહેવાજી ૨

જાણીઇ કુલ માળા વહે, દેખે દેવાજી
પસરસ્યે મુળ આ વાસ, ક્રિસ્તે તે હવિજી ૩
ચંદ્ર કહે મલ ઉપમા, સુત મુખી મન ધરી
પુરણ સુખનેજી ૪
મોહ નિશાને ચુરસે, જાયે નાથજી
જણાવતો દીવ દીઠ, સુત જગનાથેાજી ૫
ધર્મ ધ્વજા શહસ જોયણી, જસ્યું હેા સ્યેજી
ક્ષમ જાણી ધ્વજ લહકંત, જગ દુખ ખેાસ્યેજી ૬
થાનક એ ગુણ રયણનેા, સહી જાયેાજી
કહેવા આવ્યેા તેા કુંભનિ, સુણે માયેાજી ૭
મુખ પરે ત્રિભુન જીવની, ઉષા હરખની
જાણી સરેાવર, એ વાણી વરસેજી ૮
સાયર કહે એ મુળ થકી, મહા ગંભીરેાજી
કહેવા આવ્યેા. છું માત, પુન્ય મંદીરેાજી ૯
વૈમાનીક નમસ્યે સુથ માન મેાડીજી
વાહતેા એમ વીમાને નીરખે માડીજી ૧૦
જગદા વરણ સેાભાવસ્યે, વિશ્વાનંદિ
ઉચરતા રયણ ભરથાલ, જોવે આનંદેજી
તવ સુત કર્મે ઘન દહેાસ્યે, ધ્યાન અંજનેજી
એમ કહી માને માત, ચઉમે સ્વપ્નેજી ૧૧
ચઉદ સ્વપ્ન દેખી જાગીયા જયા રાણીજી
એહનેા અરથ સુણી સાચ, મન હરખાણીજી;

ચઉદ સુપન મહેા છવ કીધેા, રતન ચંદેજી;
હરખે મનહ મુળારજી, પ્રભુ પદવંદેજી ૧૨

## ઢાળ–૫

(મધુકર માધવને કહેજો એ દેશી)

ફાગુણ વદી ચઉદશી રજનીરે સુત પ્રશવે જ્યાદે જનનીરે
હરખી સવી મેદની સજનીરે જનપતી જગ ગુરુ જાયારે
દીસી કુંભરી હુલ રાયારે જગપતી ૧
અધેાલેાકવાસો કુમારીરે જીન જન્મ અવધીનાંણે સમરીરે
આવિ આઠ નમે તે અમારી જગપતી ૨
શમીરે જોયન ભૂમી સમારીરે ઇશાંને સુતીધર વિસ્તારીરે
ઉભી ગુણ ગાયે તે સારી જગપતી ૩
ઉર્દ્ધલેાકથી આઠ દેવીરે આવી જળને વરસાવીરે
ભુમીયેા જનમિત કરે વિ જગપતી ૪
પુરવ રુચકથિ આવેરે વિળણે વાયુ હાથે સેાહાવેરે
તેહી શીર હીજીન ગુણગાવે જગપતી ૫
ચામર છત્ર ચતુરાઅડ ધરતીરે ઉતરફ ચકથી અવતરતીરે
હેાય નમીને ભવદુરકહરતીરે જગપતી ૬
ચ્યારવી દીશી થકી દીશી સુરીરે દીપક કરકાંતિ પુરિરે
પ્રભુ મુખ જોવા સનુરી જગપતી ૭
મધ્ય રૂચકની ચ્યાર દેવીરે નાલી છેદકી કીયા કરેવીરે
ખાંતી રત્નેપુરીત ધરેવીરે જગપતી ૮
કેલના ઘરમીણ વિરચીરે નવરાવે વસ્ત્રી પહેરાવે અરચીરે
[illegible] થાપે ચરચીરે જગપતી ૯

છપન્ન દીશા કુમરી જેહવોરે જીનશાશન મહીમા કહેવોરે
રતનશા કહે ઉચ્છવ તે હવો જમપતી ૧૦

## ઢાળ–૬

(પુણ્યે વિમલા દોહલારે જયાશકળ હોય એ દેશી)

અવધિનાંણે જયણિ ઉરે સોહમપતિ નિજ જન્મ
ઘંટા સુઘોષા વજડાવિઆ કાંઇ સેનાનીનો એ કામનો
જન્મભિષેક પ્રાણી કરેા એ ૧
એ કોન બત્રીસ લાખનો એ ઘંટાનાદ વીસાલ
નિસુણી પરીકર પર વસ્યા, કાંઇ આવે આવે,
એ ઇંદ્રતે અનુસારતો જ૦ ૨
પાલક મુકી નંદીશ્વરે એ બીજુ રચી વીમાન,
મંદિર જનજનની ભણીએ કાંઇ ત્રીણ ત્રીણ પ્રદક્ષણા દાનનો. ૩
ઇંદ્ર કહે જીન મહોચ્છવ વેરે કરવો છેગુલ જાત,
અવ સ્વાપનો પ્રતિબિંબ છવીરે પંચરૂપે એ પંચરૂપે,
અહ જગતે તાતતો જ ૪
મેરુ પાડુક વન વિષેરે લઈ ઉત્સંગે સ્વામી શક્ર સિંહાસન
બેસીને રે
કાંઇ ભકિત એ ભકિત સેવન કામ તો જ ૫
એમ નિજ નિજ થાનિક થકી એ આવી આ ચોસઠ ઇંદ્ર
પહેલો અભિષેક આદરે એ કાંઇ મન મોહેમન મોહે
અચ્યુત ઇંદ્રતો જ ૬

સેવક હુઓ એહનીરે લાવે તીર્થ નીર ચંદન કુલ ફળ અક્ષત
કાંઇ મેળે એ મેળે જીનવરનીર તે જ ૭
નાટીક ગીત મોહે ખરૂરે વાજીંત્ર નાદોકાર થઇ સુરનાર કરે
કાંઇ ભુષણ હે ભુષણનો લંળકાર તો જ ૮
ત્રેસઠ સુરપતી સ્નાત્ર મહોછવ ઇસાંન પંચ રૂપે કરીરે
કાંઇ અંકે એ અંકે ધરેષાસતો જ ૯
સોહ ભવ સહના ચ્યાર રૂપે અભ્ર શ્રગેંપયપુર
કરે સનાથ જગનાથનો કાંઇ નીરમલ એ નીરમલજી
નવ નવ નુર તો જ ૧૦
મંગળ આઠ આલેખીયારે આરતિ મંગલદીપ
કરે સ્તવનના વાસુ પુજયની એ કાંઇ આણે એ આણે
ભાવ શમીપતો જ ૧૧
નમી સ્તવી સોહમ ધણીરે માતા પાસે છવંતે
હેમરયણ વુતા કરી કાંઇ ઠામોએ ઠામે નિજ ઉલસંતતો
જ ૧૨
મહોછવ ચઉસઠી ઇદ્રનારે રચી મનને ઉદ્ધાર
સ્તનશા નીજ ધન તણો કાંઇ લાહોએ લાહો લીધો અપાર તો
જ ૧૩
ગુંગંધ ચૂર્ણદીક તણારે આઠમે વાસર સાર અઢાર શનાથ
તે નવ નવાંરે
કાંઇ દીધા કાંઇ દીધા એ મંત્ર ઉચારતો જ ૧૪

## ઢાલ ૭ મી

પિઠી ચોળે પીતરાંણી રે ૧

પહેલા સ્વામી સીમંધરા એ દેશી

અતિશય શહજના ચ્યાર લક્ષણ અંગ અપારરે
આઠ એક સહસવીરાજેરે અમીય અંગુઠડે છાજેરે ૧
ત્રિભુવન આનંદ કંદરે, કાંતી વધે જિમ ચંદરે,
ભણવા ચેાગ્ય જાણીરે, નીશાળે ઉછવ આણીરે ૨
પાઠક દીલના સંદેહરે, ટાળે અવધિથી તેહરે.
અહેા પ્રભુ જ્ઞાન વીશાળરે, મુખ મુખ વાણી વિશાળરે.
યેાવન પ્રભુજીના દેહને, ધારે માતા પીતા મન ગેાજારે,
પદ્માવતી રાજ કન્યારે, શનમુખ આવી લાગીઆરે ૩
શુભ વેળા શુભ લગ્નરે, જોવે વિવાહ સુર ગગનેરે,
ઇંદ્ર ઇંદ્રાણી ઉહીનાંણેરે, કરે રંગરલી તેહ ઠાણેરે ૪
મેાક્ષરાધી ભેાગ કર્મરે, ભેદવા કર ગ્રહેએ મર્મરે,
કામની કરવા લે શાહીરે, કામને આંણે મનાઇરે ૫
પહેલું મંગલ હેાવેરે, લાખ ઉરંગ મદાંન દેવેરે
બિજુ મંગલ થાવેરે, ગજ બહુલા પ્રભુ આવેરે ૬
ત્રિજુ મંગલ વરતેરે કેાડિ ભુષણ દાન દેયુકતેરે,
મણિ મુકતા ફળ સ્વર્ણરે, ચેાથે મંગલ પૂર્ણરે ૭
વિવાહ ઉછવ કીધેારે, મેાટે મંડાણે યશ લીધેારે
નિરાગપણે વિતરાગરે ભેાગવતા પુણ્ય ભાગરે ૮
પદ્માવતી સુત જાયેા, મઘવાના જોગ બારેારે,
સુતનિ સુતા પુણ્યવંતીરે રેાહીણી અશેાક વિલશંતીરે ૯

જન્મથી વરસ અઢાર લક્ષરે, કર્મ ફળ જાણે નાણે પ્રતક્ષરે
જયા વાસુ પુજ્ય સમજાવેરે, સંયમ દીલમાં હેલાવિરે ૧૦

## ઢાલ–૮મી

વીર વખાણી રાણી ચેલણા. એદેશી

પાંચમા સ્વર્ગથી આવીયાજી, દેવલોકાંતીકજેહ.
વિનતી કરે વાસુપૂજ્યનેજી, સંયમ ગ્રહો ગુણ ગેહ ૧
વાસુપૂજ્ય નંદન વંદિઈજી. આંકણી.

દાન સંવત્સર દેઇનેજી, ષટ્શયનરવટ સાથ,
અમાવાસ્યાં ફાલ્ગુણની ભલીજી, દીક્ષા લીઇ જગનાથ ૨
સુરવર નરવર બહુમલજી, વાજીંત્રનો નહી પાર,
ત્રતીય કલ્યાણુક નીપરેજી, રતનશા હરખ અપાર. ૩
એહ વિધનમે દીવસે કરોજી, અધિવાસના સુખકાર,
રજની સમે સદ્ગુરૂ તીહાંજી, મંત્ર પવિત્ર વિસ્તાર. ૪
પ્રભુવમય તીર્થનાયક પ્રભુજી, અતિશયરયણ ભંડાર,
ત્રિભુવન પાલન સુરત રૂજી, કરો મૂરતી એહ અવતાર. ૫
વરસ દીવસ છદ્મસ્થપણેજી, વિચરી લહું કેવલ નાણ,
મહા સુદિ બિજ દીવસે ભલોજી, વરતતા શુદ્ધ ધ્યાન. ૬
અતિશય શોભા પુરણ થઇજી, સકલ પદાર્થ જાણુ,
ગણધર સંઘની થાપનજી, બેઠા ત્રિગડે જિનભાણ. ૭
ત્રિભુવન જીવને તારવાજી, દેશના દીઈ જીનરાજ,
સાંભલી ભવિ પામિયાજિ, સૌભાગ્ય લક્ષ્મી પદરાજ. ૮

## ઢાલ–૯મી

**મોહયા મોહારે સુરનર લોક ગુરૂને બોલડીઇ એદેશી**

હવે દશમે દિન અંજન શીલાકા, શુભ મુરતથી ચોગે રે,
વિધિ સહિત કરિઇ ઉછરંગે, દ્રવ્યભાવ સંયોગે
અંજન શીલાકા રે ૧
કીજે કીજે રે અતિઉલ્લાસ, પ્રભુ ગુણ ધારી રે
સોવીરાજન માંણીક્ય વરણું મિશ્ર મૃગમદ સાર રે,
ઘૃત ઘનસાર સુગંધે વસ્તુ, મેલિઇ મનોહાર. અં૦ ૨
સોહવ પંચનારી ગુણવંતી, એ અંજનને સમારે રે,
કંચન ભામાં તે તે થાપે, પવિત્ર પણે મનોહારે. ૩
પ્રતિષ્ટા વિધિનું સાર જાણી, સૂરીશ્વર ગણધારી રે,
કાંચીન રૂપ શીલાગ્રહીનેં, મંત્ર હૃદય સંભારી. અં૦ ૪
કેવળજ્ઞાનને કેવલ દર્શન, પરગટયો પરમ ઉદ્યોતરે,
થાપના સત્ય કહી ઠાણાંગ સૂત્રે, જિનપ્રતિમા જિન હોત. અં૦ ૫
વૈશાખ શુદ્ધી નંદા તીથી બીજે, શશી સિંહ લગને આવેરે,
સંવત ૧૮અઢાર ૪૩ ત્રોહતાલી વર્ષે, બેઠા તખતે સોહાવે અં૦ ૬
લક્ષ્મી સૂરિ તે સમયે વીનવે, વાસુપૂજ્ય મહા રાયો રે,
થીર ભાવે સમોસરણ ભાવે બેઠા, ભગવતી વછલ સુખદાયરે અં૦ ૭
સર્વાભરણસું આંગી અનોપમ, રતનશા સર્વ બનાવેરે,
જનમ સફલ કરવાને કારણ, સમકીત તત્વ દીપાવેં, અં૦ ૮
એકસો આઠે તીર્થના જલ, સનાથ કાવ્ય ઉચારે રે.
મંગલદીપ નૈવેદ્ય ધરીને, શીવ કલ્યાણ ધારે, અં૦ ૯

## ઢાલ ૧૦ મી,

### આસાણરારે ચેાગીરે એ દેશી.

વાસુપૂજ્ય પ્રભુને વયણે, થયા વ્રતધારિ શં ધારે, આંકણી
મુનિવર તેર સહસ શેાભતાં, શાધિ લક્ષનિ શંગારે,
પ્રણમેા જીન રાયા ૧
દેાય લખ પન્નરસહસ્સ ઉપાસક, ચઉલખ છત્રીસ શહસારે,
જયા સુત જયવંતા ૨
ચંપાપુરીમાં શીવપદ પામ્યાં, છશેં પુરૂષ પરીવરીયારે,
અવીનાશી આનંદ, અષાઢ સુદી ચતુદશ દીન લાયક,
સાદિ અનંત અનુસરીયારે, સુખ પરમાનંદ, ૩
ચેાપનલાખ વરસ સંયમધારી, સુખભર ભેાગવી આયુરે,
વાસુપૂજ્ય સુત વંદેા, બહુ તેર લાખ વરસની રૂપ,
શહજાનંદ પદ થાયરે, ચિદાનંદ મહેદેા, ૪
પંચકલ્યાણુકના બહુ ઓછવ, કરીને પડિમા થાયેરે,
શ્રાવિકા પુન્યવંતા, રતનશા નીત નીત નવલી ભક્તિ,
કરતા ધર્મ દીપાવે, શાસન જયવંતા ૫

## ઢાલ ૧૧ મી

આવેા આવેારે સયણ ભગવતી સૂત્રને સુણીયે, એ દેશી,
શ્રી જિનમંદીર તખતે બીરાજે, વાસુપૂજ્ય જયવંતા,
પ્રસાદબિંબ પ્રતિષ્ઠા ઓછવ, રતનશા હરખે કરતા,
ભવિતુમે વંદેારે વાસુપૂજ્ય જીનરાયા, ૧

ઋષભદેવની પ્રતિમા, ભુમી ઘરમાં થપાવી મોરે,
આનંદ અધિકો મહિમા, ભ૦ ૨

દેહરા ઉપરે મનમોહનજી, પાસ પ્રભુ પધરાવે,
દક્ષણ ભુજાઇ સમવસરણમેં, સીમંધર ચોમુખજી સુહાવે, ભ૦ ૩
વામ ભુજાઇ સહસ ફણેા, પ્રભુ ચોમુખ અ તેહી છાજે,
ભમતી માંહે ચોવિસ જિનવર, પૂજત ભવદુઃખ ભાજે. ભ૦ ૪
અભેચંદ પ્રેમચંદ તીનું બાંધવ, દિન દિન ચઢતે ભાવે.
ખરચે દ્રવ્ય અતિહી ઉછરંગે, જિનશાસન નીની શોભાવે. ભ૦ ૫
ત્રિભુવનના જીનસમરણ કાજે, પાંચે ઠામે જીન છાજે,
જસ નામે દુઃખ દોહગ ભાજે, સંપદ ધર્મ બીરાજે
ભ૦ ૬

ધન ઝમકુ બાઈની કુખે ઉપના, રત્નચંદ કુલચંદ,
સીલવંતી આધાર બાર્યાઇ, પ્રભુ કુક્ષે મન આનંદ. ૭
દિનદિન અતેહી મન ઉછરંગે, ઉછવ થાઇ જીનંદા,
જેહને ધનનેા લાહેા લિધેા, પામે મહેાદય વંદા. ૮
સંઘ ચતુર્વિધ સાંમીવ છલ, કરતા મને નવી શેાલે,
બહુ પકવાન મેવાની વડાઇ, દાન માને ઘણું શેાલે ભ૦ ૯
યાચક જન બહુ યાચવા આપ, પંચ પશાએા તે પામ્યાં,
મેઘ તણીપરે વરસને દાને, સાધુ ભગત થીર ધામેા ભ૦ ૧૦

## ઢાલ ૧૨ મી

### રાગ ધન્યાશ્રી

શ્રી વાસુપુજ્ય પ્રભુના ગુણ ગાવો, મીથ્યા દૂરીત મીટાવોરે,
મુકતા ફલની થાળ ભરીને, સુરત પ્રભુની વધાવોરે શ્રી ૧
સુખ સંપદ ગુણ જ્ઞાન વીશાળ, સદ્દહણા દીજ લાવોરે,
આનંદ રંગ રસાળ મહોદય, પુન્ય કારણ પ્રભુ ધાવોરે શ્રી ૨
સુરમણી સુરત રૂ શુભ, કાંમ કુંભ જમાવોરે,
પુન્ય રતના ગરજીન પ્રતિમાને, ત્રિભુનન વંદન આવોરે
શ્રી ૩

પુત્ર કલત્ર હય ગય રથ મંદીર, સુંદર ધર્મ સુદ્દીવોરે,
પ્રભુ મદ્ભક્તિ શક્તિથી અધીકું લહીઈં, નરભવ પુન્ય
દીપાવોરે શ્રી ૪

શ્રી વિજય સોભાગ્ય તપાગચ્છે, સુગુરૂનો સુપ્રભાવોરે,
તશ શીશ પ્રેમ વિજય સ્તવન કિધ્ધી, પરમાનંદ સુખ
પાવોરે શ્રી ૫

### કલશ

શ્રી વાસુપૂજ્ય જિણેંદ્ર સાહિબો, થાપીયા જીન મંદિરે,
રતનચંદ મન આણંદે, પુત્ર કલત્ર ધન પરીકરે,
જિનબિંબ થાપક તવનકારક રવિ શશી લગેથીર રહો,
પ્રેમ વિજય કહે પ્રભુ પશાયે, સકલ સંઘ મંગલ લહું ૧
ઇતિ શ્રી વાસુપૂજ્ય જિન મહિમા વર્ણનો સ્તવન સંપૂર્ણ

# પ્રકરણ ૧૧મું

## — સુરતથી સંઘયાત્રાએ —

સુરતના શેઠ પ્રેમજી પારેખે શ્રીસિદ્ધાચલજીનો સંઘ કહાડયો હતો. જેનું વર્ણન નીચે આપવામાં આવે છે, અને તેવુંજ વર્ણન કવિ શ્રીદીપસાગર ગણીના શિષ્ય શ્રીસુખસાગર કવિએ પોતાના પ્રેમવિલાસ નામના રાસમાં કરેલું છે. તે વરસમાં શેઠ નાગજી પારેખે ખૂબ દ્રવ્ય ખરચી પ્રવેશ મહોત્સવ કર્યો છે, અને આચાર્ય શ્રીમદ્‌જ્ઞાન વિમલસૂરિજીના ઉપદેશથી સંઘ કહાડયો છે. તીર્થયાત્રાના સંઘો પ્રાચીન કાલથી નીકલે છે. ચાલુ સદીના સંઘો–જેવા કે–શેઠ ધરમચંદ ઉદેચંદનો શ્રીકેશરીઆજીનો તેમજ શ્રીસિદ્ધચલજીનો, શેઠ અલેચંદ સરૂપચંદનો શ્રીઅંતરી ક્ષપાર્શ્વનાથજીનો, શેઠ જીવણચંદ નવલચંદનો સંવત ૧૯૭૬માં શ્રીસિદ્ધાચલજીનો વગેરે પ્રસંગો ચિરસ્મરણીય રહેશે.

## શ્રીસુરતથી નીકળેલા શ્રીસિદ્ધાચલજી-શ્રીશત્રુંજ્યના સંઘનો સલોકો

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

માતા શારદા લાગુ હો પાય, વળી દેવનમું શંખેશ્વર રાય,
સદગુરૂ આગમ વિનતી કીજે, માયા કરી મનબુદ્ધિ દીજે ૧
સંઘવી પ્રેમજીનો કહું રે સલોકો વર્ણવી કહીસ્યું સાંભાલજો લોકો
પ્રતાપે હો પાતશાહ ફરકશાહ ગાજી, જેહ ઉપર સારી
આલમ રાજી ૨

નવરંગ જેને પાટે બેઠો તખત, દહલી પતિ કેરૂં મોટું વખત,
સમસેર બલી કરે છે રાયુ મુકયો જીજીઓ વાધી છઈ લાજ ૩
શુભ નગરે પાતશાહ પરજા હો પાલિ વાંકા દુશમનનાં
માનજ ગાલિ,
પાતશાને પોતે દેશ ઘણેરા એકથી એ વધે અધિકારો ૪
ગુજરાત દેશ મોટો જાણ, મોટા તે શહેર ચાર વખાણ,
અમદાવાદ, પાટણ, સુરત, ખંભાત, સુરત બંદર જગમાં
વિખ્યાત ૫
બંદર સુરતમાં સહુ કો સુખીયા કોઇ જીવન લાભે હો દુઃખીયા,
ન્યાય તણા તે કરે વ્યાપાર ધનવંન લોક સુખીઓ દાતાર ૬
મહાજન માંહિ વડા વ્યવહારી ધર્મવંતને દેવ પૂજાકારી,
સમકિતવંત બારવ્રતધારી સીયલવંતી છે જસઘર નારી. ૭
સીયલ સરીખી ને રૂપે ઈદ્રાંણી કુલ ખરે ઝુખે બોલતવાણી,
એહવી નારીના ભોગી ભરતાર અવસરયાચક જનના દાતાર. ૮
સંવત સત્તર શીત્તરા હો વર્ષે, પારખ્ય પ્રેમજી મનમાંહિ હર્ષે,
પુરવ પુન્ય એ રીખ્ય પામી કસી વાતની નહી છે ખામી, ૯
સ્વામિ વચ્છલ મોટા કીધા યાચકજનને દાનજ દીધા.
ઠામઠામ વડી પોશાલ સનરાવે પડયાં ડલ્યાંને નવા કરાવે, ૧૦
ખરચ્યા ગરથ ને સાત ખેત્ર ઠામ, પારખ પ્રેમજીનું અવિચલ નામ.
પણ મન માંહે એક છે રંગ શત્રુંજય કેરો ચલાવું સંઘ, ૧૧
જે કોઇ માહરી પુંઠ પુરાવે ખરચુ ગરથ આગેવાન થાવે,
રાજનગરના શ્રાવક બલીયા ઉભરાવ જાણે પાતશાશુ ગલિયા. ૧૨

કરજ વાત આપિ કરેજ બાપ કોપિ એકતો ડરવી ન બાપ,
લલિતેહમાં સદ્ધિક્ષા બોસવાલ કહીયે, જેહની કરણીનો પાર
ન લહીયે. ૧૨

ધણશાલિ કપુરચંદ સુજાણ, પાતશાહી દીવાન છે બહુમાન,
બોજ હજીરનો સાચો વજીર, સુરો પુરો ને વિરોધી વીર ૧૪.૩
તેહને તેડીને કરે વિચાર, સંઘ ચલાવે શેત્રુંજ સાર,
ગરથ જોઈએ તે મુજને કેજો, તુમે આગેવાન થઈ કાજ
કરેજો. ૧૫

એહ વાતની ફકર છે તમને, કામ કરીને જશ દ્યો અમને,
એહવું સાંભળી કપુરચંદ બોલે, નહી કોઈ તુમારા ભાગ્યને
તોલે. ૧૬

સતાબ થાબો અયર ન કરણા, વેગે જઈને પાછા ફોકરણા,
હાને ઠામે ઠામ ચાલિ છે વાત, ગામગામ કાગલ લખેા
દિનરાત. ૧૭

વાચી કંકુતરી રલીયાત થાય, એકને એકને પુછવા જાય,
પરઠયેા બાડાને જેડા સેજવાલા, તવ કહે અમે ચાલશું
પાલ. ૧૮

છ"રી" પાલંતા ઘણેા ધર્મ થાય, આઠીસર ભેટે પાતિક જાય,
એકલ આહારી ભોમી સંથારી, સચિત પરિહારી દેવપૂજા-
કારી. ૧૯

બ્રહ્મચર્ય ધારી અને પાદચારી, એ છ"રી" પાલતાં દુરગતી
વારી

ઘર ઘર એ વાતજ થાય, ડેરા તંબુ ત્યાં શીવડાવા જાય ૨૦
ધાંણી ચણાને સુંદર પકવાન, લાડુ મીઠાઇ ફોફલ પાન,
જે કાંઇ જોયે તે સાથે લેજો, કામ હોય તે અમને કહેજો ૨૧
હવે સુરતથી ચાલે છે સંઘ, ચૈત્ર શુદી દશમી રાજ્યો જે રંગ,
સુરત જોઇ કીધુ પીયાણ, પહેલું મુકામ વાડીમાં જાણ ૨૨
માફાને રૂડા સેજવાલા, વિવેકી શ્રાવક હીંડે છે પાલા,
આવી ભરૂઅચ્ચ ડેરા દીધા સંઘવી ભણશાલી વિચાર કીધા ૨૩
ઇહાંથી ભણશાલી આગલ સધાવો, અમદાવાદી સંઘ તૈયાર
કરાવો,
મોટા ડેરાને રૂડીકનાથ મોટા નીશાન તુમ લેજો સાથ ૨૪
રૂડા રથ પાલણી સજજ કરાવો, સામાન લઇ ધાલાકે આવો,
તિહાં આપણ સહૂએ ભેગાજ થાસ્યું, શ્રીસંઘ તેડી સિદ્ધાચલ
જાસ્યું. ૨૫
તિહાંથી ભણશાલી તરત સીધાવ્યા, દિવસ બે ચારે અમદાવાદ આય
સિધ્ધાચલ કેરો કરે સામાન મોટા ઘોડાને મોટા નીશાન ૨૬
હવે ભરૂચથી સંઘ સધાવે, ગામ ગામ કેરા સંઘ મલિ આવે
ગામ ગામ કેરાં કેતાં કહૂનામ આવી સોજતરે કર્યું મુકામ. ૨૭
સંઘવી તિહાંથી અમદાવાદ જાય અમદાવાદી સંઘ રલીયાત થાય
શ્રીસંઘ આગે સંઘવી બોલે નહી કોય અમદાવાદી સંઘને
તોલે. ૨૮
તે માટે તુમ મોટા છો ગૃહસ્ત, ચાલો સિદ્ધાચલ જઇએ સમસ્ત,
શેઠ સધાવો વેલા થાવો, કામ હોય તે અમને ફરમાવો ૨૯

ઠાંમ ઠાંમ સેજવાલાં સમરાય, રથ પાલખીનાં ઓછાડ થાય,
ઘરે ઘરે એમ વાતજ થાય, ચાલણ કાજે હલેાહલ થાય ૩૦
ગીણીયા વેલેા રથ જોતરીયા, કેઇ અલબેલા તેજી પાખરીયા,
કેઇ પાલખીએ કેઇ ચઢયા ઘેાડે, તુરંગ દેાડાવે માંહેામાંહે
દેાડે. ૩૧
ઇણે પરે બહૂ સાહજ મલીયા, રાજનગરના શ્રાવક બલીયા,
ઝવેરી હીરસા મેાટું છે નામ જેણે ન રાખ્યેા શાંતિદાસ
ઠામ. ૩૨
સાલાલજી એાસવાલ જાણું, રતનસૂરાનું કુલ વખાણું,
સેાની નિહાલચંદ સુંદર સેાહે, તેજસી સૂતનેા દેખી મન
મેાહે ૩૩
હર્ખુસા સરીખા મેાટા વ્યવહારી સાહ પર્ધમાનની કીરતિ સારી
સુરત કેરા વડવડા સાહ આવ્યેા સંઘમાં ધરી ઉમાંહ ૩૪
ખંભાત પટણી મેાટા ગૃહસ્ત ઇણીપરે મહાજન મલ્યું સમસ્ત,
રાજ નગરથી સંઘ ચલાવે પહેલું મકામ વાડીમાં થાવે ૩૫
સુરતી અમદાવાદી સંઘ તે જૂએા આવી ધેાલકે લેગેા હુવેા,
નગારાં ગાજે નેાબત વાજે સંઘવી સેાહે અધીક દીવાજે. ૩૬
ભલભલા મીર મુગલ યાહા, પઠાણ પૂરા સહી અદસાદા. ૩૭
સુરાપુરાને માની મછારલા અસવાર ચારસેં પાંચસેં પાલા ૩૬
દારૂ ગેાલીના ગાડા હેા ચાલે જેહને જોઇયે તેહને આલે,
છત્ર ઉટિ કેાક બાણ સાથે આવી ભૂમોયા નમે જોડી
હાથે. ૩૮

ચાર સહેરના ચાર છે જંડા જેહના ગલેપ દીસે છે દંડા,
અસવારી આગેનેની ફરકે આરબો છાડે નાલિ ધડુકે. ૩૯
પાલખી આગલ કૌતક ચાલે, પહેલી સવારીમાં કપુરચંદ માલે,
ભણુશાલી કેરો સબલો છે ડંકો આણુ ન લોપે રાયને રંકો. ૪૦
જે કોઇ એહથી ચાલે અપુઠો તેહને જાણો જગદીશ રૂઠો,
જે કોઈ આવી શિષ નમાવે તે ભણુશાલીનો ઇનામ પાવે. ૪૧
હવે ધોલકાથી સંઘ સધાવે બીજે મકામ ગાંગડમાં આવે,
ગાંગડનો રાજા સબલ બલીયો આવીને સંઘવીને સામો
મલીયો ૪૨
ભણુશાલી જેહને ઇનામ અપાવે સાથે લઇ વેલાવા આવે,
ત્રીજે મુકામ બરોલે આવ્યા ભમણુ કીધો સહુસુખ પાવ્યા. ૪૩
હવે ધંધુકા મોટો ગામ તિહાં કીણુ કીધું ચોથું મુકામ,
મહારાજા કેરી વરતે આણે હાથી કાઢીને કીધો હો જાણો ૪૪.
તતખીણુ હાથી કાઠી તે બલીયો આવી સંઘવીને વેગેસ્યું મલીયો
ભણુશાલી તેહને દીયે છે માન ઇનામ ઉપર ફોફલ પાન. ૪૫
સતાબ થાબો સંઘ ચલાવો સાથે લઇને વેલાવા આવો,
પછે અમે તમને ઇનામ દેસ્યું રલીયાત થાશો તેમ કરસ્યું ૪૬.
ધંધુકાથી કર્યો છે કુંજ કોઇ ન જાણે કપુરચંદ ગુંજ,
મારગ જાતાં કાઠી તે મલીયા સંઘના લોકો દેખી ખલબલીયા ૪૭
દીઠા ઘોડીને વાજે રણતુર કંપ કોયરને સુરાને સુરપાલીયા,
તવે હલિ લોગાં ચલાવે સુરા થાય તેબ નામ પાવે. ૪૮
લશ્કર તેડી કરે ભણુશાલી મારસેકાઠીને સુંરહ્યા ભાલી,

મારી આવે તે ઈનામ પાવે ઘાયલ ઘરે બેઠા તે આવે. ૪૯
ઘોડા પડશે તેહને સવાયો દેસ્યું સુરો થાસ્યે તેહનાં લાડ પાલેસ્યું
બહુ પાસે પાલ અસવાર ચાલે સંઘવી પ્રેમજી વીચાલે
માલે. ૫૦

બંધુકો છુટે નગારાં ગુંજે દેખી દુશમનનાં હીયાં ધુજે,
પછાડી આવી કાઠી હો વલગા મારી બંધુકો કર્યા હો
અલગા. ૫૧

તીહાં કીણ હુઇસબલી લડાઇ હાથી કાઠીને ઘોડી મરાઇ, ૪
હુઓ તડકોને આવ્યું છે ગામ નાવડે વાઢેલે કીધું
મુકામ. ૫૨

હવે શ્રીસંઘ તિહાંથી ઉપડીયો સાતમે મુકામે લોલીયાણે પડીયો,
ઉતર્યો સંઘને થઇ છે ખુબ દિન દિન કાઠી પડાવે ધુમ. ૫૩
ઘર ઇ વાહર કેડેજ કીધી વાણીઓ ઝોકે બરછી,
લીધી બરછીને આપ્યું ઈનામ દીન ત્રણ દિતાં કીધું
મુકામ. ૫૪

લોલીયાણેથી સંઘ ઉપડયો આઠમી મજલે ધારૂકે પડીયો,
ધારૂકું ગામ મોટું હો કહીયે, જે કાંઇ જોઇયે તે તિહાં
લહીયો. ૫૫

ભાવસંગ રાજા કરે છે રાજ જહેની અધીકી વાઇ છે લાજ,
દાણ જગા તેહની લાગે આવી સંઘવીની પાસે તે માગે. ૫૬
ભણશાલી કહેના પુંદાણ મુજ જાણે છે મુખા સુલતાન,
તે માટે મારો સંઘ વોલાવો લશ્કર લઇ વોલાવા આવે. ૫૭

પછે અમે તુમને રલીયાત કરસ્યું લાગત તુમારી આગલ ધરસ્યું
ભાવસંગ ભાખે સાંભલો સેઠ આપો દામ જ્યું પોચાડુ
ઠેઠ. ૫૮
એહવો કો સંઘવી બલીયો ન થયો વીણ દામ આપે
શત્રુંજય ગયો,
લાગત હમારી પહેલી લેસું, પછે શ્રીસંઘને વોલાવી દેસ્યું. ૫૯
ભણશાલી કપુરચંદ હઠે ચડીયો ભાવસંગ રાજા તે
પણ અડીયો,
હજાર ગમે માણું ગરથ નહિ આપો તો કરસ્યું અનરથ ૬૦
ભણશાલી ભાખે તારો સો જોર, જો તું એવડો કરે છે સોર,
તેડાવું લશકર ભગાવું ગામ કિહાં રહેવાનું ન જડે ઠામ. ૬૧
માંડલી વલાવે મોરછા બંધાવે રાત દિવસ ચોકી કરાવે,
બલબલા બાંજગડ કરે દિનરાત ધારૂકે સંઘ રહયો દિન
સાત. ૬૨
શ્રીસંઘ કહે હવે તુમે ચાલો માગે દામ તે ભાવસંગને આલો,
ભાવસંગ રાજા અવસરનો જાણુ કપુરચંદનું કર્યું પ્રમાણ, ૬૩
કપુરચંદ ભાવસંગ બેહૂ તે પ્રેમજી સંઘવીને ડેરે હો મલીયા.
સંઘવી હવે સંઘ ચલાવે ભાવસંગરાજા વોલાવા આવે. ૬૪
સંઘવી તેહને સરપાવ દીધો ગરથ આપીને ખુશાલ કીધો,
તીહાંથી આગલ સુંસરાગામ કીધું તે દશમું તિહાં મુકામ. ૬૫
પ્રભાતે તિહાંથી સંઘ સધાવે ઢુંઢણ બહર ગામ તે આવે,
કાંધાજીનો સુત નામે પૃથ્વીરાજ જેહની સવાઇ બાપથી
લાજ. ૬૬

લશ્કર લેઇ નગારાં દેઇ સામો આવ્યો તે સામાન લઇ,
આવી સંઘવીને કીધો જુહાર સંઘવી હરખ્યો મનમાં અપાર. ૬૭
ભલે પધાર્યા તુમે મહારાજ તુમ આવે વધી હમારી લાજ,
પૃથ્વીરાજ ભાષે સાંભલો શેઠ, આદીસર ઝારો જઇને ઠેઠ. ૬૮
પૃથ્વીરાજ સાથે સંઘ ચલાવે વઈશાખ વદિ પાંચમ ઇવી-
મલાચલ આવે,
દીઠો ડુંગર ને ભાગી છે ભુખ જનમ જરાનાં જે ટાલે
દુઃખ. ૬૯
તાણ્યા જંડા ને ડેરા તે દીધા પ્રેમજી સંઘવીના મનોરથા
સીધા,
લલીતાસર નિર્મલ ભર્યું છે નીર શ્રીસંઘ ઉતર્યો તેહના
તીર. ૭૦
પાલીતાણું છે સુંદર ગામ વાડી વડલાને મોટો આરામ,
ગામમાં વસે બહુલા વ્યાપારી વેાર્યા વણજયાની મતિ છે
સારી ૭૧
પરદેશી વસ્તુ આવે છે વાણે લેવા દેવાને મોહોમાં તાણે,
શખર બદ્ધ પ્રાસાદ સોહે, આદ જિન દેખી ભવિમન મોહે ૭૨
પ્રથમ પૂજ્યા પાલીતાણે દેવ નીત ઉઠી કરવી જેહની સેવ,
પ્રભાતે શ્રી સંઘ શત્રુંજય જાવ સેના રૂપાને કુલે વધાવે ૭૩
પહેલાં ટુંકને માન મોડીઉં નામ ધોલી પરવ છે વીસામા ઠામ,
બીજે તે ટુંકે શ્રીસંઘ ચડીયેા નીલી પરવે જઇને અડીયેા, ૭૪
ક્રમ ચઢતા ત્રીજી ટુંક તે આવે કુંભાર કુંડ દેખી સુખ પાવે,

પગલાં નિસામેા સુંદર પરવ ચેાથી ટુંક તે મેલવેા ગરવ ૭૫
હિંગલાજનેા હડેા એહવું નામ તીહાં ચઢતેા કુટેા પાપનેા ઠામ,
ભવાની કેરેા તિહાં છે વાસ માને ઇછે તેહની આસ ૭૬
જય જય મુખ જપતાં આગલ જાવે ચાલા કુંડે આવી વીસામેા,
આવે
હલુવે હલુવે શ્રી સંઘ હીંડે હીરબાઈ પરવ અધુરેા કુંડ ૭૭
આગલ જાતાં દેહરાં દીસે નરનારી કેરાં મનડાં હીસે,
જીન ગુણ ગાતાં આગલ ચાલે રામ પેાલ પેસી કુંતાસર
સાલે ૭૮
આગે તે જાતાં વાઘણ પેાલે સાધુ સુકેાસલ હનુમંત એાલિ,
ડાબી ન પાસે ચક્રેસરી માતા જમણે ગેામુખજથી
વિખ્યાત ૭૯
આગે આગે જાતાં રાજુલની ચેાંરી નીરખે નરનારી તિહાંકણ
દેારી,
સુરજ કુંડ આવી કરે સનાન પાસ ભીમ કુંડ ઇશ્વર નામ ૮૦
નીરમલ તેહનું ભરીઉં છે નીર સ્નાન કરે તેહનું પવિત્ર શરીર
ઇણ કુંડે ઝીલે જે નરનારી તેહ પ્રાણિની દુરગતિ વારી ૮૧
સેાના રૂપાના કલશ છે મેાટા ગંગેાદક ભરી ચઢ્યા છે લેાટા
કેસર સુખડ ઘસવા એારસીય ભવિજન આવે તીહાં કણ
ઘસીયા. ૮૨
ઘસી કેસર ન લાગે પલક તલવટ પેાતે કર્યાં છે તિલક,
એહુ પાસે બેઠી માલણ એાલે આડીસર સામી પુંડરીક
પેાલ. ૮૩

એક હાથે કેશરં કુલજ ભરીયા દેવે પાછલ પ્રદક્ષણા ફરીયા,
પ્રદક્ષણા દેઇ કરે સલામ પુજ્યા આદિસર સિધલા ક્રમ. ૮૪
ઘણા દિવસનો ઉમાહો હતો આજ મનોરથ તે સવી પહોત
ધન ધન આદીસર જિનરાય સુર નર જેહના સેવે પાય ૮૫
નાભિ નંદન મરૂદેવી માય દરીસણ દીઠે હરખ ન માય,
પ્રભુ ગુણ કેરો પાર ન આવે એક મુખમેં કહ્યા ન જાવે ૮૬
પુજી પ્રભુની જિન ગુણ ગાય શ્રીસંઘ કેરો હરખ ન માય,
મુલગે દેહરે પ્રતિમા એકવીસ તે સંવી પુજિવ પુહતિ
જગીસ. ૮૭
ખડતર વસહી વીમલ વસી સોહે તીહાં પુંજી જિન માહરૂં
મન મોહે,
સહસ કુટુંબ છે સુંદર ઠામ પ્રત્યેક બિંબ પુજ્યાનું ઠામ. ૮૮
બહાર આવી ચોમુખ પુજે અરે પાતકડાં કાં નવી ધુજે,
આગે ને મોટો એક પ્રાસાદ તિહાં જીન પુજ્યા મનને
ઉલ્હાદ. ૮૯
નાના ચોમુખની પ્રતિમા હોા સારી પુજી પ્રભુની ને દુરગતિ
વારી;
રાયણ રૂખ તે સુંદર સોહે તીહાં પ્રભુ પગલે માહરૂં મન
મોહે. ૯૦
પુજ્યા પગલા ને પહોંચી છે આશ પ્રભુ તુમ ચરણે હોજયો
મુજ આશ,
ચૌદસે બાવન ગણધર કેરા પ્રત્યેક પગલાં પુજું ભલેરા ૯૧

ઠાર જમુને દેહરે હો હીશે પ્રતિમા પૂજતાં મારૂં મન હીસે,
ઉપર ચૌમુખ અતીહી ભલેરા પુજી પ્રણમીને હરખ્યો મન
મેરા. ૯૨

રામજી ગંધારીયા કેરા ચૌમુખ જન્મજરાનાં ટાલે દુઃખ,
સુંદર સોહે પ્રતિમા તે ચાર પુજ્યાં પુંડરીક ને હરખ
અપાર. ૯૩

માંહે ફરતી એ ભાવન દેહરી ભૂયરે પ્રતિમા અતીહી ઘણેરી,
પ્રથમ પ્રણમીને પુજાં હો કીધી આદીસર આગે સુખડી
લીધી. ૯૪

પ્રણમી આદીસર શ્રીસંઘ જાવે મોણેાત જેમલને ચૌમુખે આવે,
ચૌમુખ સરખી પ્રતિમા છે ચાર પુજા કરતાં ન લાગી વાર. ૯૫
હુંબડ આંચલીયાના દેહરાં સારાં એકથી એક દીસે અધિકેરા,
તે પણ પુજી આગલ ચાલે નેમની ચૌરીએ આવીને માલે. ૯૬
ચૌરીને દેહરે બિંબ એકાસી પ્રત્યેક પુજે સમકિત વાસી,
બહીર આવી સુખડી લેવે ખજુર ખાંડ પલાલી પીવે. ૯૭
પોલથી ડાબે મારગ ચાલે અરબુદ આવી દેવ નિહાલે,
અરબુદ પુજી પાછા હો વલીયા, મરૂદેવી કુંડે પાણી હો
ગલોયા. ૯૮

મલી પાણીને પીએ નરનારી પાંચે પાંડવ ને છઠ્ઠી હો નારી,
પાંડવ પુજી આગલ જાવે, સવાસોમજીના ચૌમુખે આવે. ૯૯
મોટા ચૌમુખની મુરતિ સારી આદિ જિન ઉપરે બલીહારી,
નાના મોટા બિંબ ઘણેરા ચૌમુખ ચાર મોટાં છે દેહરાં. ૧૦૦

ઠામે ઠામે પ્રતિમા પુજે નરનારી, પગલાં ઉપરે રાયણ સારી,
પાસે ચોતરે ગણધર કેરા પુજી પ્રભુમીને વલીયા સવેરા. ૧૦૧
ચૌદે નીસરતાં પુંડરીક બેઠા, પુજી તેહને ભોંયરે પેઠા,
ભૂયરાં ઝરી બાહેર આવે શાંતિનાથ કેરા દેહરે જાવે. ૧૦૨
મોટું દેરૂંને શિતલ વાય શાંતિનાથ પુજે પાતિક જાય,
દેહરા પાલી ચોમુખની બાણે મરૂદેવી ટુંકે ઉત્તરે સુજાણ. ૧૦
ઉત્તરે સંઘને વિસામો આવે પાણી પીને સુખડી ખાવે,
પરવે પરવે તે ચોકી હો છોડે કેઈ નરનારી આગેથી
દોડે. ૧૦૪
ડુંગર ફરસે સીધ વડ જાય ઉલખા જોલ દીઠે હરખ ન માય,
ચિલણા તલાવડી જઈને નાહે, નદી શેત્રુંજી તે પણ
અવગાહે. ૧૦૫
ડોલીવાલા કેઈ ડોલી ચલાવે કેઈ ઉતારે કેઈ સામા આવે,
કેઈ બલીયા કરે બે ત્રણ યાત્રા કેઈ સુના બોય મુલગી
માત્રા. ૧૦૬
ડુંગરથી આવે જોયન થાવે પ્રભાતે ઉઠીને શત્રુંજય જાવે,
ચાર પહોર ધણીયર જાય ગામને દેહરે આંગી રચાય. ૧૦૭
ગંધર્વ ગાય નટુવા નાચે તે દેખી શ્રાવક શ્રાવિકા માચે,
સાધુ મલ્યા તિહાં ત્રણસેં ચાર ગચ્છનાયક વાચક ગીતારથ
સાર. ૧૦૮
નીતનીત તિહાં વખાણ થાય વખાણે ઉઠે ગંધર્વ ગાય,
વહોરણ કાજે તેડાં તે આવે ગંધર્વ ગાતાં ગીતારથ જાવે. ૧૦૯

જૈન તણી છે તિહાં ઠકુરાઇ સંઘમાં વરતી આદીસર દ્વાહિ,
ઝંડા આગલ બેસે બજાર, દોસી કંદોઇ ગાંધી મણીયાર. ૧૧૦
ઘીયાંનાં ગાડાં ઘહુની પોઠ ગામ ગામના મલી કરે છે ગોઠ,
ખાંડ ગોલની થાય છે લ્હાણી બારસે છપન વેલાને
દેણી. ૧૧૧
ગાડલાં વેલાંને સરવે પોઠીયા સત્તરસે જોડી મલ્યા બલદીયા,
બલદ પ્રતેદે ગોલજ સરે ઘીના લેણીય પાય અધસેર. ૧૧૨
મોટી સોલલહેણી ગોલ ઘોની જાણ નાની લહેણીની સંખ્યા ન આણ
કપુર ભણશાલીઇ જત કીધી નામા દીઠ સેર ખાંડજ દીધી. ૧૧૩
પારેખ મોરાર સુરતનો જાણ બીજી લહેણી તેની વખાણ,
સંઘવી હવે સંઘ જમાડે ત્રણસે સાઠ ગામ કાગલમાં માંડે. ૧૧૪
શ્રીસંઘકાજે જમવા સારૂ લાડુવા પુરી પકવાન વારૂ,
સંઘથી વેગલો ડેરો દેવાડો દિવસ કોય સંઘ જમાડો. ૧૧૫
સંઘ જમાડી સારૂં કીધું માનવભવનું એ ફલ લીધું,
પારેખ રાવજીને કુલ તું દીવો સંઘવી પ્રેમજી તું ચિરંજીવો. ૧૧૬
છઠથી માંડી પુનમ સુધી સંઘને લોકે યાતરા કીધી,
પડવેને દીન પૃથ્વીરાજ આવે ડુંગર ઉપર કોઇ ન જાવે. ૧૧૭
મુંડકું આપું માહરૂં જે લાગે, સંઘવી આગે પૃથ્વીરાજ માગે,
સોલ હજાર રૂપીઆ લેસું ત્યારે ડુંગરે ચડવા દેસ્યું. ૧૧૮
એહવું સાંભલી કહે ભણશાલિ, જોઈ માણસને બોલ સંભાલી,
બીજા સઘવીની પરે હું નાપું મુલગામાં હથી મીલણ
કાપું ૧૧૯

રાત દિવસ ભાંજગડ થાય ભાંજગડ કરતાં છ દિન જાય,
રૂપીઆ છ હજાર સુધી ભાટ વાણીએ ભાંજગડ કીધી ૧૨૦
ભણુશાલી ભાખે એવડું નાપું એ માંડેથી આધો આધજ કાપું,
રૂપીઆ ત્રણ હજાર દાણ આપું હું તુજને વચન પ્રમાણ ૧૨૧
પૃથ્વીરાજ ભાખે જારે જાય ઇહાંથી તુજને તેડાવ્યો કોણે તિહાંથી,
હીરસા કેરી રાખું છું લાજ તુજને તમાશો દેખાડું આજ ૧૨૨
ભણુશાલી ભાખે સાંભળો હો રાજ શાને એવડા કરે દીવાન
દાણ જે માગે તેહીજ સાચા જોરાવર નાપે ઓસવાલ
બચ્ચા ૧૨૩

બીજા સંઘવીને હું નહિ સરીખો આંબ્યો ઉઘાડી જોઈને
પરખો,

હવે હું તુજને નાપું બદામ તાહરે ચાલે તે કરજે બદામ ૧૨૪
હવે ભણુશાલી લશકર રાખે નાલિ ગોલાના આરાબા દાખે,
ગામનો રાજ મેલો તેડાવે કાઠી કાલીને તિહાં મલી આવે ૧૨૫
ચાર પાણીની તે બંધ કીધી પાપી પરધાને એ મતિ દીધી,
તવ ભણુશાલી ઉંટ તેડાવે ડેરા પાખલિ કુઈ ખોદાવે ૧૨૬
ખોદી કુઇને આવ્યું છે પાણી એહવી વાત પૃથ્વીરાજ જાણી,
ફોજ મોકલી ચારે મંગાવે ગામના લોક આકળા થાવે ૧૨૭
કારકુન કહે સાંભલો પૃથ્વીરાજ એ વાતે લાગે આપણે લાજ,
ગામમાં આવો વણજ વોરાવો ચાર પાણીની બંધી
છોડાવો ૧૨૮

સંઘવી પ્રેમજી નેક પુર ભણુશાલી એકાંતે બેસી બુદ્ધિ સંભાલી,
પ્રભાતે આપણ કુજ કરેવું એવડું દાણ ન એહને દેવું ૧૨૯
જેઠ સુદિ આઠમ નગારાં દેઇ કપુરચંદ ચાલે શ્રી સંઘ લેઇ,
ભાટ વાણીયાં ભાંજગડ કરે ભણુશાલી આગે વિનતી કરે ૧૩૦
વીણ માલ પહેરે કરેા છેા કુંજ એ વાતે નહી ભલી તુમ સુજ,
આજનેા દિવસ કરેા મુકામ જેમ સિધ પામે તમારૂં કામ ૧૩૧
ભણુશાલી કહે અમે તેા વાણીયા માન્યાતેા દેવ નહીતર પાણીયા,
યાત્રા ન થાય દિવસ જાય સંઘના લેાક આકલા થાય ૧૩૨
તે માટે માહરે ઇહાં ન રહેવું જઇ પૃથ્વીરાજને તુમે તે કહેવું,
ત્રીજે નગારે અસવારી થાય માનવી ચાલે શ્રી સંઘ જાય ૧૩૩
કાઠી કેાલીને ઉભા રજપૂત દીસંતા કાલા જાણે યમ દૂત,
આવી વેલાને લુટવા લાગ્યા છુટી બંધુકેા તવ તે ભાગ્યા ૧૩૪
કાઠી તરવારને કાઢીને ઘાય લલીતાસર પર મામલેા થાય,
ત્રીજે નગારે અસવારી થાય ગામ વીચાલે શ્રી સંઘ જાય. ૧૩૫
બુંબ સાંભલી તિહાં ભણુશાલી અસવારી ગામ ઉપર ચાલી,
નાલ્યેા ધડુકે બંધુકેા છુટે માંહેામાંહે એક એકને કુટે. ૧૩૬
તીરતણા તીહાં વરસે છે મેહ ભલા થાય તે ન દાખે છેહ,
અસવાર ઉપર બરછી હેા નાખે ઝડ કાપડ તાડાલિને દાખે ૧૩૭
આવી છે ગેાલી નાખે છે ઢેાળી રણમાં પડયા તિહાં દીસે છે કેાલી
કાયર તીહાં જાય છે ભાગા સુરા લડે છે રણમાં નાગા. ૧૩૮
પડયા સિપાઇ પહેલી લડાઇ માર્યો છે જિહાં પૃથવીરાજનેા ભાઇ
વાણી આ વચે વેગડ કુટાણા બાઇ બેનડી ઘેાડા કહેવાણા ૧૩૯

પંચેંદ્રિ જિહાં હણ્યાણા વીશ અધિકાનું મિચ્છામિ દુક્કડં કહીએ,
આવ્યા યાતરા અનરથ કીધો સંઘવી પ્રેમજીને અપજશ
દીધો ૧૪૦

હીરસા ઝવેરી અવસરનો જાણુ વચે પડી વાહી આદીસર આણુ,
ઘણી હુઇ તુમે છો બલીયા ભલામાણુસ વચે પડીયા ૧૪૧

વચે પડીને વારી લડાઇ ગોલી નાંખતાં વાર્યા સિપાઇ,
શ્રીસંઘ તીહાંથી પાછો તે આવે ડુંગર તલેટી મુકામ થાવે ૧૪૨

કરી મુકામ માંહેમલીયા ભાવટ ભાગી કષ્ટથી ટલીયા,
પરભાતે સંઘવી હીરસાને લેઇ દાણુ ચુકાવા આવ્યા તે બેઇ ૧૪૩

ભાંજગડ કરતાં સારો દિન થાય સાંજ પડે સહુડેરે તે જાય
બીજે દિન આવીને મેડો કીધો માગ્યો ગરથપૃથવીરાજને
દીધો ૧૪૪

ડુંગર કેઇ છુટી મનાઇ બીજી નુમ ચઢે શ્રી સંઘ ધાઇ,
દશમ કેરૂં મુરત ચંગ પહેરી ઇદ્રમાલ રાખ્યો છે રંગ ૧૪૫

રાયણ પાખલ ફેરા તે ફરીયા સંઘવી સંઘવેણુના કાજ તે સરીયા
સંઘપતિ કેરૂં તિલક કરાવી દેહરા ઉપર ધજા ચઢાવી ૧૪૬

ભાટ ઉભા રહી બિરૂદાવલી બોલે નહી કો સંઘવી પ્રેમજીને તોલે,
ભાટ ગંધર્વને દાનજ દીધાં લક્ષ્મી મલ્યાનાં એ ફલ લીધાં ૧૪૭

સંઘ સકલ પુજા તે કીધી ચોથા વ્રતની કેઇ આખડી લીધી,
દાદા હરીસણ દેહે તુમે વહેલાં, શીખ માગીને ઉતર્યા
પહેલાં ૧૪૮

બીજે દીન કેઇ ચઢયા નરનારી પુજી આદીસ્વર આંગીરસ સારી,
બારસ્વને દીન સંઘ ઉપડયેા દુઢણ બહૂદ આમે જઇ પડીયેા ૧૪૯
ભણશાલી કપુર કેડેથી આવે વાણીયા ચાર બાંધીને લાવે,
રાત ગઇ છે પેલી ઘડી ચાર હૂએા નગારૂં થાએા તઇયાર ૧૫૦
તીહાંથી શ્રીસંઘ શતરે ચાલે તેા તલીયાણે આવી રાતને ગાલે,
ઉગ્યેા સુરજ ને થયેા પ્રકાશ શ્રીસંઘ ચાલ્યેા મન ઉલ્લાસ. ૧૫૧
જમણ કરીને રહ્યા દિનરાત ચાલે શ્રીસંઘ ઉઠી પરભાત,
આગલ આવ્યું લેાલીયાણ ગામ જમણપાણી કર્યાનું મકામ. ૧૫૨
પાલીતાણાથી પીપલીયું ગામ સેાલ ગાઉ આવી કર્યું મુકામ,
નીરમલ નદી ભર્યું છે નીર શ્રીસંઘ ઉતર્યેા તેહને તીર. ૧૫૩
જમણ કરીને તીહાં થકી ચાલી મારગે વચ્ચે રાતરે ગાલી,
પરભાતે તીહાંથી સંઘ ઉપડીયેા નાવલ વાઢેલિ જઇને
ઉતરી. ૧૫૪
તિહાંથી આગલ ધંધુંકુ ગામ તિહાંકણે કીધું ચેાથું મુકામ,
તીહાંથી આગલ જવારાયે આવે મજલ મેાટીને તડકેા
થાવે. ૧૫૫
જમણપાણી તિહાંકણ કીધાં પરભાતે ઘેાલકે ચાલ્યા સીધા,
આવી ઘેાલકે ડેરા દેા હુઆ સુરત અમદાવાદી ઉતર્યા
જુઆ. ૧૫૬
સંઘવી ભણશાલીયે નામું તે કીધું લેખું ગણીને નાણું તે દીધું,
આદીસર દેહરે ભંડાર સારૂ મેલે સંઘમાં રૂપીઆ વારૂ. ૧૫૭

ભાટ લોજકને દીધી છે શીખસંઘવી જીવ જો કોડ વરીસ.
સંઘ સકલ નિજ ઘરે આવે સગાં સહેજાં સહુ હર્ષ
પાવે. ૧૫૮

સંવત સત્તર સીતરા હોા વર્ષે રહ્યા ચોમાસું નડીયાદ હરખે,
નડીયાદી સંઘ સાથે પન્યાસ કીધી યાત્રા મન ઉલ્લાસ. ૧૫૯
તપગચ્છમાંહી ગીતારથ સારા પંડિત લક્ષ્મીવિજય ગુરૂ મારા
તે ગુરૂ કેરે ચરણ પસાયે એહ સલોકો સેવક ગાયે. ૧૬૦
સલોકો સારો સિદ્ધાચલ કેરો ભણતાને સુણતા ટાળે ભવ ફેરો,
અમરવિજે કહે સિદ્ધાચાળ નામે નરનારી મનવંછિત
પામે ૧૬૧

ઇતિ સુરતના સંઘવીનો સિદ્ધાચલનો સલોકો
શ્લોક ૨૪૧

# પ્રકરણ ૧૨ મું

## સુરતનો વર્તમાન ઇતિહાસ.

સુરત શહેરમાં જૈનોની વસ્તી લગભગ ૩૦૦૦ થી ૪૦૦૦ માણસોની હશે. સુરતના જૈનોમાં મુખ્યત્વે નવ ન્યાતો હોવાનુ કહેવામાં આવે છે. (૧) વીશા ઓસવાળ (૨) દશા ઓશવાળ (૩) વીશા શ્રીમાળી (૪) ત્રણ તડ (૫) દશા શ્રીમાળી (૬) પોરવાડ (૭) વોરા (હોરા-ઓરા) સાધુ. (૮) મારવાડી (૯) કાઠીયાવાડી તેમાં વીશા ઓસવાલ કોમની વસ્તી ઘણે ભાગે ગોપીપુરાના લત્તામાં છે. તેઓનો મુખ્ય ધંધો ઝવેરાતનો છે. તેઓમાંના ઘણા ખરાં પૈસે ટકે સુખી છે. અને તેમની વસ્તી લગભગ ૧૦૦૦ માણસની છે. અને તેમના પ્રમાણમાં એ લત્તામાં જૈન દેરાસરોની સંખ્યા પણ વિશેષ છે દશા ઓશવાળ કોમની વસ્તી વડા ચૌટા અને નાણાવટમાં આવેલી છે. તેમની વસ્તી લગભગ ૫૦૦ માણસોની છે. તેમનો ધંધો પણ મુખ્યત્વે ઝવેરાતનો છે. અને રૂ કપાસની દલાલી તથા તોલાટીનો છે. વીશા શ્રીમાળી કોમ પણ એજ લત્તામાં રહે છે. વસ્તી લગભગ ૪૦૦ માણસોની છે. આ કોમ પહેલાં ઘણી માતબર સ્થિતિમાં હતી. પરંતુ અત્યારે તે કોમની સ્થિતિ ઘણીજ મધ્યમ છે. આ કોમના માણસો સુતરાઉ તથા રેશમી કાપડ ઝવેરાત-વ્યાજનુ વિ. ના ધંધાઓ કરે છે. તથા કેટલાક પરચુરણ નોકરીઓ તથા ફેરીયાનો ધંધો કરે છે. ત્રણ તડવાળી કોમ

વડાચૌટા નાણાવટ, દેશાઇ પોળ, ગોપીપુરા વિ. લત્તાઓમાં વહેંચાઇ ગએલી છે. તેમની સ્થિતિ એકંદરે સારી છે. ઘણાં ખરાંઓ ઝવેરાતનો ધંધો કરે છે. વસ્તી લગભગ ૩૦૦–૩૫૦ માણસની હશે. દશા શ્રીમાળીની વસ્તી છાપરીયા શેરી ગોળ શેરી વિગેરેના લત્તામાં આવેલી છે. તેમની વસ્તી પણ ૩૦૦–૪૦૦ માણસોની છે. સ્થિતિ સાધારણ ઠીક છે. પોરવાડ કોમની વસ્તી પણ છુટી છવાઇ આવેલી છે. અને તેની વસ્તી પણ લગભગ ૩૦૦ માણસોની હશે. સ્થિતિ પણ એકંદર મધ્યમ છે. વોરા સાધુ એ પણ એક કોમ છે. તેની વસ્તી પણ લગભગ ૩૦૦ માણસની છે. ઘણે ભાગે તેમનો ધંધો ઝવેરાતનો છે. સ્થિતિ સારી છે. મારવાડી કોમમાં પણ સહેજે બે વિભાગ પાડી શકાય એક તો ચોકસીનો તથા વ્યાજુનો ધંધો કરનાર મારવાડી ભાઇઓ તથા બીજો અનાજના વેપારીઓ તથા પરચુરણ મજુરી કરનાર મારવાડી ભાઇઓ પ્રથમ પંક્તિના મારવાડી ભાઇઓ નવાપુરા, હરીપુરા, સગરામપુરા વિ. લત્તાઓમાં રહે છે. તથા બીજી પંક્તિના ગોપીપુરાના લત્તામાં રહે છે બંને મળીને લગભગ ૫૦૦ માણસોની વસ્તી હશે પ્રથમ પંક્તિના ભાઇઓની તથા બીજી પંક્તિમાં અનાજના વેપારીઓની સ્થિતિ ઘણી સારી છે. પરંતુ મજુરી કરનાર મારવાડી ભાઇઓની સ્થિતિ ઘણીજ સાધારણ છે. કાઠીયાવાડી કોમ કાઠીયાવાડથી ધંધા તથા નોકરીને અર્થે આવેલી છે. તેમની વસ્તી પણ લગભગ

૨૦૦ થી ૩૦૦ માણસની હશે. સ્થિતિ સાધારણ છે. ઉપર મુજબ જૈન કોમની પેટા જ્ઞાતિઓ તથા તેમની આર્થિક સ્થિતિ વિગેરેનું ટુંકમાં વર્ણન કર્યું છે.

## જૈનકોમના હાલના તેમજ અગાઉના વીર અને નામાંકિત નરો તેમના કાર્યો તથા સખાવતો

સુરત શહેરમાં એકંદરે જૈનકોમની નવ ન્યાતો ગણાય છે તથા તેમાં આગલી એક બે વીસીઓમાં જુદી જુદી રીતે પ્રખ્યાતિ પામેલાં અનેક વીર અને નામાંકિત નરો થઇ ગયેલાં છે. અને તેઓએ સુરત શહેરની જૈનકોમનાં તેમજ સુરત શહેરની તમામ પ્રજા સમસ્તના ઇતિહાસમાં અનેક પ્રકારનો સારો ફાળો આપ્યો છે. તેઓનાં નામનો તથા તેમના કાર્યોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે તો તે કાંઇ અસ્થાને ગણાશે નહિ. સુરત શહેરની આર્થિક નૈતિક ધાર્મિક અને રાજ્યદ્વારી ઉન્નતિના પ્રકરણોમાં જૈનકોમે પણ પોતાની કોમની સંખ્યાનાં પ્રમાણમાં દોલતના અને વિદ્યાના તથા સંસ્કારના પ્રમાણમાં ઘણો સારો અને સુંદર ફાળો આપ્યો છે. એ બાબત કોઇથી ના પાડી શકાય તેમ નથી. આપણા પૂર્વજોના નામ સ્મરણ કરવા તથા તેમણે જે જે કાર્યો સખાવતો વિ. કીધા હોય તેમનું પણ સ્મરણ કરીએ તથા તેમના ગુણાનુવાદ ગાઇએ એમાં આપણે તેમની એક જાતની જયંતિજ ઉજવીએ છીએ. અને તેમાં આપણે આપણી ફરજ કરતાં કાંઇ વિશેષ કરતા નથી. તેમણે સુરત

શહેરની તેમજ ખાસ કરીને જૈનકોમની આર્થીક નૈતિક ધાર્મિક વ્યવહારીક અને રાજ્યદ્વારી ઉન્નતિમાં જે કાંઇ પોતાના જાહેર કાર્યો તથા સખાવતોથી આપ્યો છે. તેવો ફાળો હાલની પ્રજા તેમને પગલે ચાલી ફાળો આપવાને શકિતવાન થાઓ. એવી અમારી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

(૧) પ્રથમ આપણે સુરતની વીશા ઓસવાલ જૈનકોમ કે જે જૈનોમાં વેપાર ઉદ્યોગમાં ઘણી આગળ વધેલી કોમ છે તેની હાલની તેમજ અગાઉની વ્યક્તિઓના નામને યાદ કરીએ આ કોમમાં અત્યાર અગાઉ રા. બા. નગીનચંદ ઝવેરચંદ ઝવેરી, તલકચંદ માણેકચંદ માસ્તર, ધરમચંદ ઉદેચંદ, નગીનભાઇ કપુરચંદ, નગીનભાઇ મંછુભાઇ વખાર વાળાનું કુટુંબ, નેમચંદ મેલાપચંદ, ખીમચંદ મોતીચંદ, દેવચંદ લાલભાઇ વિ. વિ. નામાંકિત પુરૂષો થઇ ગયા છે. રા. બા. નગીનચંદને સુરત શહેરની પ્રજામાંથી કોઇ ભાગ્યેજ નહીં ઓળખતું હશે. એઓ સુરત શહેરના પ્રખ્યાત અને ધનાઢય ઝવેરી હતા. એક વખતે કરોડપતિ પણ કહેવાઇ ગયા. ઝવેરાતના ધંધામાં પરોણી-ગરથી શરૂઆત કરી છેવટે એક કુશળ અને બાહોશ ઝવેરી અને વ્યાપારી તરીકે તેમણે પ્રસિદ્ધિ મેળવી હતી. તેઓ જાતે કામ કરવામાં બહુ ખંતીલા હતા. જો કે ઝાઝી કેળ-વણી પામ્યા ન હોતા. તોપણ પોતાનો ધંધો એમણે ઘણી સારી રીતે ખીલવ્યો હતો. અને આરબ વેપારીઓ તથા

યુરોપીયન વેપારીઓમાં પોતે સારી નામના મેળવી હતી. એવું કહેવાય છે કે જ્યારે એમનો ધંધો પુરો ધીકતો ચાલતો હતો. જ્યારે જેમ અનાજના વેપારીઓ ગુણોમાં તથા કોથળામાં અનાજ ભરી રાખે તેમ તેઓ પોતાનું મોતી વિગેરે ઝવેરાત કોથળાઓમાં ભરી રાખતા હતા એમની પેઢીમાં ઘણું જૈનો તેમજ જૈનેતરોનું પોષણ થતું હતું. એમણે સુરતનો ટાઉનહોલ ઉર્ફે નગીનચંદ ઇન્સ્ટીટ્યુટ બંધાવી આપી સુરત શહેરમાં ટાઉનહોલની અને જાહેર વ્યાખ્યાનો આપવાની જગ્યાની ખોટ હતી તે પુરી પાડી આપી. એડુસ લાયબ્રેરીને પણ એક સારા મકાનની ખોટ હતી તે પુરી પાડી છે. એમણે પોતાની હયાતીમાં જૈન તેમજ જૈનેતર સંસ્થાઓને ઘણી સારી મદદ આપી છે. તેમના પ્રયાસથી લાર્ડ ન્સમાંનું જૈન ફેરસર થવા પામ્યું છે. અને તેની આસપાસ જૈન લોકોના બંગલાઓ થવા પામ્યા છે. તેમની જાહેર સરખાવતોથી સરકારે તેમને રા. બા. નો ખીતાબ બક્ષ્યો હતો. પોતાના ઝવેરાતના ધંધાને લીધે તેઓ પારસી યુરોપીયન અને આરબ લોકો સાથે ઘણા ગાઢા પરિચયમાં આવ્યા હતા એમની જીંદગીના અંતમાં એમના ઉપર સખત ઘા પડયા હતા તેવણની ધંધાની પડતીથી તેમના મગજ ઉપર ઘણી માઠી અસર કરી હતી અને તેથી આખરે તેમનું મૃત્યુ વહેલું થવા પામ્યું હતું. રા. બા. નગીનચંદની જીંદગીની ઘણી

બાજુઓ હતી અને છે. અને તે દરેક ઉપર વિવેચન કરવા જઇએ તો પાનાઓના પાનાઓ ભરાઇ જાય માત્ર ટુંકાણમાં ઉપર મુજબ લખ્યું છે. અત્યારે તેમના વંશમાં કોઇ નથી.

બીજા ગૃહસ્થ રા. રા. તલકચંદ માણેકચંદ શાપુરજીની પેઢીમાં ભાગીદાર હતા તેઓ પણ ધનાઢય પુરૂષ થઈ ગયા સુરતમાં તેમણે પોતાની વાડીમાં બંગલો તથા જૈન મંદિર બંધાવ્યા છે અને તે વાડીના કુલેસ સુરતના ઘણાં ખરાં દેરાસરોમાં અપાય છે. વાડી ઘણી વિશાળ છે. વાડીમાં એક મંદીર હતું તે તેમના સુપુત્રોએ નવેસરથી બંધાવ્યું હતું તેમના સુપુત્રો ભાઇ રતનચંદ અને નાનાભાઇ હતા તેઓ પણ શેરોનું તથા બેન્કોનું કામ કરતા હતા અને તે ધંધામાં તેઓએ નામના સારી મેળવી હતી શેઠ ધરમચંદ ઉદેચંદ સંઘવીને નામે પ્રખ્યાત થઇ ગયા તેઓ એક ખરેખરા ધર્માત્મા પુરૂષ હતા તેમની પત્ની પણ એક ધર્મ પત્નીજ હતા ઘણી ઘણીયાણીનું ખરૂં દૈવી જોડું હતું અને સવારના પહોરમાં તેમના દર્શન કરનારને અવશ્ય ફાયદો થયા વિના રહેજ નહીં ધર્મના દરેક કાર્યોમાં તેઓ આગળ પડતો ભાગ લેતા હતા તેઓએ એકાદ બે વખત સંઘ કાઢયા હતા તેમના નામથી અત્યારે ધરમચંદ ઉદેચંદ જીર્ણોદ્ધાર ફંડ ચાલે છે. તેમના સુપુત્રો મેસર્સ લલ્લુભાઇ, જીવણચંદ, ગુલાબચંદ, મગનભાઇ વિ. જૈનકોમમાં જાણીતા છે. તેઓએ

પણ અરબસ્તાન યુરોપ આદિ દેશોમાં જઈ ઝવેરાતના ધંધાને સારી રીતે ખીલવ્યો છે. જો કે બજારની ઉથલ પાથલને લીધે તેમની આર્થીક સ્થિતિ નરમ પડી છે. હુમસમાં તેમનો એક બંગલો તથા વાડી છે. તેમાં કેટલીક ઓરડીઓ ખાસ જૈનોને ઉનાળામાં હવા ખાવા આવવા સારૂં સેનેટેરીયમ તરીકે વાપરવા સારૂં આપવામાં આવતી હતી અને તેનો ઘણાં જૈનો લાભ લેતા હતા. તેમના તરફથી એજ્યુકેશન ફંડ ચાલે છે. જેમાંથી દર વર્ષે ઉંચી કેળવણી લેનાર વિદ્યાર્થીઓને સારી મદદ આપવામાં આવે છે. શેઠ નગીનચંદ કપુરચંદ તથા તેમનું કુટુંબ પણ જૈનોને જાણીતું છે. તેમનું કુટુંબ ઘણું મોટું છે તેઓ પણ મોટા પાયા ઉપર મોતીનો ધંધો કરતા હતા. ધર્મના દરેક કાર્યમાં આગળ પડતો ભાગ લેતા હતા. તેઓના તરફથી એક મોટા પાયા ઉપર જીવ દયા ફંડ સ્થાપવામાં આવ્યું છે. તેઓએ એક ધર્મશાળા બંધાવી છે. હાલમાં મોહનલાલજી મહારાજના ઉપાશ્રયના નામથી ઓળખાય છે. તેઓએ મોહનલાલજી જ્ઞાન ભંડારને માટે એક ખાસ એલાયદુ પત્થરનું મકાન બંધાવી આપ્યું છે અને તે સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી પણ તેઓ છે. તેઓ તથા ધરમચંદ ઉદેચંદનું કુટુંબ મોહનલાલજી મહારાજના પરમભકત હતા. તથા તેમની વચન સિધ્ધિમાં તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી તેમના પ્રયાસથી કતારગામનું હાલનું દેરાસર બંધાવા પામ્યું છે.

શેઠ નગીનભાઈ મંછુભાઇનું પણ કુટુંબ ઘણું મોટું છે. તેમના તરફથી સુરતમાં એક ખાસ એક દેરાસર બંધાવવામાં આવ્યું છે. તેઓ મુંબઈના શ્રીગોડીજીના દેરાસરના મુખ્ય ટ્રસ્ટી હતા વખારવાળાનું કુટુંબ પણ તેવુંજ જાણીતું છે. તેમનામાંથી એક ભાઈ મી અમરચંદ સોલીસીટરની પરિક્ષા પસાર કરી છે. અને મુંબઇમાં મેસર્સ અમરચંદ એન્ડ મંગળદાસની પેઢીના નામે ધંધો કરે છે. ત્યારે બીજાઓ જાપાન મુંબઇ લિ.મા ઝવેરાતનો ધંધો કરે છે. શેઠ ખીમચંદ મોતીચંદનું કુટુંબ મુંબઈમાં વિશેષ જાણીતું છે. અત્યારે તેમના વંશમાં રા. રતનચંદભાઇ છે તેઓ મુંબઇના સંઘના સંઘપતિ છે. ભાયખલાનું દેરાસર તેમના બાપદાદાઓ તરફથી બંધાવવામાં આવ્યું છે. સહરહુ દેરાસર મુંબઇનું પાલીતાણું કહેવાય છે. અને ત્યાં કારતકી પુનેમ અને ચૈત્રી પુનેમ ઉપર તેમજ દર સોમવારે ઘણાં જૈનો દર્શન કરવા જાય છે. તેઓ હાલમાં શેરનું વિમાનું તેમજ લડાઇખાતાનું અને કમીશન એજન્સીનું બીઝનેશ કરે છે. શેઠ નેમચંદ મેલાપચંદે સુરતનું વાડીનું દહેરૂં તથા વાડીનો ઉપાશ્રય તથા રત્નસાગરજી સ્કુલ માટે મકાન બંધાવ્યું છે તેમના કુટુંબમાં રા. બા. હીરાચંદ નેમચંદ જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે તેઓએ સરકારમાં સારી નામના મેળવી હતી તેઓ મુંબઇના ઝવેરી મહાજનના મુખ્ય ટ્રસ્ટી હતા. અને તે દ્વારા તેમના તરફથી અનેક જૈન સંસ્થાઓને ઘટતી સારી મદદ

મળતી હતી આ શહેરમાં નર્સીંગ ઇન્સ્ટીટયુટ તેમની સખાવતથી તેમના પિતાના નામે હસ્તીમાં આવ્યું છે. શેઠ દેવચંદ લાલભાઈનું કુટુંબ જૈન પુસ્તકોદ્ધાર ફંડને માટે જાણીતું થયું છે. તે ફંડ તરફથી મુનિ મહારાજાઓની સહાયથી જૈનધર્મના જુના પુસ્તકો અને સૂત્રો વિ. પ્રગટ થવા પામ્યા છે. પુસ્તકોદ્ધાર બાબતમાં આ ફંડ તરફથી ઘણું સારૂં અને સંગીન પ્રશંશાપાત્ર કામ થયું છે. તેમના કુટુંબમાં શા ગુલાબચંદ દેવચંદ હતા, તેઓ મુંબઈનો ઠાઇમંડ મીલના એક માલીક હતા. અને મુંબઈની કોરપોરેશનમાં બિરાજ્યા હતા તેઓ જૈન એશોસીએશન ઓફ ઈંડીયાના રા. રતનચંદ તલકચંદ વિ.ની સાથે એક ટ્રસ્ટી હતા. મેસર્સ જીવણચંદ સાકરચંદ તથા નગીનભાઇ ઘેલાભાઇ પણ આ કુટુબના મેમ્બરો છે.

નગીનભાઇ ઘેલાભાઇએ પોતાની ઘણી ખરી મીલકતનું વીલ કર્યું હતું અને તે વીલની રૂએ શેઠ નગીનભાઇ ઘેલાભાઇ જૈન હાય સ્કુલ. ઉત્પન્ન થઇ છે. આ કોમમાં છોટુભાઈ ગુલાબચંદ વકીલ પણ જાણીતા છે. દશા ઓસવાલ કોમમાં શેઠ પ્રેમચંદ રાયચંદનું કુટુંબ જાણીતું છે. શેઠ પ્રેમચંદ રાયચંદનું નામ હિંદુસ્તાનમાં તેમજ યુરોપાદિ દેશોમાં મશહુર છે. તેમના નામની અનેક સંસ્થાઓ અદ્યાપિ પર્યંત ચાલે છે. મુંબઈ યુનિવર્સીટીનો રાજાબાઇ ટાવર તેમના માતુશ્રીના નામથી તેમના તરફથી તૈયાર કરાવવામાં

આવ્યો છે. કલકત્તા યુનિવર્સીટીમાં તેમણે મુંબઈની યુનિવર્સીટી કરતાં પણ ઘણી સારી રકમો બક્ષિસ આપી છે. તેમના નામની કેટલીક સ્કોલર શીપો તથા ફેલો શીપો પણ ત્યાં છે. અને પ્રેમચંદ રાયચંદ સ્કોલર કહેવડાવવામાં ત્યાંના ગ્રેજ્યુએટો એક જાતનું માન ધરાવે છે. તેમના તરફથી કાઠીયાવાડના મુખ્ય મુખ્ય જૈન યાત્રાના સ્થળોમાં ધર્મશાળાઓ બંધાવવામાં આવી હતી, જેમાંની ઘણી ખરી અત્યારે વિદ્યમાન છે. તેમના તરફથી મુંબઈમાં એક ભોજનશાળા ચાલે છે. જેનો ગરીબ અને મધ્યમ વર્ગના જૈનો તથા વિદ્યાર્થીઓ લાભ લે છે, એમણે શેર બજારમાં અને રૂ બજારમાં અનન્ય નામના મેળવી હતી અને તેને માટે એવી કહેવત પડી ગએલી કે આવતી કાલના ભાવ તો પ્રેમચંદભાઈ જાણે. તેઓ ધંધામાં ઘણાં બાહોશ અને કુશળ હતા. તેમણે એટલે સુધી નામના મેળવી હતી કે એમ કહેવાય છે કે એક વખતે વિક્ટોરીયા રાણીએ પ્રેમચંદભાઈને વિલાયત આવવાનું આમંત્રણ કર્યું. એમના નામની સુરતમાં રાયચંદ દીપચંદ કન્યાશાળા ગોપીપુરા તથા હરીપુરામાં તથા અમદાવાદમાં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ જેવી જાણીતી સંસ્થાઓ ચાલે છે. એમની જીંદગીનો હેવાલ અંગ્રેજીમાં સરદીનશા વાચ્છાની કલમથી લખાએલો, એમના સુપુત્રો તરફથી બહાર પાડવામાં આવ્યો છે. આની ગુજરાતી નકલો છપાઈ નહીં હોય તો જૈન

લોકોને જાણવા માટે છપાવવાની જરૂર છે. આ પુસ્તકમાં શેઠજીનાં વ્યાપારી કાર્યોની જીંદગીના હેવાલો આપવામાં આવ્યા છે. એમની ઉપર પણ ઘણી આફતો આવી પડેલી પરંતુ તેમાંથી દરેકમાંથી તેઓ માનભેર પાછા હઠવા પામ્યા હતા. પરંતુ તેમના સુપુત્ર ફકીરભાઈના અકાલ મૃત્યુથી તેમના મન ઉપર ઘણી ઉંડી અસર થઈ ગઈ હતી તેમાંથી તેઓ જોઈએ તેવી રીતે છુટા થઇ શકયા નહીં. અને આખરે એમની જીંદગીનો અંત પણ નજીક આવી લાગ્યો. ભાઈ ફકીરભાઇ પણ એક ગુણી પીતાના કહેરહાન સુપુત્ર હતા એમણે જૈનશ્વેતાંબર કોન્ફરન્સ, જૈનએસોસીએશન વિ સંસ્થામાં ઘણો સારો આગેવાની પડતો ભાગ લીધો હતો. તથા તેઓએ વિદ્યાર્થીઓને માટે સગવડતા કરી આપી હતી એમના નામથી સુરતમાં વટાચોટામાં એક લાયબ્રેરી ચાલતી હતી. પરંતુ ફંડના અભાવે તે બંધ પડી છે આ લાયબ્રેરીનો પુનરોદ્ધાર કરવા સારૂં હમો તેઓના સંસ્થાપકોને તથા શેઠ પ્રેમચંદભાઇના સુપુત્રોને ભલામણ કરીએ છીએ. અત્યારે તેમના કુટુંબમાં શેઠ કીકાભાઇ તથા રા. માણેકલાલ છે. શેઠ કીકાભાઇ મુંબઈના શેર દલાલના પ્રેસીડન્ટ હતા પણ થોડા વખત પર રાજીનામું આપ્યું છે. તેઓએ શેરના ધંધામા ઘણી સારી પ્રખ્યાતિ મેળવી છે. હમારી તેમને આસ ભલામણ છે કે તેઓ પોતાના પિતાના પગલે ચાલી અનેક જૈન તથા જૈનેતર સંસ્થાઓને સારી મદદ આપી

પુણ્ય ઉપાર્જન કરે, દશાઓસવાલ કોમમાં બીજા જાણીતા કુટુંબમાં રા. ગુલાબચંદ મોતીચંદ હમણીયા સોલીસીટર થઇ ગયા. તેઓએ સોલીસીટરના ધંધામાં પોતાની પેઢીનું નામ ચુરો-પીયનની પેઢી કરતાં પણ આગળ વધાર્યું હતું. તેઓએ ઘણાં વર્ષો સુધી એ ધંધો કીધો. અને તેમાં ઘણો સારો પૈસો પ્રાપ્ત કર્યો. જો કે તેમના તરફથી જાહેર જૈનકોમને ઉપયોગી એવા કોઇ ખાસ કાર્યો થયા નથી તો પણ ગુપ્તપણે તેઓ જૈનો તરફ લાગણી રાખતા હતા. અને તેમના હસ્તક તેમની કોમને માટે એક નિરાશ્રિત મદદ ફંડ ચાલતુ હતું. અત્યારે તેમના વંશમાં તેમના ચિરંજીવીઓ મેસર્સ બાલુભાઈ તથા માણેકલાલ છે. તેમાંના માણેકલાલ સોલીસીટર છે ત્રીજુ સરસવાલાનું કુટુંબ છે. આ કુટુંબ અગાઉ ઘણી જાહોજલાલીમાં હતું, પરંતુ ભાગ્યવશાત્ અત્યારે એ કુટુંબ ઘણી લાચારીની સ્થિતિમાં આવી ગયું છે, તેમજ અત્યારે એ કુટુંબમાં કોઇ હોંશિયાર માણસ રહ્યું નથી. આ કુટુંબમાં રા. સોભાગચંદ પ્રેમચંદ કરીને છે. તેઓ મુંબઇમાં વકીલાતનો ધંધો કરે છે, વિશા-શ્રીમાળી કોમમાં નગરશેઠ બાબુભાઈ ગુલાબભાઇનું નામ પ્રથમ કોટીમાં મુકી શકાય. તેઓ એક મોટા જાગીરદાર છે. તેઓ બ્રિટીશના તથા ગાયકવાડ સરકારના જાગીરદાર છે ધમડાછા ગામે તેમનું છે. તેઓ વિશાશ્રીમાળી ન્યાતિના શેઠ છે. તેમજ નગરશેઠની પદવી ધરાવે છે. દરબારમાં

તેઓનું સારૂં માન છે. તેઓએ મેટ્રીકયુલેશન સુધીની કેળવણી લીધી છે. અને સારા વિચાર ધરાવે છે. જૈન સંઘના પણ સંઘપતિ છે તેમના કુટુંબમાં પણ અગાઉ નામાંકિત પુરૂષો થઇ ગયા તેઓ મુગલ સરકારના વખતમાં ને નવાબ સાહેબના રાજ્યમાં ઘણું જાણીતા થઈ ગયા. સુરતની જુદી જુદી ન્યાતોનો છેવટનો ફડચો તેમને ત્યાં થતો હતો. એમ કહેવાય છે. ભાઇ બાબુભાઇ સગીર વયમાં કોર્ટ ઓફ વોર્ડસના રક્ષણ નીચે હતા. તેઓ લાયક ઉમરના હોવાથી કોમની મીલ્કતનો વહીવટ તેમને સોંપી દેવામાં આવ્યો છે. બીજુ કુટુંબ શેઠ ભાઇશાજીવાળાનું તથા મલુકચંદ દીવાનવાળાનું કહેવાય છે. શેઠ ભાઇશાજી નવાબ સાહેબના રાજ્યના સમયમાં જાણીતા થઇ ગયા છે. તેમના તથા તેમના પૂર્વજો અસલના વખતમાં બંદરો મારફતે મોટા પાયા ઉપર વેપાર કરતા હતા. તથા તેમના મોટાં મોટાં ગોડાઉનો હતાં એમ કહેવાય છે. તેમના કુટુંબ તરફથી ગોડીપાર્શ્વનાથનું જૈન દેરાસર નગરશેઠની પોળમાં કરાવવામાં આવ્યું છે.

મેસર્સ શીવચંદ વજેચંદ તથા કુલચંદ શીવચંદનું કુટુંબ રેશમી કાપડના વેપારને માટે જાણીતું થયું છે. કુલચંદભાઇ સુરતમાં તેમજ આખા હીંદુસ્તાનમાં જૈન સિદ્ધાંતોના જ્ઞાન માટે તેમજ કાર્યો કરવા સારૂં જાણીતાં થઈ ગયા છે. આ કોમમાં બહામી વાળાનું કુટુંબ પણ જાણીતું થએલું છે. તેમનામાં રા. કપુરચંદ કરીને

એક ધર્મના જાણકાર પુરૂષ થઈ ગયા. તથા રા. સુરચંદભાઈ જડજ હતા. અને રા. મગનભાઈ વકીલાતનો ધંધો કરે છે. આ સિવાય પણ આ કોમમાં બીજા એક વકીલ છે અને એ સિવાય બીજા એક બે ગ્રેજ્યુએટો પણ છે. મેલાપચંદ બજાજવાળાનું કુટુંબ પણ અગાઉના વખતમા જાણીતું થઇ ગયું છે. પરંતુ અત્યારે તે પણ છિન્ન ભિન્ન થઇ ગયું છે. ત્રણ તડવાલી કોમમાં રા. ચુનીલાલ છગનચંદ સરાફ ધર્મના ઘણા જાણકાર પુરૂષ હતા. તેઓએ હાલની પદ્ધિ માત્ય કેળવણી પણ લીધી હતી તેમજ રા. ચુનીલાલ ગુલાબચંદ રીટાયર્ડ ફોરેસ્ટ ઓફીસર છે. તેઓ અત્યારે પેન્સનર છે. તેમજ રા. સાકેરચંદ મદ્રાસીનો ચાંદીનો, તેમજ શરાફીનો મોટો વેપાર ચાલે છે. દીપચંદ સુરચંદની પેઢી જાણીતી શરાફી પેઢીના માલીક રા. સોભાગભાઈ હતા કચરાનું કુટુંબ પણ જાણીતું છે. તેમણે નાણાવટમાં આવેલું શ્રી મહાવીર સ્વામિનું સમવસરણનું દહેરૂં બંધાવેલું છે. તેમનું કુટુંબ અત્યારે વહેંચાઇ ગયું છે. પરંતુ તેમની પૈસા સંબંધી સ્થિતિ સારી છે. મેસર્સ ખીમચંદ કલ્યાણચંદ નાણાવટી જાણીતા છે. તેમણે જરીકામ ભરતકામનો ધંધો સારી રીતે ખીલવ્યો છે. રા. રા. હીરાચંદ મોતીચંદ પણ જાણીતા થઇ ગયા તેઓએ દુષ્કાળ આદિ પ્રસંગોમાં સરકારને તેમજ બીજા આસામીઓને ઘણી મદદ કરી હતી તેથી સરકારે તેમને રા. બા. નો ખીતાબ આપ્યો.

હતો તેઓ ધર્મના કાર્યોમાં પણ આગળ પડતો ભાગ લેતા હતા. તેઓએ શ્રાવિકા શાળાની સ્થાપના કરી હતી તે સંસ્થા તેમની વિધવા બાઇ રૂક્ષમણી ચલાવતા હતા અને તેની સાથે જૈન વનિતા વિશ્રામ પણ ચાલતું હતું રા. સા. હીરાચંદભાઇએ શાહપોરના તેમજ કતારગામના દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં પણ સારો ભાગ આપ્યો હતો. આ કામમાં રા. મગનલાલ પ્રેમચંદ મારફતીયા વકીલ સારી નામના મેળવી સ્વર્ગવાસી થયા છે. પોરવાડની કોમમાં શા. હેમચંદ સુખડીયાનું કુટુંબ જાણીતું છે. તેઓએ સુરતની બરફી પેંડા વિ. મિઠાઇઓ બનાવવામાં આખા મુંબઇ ઇલાકામાં સારી નામના મેળવી છે. અને તે ધંધામાં તેઓએ સારો પૈસો પેદા કીધો છે. મારવાડી કોમમાં અત્યારે શેઠ દલીચંદ વીરચંદ છે. તેઓ કતારગામના દેરાસરના મુખ્ય ટ્રસ્ટી છે. તેમજ આ કોમમાં સુરતના મોટા મોટા ચોકસીઓ પણ છે. જેમાના મુખ્ય શા. નેમચંદ નાથાભાઇ તથા શા ડાહ્યાભાઇ ધનજીભાઇ તથા શા. રાયચંદ મોતીચંદ તથા વીરચંદ હરજીવનદાસની કું. કરીને છે. તેઓ મુંબઇમાં તેમજ સુરતમાં ચાંદી તથા સોનાનો મોટા પાયા ઉપર વેપાર કરે છે. આ કોમમાં એક બે ગ્રેજ્યુએટો પણ છે. તેમાં શા. અમીચંદ ગોવનજી અડાજણવાલા વકીલાતનો ધંધો કરે છે. અનાજના વેપારીઓમાં પણ એક બે દુકાનવાળાઓ ઘણું સારૂં કામ કરે

છે. અને તેમજ તેઓએ સારી નામના મેળવી છે. પરમાર કુટુંબના મો. ધનરાજ જે. પરમાર પણ પોતાના ધંધામાં સાહસીક છે. દશામ્રીમાણી કેામમાં ડાકટર અમીચંદ છગનલાલ સૈાને જાણીતા છે. તેઓએ અત્યારે પોતાનો ડાકટરનેા ધંધેા છોડી દઇ પાવરથી હેન્ડલુમનું સ્વદેશી વણાટનું કારખાનું ચાલુ કીધુ છે તેઓ આપણી અસહકારી મ્યુનિસીપાલાટીના મેમ્બર હતા. તેમના ઉપર ચાલેલા કેસમાં તેમણે અડગ શ્રદ્ધા તથા હીંમત બતાવી પોતાની લાયકાત પુરવાર કરી છે આ કેામમાં રા. છગનલાલ ચુનીલાલ ચેાકસીનું કુટુંબ જાણીતું છે તેઓ ધર્મના કાર્યમાં આગળ પડતેા ભાગ લે છે. એજ કેામમાં એક ભાઈ વિલાયતથી મખમલ વણાટનું કામ શીખી પાછા ફર્યા છે. આશા રાખીએ છીએ કે તેઓ પોતાના જ્ઞાનનેા ઉપયેાગ હિંદુસ્તાનની હુન્નર કળાઓનેા વિકાસ કરવામાં કરશે.

## ઉપસંહાર

જ્ઞાતિવાર કેટલાક ગૃહસ્થો તથા કુટુંબોની સેવાનો શકય ઉલ્લેખ કર્યો બાદ સુરતની સામુદાયિક સર્વદેશીય ક્ષેત્રોમાં કેટલીક વ્યકિતઓએ અનુપમ સેવા અર્પી, સુરતની જૈન સમાજના ઉત્કર્ષમાં અનેરો ફાળો આપ્યો છે તેઓના સુધારક નામો અને સેવાઓની નોંધ અમે ઘણા હર્ષથી લઇએ છીએ.

૧. **શ્રીજીવદયા**–શેઠ સોભાગચંદદાસના નામે ઓળ ખાતા, જૈન વીસા ઓસવાળ જ્ઞાતિના ગૃહસ્થ કે જેઓ છેલ્લા ઘણા વર્ષોથી જીવદયાના કાર્યને અંગે જીવો છોડાવવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે.

૨. **સાહિત્યરક્ષા તથા પ્રચાર**–શેઠ જેચંદ દયાચંદ જેઓએ શ્રીજૈન આનંદ પુસ્તકાલયની સ્થાપના કરી હતી તેઓ સાહિત્યના અખંડ પુજારી હતા. પોતાના જીવન દરમ્યાન શ્રીજૈન આનંદ પુસ્તકાલયને સમૃદ્ધ કરવામાં અનેરો ભોગ તેમણે આપ્યો હતો. તેઓની સાથે તેમના સહચારી ભાઇ અમરચંદ મુલચંદની સેવાઓ પણ અનુપમ છે. તેઓએ પણ શ્રી જૈનઆનંદ પુસ્તકાલયને છેલ્લા વીસ વર્ષથી મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવા અર્પી હતી.

શેઠ જીવણચંદ સાકેરચંદ કે જેઓએ શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડદ્વારા અનેક અમૂલ્ય ગ્રંથો પ્રગટ કરી સમાજને અનહદ લાભ આપ્યો છે એ રીતે અનુપમ સેવા બજાવી છે. શેઠ રતનચંદ ખીમચંદ કે જેઓએ હુકમ મુનિજીના ગ્રંથ સંગ્રહને સુરક્ષિત રાખ્યો છે અને તેઓ પણ અનેક પ્રસંગોમાં પોતાના જ્ઞાનનો સારો લાભ સમાજને આપે છે.

૩. **સંગીત વિશારદો**:—રા. રા. વજાભાઈ, રા. રા. મોહનભાઇ પાનાચંદ, રા. રા, ચંદુલાલ ચીમનલાલ, રા. રા. સાકેરચંદ વીરચંદ, રા. રા. બાબુભાઇ રાજા વગેરેની સંગીત સેવા પૂજા, ભાવના વગેરે પ્રસંગોમાં કાયમ સમાજને મળ્યા કરે છે.

૪ **સાધર્મિક વાત્સલ્ય**–શેઠ ખીમચંદ કલ્યાણચંદ જેઓ શ્રી જૈન ભોજનશાળા, વનિતા વિશ્રામ, આયંબીલ ખાતું વગેરેની સેવા કરી રહ્યા છે.

૫ **કેળવણી**– શેઠ છોટુભાઈ ગુલાબચંદ, શેઠ મોતીચંદ ગુલાબચંદ, શેઠ નેમચંદ અમીચંદ જે. પી. વગેરે શ્રી રત્નસાગરજી જૈન બોર્ડીંગ

તથા સ્કુલની સેવા કરે છે અને એ રીતે કેળવણીના પચારમાં પ્રશસ્ત પ્રયત્ન કરી રહ્યા છે.

૬ **સર્વ દેશીય સેવા**–શેઠ નવલચંદ ખીમચંદ, શેઠ બાલુભાઇ ઉત્તમચંદ, સદ્‌ગત શેઠ નાનચંદ કીકાભાઇ, શેઠ માણેકચંદ ડાહ્યાભાઈ, ચોકસી, શેઠ ભાયચંદ નગીનભાઇ, શેઠ પાનાચંદ રૂપચંદ, શેઠ નાનુભાઇ નગીનચંદ વગેરે સુરતની જૈન સમાજના ઉત્કર્ષમાં ચાલુ સેવા સમર્પી રહ્યા છે.

સુરત આ બધા સેવા ભાવી સદ્‌ગૃહસ્થોનું ઋણી છે તથા તેમનું સેવા ક્ષેત્ર વિસ્તૃત બને અને એથી સુરતની જૈન સમાજ દિન પ્રતિદિન અભ્યુદય પામે એજ મંગલ અભિલાષા.



## પ્રકરણ ૧૩મું
## સુરતના હીર-વિહારનું વર્ણન

# હીરવિહાર—સ્તવન

(સંશોધક—મોહનલાલ દલીચંદ દેશાઇ B. A. LL. B, Advocate)

મુંબઇ

॥ ૬૦ ॥ મહોપાધ્યાય શ્રી ૫. નેમિસાગરગણિ ગુરૂભ્યો નમઃ ।

સરસતી ભગવતી ભારતીએ, સમરી સારદ માય
રચસિદ્ધું હીરવિહાર સ્તવન, વર દિઉ મુજ માય ૧

શેત્રુંજ મંડણ ઋષભદેવ, અષ્ટાપદિ સ્વામી
આબૂ હીરવિહાર સાર, પ્રણમું શિરનામી. ૨

નાભિ નરેશર કુલતિલોએ, મરૂદેવી મહહાર
યુગલા ધર્મ નિવારણોએ, ત્રિભુવન જન હિતકાર. ૩

પ્રથમ રાય અણગાર, પ્રથમ ભિક્ષાચર કેવલ
પ્રથમ તીર્થંકર પ્રથમ, ધર્મ પ્રકાશક નિર્મલ. ૪

સરયો સર્યા શેત્રુંજગિરિ, અષ્ટપદિ સિદ્ધ
આબૂ હીરવિહારે મૂરતિ, મહિમા સુપ્રસિદ્ધ. ૫

ધ્યાઉં શ્રીનવકાર મંત્ર, શત્રુંજગિરિ યાત્ર
દેવ આરાહો વીતરાગ, નિર્મલ કરો ગાત્ર ૬

મહિમાવંત એ ત્રિણિ તીર્થ, ચઉથો હીરવિહાર
હીરવિજયસૂરી સરૂએ, વયર સમ અવતાર. ૭

## વસ્તુ

વિમલગિરિવર વિમલગિરિવર રિસહ જિણુદેવ
સમવસરણ દેવહિં મિલી, રચિઉં વાર પૂરવ નવાણું
અષ્ટાપદિ સિદ્ધ વલી, નામમંત્ર નિશિ દિવસ આણું
આબૂ હીરવિહાર પ્રતિ, મૂરતિ સુંદર સાર
સરસતી માત પસાઉલે, થુણસિઉં હીરવિહાર.૮

## ઠવણી

હીર વિહાર તીર્થ ભલું એ, પાટણ નયર મઝારિ તો
રાજનગરિ વલી પાદુકાએ, અંભ નમરિ સુવિશાલ તો ૯
સુરતિ નયર સોહામણું એ, જિહાં સંઘ છે સુવિચારતો
જિન ગુરૂ આણ શિરે ધરે એ, સમકિત રયણ ભંડાર તો ૧૦
શીલે થુલભદ્ર જાણીએ એ, બુદ્ધિએં અભયકુમાર તો
લબ્ધિએં ગૌતમ અવતરીએ, રૂપે દેવ કુમાર તો ૧૧
વાચક નેમિસાગર વરૂ એ, તેહ તણે ઉપદેશ તો
હીરવિહાર મંડાવીઓએ, સંઘ મનિ હર્ષ વિશેષ તો ૧૨
નિજાંમપુરે પૂરવ દિશેં એ, દિનકર જિહાં ઊગંત તો
વિત્ત વાવે વ્યવહારીઆએ, આણી હર્ષ મહંત તો ૧૩
સંવત સોલ ત્રયહોતરે એ(૧૬૭૩), પોસ માસ સુવિચાર તો
વદિ પંચમી દિન નિર્મલો એ, શુભ વેલા ગુરૂવાર તો ૧૪
પંડિત લાભ સાગર વરૂએ, અભિનવો ધનો અણગાર તો
કરીઅ પ્રતિષ્ઠા નામ દીએ, સુંદર 'હીરવિહાર' તો ૧૫

## ઠવણી

હીર વિહાર મનોહર દીસે, પેખત સુર નરનાં મન હીંસઇ
અમર ભવન સમ જાણીએ એ. ૧૬
ચતુર પણે વલી ચઉક નીપાઇ. દેખી ભવિજન હર્ષજ થાઇ
રાણપુરની માંડણીએ. ૧૭
કારીગર તિહાં કામ ચલાવે, ચઉંરસિએં વેદિકા સુહાવે
પાટુ પીઠિકા જિન તણી એ. ૧૮
ગુણવંત ગજધ (૨) બઇઠા નિશદિન, કેારણી કામની પાઇ
એક મનિ
થંભ સાગ સીસમતણાએ. ૧૯
જાલી અતિ સુકુમાલી સોહ, સુંદર મદલ પેખત મન મોહે
ગોમટિ કલશ કનક તણાએ. ૨૦
શિખરે દંડ ધ્વજા અતિ લહેકે, સુંદર કુસુમ ગંધ અતિ બહેકે
ચિત્રામણ સોહામણાં એ. ૨૧
નવ ગોમટ નવ વિધિ સુખકાર, નલની ગુલામ સમ હીરવિહાર
તીર્થ મહિમા અતિ ઘણો એ. ૨૨

## ઢાલ ફાગની

પારખી લાલા સુત ભલો, ગોવિંદ પરિખ સુજાણ
વિત્ત વાવે હર્ષે કરી, જિનવરની વહે આણ. ૨૩
સાહ સોમજીનો સુત ભલો, શુભ નામેં વસ્તુપાલ
હીર જેસિંગની પાટુકા, થાપના હુઇ સુવિશાલ ૨૪

સંવત **સોલપંચોતેર** (૧૬૭૫) વૈશાખ માસ સુવિચાર
અષ્ટમી દિન ઉજલ ભલો, શુભ વેલા રવિવાર ૨૫
વાચક માંહિ શિરોમણિ, રત્નચંદ્ર ઉવઝાય
કરિઅ પ્રતિષ્ઠા અતિભલી, સંઘ મનિ આણંદ થાય ૨૬
સા નવધ્નો વિત વાવરે, ઉલટ આણી અંગે
પાદુકા ત્રિણ વાચક તણી, થાપના હુઇ મનરંગે ૨૭
સંવત **સોલ છહુત્તરે** (૧૬૭૬), પોસમાસ સુપ્રસિદ્ધ
પૂનિમ દિન રલિઆમણા, હુઇ એ પ્રતિષ્ઠા સિદ્ધિ ૨૮
દોસી ભીમ હર્ષે કરી, ધન ખરચે મનરંગે
ઢોઇ મૂરતિ એક પાદુકા, થાપના હુઇ એ સુચંગ ૨૯
સંવત **સોલ છહુત્તરે** (૧૬૭૬) જ્યેાઠ સુદિ ચેાથે ગુરૂવાર
કરીઅ પ્રતિષ્ઠા હર્ષસ્યું, મૂરતિ ત્રિણિ ઉદાર ૩૦
હીરવિહારે હર્ષસ્યું, ઉલટ આણી અંગે
ધન તે શ્રાવક શ્રાવિકા, વિત્ત વાવે મનરંગે ૩૧
સુવિહિત તપગચ્છનાયકા, દાયક શિવપદ સાર
એ તીર્થ મહિમા ઘણેા, નિતુ વંદે નરનારિ ૩૨
તીર્થ નિંદા જે કરે કુમતિ શિરોમણિ જાણુ
હીરવિહાર ઉથાપસ્યે, ભમસ્યે ખ્યા(ચ્યા)રે ખાણિ ૩૩

## ઢાલ માલહુંતડેની

ત્રીણિ ચઉવીસી પ્રણમસ્યું એ, માલંતડે બિહુત્તર જિનવરદેવ
વીર પટેાધર ગાય ગામસ્યું એ, મા૦ સુરનર કરે તસ સેવ
સુણેા સુંદ(રિ) સુરનર કરે, તસ સેવ ૩૪

સાગર નામેં જિન હુઆ એ મા૦ અતીત ચઉવીસી જાણિ સુણો૦
વર્ત્તમાન કાલેં હુઆએ, મા. શ્રીગુરૂ ચતુર સુજાણિ
સુણો૦૩૫

તપગચ્છ નાયક ગુણનિલો એ મા. લક્ષ્મીસાગર સૂરીંદ સુણો
જગ મહિમા અતિ દીપતો એ મા. સેવ કરે અમરેંદ
સુણો. ૩૬

સાયરપરેં ગંભીર છે એ, મા. સૌમ્યવદન જિનચંદ સુણો.
તપ તેજે દિનકર સમો એ, મા. કનકવર્ણ સુખકંદ સુણો, ૩૭
તસ પટે શુભમતિ આગલો એ, મા. સુમતિસાધુ સૂરીશ સુણો.
તાસ સીસ મતિએં નિર્મલો એ, મા. હેમવિમલ ગુરૂઇશ,
સુણો. ૩૮

તાસ પટેં જગ ઉદ્ધર્યો એ, મા આણંદવિમલ સૂરિરાય સુણો
ઊપજે આણંદ નામથી એ, મા. મનવંછિત સુખ થાય,
સુણો. ૩૯

શિથિલાચાર નિવારીયો એ, મા. આદર્યો શુદ્ધ, આચાર, સુણો.
જિનશાસન દીપાવીઉં એ, મા ધન ધન એ અણગાર, સુણો. ૪૦
તાસ પટ્ટોધર સુરતરૂ એ, મા. ગોયમ સમ અવતાર, સુણો.
શ્રી વિજયદાન સૂરીસરૂ એ, મા. જિનશાસન શણગારા,
સુણો. ૪૧

તાસ સીસ જગ સુખકરૂ એ, મા. હીરવિજય સૂરિરાજ સુણો.
દીલ્હિપતિ પ્રતિબોધીઓ એ, મા. એવી કરે સુરરાય સુણો. ૪૨

પેસ કસી પુસ્તક તણી એ, મા. ષટ માસીએ અમારિ સુણો.
જીજીઓ જગહ મુંકાવીઓ એ, મા. ક્રીયા પર ઉપગાર,
સુણો. ૪૩
શેત્રુંજ મુગતો સાર. ૪૩ વીંતપાઠાંતર
હીર સીસ સાંહા કરૂં એ, મા. શ્રીવિજયસેન સૂરીશ સુણો.
બિરૂદ 'સવાઇ' સાહે' દીઉં એ, મા. પૂરે સયલ જગીસ,
સુણો. ૪૪
તાસ પટ્ટોધર ગુણ નિલો એ, મા. શ્રી વિજયદેવ સૂરીંદ સુણો.
શીલ સત્ત્વ ગુણે આગલો એ, મા. ઊગીઓ અભિનવ ચંદ
સુણો. ૪૫
સાગર ગાજે તુજ્ભથી એ, મા. ધર્મ કલ્લોલની વેલિ, સુણો.
સમક્તિ રયણ સુધું દીએ એ, મા. દિન દિન હુર્જ રંગરેલિ,
સુણો ૪૬
તું ગુણસાગર ગાજતો એ, મા. મહીઅલિ માંહિ પ્રસિદ્ધ, સુણો.
સુવિહિત શિર મુકુટ મણી એ, મા. આપે નિર્મલ બુદ્ધિ,
સુણો. ૪૭
વાણી અમૃત રસ વરસતો એ, મા. દેશના દિએ જિમ
વીર સુણો.
સકલ કલાગુણ આગલો એ, મા. સાયરપરે ગંભીર, સુણો. ૪૮

## ઢાલ પ્રણમું તુંમ સિમંધરજી

મૂરતિ ઋષભ જિણંદની રે, સોહે હીર વિહારિ
હીર જેસંગની પાદુકા રે, ભાવજનનેં હિતકાર
ભજો ભવિ ભાવે હીરવિહાર ૪૯

નામ મંત્ર નિશાદિનેં જપોરે, હોએ જયજયકાર
અતંકણી ભજો ૫૦

વીર તણી પરેં તપ તપોરે, શીલે જંબૂકુમાર
વૈરાગ્યેં ગુરૂ રાજતોરે, ધન ધન એ અણગાર. ભજો ૫૦

વાચકચક્રચૂડામણિરે, વિદ્યાસાગર ઉવજ્ઝાય
તેહ તણી તિહાં પાદુકા રે, પ્રણમે સુર નર રાય, ભજો. ૫૧

તાસ સીસ ગુણ ગાજતો રે, ધર્મસાગર ઉવજ્ઝાય
વાદિ ગજ ઘટ કેશરી રે, આણ વહે જિનરાય ભજો. ૫૨

તાસ સીસ સોહાકરૂ રે, લબ્ધિસાગર ઉવજ્ઝાય
તેહ તણી તિહાં પાદુકા રે, ભવિ મનિ આણંદ થાય. ભજો. ૫૩

તાસ સીસ ગુણે આગલો રે, નેમિસાગર ઉવઝાય
તેહ તણી છે પાદુકા રે, દર્શન શિવસુખ થાય ભજો. ૫૪

સુહ ગુરૂ આણ શિરે ધરી રે, રખી તપગચ્છ નામ
જિનશાસન દીપાવીઉ રે, સાર્યું આતમ કામ. ભજો ૫૬

મૂરતિ સાતે સોહામણી રે, શ્રીતપગચ્છ સૂરીશ
વાચક કેરી પાદુકા રે, ચ્યાર નમો નિશિદીશ. ભજો ૫૬

એ પરિવાર અનુક્રમે રે, જે સમજે નરનારિ
લક્ષ્મિ રમે નિતુ તે ઘરેં રે, હોઈ જયજયકાર ભજો ૫૭

શ્રીસંઘતિહાં ઉત્સવ કરે રે, કલ્યાણક દિન સાર
નાટિક પૂજા ભાવરચું રે, આણી હર્ષ અપાર. ભજો ૫૮

હીર વિહાર જ નીપનોરે, જેહવું અમર વિમાન
સાહ અમરસીનો ઉદ્યમ ઘણોરે, ધન જીવ્યું પરમાણ
ભજો. ૫૯

સંવત સોલ છહોતરે (૧૬૭૬) રે જયેઠ શુદિ પૂનિમ સાર
જિહાં લગેં શશિ રવિ તપેં રે, સ્તવન તપો ચિરકાલ
ભજો. ૬૦

## કલશ

શ્રી ઋષભ જિનવર ભવિક સુખકર, હીર વિહારે સુખ કરૂ
શ્રી સૂર(ત) મંડણ દુરિત ખંડણ, નમો પાસ જિણેસરૂ
વિજય રાજયેં વિજયવંતો, વિજયદેવ સૂરી સરૂ
તાસ પસાએં સ્તવન રચિઉં, ધર્મદાસ સુહંકરૂ. ૬૧
ભજો રે ભવિ ભાવેં હીર વિહાર.

॥ ઇતિ શ્રી જિનરાજ સ્તવન સંપૂર્ણમ્ ॥

મુદ્રકઃ-શા. ફકીરચંદ મગનલાલ બદામી.
મુદ્રણાલયઃ-શ્રી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણપીઠ બજાર-સુરત.

## પ્રકરણ ૧૪ મું
## સુરત નગર વર્ણન.

સં. ૧૮૭૭માં સુરતના સંઘે પોરબંદરમાં રહેલા તપાગચ્છના ભટ્ટારક વિજયજિનેંદ્રસૂરિને સુરત પધારવા નિમિત્તે એક વિજ્ઞપ્તિ પત્ર મોકલેલું તેમાં સુરત નગરનું વર્ણન તૂટીફુટી બારોટશાહી હિંદી–રાજસ્થાની ભાષામાં મૂકેલું છે તે અત્ર ઉતાર્યું છે—આ કવિબહાદૂર દીપવિજયજીએ સં. ૧૮૭૭માં કરેલ સૂરતની ગજજલનું પ્રથમ સ્વરૂપ છે.

### દૂહા

સરસત–પદ પ્રણમું સદા, પ્રણમું ગુરૂ કે પાય
ગજલ સૂરતિકી ગાઉંગા, શ્રી ગુરૂ–દેવ–સહાય. ૧

### અથ ગજલ્લ

સૂરત સહૈર સુથાનક, બિંદર દીપતા દાનાક
અલકા ભૂમિપેં આઈક, કોટ કોટસેં પડ ખાઈક. ૧
પૂરે લોકસેં પૂરેક, અમર વાસકૂં ધૂરેક
સોભા દેત હૈ કમઠાન, અટ્ટા પહુચતી અસમાંન ૨
પોલે છોહકે ગેહાક, માનૂં સરહકે મેહાક.
તાપી નિમ્નગા પાસક, સૂરજ પૂત્રકા ભાસક. ૩
નદીયાં નાથસેં પોહચીક, તીરથ આપસેં સોહચીક
જિનમેં જ્યાહાજ ઓહોતેરેક, રહતે નાંગરે કેતેહ. ૪
જૈસેં નાંમકે નીસાંન, તૈસેં વવા ટ્રંકી વાંન
વાડી વાગ વન ઉદ્યાંન, ચૈત્ર રથ કે અનુમાંન. ૫

ફણતી ફરહરેં ધજાક, માનૂં ડોલતી મઝા
ઢાઢસ ખૂબ ઢરવાજાક, નિત પ્રત વાજતેં વાજાક. ૬
ઘનનં વાજતી ઘંટાક, માનૂં મેઘકી ગડડાક
કિલ્લ નાલ ગોલા સાજ, અઢલ અંગરેજકા જહાં રાજ. ૭

હાકમી હિકમતી સભાવ

મદ ઝર ઘૂમને હાથીક, માનૂં ઇંદ્ર ગજ સાથીક
સાજેં સાજ દૂ સમ્મેત, અબલખ નીલડેં કુમ્મેત. ૮
વાજ જોતરેં બહુમૂલ, સરખા રૂપ હૈ રામતૂલ
પંકતિ થકી ભલળાંન, દેખત દેવકે વિમાંન. ૯
સોખી સઠકડું સુખપાલ, વહલું ઘમકતી ઘંટાલ
વસતી પૂરતી વસતીક, લચ્છી પૂરસેં લસતીક. ૧૦
વસતેં લોક વડ બખતાક, આવે માલ ભી તતાક
લાખૂં માલ કે વ્યાપાર, કરતે આવતે અ પાર. ૧૧
નાટારંભ કે જહાં ખ્યાલ, દુનીયાં દેખતાં ખુસીયાલ
ચેહરે ખૂબ ખૂબ ચોસાક, મરદાં મહરીયાં ભી પાક. ૧૨
મોતી માંણિકે લહેં લૂંબ, દાતા લોક હૈ નહાં સૂંણ
ધનવંત લોક હેં ધરમીક, કરતેં આપસેં નરમીક. ૧૩
અછે વસ્તુ હેં અઢાર, કહતાં પાઇયેં નહીં પાર
અસીમ્યાર હે ચોહટાક, પંકતી રાજતી હટ્ટાક. ૧૪
અછી અઢાર હેં ટોપીક, રિદ્ધ સોદાગરૂ રોપીક
કોઠીવાલ હેં કેતેક, અંગેરેજ આદિ દે એતેક. ૧૫
બિલંદા ખૂબ હં વ્યાપાર, જિન કેં જિનસકા નહીં પાર

ઐસી આપકી મન રીઝ, બંધ્યા બંદરાં તજવીજ. ૧૬
જંગી બિંદરાં કેંસાક, જોઇયેં બાય કેં જૈસાક
(કેટલા ભાગ છે.)
અર્ઠુંઆ નાંમસે ઐસાક, બિંદર બાંધીયા તેંસાક.
વસં લોક બહોત આગેવાન, ઓર ભી રહત હેં ભાગ્યવાન. ૧૯
ફ્રણગી ઓર ફ્રરાસીસ, ટોપી અઢાર કહેં ઈસ
પારસી લોકકા હેં પૂર, સઘલે વિષુજમેં ભરપૂર. ૨૦
દેવકર માનતેં હેં આગ, તાપી માતકૂ પાયે લાગ
અપનેં ધર્મમેં રાતેક, બટ્યા મલ ભી ખાતેક. ૨૧
મુગલ એક અરમાંનીક, ચાવા મુગલ હેં ચિલબીક
નાગર લોક હેં નવરંગ, ક્ષત્રી લોક હેં ઉત્તંગ. ૨૨
કાયથ લોક હેં કુલસુદ્ધ, જિનકી બહોત હેં બલ બુદ્ધ
બણીયેં બ્રાહ્મણ કી જાત, નુખતે પાબયેં સબ નાત. ૨૩
સઇયદ સેખ હેં પઠાન, મેટી જાત મૂરાલમાન
વોહરા લોક હેં વિખ્યાત, જિનકી દોઇ હેં જમ્માત. ૨૪
હિંદું લોક બહુલેરેક, વિધિ વિધિ વાનસેં વસતેક
અપનેં ધર્મકા આચાર, પાલેં બહુત કરિકેં પ્યાર. ૨૫
પોહચી ગગન લોં અટ્ટાક, માનં સરદકી ઘટ્ટાક
પૂરા પચવીસ હેં પૂરાક માનું નગરમેં નૂરાક. ૨૬
ભાંતિ ભાંતિ કે જહાં લોક, દુઃખ ભય દંડ ભી નહીં સોક
મરદાં મહરીયાં મહબૂબ, એકા એકસેં હેં ખૂબ. ૨૭
આસિક લોક હેં એ તેક, દાંની દાંન ભી દે તેક,

ચોકે ચોકે નવનવા ખ્યાલ, દેખે તરૂણ બૂઢ, બાલ. ૨૮
કથક જન કહત હે કથાક, હડહડ લોક સુનિ હસતાક
ગુજરી ખૂબ ભરાયે ગંગ, વિકતે માલ નવ નવ રંગ ૨૯
મિલતા નવ નવા મેવાક, લાખો લોક હે લે વાક
ચિત કર ચાહીયે જો ચીજ, મિલે સબ મોલસે મનરીઝ ૩૦
ગોપીપુરા વડા વિખ્યાત, બિજલસ લોકકી મહલાત
સબકી સહરકા હે નૂર, ભરીયા લોકસે ભરપૂર. ૩૧
ઓસવાલ લોકકા અડુાક ધંતૂ બનાવતે બડુાક
પીવે ભંગ હી રસરંગ, પરખે જુહર ભી મન ચંગ ૩૨
શ્રાવક લોકકી સોભાક, દેતે દાંન નહીં લોભાક
જહાં જૈનકા પ્રાસાદ, પૂજા હોત મંગલનાદ ૩૩
શ્રીમત દેવ હે ધર્મનાથ, સાચા શિવપૂરીકા સાથ
સૂરજમંડણા હે પાસ, ફૈલયા જગતમેં જસવાસ ૩૪
સંખેસર દેહરા હૈ ખાસ, ઉપર રહત ગોડી પાસ ૩૪
આલય સાધુકે આછે(ઠે)ક, રચના ખૂબ હે રાચેક
યતી જઈનકે જાલમ, આદર દેત હે આલમ ૩૫
સૂધ આપકે વ્યવહાર. સંવેગી સાધુ કે સિણગાર
તીરથ હે અસનીકુમાર, મજન કરતે હે નરનાર ૩૬
મિલતે રાત દિન મેલાક, ખુસબખત લોક હે ખેલાક
વૈષ્ણવ લોક હે વિખ્યાત. રહતે રાંમ કૂં દિનરાત ૩૭
મંદિર ખૂબ હે દોય ચ્યાર, રટતે કૃષ્ણ કે કુમાર
અનધન આદિ દે અણુપાર, ભકિત કરતે હે નરનાર ૩૮

હનુમાંન એક હૈ હઠીલાક, મિલે. જહાં મેહની માલાક
અસ્થલ બંધ કે અથાગ, બસતે બડબડે વરાગ
સોપી બહુત સંન્યાસીક, મંડે હોય મંઠવાસીક ૩૯
દરગા એક હૈ દરીઆવ, અછે લોકકી જિહાં આવ
પરચા લોકકા પૂરૈક, ચિંતા ચિતકી ચૂરૈક ૪૦
હિલકે ખૂબ હું દરબેસ, રહતે આપકે રબેસ
દરસન ષટ હુ જહાં સાર, અછા જહનકા અધિકાર ૪૧
વસ્ત્ર ી બોહત હૈ વિસ્તાર. ભાષા બોલ હું 'આબો યાર'
ઇબંદર અવર હૈ બોહતાક, સૂરત બિંદરાં સબ નાક. ૪૨
સૂરત નગર હૈ સુથાંન, બોહોત કયા કીજીયેં બખાંન
જિનુનેં દેખીયા નહીં જાય, તિનકા જનમભી અહિલાય. ૪૩

ઇતિ સૂરત નગર વર્ણન.

## દીપવિજયકૃત સુરતની ગજ્જલ.

રચ્યા સંવત ૧૮૭૬ (સંપાદક તંત્રી જૈનયુગ)

'કવિ બહાદુર' એ નામથી પોતાને ઓળખાવતા દીપવિજય મુનિ વિક્રમ ૧૯ મી સદીમાં થઇ ગયા છે તેની ગૂ. ભાષામાં અનેક કૃતિઓ નામે સોહમકુલ પટ્ટાવલી આદિ છે કે જેની વિગત હવે પછી છપાનાર અમારો ગ્રંથ નામે જૈન ગુર્જર કવિઓ ભાગ ત્રીજો બહાર પડશે તેમાં આવશે.

આ કવિના સમય પહેલાં મુસલમાન રાજ્ય ગુજરાતમાં ઘણી સદીઓ થયાં હોવાથી પર્સીયન શબ્દો ગુજરાતી

ભાષામાં ખૂબ પ્રવેશ પામ્યા હતા અને પર્સીયન ભાષાના ખાસ જાણકાર હિન્દુઓમાં પણ મુનશીઓ અને મુસદ્દીઓ તરીકે કાર્ય કરી ગયા હતા. કેટલાક હિન્દુઓએ પર્સીયન ભાષામાં ગ્રંથો પણ-કૃતિઓ પણ રચેલ છે. કવિના સમયમાં ઈસ્ટ ઈંડિયા કંપની બહાદુરનું રાજ્ય પણ ગુજરાતપર શરૂ થયું હતું. આ કવિએ ગુજરાતી ભાષામાં પર્સીયન (ઉર્દુ) શબ્દોને સેળભેળ કરી એક વિચિત્ર જાતની 'ગઝલ' કરી છે; અને તે એક સૂરત પર નહિ પણ બીજાં શહેર નામે ખંભાત, જંબુસર, ઉદેપુર પર પણ બતાવી છે. પ્રાસ લાવવા ગમે તે અક્ષરો ગમે તેમ મેળવી દીધા છે.

આ સુરતની ગઝલમાં પહેલો દુહો છે ને વચમાં ત્રણ દુહા છે અને છેલ્લો છપ્પય છે. ૭૮ કડી ગઝલમાં છે કુલ ૮૩ ગાથા છે. રચ્યા સંવત ૧૮૭૭ માગશર શુદ ૫ છે. આ લખવાનો હેતુ કવિ જણાવે છે કે સુરત શહેર સુંદર અને વેપારનું મથક હોવાથી હું જોવા આવ્યો અને મચ્છપતિ આચાર્યશ્રીને વિજ્ઞપ્તિ લેખ-ચિત્રલેખ મોકલવામાં આવે છે તે પ્રમાણે આ ચિત્રલેખ લખી મોકલવા માટે આ ગઝલ મેં બનાવી. આ કવિના પોતાના સ્વહસ્તાક્ષરમાં રચ્યા પછી ચોથે દહાડે લખેલી ૧૩ પંક્તિવાળું એક એમ પાંચ પાનાની પ્રત કે જે વિજયધર્મ સૂરિ પાસે હતી તે ઉપરથી આ ઉતારી છે.

વિક્રમ સં. ૧૬ (સો) માં સુરત નામની ગણિકાના નામ પરથી તેના પરની પાતસાહની મહેર થતાં સૂરત શહેર વસ્યું. ગોપીશા નામના સાહુકારે ગોપીપુર વસાવ્યું અને ગોપી નામનું તળાવ તેમજ વાવ પત્થરબંધ બંધાવ્યાં (તે) ગોપીદાસે સુરજમંડન શ્રી પાર્શ્વનાથની સ્થાપના કરી. પાતશાહે તાપી (નદી) પર મોટો કીલ્લો બંધાવ્યો. તેનો પાયો ઉંડો કરી અને સીસું ભરી મોટા બુરજ કરાવ્યાં. કોટને ફરતી ખાઇ કરાવી ને કિલ્લામાં જાલ ગોળા–તોપ ગોળાનો સાજ રાખ્યો કે જે એવા હતા કે તેને છોડતાં જબરો અવાજ થતો હતો. અહીં દિલ્લીના પાતશાહે તે કિલ્લો બનાવ્યો ને ત્યાંથી મોટા સૂબા–ખાન આવતા. કિલ્લાને બાર દરવાજા હતા. એ નીકા—સુંદર સુરત શહેર પર તાપી માતાની મહેર હતી. તાપી નદીમાં બે વખત વેળ ચઢતી હતી, ને તેમાં હોડી–ફતેમારી ચાલતી હતી. તે હોડીઓના પ્રકારનાં જુદાં જુદાં નામ આપ્યા છે તે જાણવાં જેવાં છે. દરિયા મહેલ હતો. લાખો રૂપીઆનો માલ સફરી જહાજમાં આવતો. ૭૨ જાતનાં કરિયાણાનો વેપાર વેપારીઓ કરતા હતા. કુરજામાં માલ આવતો તે પર દાણ લેવામાં આવતું.

આ વખતે નવાબ નસિરૂદ્દીન ખાન હતો અને તે પોતાની સ્વારી કાઢતો ત્યારે સારા ગજરાજ ઝુલતા અને કાબુલી કનોજી કચ્છના ઘોડાઓ તેમાં ચાલતા હતા. વળી

બક્ષી તરીકે બહારતેગ અને કાજી તરીકે મમદ હસન હતા અને તેઓ કંપની બહાદુરના હુકમથી હકમી ચલાવતા હતા તે બહાદુર કંપનીનો સરદાર મિસ્તર વાન સાહેબ હતો.

અને સુરત પરગણાના અધિકારવાળો કિલ્લેદાર કાલેસન (નામનો સાહેબ) હતો.

નગરશેઠ લખમીદાસ નામનો હતો કે જેની પ્રભા શહેરમાં પડતી હતી, ઇમાની મિરજ્યાં, કાયદો જાણતા પિરોજશાહ, બુદ્ધિશાલી સણવી નામે નાજરશાહ અને મહેતા વલ્લભ અને ગિરધરલાલ બંને પુણ્યશાલી હતા. શાસ્ત્રી તરીકે આણુંદરામ, મોટા મકાનવાળા બાબા કૂમરો નામના હતા.

હવે શહેરના શાહુકારોમાં અગણિત લક્ષ્મીવાળા તરવારી નામની અટકના આતમારામ ભૂખણ નામના ભણુશાલી હતા કે જેમનું પુણ્ય ઘણું હતું, નવલાખ લક્ષ્મી હતી. બીજા નામે લાલી બિરહ ચુનીલાલ લક્ષ્મીવાન્ હતા, કલાશાહ, શ્રીપત્ત એ નામના શ્રીમંતો ઉપરાંત ક્ષત્રી જાતના કૂલાચંદ, મોટરમલ્લ, જેયતાદાસ અને માધોદાસ હતા. મારવાડી શાહુકારો સુવિલાસી અને મોટી પેઢીઓ રાખી લાખોની હુંડી લખનારા અને ગુંડી પાઘડી બાંધનારા—એવા ઘણા શાહુકાર હતા. તેથી કેટલાંનાં વર્ણન કરૂં ?

ગુજરીમાં જે ચીજ મલતી હતી તેનું વર્ણન કરૂં છું. ગુજરી કિલ્લા પાસેના મેદાનમાં ભરાતી. ત્યાં મશરૂ, હિમરૂ,

કિનખાબ, જરબાબ દેાશી વેચતા હતા. છાયલ, છિંટ શેકહ લઈ આપતા, કાપડ બંગાલી સરત્તા, બિલાતી, ચીન મધ્ય-રાજી નગરી સેારઠી નવનવ જાતનાં પટકૂલ વેચાતાં દલાલ કજીયા મટાવતા. ધેાલી–કિરમજી કેારા, દુપટા કસબવાળા, મશરૂ, મિસ ઝરડા [?] રંગીન વસ્ત્ર શેાભતાં. પાઘડી બાંધી વેચતા, સાડી સાલ દુશાલા લહેરીલાલાએા ખરીદતા.

ઘણી જાતના થેાક હતા. એક પાસ મુગલીસરા કે જ્યાં મુગલી લેાકેા રહેતા, બીજી બાજૂ ચિનાઈ માલની દુકાનેા, પટવા–રેશમ વેચનારનાં મકાનેા હતાં. ઘણું હજ-વાઈ (?) બેસી સુંદર માલ બતાવતા. નવ નવી ચીજો મળતી તેમાં કેટલી જોઇએ.

ફરીને નાણાવટમાં આવ્યા પછી કેલા પીઠમાં જવાનું મન થાય કેઃ જ્યાં ભાત ભાતના મેવા, લાલાલેાક લેતા. કમરખ, કમરખાં, ખિરની ક્રિસમસ સ્વાદ આપે તેવા હતા. સીતા નામનાં ફળ–સીતાફળ, જાંબુ, ફન્નસ, નારંગી, દાડમ, ફાલસા, અન્નાસ,ની સુંદર મધુરી વાસ આવતી હતી. શેરડી, અંબા (?) એમ અનેક ભાતનું શી રીતે વરણાય ?

ઘણા તંબેાલી પાનની થેાળી લઈ બેસતા, અત્તરદાર સરેયા શેાકબંધ રહેતા. ઘણા કંદેાઈએા સારેા માલ–બહુ જાતનાં પકવાન કરી બેસતા. સૂરત શહેરની એ 'સેાગાત' (સારી ચીજ) જુદી જુદી જાતની બરફી હતી ગેાખ પાટયા (?) ચકલાવાળા ગેાપીપુરામાં મહેલેા–મેાટાં મકાન હતાં,

કે જ્યાં બુજરગ–વૃદ્ધ લોકો કહે છે કે ગોપીશાહ રહેતો હતો તેના નામનું બજાર હતું ને ત્યાં આખી દુનિયાનો વેપાર ચાલતો. સં. ૧૬૭૯માં સેનસૂરિ (વિજયસેન સૂરિ)ના (હસ્તથી) ગોપીદાસે સુરજમંડન પાર્શ્વનાથ સ્થાપ્યા.

ઝવેરી લોક મોજ કરતા અને બીજી કંઈપણ શોધ વાતમાં ન પડતાં હીરા નંગ પાંચે જાતનાં મોતી પરખતા હતા. પન્ના પીરોજા લાલ લઈને દલાલ ફરતા.

સર્વે પોતપોતાનો ધર્મ પાળી પોતાનાં ષટકર્મ સાધતા. કોઈ વેદપાઠી. ઠાઠવાળી ભાષાના રચનાર, જોતીષી, નિમિત્તિયા, છંદ પઢનાર. વાદ કરનાર વાદી, ફૂલ લઈ ફરતા માલી, ફૂલ મૂલ દઈ લેનારા લોગીઓ, ભાંગ ઘૂંટનાર ભંગી, અમલ લેનારા રંગી અમલીઓ (અફીણના અમલવાળા), કંસારા, ઘાટ ઘડનાર સોનીઓ, ગુંડા, મરજી પ્રમાણે સીવનારા દરજી, નંગને જડનારા જડિયા, ચૂડા કરનારા કંતારા, ચૂડીઓ પહેરનારી સ્ત્રીઓ એમ ચોરાસી બજારમાં જુદા જુદા વેપાર વાણીઆઓ કરતા હતા. વળી બહુ પારસી લોક હતા તે રોકડા દમડા લઈ વેપાર કરતા.

આમ સર્વલોક સુખીઆ હતા. કોઈ વાતનું દુઃખ નહિ હતું, અંગ્રેજી રાજ્યમાં શહેરના લોકને સર્વ સુખની સામગ્રી હતી. શહેરમાં ઘણાં કમઠાંન ? ઝરખા, અને ઉંચી ચાંદની વાળી હવેલીઓ હતી કે જેના ગોખમાં નરનારીઓ બેસતા.

દેવાલયોમાં અંબા બહુચરા માતાજીનાં સ્થાનો. કે જેને લોકો સન્માનતા, વિષ્ણુ ને શિવના પ્રાસાદો કે જ્યાં વેશ નાદો થતા જૈનોનાં દહેરામાં સુરતમંડન પાર્શ્વનાથનું આસ દેવલ, શંખેશ્વર (પાર્શ્વ) નું ઊભરવાડીયાં, ગોડી પાર્શ્વ, શાંતિનાથનું, આદિનાથનું, મહાવીરનું, ચિંતામણિ પાર્શ્વનાથ એમ ૭૨ દેવલ હતાં. વિજયદેવ (સૂરિ)નું આલય (ઉપાશ્રય) ઉંચ ગોખને માળવાળું હતું. વિજયાનંદ (સૂરિ)નું આલય ઉપરાંત સાગર ગચ્છનો, ખરતર ગચ્છનો, અંચલ ગચ્છનો, પાસચંદ, કમલ શાખા, કલશ શાખા, કત (પુરા) શાખા, આગમગચ્છ, પૂનમીઆગચ્છ, લુંકાગચ્છ એમ સહુ સહુ ગચ્છનાં સ્થાન હતા. ચોરાસીગચ્છના પોતપોતાના ગચ્છવાસી હતા. સંવેગી સાધુઓ નિરૂપાધિક પણે આગમ વાંચતા, ને તાત્વિક ગ્રંથો પઢતા. દિગંબરોનાં સાત દેવલ હતાં. આમ જૈન (ધર્મ) વિખ્યાત હતો.

હવે પુરાઓ વર્ણવું છે. ગોપીપુરા, સાહપુરા, હરિપુરા, રૂઘનાથપુરા, મહિધરપુરા, મહેઝર (!) પુરા, રામપુરા, મંછરપુરા, બેગમપુરા, સલાતપુરા, સગરામપુરા, રૂસ્તમપુરા, સુલતાનપુરા, રૂદરપુરા, નાંનપુર, નવાપુરા, સઇયદપુરા, એમ અઢાર પુરાં છે.

બાગ વન આશ્રમમાં મોજી વિશ્રામ લેતા. ફૂલથી મહમહતા. હરીયાલી ભૂમિ હતી. બાગમાં ફરતા કારંજ (!).

ઉંચા ઉઠતા, ખ્યાલીઓ શેતરંજ ખેલતા. ફિરંગી લોકના કમઠાનમાં રાગ તાન થતાં.

શહેરમાં અઢારે વર્ણ હતી. સુરત સુંદર શહેર હતું ને તેનાપર પ્રભુની મહેર હતી. નવલાખ (!) ઘરો હતાં ને રાજ કુંપનીનું હતું. જેમ દેખ્યું તેમ વર્ણન કર્યું છે.

હે તપગચ્છભાનુ! (આચાર્ય) અહીં કૃપા કરી શહેરને પોતાનું જાણી આવો. પોતાનો માની અહીં પૂજ્યજી! ચોમાસું કરવા આવો. સં. ૧૮૭૭ માગશર માસની (સુદ) બીજને દિને દીપ કવિરાજે શહેરમાં સમ્રાટ એવા સૂરતનું વર્ણન કર્યું છે.

જેવું દેખ્યું તેવું લખી ચિત્રલેખ દીપવિજયે ગચ્છપતિને મોકલ્યો. તંત્રી.

શ્રી ગુરૂપ્રેમ પ્રતાપથેં ઉપતિ ઉપાઇ અવલ્લ
વરનું સૂરત સેહેરકી અભિનવ ખુબ ગજ્જલ. ૧

અથ ગજ્જલ.

સારહ ચરન ચિતલાઈકૂ બુદ્ધિ દેત મહમાઈકૂ
ગજ્જલ ખુબ અનુસર તુકૂ સૂરત સેહેરકું બરનુકૂ ૧
સૂરત સેહેર સુથાનાકૂ બંદિર દીગતા દાનાકૂ
ભાષું આદિસેં ઉતપત, સુબિધ ગુનિજના ધંકચિત્ત ૨
સંવત સોલ વિક્રમરાજ, સૂરત નામ ગણિકાસાજ,
તાપર પાતસાહકી મેહેર, તાનેં વસ્યો સૂરત સેહેર. ૩
ફિરક ગોપિસા સહુકાર, ગોપીપુરા વાસ્યા સાર

ગોપી નામ સરવર વાવ, પથ્થર કેલબંધી સાવ. ૪
સૂરજમંડલા શ્રી પાસ, થાપન કિયા ગોપીદાસ
તાપિ છફ્રાંસી પતસાહ, કિલ્લા કીન વડઉચ્છાંહ. ૫
કિલ્લા ખૂબ હેઉં ચાક સીસાગારસેં સિચાક
ગાડાં વટ્ટસેં ચોડાક ઉચા બુરજ હેં પ્રૌઢાક. ૬
અલકા ભુમ કંથ આર્કક ફિરનેં કોટ સેં ખાઇક
કિલ્લે નાલ ગોલા સાજ, સખરે હોત હે અવ્વાજ. ૭
બુરજેં તાલકી પાંતાંક, નિરખણ હોત હે આતાક
નવગજ બારગજકે માન, માનું મેઅણીકા ધ્યાન. ૮
ઘણુણું બાજતી ઘંટાક માનું મેઘકા ગડડાક
કિલ્લે ફિરત ખાઇ ખૂબ, ભરિ હેં નીરસેં મહમુબ. ૯
તાપિ છફ્રાંસી પતસાહ, કિલ્લા દિયા દિલ્લિસાહ,
કિલ્લા પાતસાહી માંન ફરકે વાવટા અસમાન, ૧૦
જ્યા પર પાતસાહકા માન, આતે બડે સૂબે ખાંન,
સૂરત સેહેંર હેં નીકાક માનુ ધરનિ કાટી કાક. ૧૧
નીકે બાર દરવાજેક અકકાનયરકે લાજેક
નીકા નામ સૂરત સેહેર, તાપી માતકી હે મહેર. ૧૨
ભટણી માન તાપી સાર, ચઢતી વેલ દોનું વાર,
ચઢતે પાંણિયાં કે પૂર, આતહેં સસનુર. ૧૩
ભેડી ભેડ વેગડ દોણુ, બાહર બખસ ફિરકે સૌણુ,
ગહબહ ફેર ફતમારીવ જ્યા પકીપનગત ચારીફ. ૧૪

પીનસ કથથ પનસો ર્ઇક, વજ્રપટલ હા હોઇક
બતેલા પલ્લવારા નામ, ખેલણ પાનગત અભિરામ. ૧૫
ઇસે બહોત નવાં નામ જયાકા થંભ હે અસમાન,
સઢપેં દોર હે ખાસાફ઼ ખેહુત દેતહ લેસાફ઼. ૧૬
અટવે ઉબરે સેં હોય આવે જિહાજ સબહી કોઇ,
ગેાલા નાલ સેં છોડીફ઼ બંદિર આત હે હોડીફ઼. ૧૭
મુલ્લાં બારિનિ ચૌમાજ, છુટે નાલ ગેાલા વાજ
હરિયા મેહેલ નિચેા આય, ફ઼રકે વાવટા સમુદાય. ૧૮
લાષૌ માલ ચલ આવેક, સફ઼રિ જિહાજ ભર લાવેક
બહોતર ક્રિયાણાકે થોક, લેવે સાહુકારાં લોક. ૧૯
કુરજે઼ં આત હે઼ં જબ માલ, સબકા લેત હે઼ં સંભાલ
ઢાંણિ કરત તીપર છાપ, જે઼ંસેા ડાલ તે઼ંસા માપ. ૨૦
અરનું સેહે઼ંરકેા રાજાન, નેકી રાજ હે ગુનખાંન
નસિરૂદ્દિન હે઼ં નવાપ, જયાકેા દેસ દેસેાં માપ. ૨૧
અચ્છે ઝૂલતે ગજરાજ, માનુ મેઘ જે઼ંસેા ગાજ
નવ નવ જાત ઘેડે વ્યાંહ, સેાહે઼ં સવારિકે માંહ, ૨૨
કાબિલ કનેાજી કછીક, જિનકી જાલ હે઼ં અછીફ઼
બહારતેગ બખસી જીક, મમદહસન હે઼ં કાજીક ૨૩
કુંપની હુકમ સેં આયાક હાકમ હાકમી લ્યાયાક
હાકમસે હર હુકમીદાર બહાદર કૂંપની સરદાર. ૨૪
મિસ્તર વાન સાહે઼ંબ નાંમ સમઝણ બહોત હોઇ તમાંમ,
માલેસન હે કિલ્લેદાર સુરત પરગણે અધિકાર. ૨૫

નગર શેઠ લષમીદાસ જ્યાકેા સેહેંરમેં ઉજ્જાસ,
મિરજ્યાં ષમાંની બડનૂર માંનુ ભાગકેા સસનૂર. ૨૬
પિરેાજસાહજી પુનવંત જ્યાકેા કાયદેા મહમંત
સબુવી નામ નાજરસાહ જ્યાકી પ્રગલ બુદ્ધિ થાહ. ૨૭
મેંહેંતા વલ્લભ ગિરધરલાલ દેાનું પુન્ય થેં વડભાલ
સાસ્ત્રિ નામ આણંદરાંમ બાગ્યા દૂમરેા બડધાંમ. ૨૮
બરનું સેહેંરકે સાહુકાર જ્યાંકું લચ્છિકેા અધિકાર
અગચ્યુત લછમી ભારીક જ્યાકી અટક તરવારીક. ૨૯
આતમારાંમ ભૂષણનાંમ, પેસેં બહેાત કેાઈ તમાંમ
લછિ તેજ બણુસાલીક, પરગટ પુન્ય પરનાલીક. ૩૦
લછમીવાસ નવલષાક સબહી બાતસેં દરષાક
લાલી બિરહ ચુંનીલાલ લાંછ તેજ થેં વડભાલ. ૩૧
કલાસાહ હેં શ્રીપત્ત જ્યાંકેાં લછિ પરઘતવિત,
ષતરી જાત દૂલાચંદ મેાટરમલ્લ કુલપેં ચંદ. ૩૨
જેયતાદાસ માધેદાસ લાંછ તેજકેા ઉજ્જાસ
મરૂધરિ સાહુ સુવિલાસીક પેઢયાં બડી હેં બાસીક. ૩૩
લિખતે લખૈા કી હુંડીક પઘડી બાંધતે ગુંડીક
ઇંએ બહેાત સાહૂકાર બરનું નાંમ કિતને સાર. ૩૪
ગુજરી ચીજ જ્યેા મિલતીક તાકું બરનવુ તહતીક
કિલ્લા પાસ હેં મેદાન ગુજરી ભરત હેં બહેામાન. ૩૫
મિસરૂ બેચતે કેાઇ લાલ, કજિયા મેટતે દલ્લાલ
હિમરૂ વેચતે કિનખાબ, દેાસી બેચતે જરબાબ. ૩૬

છાયલ છિંટકે લે તેક રોકડ દાંમકું દેતેક
કાપડ બંગાલી સરત્તાક દોસી લોકડેં મરત્તાક. ૩૭
બિલાતિ ચીન મધરાઝક નગરી સોરઠી તાઝક
નવનવ જાતકે પટકૂલ અદ્દલ કરત તાકો મૂલ. ૩૮
કપડે બેચતે પડદેક રોકડ લેતડેં ખુડદેક
જંદે અડતહેં અલમસ્ત અપને હાલ સેં મદમસ્ત. ૩૯
ધોતા કિરમઝ કોરાંક દુપટેં કસબકી લેહેરાંક,
મિસરૂ મિસ ઝરડો હો ધાક રંગત વસ્ત્ર સોહું ધાક. ૪૦
પાઘોં દોરિ બે વિકતેક, અદલ મૂલહી કરતેક
સાડી સાલ દોસાલાક ખરિદાં કરત હે લાલાક. ૪૧
બહોવિધ ચોકકીહેં રીજ બરન જાત હેં તજવીજ
મુગલીસરા હે બેક પાસ મુગલી લોકકે આવાસ. ૪૨
ચિનાઇ માલકી દુક્ષાન પટવે રેશમી મકકાન
બેઠે બહોત હજવાઈક નાકે માલ બતલાઈક ૪૩.
મિલતી નવનવી ચીજાંક દેષન હોત હેરી ઝીક,
નાણાવટ્ટમેં ફિરબાય, કેલાપીડમેં મન ભાય. ૪૪
ભાંતો ભાંતકે મેંવેક લાલા લોક બહોલે ચેક,
કમરખ કમરખાં ખિરનિક ક્રિસમસ સ્વાદસેં બરનીક. ૪૫
સીતા જામકે ફૂલ ચંગ જાંબુ ફૂન્નસે નારંગ,
દાડમ ફાલસે અન્નાસ જ્યાંકી મેહેર મધુરી વાસ. ૪૬
ઇક્ષૂ ખંડ અરૂ અંબાક, ભરકે બેઠતે લંબાક
ઉસી બહોત ભાંતો જાત, બરનું કોન વિધસેં બાત. ૪૭

બેઠે બહોત તંબોલીક, લેકર પાનકી ચોલીક
અત્તરદાર સરિયા લોક' બેઠે બોલ થોકા થોક. ૪૮
બેઠે બહોત કંદોઇક, અછે માલ વહાં ડોઇક
બહોવિધ ભાંતકે પકવાંન, મિલતે બહોત થાનોથાન. ૪૯
સૂરત સેંડેરકી સોગાત, બરણી ડોત નવનવ ભાત
અબાખ પાટયા ચકલાક, ગોપીપુરાકા મેહેલાક. ૫૦
ગોપી સાહ જિહાં રેહેંતેક બુજરૂક લોક સો કેહેંતેક
ઉંનકા નામકા બાજાર કરતે બલક વહાં વેપાર. ૫૧
સંવત સોલ અગન્યાસીક કાલા માસ ગુનરાસીક
સૂરી સેન ગોપીદાસ, થાપે સૂરજમંડન પાસ. (૫૨)
જવેરી લોક કરતે મોજ, નાંહી કરત કિનકી બોજ
હીરા પરખતે હેં નંગ, મોતીપન્ને પાંચો રંગ. ૫૩
પન્ના પિરોજા અરૂ લાલ, લેકરત ફિરત હેં દલ્લાલ
સબહી માંનતે નિજ ધર્મ, અપને સાધતે બટકર્મ. ૫૪
છેલી મર્યાદીકે તેક, દાંની દાંનકું દેતેક
કિતને વેદકે પાઠીક, ભાષા રચત કે ઠાઠીક. ૫૪
જોતષ જોતષી જોતેક, કેતે નિમિતિયે ડોતેક
કેતે છંદકું પઢતેક, વાદી વાદસેં ભીડતેક. ૫૫
માલી ફિરત હેં લેં કૂલ, જોગી લેત હેં દે મૂલ
ભાંગાં ઘૂંટતે ભંગીક, અમલી અમલકે રંગીક. ૫૬
બેઠે સીખ કંસારાક. ઘાટી ઘડત સોનારાક,
ગુંડે બહોત હે દરજીક, સીવે આપકી મરજીક. ૫૭

જડિયે જડત હે બહોા નંગ, મોતી પના પાંચૌા રંગ
ચૂડે ચીરતે હંતાર, ચૂડિયાં પેંહેંરતી બહોા નાર. ૫૮
ઓંસે ચોરાસી બાજાર, બણિયે કરત હે વ્યાપાર
ફિર કૈં પારસી બહોા લોક, વણજાં કરત હમડે રોક. ૫૯
ચૈાં સબ લોક હેં સુખિયેક, નહિ કોઇ બાતસેં દુષિયેક
મેહેરમેં અંગરેજી રાજ, પાવત લોક સબ સુખ સાજ. ૬૦
પુરમેં બહોાત હેં કમઠાંન, ચાંદની પેાહેાચતી અસમાન
ઉંચી હુવેહ્યાં બારીક બૈઠે ગેાખ નરનારીક. ૬૧
અંબા બહેચરાકે થાન, આલમ કરત હેં સનમાંન
વિષ્ણુ સિવાંકા પરસાદ, વામેં ગાજે ગુહિરા નાદ. ૬૨
નીકે જૈનકે પ્રાસાદ, દેખત હેાત હે આહ્લાદ
સૂરતમંડના શ્રી પાસ, ફિરકે ધર્મ દેવલ પાસ. ૬૩
સંભેસરા શ્રી જિનરાજ, ઉબરવાડિ શ્રી મહારાજ
ગેાડીપાસ જિનવરદેવ, સારે ભકત જન પ્રભુ સેવ. ૬૪
સાંતીનાથકા દેહરાક, માનું સિવપુરીસેં રાક
આદીનાથ જિનવર વીર, તારે ભવાં સાગર તીર. ૬૫
ચિંતામની પારસનાથ, મેલેં સિવપુરાંકેા સાથ
દેવલ બડે બેહેંતાલીસ, વંદે સુરનરાંકા ઇસ. ૬૬
વિજયાદેવકા આલાક, ઉંચા ગેાષ હેં માલાક
આલય ફેર વિજયાનંદ, સાગરગછ ભરતરવૃંદ. ૬૭
લેાઢી વડી હેં પેાસાલ, પરગટ ધરમકી પરનાલ
સાહિબા પંચમી મંગલવાર પ્રભાતે ચાલણેારેલેા એદેશી
સંઘવી શ્રીપાલીતાંણેા નયરકે, નિજર નિહાલીયેારેલેા,
સંઘવી દેખી મન હરખાય કે, પાતિકટાલીયેારે લેા. ૧
સંઘવી શ્રી સિદ્ધાચલ તીર્થ કે. દૂરથી દેખીયેારે લેા,
સંઘવી પૂરવજ નમનેા પાપકે, દૂર ઉવેખીયારે લેા ૨
સંઘવી સેાવન થાલ વિસાલ કે, ભરી બહુ કુલથીરે લેા,

સંઘવી વધાયો ગિરિરાજકે, તે બહુ મુલથીરે લો. ૩
સંઘવી ડેરા દીધા બાસ કે, લાલતા સરકનેં રેલો,
સંઘવી ખરચેં બહુલો વિત્ત કે, તે મોટે મનેરેલો. ૪.
સંઘવી પાલીતાણાનો હોય, ઉનડજી તેડીયેારે લો,
સંઘવી આપે તેહને દાંમ કે, દાલિદ્ર ફેડીયેારે લો. ૫
સંઘવી ચૂકાયો સહૂ સંઘનો મુંડકો જે હવેંરે લો,
સંઘવી યાત્રા કરણ સહુ લોક, ઉમાહ્યા તે હવેરે લો. ૬
સંઘવી શ્રી ઉદેંસાગર સૂરિ કે સાથે આવીયારે લો,
સંઘવી ગિરીપંખી સૂરીસ, બહુ સુખ પાવીયારે લો. ૭
સંઘવી દેસ વિદેસી સાધુ કે, યાત્રિક બહુ મિલ્યારે લો,
સંઘવી નયણેં ગિરિ નિરખંત, મનવંછિત ફલ્યારે લો. ૮
સંઘવી પાંચમી ઢાલ રસાલ કે, ધણ પરેં આખીયેારે લો,
સંઘવી ચાલો કરીયેં યાત્રા કે, સહુ ઇમ ભાખીયેારે લો. ૯

—દુહા—

પ્રાત સમેં અરીહંતનો, ધરે એક ચિત્ત ધ્યાન;
યાત્ર કરણ સહુ ઉમાહીયા, ગાળેં ગંધ્રવ ગ્યાન ૧
સૂવર્ણ કુલ મુગતા–ફલ વધાયો ગિરિરાજ,
ભવ ભયભીત નિવારણો કોડ સુધારણકાજ. ૨

ઢાલ–૬ યત્તની. એ દેશી–

સંઘ ચાલ્યો ડેરા હુંતે, અંબડ વાવ મન ખંતે,
સુચી પવિત્ર થયા સહુ દેહ, નયણે ધરે ગિરસું નેહ ૧

ભૂખણદાસ કરી વહ સોભા, તે તો દેખી રહે થિર થોભા,
દોય પાસેં વહ ઓલ સોહેં, દેખી ભવી જિમ મન મોહે. ૨
પંથ છરી સહુ પાલંતા, અષ્ટ કર્મ અરી ગાલંતા,
મુખ બોલે અમૃત સાદ, વાજંત્ર વજાવે નાદ. ૩
કેઈ ભવિજન ભાવન ભાવે, ભલે ભાવે જિન ગુણ ગાવે,
કઈ દૂધથી ગિરવર ધોવે. અસુભ દલ પાતિક ખોવે. ૪
તલહટીઈ વંદન કીધો, તિણે શિવ પદ માંગી લીધો,
ધૂપધાંણા કેઈ હાથ, જેહ મેલવે સિવ પદ સાથ. ૫
ક્રમ ચઢતાં ગિરવર શૃંગ, મન અધિકેરા ધરીય ઉમંગ,
કેઈ તો બાલી બોલી, છુટી તરૂણી સહુ મિલ ટોલી. ૬
પગપગતે કરમ નિકંદ, આદીશ્વર પગલાં વંદે,
ક્રમ ચઢતાં નીલી પર્વ, તિહાં ટાલ્યા કર્મના ગર્વ. ૭
ધોલીપર્વ કુમારજ કુંડ, તે તો જલથી ભર્યો પ્રચંડ,
તિહાં ગલીને જિણે જલ પીધા, તિણે લાહા જનમના લીધા ૮
ચઢતા હિગલાજનો ડોડો, તે તો કરમનો કરે નિચોડો,
માંન મોડીયો માંનને મોડે, કર્મ વર્ગણા બંધણ તોડે. ૯
ઇક આગલ જલ કુંડ ભરીયો, સિતપકવ તણો તે દરીયો,
બીસામે બહુ જન હરખે, વારંવાર તે ગિરને નિરખે. ૧૦
આગે ઉછરંગે આયા, મૂલ કોટ દેખી સુખ પાયા,
વડવાડી નિમલ છાયા, પ્રભુ વંદણનેં ઉમાહા. ૧૧
પ્રથમ કોટ તણો જે દ્વાર, દેખી હરખે નરનાર,
વહ કોટ ભૂરજને પોત, તેહ દેખી હુવે રંગરોલ. ૧૨

સુખાલ સાહેં યસ લીધેા, જિણેં કારિજ સુકૃત કીધેા,
ઇમ છઠી ઢાલ એ કૃડી, ઇણમેં નહિ વાતજ કુડી. ૧૩

દુહા.

વાઘણ પેાલ વિરાજતી, દીઠાં નાસેં દુઃખ,
આગેં માત ચક્રેસરી, દેં સંપતિ ઘણુ સુખ. ૧
જિમણી ડાબી બાજુઇં, પ્રૌઢ પ્રાસાદેા એાલ,
વંદંતા ભવ ભય હરે, ચરચ્યાં છાકમ છેાલ. ૨
મૂલ કેાટ સારાં મુગટ, પેાલ માંહે પેસંત,
પ્રથમ પરમેશ્વર પેખીયા, આદીશ્વર અરીહંત. ૩
પ્રભૂને પ્રણમી પ્રેમસ્યું, પરદિખણા દિયંતં,
રાયણ તલ રિસહેસનાં, પગલાં જન પ્રણમંત. ૪
તીન પ્રદખણા દેઈનેં, વંદે પ્રભૂના પાય,
ચૈત્ય વંદન ચિત ચુંપસ્યું આણંદ અંગ ન માય. ૫

ઢાલ ૭ મી.

મહા વિદેહ ક્ષેત્ર સેાહાંમણા–એ દેશી.

આદિ જિણેસર સાહિબા, તું છે જગનેા તાતરે,
લખ ચૈારાસિ હું ભવ ભમ્યેા, અરજ કરૂં વિખ્યાતેારે,
આદિ જિણેસર સાહિબા. ૧
ભવ ભ્રમણેં ભમતાં થકાં, લાધેા મણ અવતારેારે,
નાભીનંદન નિહાલતાં, સફલ કર્યેાં જમવારેારે. આ૦ ૨
પુરૂષેાત્તમ પરમાતમા, પરમ પુરૂષ સુવિલાસેારે,
એહવા જિનનેં ભેટતાં, મુજ મન થયેા ઉલ્લાસેારે. આ૦ ૩

આદિસ્વર અવિલોકતા, કરમ મેવાસી ધૂજયારે,
સતર ભેદી પૂજા રચી, શ્રી અરીહંતનેં પૂજયારે. આ૦ ૪
પ્રૌઢા પાતિક જિંણુ કીયા, જનમંતર કેઇવારોરે,
શકવાર ગિરિ ફરસીયાં, તે પામે ભવ પારોરે. આ૦ ૫
ઇમ પ્રભૂની સ્તવના કરી, હિયડે હરખ ન માવેરે,
ધ્યાંન ધરે મન શુદ્ધસ્યું, ગુણ અરીહંતના ગાવેંરે. આ૦ ૬
નાંની મોટી પ્રતિમા સહુ, પૂજે મનને કોડેરે,
જગતારણ જગદીસરૂ, જગમાં નહિ તુજ જોડેરે. આ૦ ૭
મૂલ કોટ મોટે મને, પૂજી બાહિર આવેરે,
બાહિરલા દેહરા બહુ, વાંદી સહુ સુખ પાવેરે. આ૦ ૮
કેઇકતો નાટિક કરે, કેઇક પ્રભુ ગુણ ગાવેરે;
કેસર ભરીય કચોલડાં, પ્રભૂને આંગી રચાવેરે. આ૦ ૯
સૂરિજ કુંડ સોહાંમણો, નાહ્યા નિરમલ પાંણિરે;
પાતિક પંક પખાલણો, ઇમ ભાખે જગગુરૂ વાંણિરે આ૦ ૧૦
ઢાલ સાતમી પૂરણ થઈ, કોટથી બાહિર આવેરે;
આત્રેં આદબુદ્ધ અવિલોકતાં, સંઘ સકલ પાવેરે. આ૦ ૧૧

—દુહા—

આદીસર અવિલોકીયા, અદબૂદ રૂપેં આપ;
પૂજી અરચી પ્રેમચંદ, ટાલ્યા ભવ સંતાપ. ૧
શિવા સોમ ચોમુખ સકર, વંદે સહુ વિખ્યાત;
સબલ બિંબ સોભા સબલ, આગેં મરૂદેવી માત. ૨

પાંડવ દેહરો પેખને, છિપાવસહી જાયે,
સંઘ સકલ મન હરખીયા, ઓછવ અધિકો થાય. ૩
ઓડીયાર ઉપરખરો, શિખરબંધ સનૂર,
પેખી હરખ્યો સંઘપતિ, પૂરવ પુણ્ય અંકુર. ૪
વિધસ્યું કીધિ વેદિકા, બૈસાડયા તિહાં બિંબ,
ધૂપ ધ્યાન વિધસ્યું કર્યા, ઉત્તમ વિજે અવિલંબ. ૫

## ઢાલ-૮મી

કુંતારે માતા ઇમ ભણે-એ દેશી—

પ્રતિષ્ઠા વિધિ સાચવે, જે ભાખ્યો નિગ્રંથેરે,
જે જે વિધિ પૂર્વક કહી, પ્રવચન આરિજ પંથેરે. પ્ર. ૧
આઠ દિવસ અઠાઇયેં, રાતી જગે ગુણ ગાવેરે,
સાહમી વછલ વિધિ સાચવેં, મન મોટે જિન ધ્યાવેં રે. પ્ર. ૨
સકલસાહ સોહંકરૂ, પ્રતિષ્ટા વિધ જાણેરે,
પેમજી નામે સેઠજી, તે પિણ ગુણ મણી આંણુરે પ્ર. ૩
ઇમ દિનદિન વિધિ સાચવે, ડેરે આવે જામરે,
દાન સુપાત્રે દેવતા, હિયડે હરખિત કાંમરે પ્ર. ૪
પાલીતાણે પ્રભૂને સદા, પૂજા વિવિધ પ્રકારે,
સ્નાત્ર મહોચ્છવ સાચવે, આદીસ્વર દરબારરે પ્ર. ૫
ઇણ પરે દિન થયા કેટલા, રહેતાં તેણે ઠાંમરે,
ઉત્તમ વિજયનેં તેડી એકદા સંઘવી ભાખેં આમરે પ્ર. ૬
સમાચાર સદગુરૂ તણો, આવે જો અમ કોયરે,
તો ભાજે મને આંબલો, હીયડે હરખ અતિ હોય રે પ્ર. ૭

પત્ર લિખ્યો શ્રીજી પ્રતેં, મેહ્યો કાસીદ સાથરે,
સદ્‌ગુરૂ વિચરંતાં હુવે, હરખ્યું આપજ્યો હાથરે. પ્ર. ૮
મઢાહુંતી ગુરૂ મલપતા, આવ્યા ભરથ સુઠાંમરે,
માંણિભદ્ર યાત્રા કરૂં, હિયડે એવી હાંમરે. પ્ર. ૯
જોતો અસુર અઢારડો પાલણપુરનો રાયરે,
ઇહાં તો મન સોભ્યો કરો, એહ યાત્રા કિમ થાયરે. પ્ર. ૧૦
મુનિ ભાખે સૂરી સુણો, જિમ નવી જાણે કોયરે,
ઠાંણું પાંચથી પરવર્યા, હિયડે હરખિત હોયરે. પ્ર. ૧૧
પંથ વહે ઉતાવલા, ચાલ્યા કેઇક કોસરે,
માંણિભદ્ર ભેટી કરી, પામ્યા મન સંતોસરે. પ્ર. ૧૨
દિન બીજે પુજ આવીયા, યાત્રા કરી ભલી રીતરે,
ઉવજ્ઝાય સાધુ આવી મિલ્યા, સહુ મન ઉપની પ્રીતરે. પ્ર. ૧૩
સમઉ ગાંમ સોહાંમણો, જિહાં સહુ મિલીયો સંઘરે,
ઓચ્છવ મહોચ્છવ અભીનવા, સકલ મિલ્યા મનરંગરે પ્ર.૧૪
ઇણ પરે ભાખી આઠમી, ઢાલ એ વચન વિલાસરે,
એહવે કાસીદ આવીયો, પત્ર દીયો તતકાલરે. પ્ર. ૧૫

દુહા

પત્રી વાંચત તુરત પંથ, ચાલ્યા અધિક સનૂર;
દિન થોડા ઓછવના, પંથ વહે સહભૂર. ૧
રાત દિવસ ન ગિણે ન કથું, ચલે પંથ મુનિ સાથ;
વોલાવા સાથે વિહદ, વિષમા ઉલંધી વાટ. ૨
ઉપાધ્યાય ચાલે સદા, પણ અલવાંણો પંથ;

ગુણ પચવીસે ગાજતો, ગિરૂઓ ગુણ નિગ્રંથ ૩
ગીતારથ સાથેં ગુણી, પ્રવર બહુ ગુણ પાત્ર;
કેઈ શ્રાવક શ્રાવિકા, સહુ ચાલેં દિન રાત. ૪
અનુક્રમે ઇણ પરેં ચાલતાં, અતિક્રમતાં પુરગામ;
આવી ઉતારા કીયા, નીંબડા નયર સુઠામ. ૫

ઢાલ ૬ ઠ્ઠી

અંબરીયાને ગાજે હો ભટીયાંણા રાણી વડ ચુઇ-
એ દેશી—

કાગલ લિખનેં મેહલે હો સહુ પહિલેં સંઘને તિહાં કિણેં,
કુસલો વોહરો તાંમ,
શ્રીજી સાહિબ આવ્યા હો મન ભાવ્યા સંઘ તણેં થયા,
કોડ સુધારણ કામ કા૦ ૧
કાગલ લિખનેં દીધો હો સહુ સીધો કારિજ સંઘનો,
ચાલ્યો પ્રેષ્ય પડર,
પાલીતાંણે જાવેં હો સુખ થાવેં સંઘ સમરતનેં,
ઉગ્યેં પુણ્યે અંકુર. કા૦ ૨
કાગલ તતખિણ આવ્યો હો મન ભાવ્યો વાંચે સંઘવી,
હિયડે હરખ્યો જોર,
આનંદ આંસુક ઉપાયો હો મન ભાયો હર્ષ હિયેં વધ્યો,
ઘન ગાજત જિમ મોર. કા૦ ૩
વાણોતર ઠકવાઇ હો સુવિચાઇ અમદાવાદથી,
લાવ્યો સંઘ ગુણ ગેહ,

આવે તીરથ ભેટયો હો સહુ મેટયા દુઃખ ચઉગતિતણા,
નિપટ ધરીનેં નેહ. કા૦ ૪
નીંઅડી હુંતી ચાલેં હો સહુ મ્હાલે મુની ગણ મહિતળે,
સુરી તણો સહુ સાથ,
પગ પગ કરમ નિકંદે હો ગિરિ વંદે અધિક સનેહથી,
ગાવે કેઇ ગુણ ગાથ. કા૦ ૫
કેઇક જિન ગુણ ગાવે હો મન ભાવે મારગ મુનીવરા,
કેઇ સમતા રસ પુર,
પંથે છરી પાલતા હો હાલંતા કર્મ કદર્થના,
ઉદયો શુભ અંકુર. કા૦ ૬
કેઇ દિન પંથ વહતા હો ગહગહતા તીરથ વાટડી,
આવ્યા સીદ્ધાર પાસ,
મહા શુદિ આઠિમ આવ્યા હો મન ભાવ્યા સંઘ સમસ્તનેં
સકલ ફલી મન આસ. કા૦ ૭
નયણેં કુંઅર દીઠો હો વલી નીઠો પાતિક પૂર્વલો,
પામ્યા પૂરણ સૂખ,
પાલીતાંણે સેહરે હો ઘણી મહિરે પૂજ પધારીયા,
નાઠા દોહમ દુઃખ કા૦ ૮
નવમી નવ નિધ દાયક હો જસવાયક શ્રી અરિહંતના,
ગાવે ગુણ ગહ ગાટ,
પૂરવ પૂન્યે પાંમી હો અભીરામી સેવા ગિરિતણી,
રોપ્યા ધર્મના ઘાટ કા૦ ૯

## દુહા

સામઈયા સખરા સજે, વાજે ગુહિર નિસાંણ,
નરનારી રથ જોતર્યા, ઘોડાં અતી ધમસાંણ. ૧
સરણાઈ વાજે સરસ, પડે નગારે ઠોર,
ઘોક ઘોક માંનવ મિલ્યા, જુગતો મહોચ્છવ જોર. ૨
વિધસ્યું કીધી વંદના, નવ અંગે પૂજંત,
સકલ સંઘ સંઘવી સરવ, ખરી ધરી મન ખંત. ૩
સહેર માંહિ આવ્યા સકો, આજ સફલ સુવિહાંણ,
આદીસર અવિલોકીયા, મોટે અતિ મંડાણ. ૪
કૃપાસિરે આવ્યા ઉમંગ, શ્રીવિજે જિણંદ સૂરીસ,
ધર્મોપદેસ દીધો ધુરે, સહુ નમાવે સિસ; ૫

## ઢાલ ૧૦મી

**આવો આવોને રાજશ્રી વિમલાચલ જઈયેં–એ દેશી**

સંઘવી વાંદીને ઇમ પૂછે, પૂરણ એહ પ્રયાસો,
અરબૂદ ગિરિ ભેટીને સાહિબ, કિહાં કર્યો ચૌમાસો.
વાંદો વાંદોને રાજશ્રીવિજે જિણેંદ્રસૂરી સ૦ ૧
ગુરૂ ભાખે શિવપુરી ચૌમાસું, રહીનેં મન આણંદા,
શિખર બદ્ધપ્રાસાદ જે ચૌદે, સહુ મન હરખેં વંદા. વાં૦ ૨
મૃગશિર માસે વિહારજ કીધો, સોહાઈ દેસ પ્રસીધો,
બાંભણવાડે વીર જુહાર્યા, નર ભવ લાહો લીધો. વાં૦ ૩
ત્યાંથી જીવિત સ્વામ જુહાર્યા, નંદી વર્ધન નૃપ ઠામ,
ચાર્ય થીરનો બિંબ ભરાવ્યો, નવખંડ રાખ્યો નામ. વાં૦ ૪

વલી લોટાંણે જિનજી વંદ્યા, આદીસર જગનાથ,
સિદ્ધાચલની સ્યું સ પુરાઈ, સાચો સિવપુર સાથ વાં૦ ૫
વસંતપુરેંગઢિ ભેટયા વાર, સોલમા શાંતિ જિણુંદ,
ત્યાં પિણ સંઘ સયલ સંભાર્યો, તોડણ ભવ ભય ફંદ વાં૦ ૬
હમીરપુરેં દેખીને હરખ્યા, પ્રભૂ પ્રાસાદ પ્રચંડ,
કોરણીયાં તસ ભારી સોહેં, ધજા કલસને દંડ. વાં૦ ૭
ત્યાંથી શેત્રુંજ મારગ ચાલ્યા સંઘવી તુમ આગ્રહથી,
અનુક્રમેં માણિભદ્રજી ભેટી, મનવંછિત ફલ્યા એહથી વાં૦ ૮
શ્રી સંખેશ્વર પાસ જુહાર્યા, અંતિમ કારિજ સાર્યા,
ત્યાં પણ સાધુ સયલ સંતોષ્યા, કરમ મેવાસી વાર્યા વાં૦ ૯
ઇમ અનેક પુર ગાંમ નયરના, ભાવે જિન ભેટંતા,
પાલીતાંણે નયર પધાર્યા, દિલ અતિ હેં હરખંતા વાં૦ ૧૦
નાંમ લેઇ જિન યાત્રા કીધી, સહુનેં તિહાં સંભાર્યા,
સંઘવી કહેં ધન ધન જિવિત ફલ, ભવભવથી પ્રભૂતાર્યા. વાં૦ ૧૧
હિવેં પ્રભાત સમૈ થયે ગિરિવર, યાત્રા સદગુરૂ જાવે,
શ્રી આદીશ્વર જિનવર વંદી, મણુઅ જનમ ફલ પાવેં. વાં૦ ૧૨
ભાવ પૂજા ભગતે ગુણ ગાવે, ત્રિકરણ શુદ્ધ સ્વભાવેં,
એક મને એ ગિરિ સેવંતા, મુગતિ તણા ફલ પાવેં. વાં૦ ૧૩
નાહની મોટી પ્રતિમા વંદી હેજેં હિયડે હરખેં,
પ્રદિક્ષણા દેતાં જિન પ્રતિમા, વારંવાર તે નિરખેં વાં૦ ૧૪
મૂલકોટ વાંદી મન મોજેં, અદભદ પાંજે આયા.
ખરતર વસહી વંદી ખાંતેં, પ્રભૂ ભેટી સુખ પાયા. વાં૦ ૧૫

નવલ પ્રસાદ નીહાલી નાયક, વાયક છણપરેં ભાસેં,
વિહાંણે પ્રતિષ્ટા મહુરત વારૂ, શુભ કારિજ સહુ થાસ્યેં વાં૦ ૧૬
દસમી ઢાલ એ ભાખી રૂડી, સકલ સંઘ સુખદાય,
એહ તીરથમેા મહિમા મેાટેા, ગ્યાંની ઇમ ગુણ ગાય વાં૦૧૭

## દુહા.

પાંચ કલ્યાંણુક પ્રભુ તણા, ચવન જનમની વાત,
દીક્ષા કેવલ મેાક્ષપદ, પ્રણમું જગ વિખ્યાત. ૧
સરવારથ સિધથી ચવ્યા, પુરેા કરી સુર આય,
આસાઢ સુદની ચેાથ દિન, ઉપના વનિતા ઠાય. ૨
નાભિ નરેસર કુલવરૂ, મરૂદેવી તસ ત્રીય,
તેહની કુખે ઉપના, સુપન લહ્યા શ્રીકાર. ૩
ચેાસઠ ઇંદ્રનેં સુર સકલ, પ્રભુમેં પ્રભુનેં ભકિત,
અરથ અગેાચર અગમ સ્તુતિ, જોર વણાવેં ભુકિત. ૪
ચવન કલ્યાંણુક સુરપતી, કરી નિજ થાંનિક જાય,
સુપન તણેા આછેા અરથ, પૂછે પતિનેં આય. ૫

## ઢાલ ૧૧ મી.

ભવિકા સિદ્ધચક્ર પદ વંદેા—એદેશી.

ચઉદ સુપન દેખી મરૂદેવી, મનમેં અતિ હરખાંણી,
મધુર વચન પ્રીતમને જગવેં વિનવેં અમૃતવાંણીરે-
ભવિકા પ્રથમ કલ્યાંણુક વંદેા,
જિમચિરકાલેં નંદેારે ભ૦ પ્ર૦ ૧

સ્વામી આજ પછિમની રયણી, ચઉદહ સુપન મેં દીઠા,
તેહ તણો ફલ મુજને દાખો, મુજમન લાગે મીઠારે ભ૦ પ્ર૦ ૨
નાભિરાજ સાંભલિને હરખ્યા, નારી વચન સુખકાર,
આલોચના કીધી નિજ મનથી,
સુપન તણો સુવિચારરે ભ૦ પ્ર૦ ૩
ચક્રવર્તી પદવીનો ધારક, અથવા ધર્મ ચક્રધાર,
નવ માસે આણુ સુત હોસ્યે, ઇંદ્રતણે અણહારે ભ૦ પ્ર૦ ૪
નૃપ મુખથી સાંભલિ હરખાંણી, રાંણી સુપન વિચાર,
પ્રીતમની આંણા લેઇ ઊઠી, જઇ નિજ સદન મઝારરે ભ૦ પ્ર૦ ૫
ક્રમ ડોહલા ઉત્તમ પુરંતાં, નિગમ્યા તે નવમાસ,
સાત રાત્ર ઉપરિ વિહાંણી, સફળ થઇ મન આસરે ભ૦ પ્ર૦ ૬
ચૈત્રવદિ આઠિમનેં દિવસેં, જનમ થયો જગનાથ,
તીન ભુવનનો દિનકર પ્રગટ્યો,
સાચો સિવપુર સાથરે ભ૦ પ્ર૦ ૭
ઉતરા ષાઢા નક્ષત્ર આયો, જન્મ સમયની વેલા,
છપ્પન કુમારી આસન કંપ્યો,
પરવરી સહુઅ સમેલારે ભ૦ પ્ર૦ ૮
ઉરધ અધો જે લોક નીવાસી, ઇચીક પર્વતની જેહ,
છપ્પન દિગ કુમારી તિહાં આવે,
ધરતી પ્રભુસ્યુંને હરે ભ૦ પ્ર૦ ૯
કેઇક તો સુતિક ઘર કરતી, કેઇક વિંજણે વાય,
કેઇ નાલ છેદન વિધ જ્ઞાય
રત્નપીઠ નિરમાય રે. ભ૦ પ્ર૦ ૧૦

કેઇક તો હરપણ દેખાડે, કેઇક અગન નિપાવે,
તેહ રક્ષાની રક્ષા પોટલી,
પ્રભુ કર કમલે વધાવેરે. ભ૦ પ્ર૦ ૧૧
પર્વત સમ આયુ તુમ થાજો, એમ કહી પ્રણમંતી
છપ્પન કુમારી નિજ થાનિક જાવે,
પ્રભુ ગુણ મન ઉલસં તીરે. ભ૦ પ્ર૦ ૧૨
ઇંદ્ર તણે તવ આસન કંપ્યો. અવધિયે તવ જોવે,
જન્મ સમે જિનરાજનો જાણી,
હિયડે હરખિત હોવેરે. ભ૦ પ્ર૦ ૧૩
સાતઆઠ પગ સાંહમો જઈને, ભાવે વંદના કીધી,
હરિણુ ગમેષી સુર તેડાવી,
ઇંદ્રે આજ્ઞા દીધીરે. ભ૦ પ્ર૦ ૧૪
સુઘોષા ઘંટા વજડાયો પાંચસે સુરિ થઈ ભેલા,
સજ્જઝુકાર સકલ દેવ લોકે જાણી જન્મની વેલારે ભ૦ પ્ર૦ ૧૫
પાલક નામ વિમાને બેસી, ઇંદ્ર સાહત સહુ દેવ,
કેઇકતો જિનના ગુણ રાગી,
સમકિત ગુણ શુદ્ધ કરવારે. ભ૦ પ્ર૦ ૧૬
કેઇક તો નિજસ્ત્રીના પ્રેર્યા, કેઇક મિત્રના રાગી,
કેઇકતો કલ્યાણક જોવા; કેઇક પ્રભુગુણ રાગીરે. ભ૦ પ્ર૦ ૧૭
આઠમે દ્વિપ વિમાનને મુંકી ઇંદ્ર આવે નૃપગેહ,
જિન જનનીને નમી ગુણ ગાવે
નિપટ ધરીને નેહરે, ભ૦ પ્ર૦ ૧૮

તિન ભુવનનો દિનકર પ્રગટયો નરકમાંહિ સુખ થાય
સકલ જંતુને સુખનો તે દિન,
સુરનર સહુ ગુણ ગાયરે, ભ૦ પ્ર૦ ૧૯

ઢાલ કહી ઇગ્યારમી રૂડી, પ્રથમ કહ્યાંનુક વાત,
જન્મ મહોચ્છવ તિમ હરી કરસ્યે,
તે કહેસ્યું અવદાતરે. ભ૦ પ્ર૦ ૨૦

## દુહા

જનની જિનરાજને, લેવે સોહમ ઇંદ
રત્ન કુક્ષ ધારક નમો, ઇમ ભાખે સુર ઇંદ ૧
અવસ્વાપની આપે અવસ, મેહલે પ્રભુ પ્રતિબિંબ,
પંચરૂપ સુરપતિ કરી, લેઇ ચાલ્યા અવિલંબ ૨
પ્રથમ રૂપ પ્રભુને ગ્રહે, ચામર ઢાલે હોય,
છત્ર ધરે એક રૂપસ્યું, વજધર આગલ હોય. ૩
મેરૂ ગિરિવર ઉપરે, પંડગ સિલા કહાય,
નમણ સમે પ્રભુને નિકટ, લે બેઠો સુરરાય. ૪
પણ બીસ જોયણ ઉચપણ, પોહલા જોયણબાર,
એક જોયણ નાલો ભલો, એહવા કલસ ઉદાર. ૫
એક કોડિ સાઠિ લાખ સર્વે, રત્નસોવન મણી પૂર,
દેવકૃત ઉછાહજે, સોહે ભલા સનૂર. ૬
માધવને વરદામના, ખીર સમુદ્ર પ્રભાસ,
પદ્મદ્રહ પાંણી ભર્યા, તીર્થોદક ઉલ્લાસ. ૭

## ઢાલ ૧૨ મી

આજ ધરા ઉધાંધ લેાહેા લાલ !—એ દેશી

સેાહમ ઇંદ્ર આદેસથી હેા લાલ,
અચ્યૂત ઇંદ્ર અભીષેક સેાભાગી
નમણ કરેં જિનરાજનેં હેા લાલ,
વૃખભ રૂપેં સાવ સેષ સેાભાગી
બીજો કલ્યાંણક વંદીએં હેા લાલ. ૧

આંણુત પ્રાંણુત સુરપતિ હેા લાલ
ભકિત કરે ભરપુર, સેા૦
કલસ ભરી ગંગેાદકેં હેા લાલ,
નવરાવેં વધતે નૂર સેા૦ બી૦ ૨

શક સહસ્રાર દેાય હરી હેા લાલ,
રાગી પ્રભુ ગુણ જેહ સેા૦
નમણ કરેં જિનરાજનેં હેા લાલ,
નિપટ ધરીનેં નેહ સેા૦ બી૦ ૩

લંતક નામે સુરપતિ હેા, ભાવભલેં બ્રહ્મેંદ્ર સેા૦
જનમ મહેાચ્છવ સાચવેં હેા લાલ,
સમકિત ધર સુર ઇંદ્ર સેા૦ બી૦ ૪

માહિંદ્ર સનત કુમારજી હેા લાલ, સહસ્રધારા જલ કુંભ સેા૦
નવણ કરાવેં જિન રાજનેં હેા લાલ,
સુરપાંમે અચંભ સેા૦ બી૦ ૫

અભિનવ ઇંદ્ર ઇસાનજી હોલાલ, કરે અભિષેક ઉદાર સો૦
કનક કલસ નવરાવતો હો લાલ,
સુધ સમકિત સુ વિચાર સો૦ બી૦ ૬
સોહમ સુરપતી સાચવે હો લાલ,
બેસાડી ઇસાન ઇંદ્ર સો૦
બોલે લઇ ખાંતસ્યું હો લાલ,
નવરાવ્યા જગ ચંદ્ર સો૦ બી૦ ૭
વીસ ભુવન પતિના કહ્યા હો લાલ,
બત્રીસ વિંતર હોય સો૦
ભાવ ભલે ભગતી કરે હો લાલ,
જોતીષીના ઇંદ્ર હોય સો૦ બી૦ ૮
ચોસઠ સુરપતિના કહ્યા હો લાલ,
એ આછા અભીષેક સો૦
ભાવ ભલે સુર સાચવે હો લાલ,
ચરચે સુરસવિસેરી સો૦ બી૦ ૯
ચોસઠિ સહસ્ર કલસે કરી હોલાલ,
ઇક ઇંક હરી અભિષેક
ચોઉવીહ સુરના સહુ મિલી હોલાલ,
વારૂ અઠીસે વિસેષ સો૦ બી૦ ૧૦
કેઇક તો સ્તવના કરે હો લાલ,
કેઇક ગાવે ગ્યાંન, સો૦

આઠ મંગલ જિન આગલેં હો લાલ,
કરી ધ્યાવેં પ્રભુ ધ્યાંન. સો૦ બી૦ ૧૧
પહેલી ચંદનની કરી હો લાલ,
બીજી કુસુમ સુવાસ. સો૦
ત્રીજી અક્ષતની કહી હો લાલ,
ચોથી દીપક ઉજાસ. સો૦ બી૦ ૧૨
પાંચમી નીર પૂજા ભલી હો લાલ,
ધૂપ ઘટી ઘન સાર, સો૦
ચૂઆ ચંદનની સાતમી હો લાલ,
નૈવેદ્ય મોક્ષ દાતાર સો૦ બી૦ ૧૩
દ્રવ્ય ભાવેં સ્તવના કરી હો લાલ,
સુરપતિ ધરી મન રાગ, સો૦
માતા પાસેં મેલીયા હો લાલ,
જગનાયક વડ ભાગ. સો૦ બી૦ ૧૪
અવસ્વાપનીને અપહરી હો લાલ,
વંદે હરિ જિન માત, સો૦
વૃષ્ટિ કરે રયણાં તણી હો લાલ,
બત્રીસ કોડિ વિખ્યાત સો૦ બી૦ ૧૫
નંદીસર દ્વીપેં ગયા હો લાલ,
અઠાઇ મહોચ્ચવ તાંમ, સો૦
સાસ્વતા ચૈત્ય જુહારને હો લાલ,
સુરપતિ ગયા નિજ ધામ સો૦ બી૦ ૧૬

ઇંદ્ર આદેસ થકી કરે હો લાલ,
તિર્યક જાંભક દેવ, સો૦
રૂપ સોવન રયણાં તણી હો લાલ,
વૃષ્ટિ કરે નિત મેવ. સો૦ ઢી૦ ૧૭
પ્રાત ભયેા દિનકર ચઢયૌ હો લાલ,
દાસી દોડી આય, સો૦
પૂત્ર જનમ થયેા રાયજી હો લાલ,
સજન સકલ સુખદાય સો૦ ઢી૦ ૧૮
દૂર કર્યો દાસીપણેા હો લાલ,
પયસ્યું ધોયા કેસ, સો૦
લાખ ગમે સોવન દીયેા હો લાલ,
આપ્યા વેસ સુવિસેસ. સો૦ ઢી૦ ૧૯
સતુકાર મંડાવીયા હો લાલ,
દાંન સાલા બહુ દાન, સો૦
જાચિક જન સુખીયા થયા હો લાલ,
ગણ્યાં ન આવે ગ્યાંન સો૦ ઢી૦ ૨૦
દસ દિન ધંમ સ્થિતિ સાચવી હો લાલ,
એકાદસ દિન સાર, સો૦
ભોજન બહુ ભલી ભાતના હો લાલ,
જીમ્યેા સહુ પરિવાર સો૦ ઢી૦ ૨૧
ગાંમ નગરને હાથીયા હો લાલ,
ઘોડા પાયક થાટ સો૦

રૂપસોવન રયણાં જડયા હો લાલ,
બહુલા આપે ઘાટ સો૦ બી૦ ૨૨
બારમી ઢાલ કહી હો લાલ,
રૂખભ કુમર ઠવ્યો નામ સો૦
લઘુવય પ્રભૂ લીલા કરે હો લાલ,
કોડ સુધારણ કાંમ સો૦ બી૦ ૨૩
કલ્યાણક વિધિ સાચવી હો લાલ,
શેત્રુંજા ઉપર સાર, સો૦
સંઘવી પ્રેમચંદે સહી હો લાલ,
સફલ કર્યો અવતાર. સો૦ બી૦ ૨૪

## દુહા.

ઈક દિન સુરપતિ આવીયા, ગ્રહી ઈક્ષુ અવતાં,
લઘૂવય કર આદ્યો કીયો, થાપ્યો ઈક્ષ્વાગ વંસ. ૧
જુગલા ધરમ નિવારીયો, પરણ્યા સુનંદા નાર;
સુમંગલા બીજી સરસ, સુખ વિલસે કિરતાર. ૨
છ લાખ પુરવા ગયાં પછી, બ્રાહ્મી ભરત સપુત્ર;
સુનંદા પ્રસવ્યા સરસ, જે રાખે ઘરસૂત્ર ૩
બાહુબલ સુંદરી પમુહ, સુમંગલાનેં બાલ;
સો પુત્ર દોય પુત્રીકા, નિત નિત મંગલ માલ. ૪
વીસ લાખ પુરવ વરસ, કુંઅર પદાનો થાટ;
રાજ્યભાર પ્રભૂ થાપીયા, નાભી નરેશ્વર પાટ. ૫

## ઢાલ ૧૩ મી.

ભરતનૃપ ભાવ્યું—એ દેશી.

રાજરિદ્ધ સવિ ભોગવીએ, ૠષભ જિણેસર આપ;
નમું ભલે ભાવસ્યું એ
નીત મારગ પ્રભુ થાપીયેાએ, ટાલ્યા ભવ સંતાપ.
નમું ભલે ભાવસ્યું એ. ૧

એંસી લાખ પૂરવ થયા એ, ભોગવતાં ગૃહધર્મ; ન.
ભોગ કરમથી ઉભગ્યા એ, ટાલવા ભોગની કર્મ. ન. ૨
રાજરૂદ્ધ વેંહેચી દીયા એ, સેા સુતનેં જિન રાજ ન.
લેાકાંતિક સુર આવીયા એ, એહવી કરે આવાજ. ન. ૩
જયજયનંદા ધર્મ કહેં એ. પ્રભુજી ચલાવેા ધર્મ, ન.
ચઉવિહ સંઘની થાપના એ, ટાલેા ઘનઘાતીયાં કર્મ. ન. ૪
અવધિજ્ઞાને અલિલેાકીયેા, જાણીયેા સમય જિનરાજ; ન.
દેવેંદ્રાન સંવત્સરીએ, જાચકજન સમાજ ન. ૫
વરહવર ધ્વનિ ઉચ્ચરે એ, લાખ આઠ ધ્રક કેાડિ, ન.
છ ઘડી સુધી નિત દિયેંએ, નાવેં એહની જોડિ ન. ૬
અભવ્ય હાથે નવિ ચઢેએ, પામે ભવ્ય એ દાન, ન.
આવંતાં દીન દયાંમણાંએ, જાતાં સુર સમાન. ન. ૭
દાન દેઈ પ્રભુ દીપતેાએ, પરવરિયા જિનરાજ, ન.
ચેાસઠિ સુરપતિ સવિ મિલ્યાએ, ભૂપતિ ભરત સમાજ. ન. ૮
આવ્યા લેઇ નિજમાતનીએ, ભરત તણી વિખ્યાત,
લાખ ગમે નરપતિ મિલ્યાએ, સુરરૂપેં સાક્ષાત ન. ૯

ચંદ્રપ્રભા સખિકા વરૂએ, ઇંસાઢયા જિન ભાણુ, ન.
ભરત આદેં બહુ નરવરાએ, ઉપાડે સુરરાંણુ. ન. ૧૦
વનિતા મધ્યે મારગ વહીએ, વાજે મંગલ તુર; ન.
વિવિધ વાજિંત્ર વજાવતાએ, ગાવતી ગીત સનૂર ન. ૧૨
છત્ર ચામર ડોલાવતાએ, નરનારી નહિં પાર; ન.
પુરમતાલ ઉધાનમાંએ, પરહરે સવી સિણુગાર, ન. ૧૩
ચ્યાર સહસ્ત્ર સ્યું વ્રત લીયાએ, નક્ષત્ર ઉત્તરાસાઢ, ન.
દીક્ષા લિધ જગનાથજીએં, આઠિમ વદી આસાઢ. ન. ૧૪
ચઉમુઠી લોચ કર્યો ભલોએ, તજયો ગૃહસ્તાવાસ ન.
તજી આગાર અણુગાર થયા એ, પૂરવાભવિ મન આસ. ન. ૧૫
આઠમ તપ પ્રભુ આદર્યો એ, કીધો તિહાંથી વિહાર, ન.
ઇદ્રાદિક મહોચ્છવ કરીએ, વાંદી વલ્યા પરિવાર. ન. ૧૬
અઠમ તપનેં પારણેંએ, સુધ આહારનેં કાજ. ન.
ઘરઘર ફિરતા ગોચરીએ, આપણુપેં જિનરાજ ન. ૧૭
થાલ ભરી મુગતા ફલેં એ, કેઇક સ્ત્રી સિણુગાર, ન.
પ્રભુજી તે નવિ આદરે એ, ઇમ થયા માસજબાર ન. ૧૮
ધન ધન પ્રભુ આદિસરૂએ, તુજ ગુણનો નહિ પાર, ન.
એક દિન ફરતા આવીયાએ, ગજપુર નગર મઝાર ન. ૧૯
લોક કોલાહલ સાંભલીએ, વાંદેશ્રેયંસ કુમાર, ન.
નિજ ઘર તેડી આવીયાએ, વહોંરાવે ઇક્ષુરસ સાર ન. ૨૦
વશાખ સુદ દિન ત્રિજનો એ, પારણો કર્યો જગતાત, ન.
ધન ધન શ્રેયાંસકુમરનેં, અખ્યાત રાખી વાત. ન. ૨૧

વૃષ્ટિ હુવી સોવન ભણીએ, સાઠીબારે કોડ, ન.
અહો અહોદાંન સુર ઇમ કહેંએ, નહિ કોઈ શ્રેય જોડ ન. ૨૨
દેવ મનુષ્ય તિર્યંચનાએ, ઉપસર્ગ સહ્યા પ્રભુ આપ, ન.
છદ્મસ્તતા વર્ષ સહસ્રની, પાલી ટાલ્યા સંતાપ ન. ૨૩
ત્રીજે કલ્યાંણક વંદીયેં તેરમી ઢાલ રસાલ, ન.
સંઘવી વાંદે પ્રેમસ્યું એ, હોજો મંગલ માલ ન. ૨૪

## દુહા

તપ જપ સંયમ આપ કરી, નિરમલ કીધી દેહ,
આપ બલેં પ્રભૂ જીતીયા કર્મઘાતીયાં જેહ. ૧
અપ્રતિબધ વાયુ પરેં, ભારંડ જેમ અપ્રમત્ત,
ગંગાજલ જિમ નિરમલા પ્રભૂના સરસ ચરિત્ર. ૨
ગામ નગરપુર વિચારતા, વન ઉપવન બહુ ખેડ,
તપ અગનેં પ્રભૂ જવાલીયા, ઈંધન કર્મની ભેદ, ૩
ફાગણ વદ એકાદસી, ધ્યાવત શુકલ ધ્યાંન,
ઉત્તરાષાઢા ઉપનો, પ્રભૂને કેવલ જ્ઞાન. ૪
આસન કંપ્યો ઇંદ્રનો, આવેં સુર મિલીકોડિ,
ચોસઠ ઇંદ્ર ભાવેં અધિક, પ્રણમેં બેકર જોડિ. ૫

## ઢાલ ૧૪મી

જીરે માંરે જાગ્યો કુંમર તામ,
તવ દેખે દોલત મિલીજી—એ દેશી
જીરે માંહરે ઉપનો કેવલ નાંણ,
ચઈવીહ સુર આવી મિલ્યાજીરેજી,

મત ઉપદ્રવ સોચ,
દુઃખ દોહગ દૂરે ટલ્યાંજીરેજી–૧
જીરે સમવસરણ સુખકાર,
દેવ રચેંતિ હાં દીપતોજીરેજી,
સ્વર્ગ ભુવન મણહાર,
કુમતિ કદાગ્રહ જિપતોજીરેજી–૨
જીરે રૂપ સોવન જાણી હોય,
ગઢ ત્રણયેં સોહં કરૂ. જી
ઉંચો અતિ અસમાંન,
ઇંદ્ર ધ્વજ સોહં વરૂ. જી–૩
જીરે અસોક વૃક્ષ ઉત્તંગ,
પ્રભૂ ઉપર અવિચલ વરૂ, જી૦
જીરે જાંનૂ પ્રમાણ કુલ,
સૂર વર્ષાવેં સોહં કરૂ. જી–૪
જીરેં વાજેં દુંદુભી નાદ;
કોડ ગમે વાજા ભલાજી૦
સમવસરણ મઝાર,
પ્રભૂજી વિરાજેં ગુણ નીલા. જી–૫
જીરેભામંડલ રવિતેંજ,
દ્વાદશ સૂર સમો કહ્યો, જી૦
દુરિત તિમિર મિથ્યાત્વ,
નાસી તે દૂરે ગયો, જી–૬

જીરે ત્રિણ્ય છત્ર સોહંત,
બાર જોડે ચામર ઢલેં જી૦
જીરે દેવધ્વની પૂરંત,
સાંભલી કરમ દૂરેં ટલેં જી–૭
જીરેં ચોત્રીસ અતીસય જુત,
પાંત્રીસ ગુણવાંણી તણાં જી૦
જીરેં સાંભલતાં ભવિલોક,
જિન મુખથી હરખ્યું ઘણા જી–૮
જીરે વન પાલક તિહા જાય,
વિનતા નગરી વધામણી, જી૦
જીરે ભરત ચક્રી ભૂપાલ,
ભવિજન હરખ્યા તે સુણી જી–૯
જીરે દીધો લાખ પસાય,
તે સુણી મનડેં હરખીયા જી૦
જીરે રોમરોમ ઉલસંત,
વરખા અમૃત ચરખીયા જી–૧૦
જીરે પરવરીયા રૂદ્ધ પૂર,
ગજ બાંધે માતા ચઢી જી૦
પાછેં ભરત ભૂપાળ,
અંબાડી અંબર અડી જી–૧૧
જીરે બીજા પિણ ભવિ લોક,
જિન વંદનના ભાવિયા જી૦

જીરે વાજીત્રની સુણી ઘોષ,
માત તણે મન ભાવિયા જી-૧૨
જીરે સહસ્ર વરસ કરી સોચ,
મોહે ચક્ષુ છાયાવલી, જી૦
જીરે દેખી ત્રિધડો તેજ,
હરખ આંસુંઇ તેટલી. જી-૧૩
જીરે અહો અહો એવો દુઃખ,
ફોગટ મેં કીધો સહી, જી૦
જીરે એતો અખય સુખ ધામ,
કાગલ મુજ દીધો નહિ જી-૧૪
જીરે કહેના સુત સંયોગ,
સકલ વિશ્વ એકારેમો, જી૦
જીરે ફોગટ કરવો નેહ,
માહે કરમ મહિ ભારિમો. જી-૧૫
જીરે આવ્યો અનિત ભાવ,
અંતગડ હુઆ કેવલી, જી૦
જીરે સકલ કરમનો બંધ,
તોડી જ્યોતિમાંહી મિલી. જી-૧૬
જીરે જનની જણે તો પુત્ર,
ઋષભ જિણેસર જેહવો, જી૦
જીરે સહસ વરસ સહી દુઃખ,
આવ્યો કેવલ તેહવો જી-૧૭



જીરે માતા પિણુ જગ માંહે,
મરૂદેવી સમ તે ખરી, જી૦
જીરે જોઉં પ્રથમ મુખ જાય,
રૂષભેં મુગતિ રમણુ વરી. જી–૧૮
જીરે સકલ નિવારી સોક,
ભરત નૃપત વાંદે સહિ. જી૦
જીરે પ્રભુનું દેખી મુખ,
હરખેં હિઅડેં ગહ ગહી. જી–૧૯
જીરે જોગ્ય સ્થાનક બેસંત,
પ્રભૂજી ભાંખે દેસના, જી૦
જીરે સાંભલેં પરખદા તેહ,
નાસેં કરમ કલેસના. જી–૨૦
જીરે છાંડો મોહ વિકાર,
મોહ સલ દુઃખ દાયકુ, જી૦
જીરે ત્રિણ્ય તત્ત્વ જગમાંહે,
અખય સુખ સહાયકુ. જી–૨૧
જીરે પુંડરીક આદેં જેહ,
વાંણી સૂણી પ્રતિ બૂજ્યા. જી૦
જીરે થાપ્યા ગણુધર તેહ;
ચોરાસી ભવિ પૂજીયા. જી–૨૨
જીરે સ્વદીક્ષિત કેવલી સાધુ,
સહસ ચોરાસી જિનતણા, જી૦

જીરે નિત નિત વાંદું તેહ,
મુજ મન હરખ હિયડેં ઘણો જી–૨૩
જીરે બ્રહ્મી પ્રમુખ ત્રિણ્ય લાખ,
સાધ્વી જિનજીની કહી, જી૦
જીરે પાલી ચારિત્ર શુદ્ધ,
સિવ સંપદ પાંમી સહી, જી–૨૪
જીરે શ્રેયંસ પ્રમુખ ત્રિણ્ય લાખ,
પાંચ સહસ્સ વલી ભાખીયા, જી૦
જીરે સમણોપાસક સુદ્ધ,
શ્રાવક પ્રભુના ઢાખીયા. જી–૨૫
જીરે સુભદ્રા પ્રમુખ પાંચ લાખ,
ચૌપન સહસ્સ ઉપર સહી, જી૦
જીરે ત્રિણ્ય તત્વની જાણ,
એહવી શુદ્ધ શ્રાવિકા કહી. જી–૨૬
જીરે થાપ્યેા ચઉવિહ સંઘ,
વિચર્યા પ્રભુ અવનીતલે, જી૦
જીરે સુરપતિ ભરત ભૂપાલ,
વાંદિ નિજ થાનિક વલે. જી–૨૭
જીરે પૂરવ નિવાણું વાર,
શેત્રુંજે સિખર સમોસર્યા, જી૦
જીરે પુંડરીક આદેં સાધ,
ઇણ ગિરિસિવરમણી વર્યા. જી–૨૮

જીરે કેવલ કલ્યાણુક એહ,
વાંદે સંઘવી સોહું કરૂ, જી૦
જીરે ઉછવ કર્યો સિદ્ધ ક્ષેત્ર,
પ્રતિષ્ટા સમઈ સુખ કરૂ. જી–૨૯
જીરે ચૌદમી ઢાલેં એહ,
ગુણ ગાયા પ્રભૂજી તણા. જી૦
જીરે રિષભ કહે ભવિ લોક,
પ્રેમચંદે નવી રાખી મણા. જી–૩૦

## દુહા

કુંઅર પદે પ્રભૂ ભોગવ્યા, વીસ લાખ પુર વર્ષ,
ત્રેંસઠ લાખ પૂરવ લગેં, રાજય કર્યો મન હર્ષ. ૧
છદ્મસ્થા એક સહસ્રની, સહસ્ર ઉણા એક પૂર્વ,
જિન પદવી ધમ ભોગવી ચતુરસિતી લાખ પૂર્વ ૨
અષ્ટાપદ જિનની ચઢયા, દસ સહસ્રની સાથ,
માસ એક સંલેખણા, આપ કરી જગનાથ. ૩
મહા વદિ તેરસ દિનેં, છેદી કરસ અઘાત,
સુકલ ધ્યાંન પ્રભૂ ધ્યાવતાં, પોહતા સિવ જગતાત. ૪
ચોસઠ હરી આવી મીલ્યા, કરે અંગનિ સંસ્કાર,
ઓછવ મોછવ અભિનવ, સાચવેં જિન આચાર. ૫
ભરત ચક્રવતી તિહાં કર્યા, સિંહ નિષિદ્યા નામ,
ઉત્તમ પ્રાસાદ અભિનવો, કરી પોહતા નિજ ઠામ. ૬

## ઢાલ ૧૫ મી

### ધરમજિણેંસર ગાઉં રંગસ્યું એ—દેશી.

સિદ્ધ સ્વરૂપી વંદેા ભવિજનાં, જેહનેાં સિદ્ધ છે નામ, સેાહંકર,
આદિ અછે પણિ અંત નહિં કદા, એહવેા અવિચલ ઠામ સેા.
સિદ્ધ સ્વરૂપી વંદેા ભવિજનાં. ૧

લાંબી પેાહલી છેં સમસારિખી, પણ ચાલીસ જોયણ લાખ. સેા.
આઠ જોયણ જાડી મધ્યદેસ છેં, જગ ગુરૂ ગ્રંથમેં ભાખ સેા.સિ.૨
માખી પાંખ સમી છેહડેં કહી, ઉજ્જવલ વર્તુલાકાર, સેા.
સ્ફાટિક રત્ન સમી પ્રભા કહી, સિધસિલા સુવિચાર. સેા. સિ. ૩
એક ગાઉનેા છઠ્ઠો ભાગ જે, જોયણ ભાગ ચેાવીસ, સેા,
એહવેા સ્તાનક સિદ્ધિ સ્વરૂપનેા, ઉપનાં શ્રીજગદીસ સેા. સિ. ૪
જનમજરા મરણાદિક તિહાં નહીં, નહિં કેાઈ રેાગનેં સેાગ. સેા.
કરમ ઉપાધિ તિહાં દીસે નહિં, નહિં કેાઈ વસ્તુનેા ભેાગ સેા.સિ.૫
પુન્યનેં પાપ જિહાં દીસેં નહીં, નહિં કેાઇ કરમનેા બંધ સેા.
ઇચ્છા વંછા કેાઇ ન વસ્તુની, નહિં કેાપ કાર્યનેા દ્વંધ સેા. સિ. ૬
અકલ સ્વરૂપી તું અનંત ગુણી, નહિં તુજ રૂપનેં રંગ, સેા.
પુરણ બ્રહ્મ નમેા પુરષેાત્તમા, તેાડયેા જગતનેા સંગ સા. સિ. ૭
જ્યેાતિસ્યું જ્યેાતિ સદા મિલી રહી, જાણીઇ તેજ સ્વરૂપ, સેા.
એહવા સુદ્ધ સ્વરૂપનેં ધ્યાવતાં, પાર લહેં ભવકૂપ સેા. સિ. ૮
સિદ્ધ સ્વરૂપી સાહિબ જગધણી, આદીશ્વર અરીહંત, સેા.
એહભવ પરભવ સરણેા તાહરેા, ભયભંજણ ભગવંત સેા. સિ. ૯

તે જગદીસ્વર જગના તાતનો, બિંબ રચ્યો સુખકાર, સો.
સિદ્ધગિર ઉપરિઅતી હું અભીનવો, સંઘવી પ્રેમચંદ્રેસાર
સો. સિ. ૧૦
પ્રતિષ્ટા સમયેં પંચ કલ્યાંણુક, આગમ રીત રસાલ, સો.
શ્રીગચ્છ નાયક કેરી અનુમતે, ઓચ્છવ કરી સુવિસાલ સો.સિ.૧૧
એહ ઓચ્છવ જિણેં નયણેં નિરખીયો ધનધન તરુ અવતાર સો.
નરગ તિર્યંચની ગત દૂરેં કરેં, પાંમે ભવનોરે પાર. સો સિ. ૧૨
ઉત્તમ કરણી એ શ્રાવક તણી, કર્યો પ્રાસાદ ઉત્તંગ, સો.
જુગતેં જિમ મંદિર ઓચ્છવ કરેં, નરનારી મનરંગ સો. સિ.૧૩
લવજી સુત સંઘવી પ્રેમચંદની, એંહન ભલી સુખકાર, સો.
તેજ કુઅર નિજ આઉ પૂરો કરી. પાંમી સુર અવતાર, સો. સિ.૧૪
થ્યાંન રહ્યો એક શ્રી સંખેસ્વરેં, તેહની સેવક થાય. સો.
શ્રી સંખેસ્વર સંઘ કઢાવીયો, ત્રીસા વર્ષ સુખદાય. સો. સિ. ૧૫
હરખેં મન ઉત્તમ કારિજ કીયા, તેજ કુંમર સુરનાંમ, સો.
સંઘ સમય તેં બહુ સાંનિધ્ય કરી, બંધવ રાખ્યોરે નાંમ સો.સિ.૧૬
પંચ કલ્યાંણુક મોહોછવ મોટકો, કીધાં મંગળ એહ, સો.
ઇત ઉપદ્રવ સવી દુરે ગયા, સકલ મંગલ ગુણ ગેહ. સો. સિ. ૧૭
ઉત્તમ કરણીયેં સવી કારિજ કરી, અંજન સિલાકારે સુદ્ધ. સો.
કીધી શ્રીવિજેંજિણંદ સૂરીસ્વરે, ગચ્છનાયક બહુ બુદ્ધિ સો.સિ૧૮
ઢાલ કહી સુખદાયક પનરમી, સુણતાં મંગલ માલ, સો.
ઋષભસાગર કહેં જિન ભગતેં થુણેં, તસ ઘર ચંગ રસાલ.
સો. સિ. ૧૯

ઇતિ પંચ કલ્યાણુક વર્ણન

દુહા

મુહરત દિન મોટેં મનેં, સંઘ સકલ ગુણ ગેહ,
સૂરીશ્વર સાથેં સરવ, ચઢીયા ધરી સનેંહ. ૧
સ્નાત્ર મહોછવ સાચવેં, વાજેં વિવધ વાજિત્ર,
ગુણ ગાવે ગિરિરાજના, થાઇં જનમ પવિત્ર. ૨
લાખાં લોક મિલ્યા જિહાં, વડવ્યવહારી સાહ,
ઇંદ્ર રૂપ ઓપેં અધિક, વાહ વાહજી વાહ. ૩

ઢાલ ૧૬મી શ્રીરે સુપાસજી રાય—દેશી.

પ્રતિષ્ટા દિન સુખકાર, મિલીયેા સંઘ અપાર,
આજ હેા દેખી રે સુવિ સેખી, મનડું ગહગહેજી. ૧
શ્રી વિજે જિણેંદ્ર સૂરીસ, ઇંદ્ર રૂપ હુઆ ઇસ,
આજ હેા મંત્રેરે સુભ જંત્રેં, વાસ સેાહાંમણેાજી. ૨
અંજન સિલાકા કિદ્ધ, ડંકા જસના દિદ્ધ,
આજ હેા વારૂ રે સુખકારૂ વાસ કર્યો ભલેાજી. ૩
વરત્યાં જય જયકાર, ઉપનેા હરખ અપાર,
આજ હેાં નિરખેંરે મન હરખેં, સંઘવી ગુણ નીલેાજી. ૪
પ્રભૂને પુખ્યાપૂર, વીજી વહુ સસનૂર,
આજ હેા ઓપેરે ગુણજીપેં ઇંદ્રાણી સમીજી. ૫
હરખ્યા સ્ત્રી ભરતાર, સફલ કર્યો અવતાર,
આજ હેા દીધારે બહુ દાન નહિ કાંઇ કમીજી. ૬
ઓઘલમા ઘરનાર, વધાવેં સુવિચાર,
આજ હેા દેખીરે મન હરખેં, સેઠ સુરત તણેાજી. ૭

સહુ પુંજ્યા જગનાથ, જે છે સિવનો સાથ,
આજ હોં ઓછવરે બહુ કીધા મન આનંદ ઘણોરે. ૮
બિંબ પ્રવેશ વિચાર પાંચમને બુધવાર
આજ હો બૈઠારે પ્રભુ પાઠે, દુઃખ દોંહગ ટલ્યારે. ૯
વાજત્રનો નાંહ પાર, મિલીયા બહુ નરનાર,
આજ હો સંઘવીરે પ્રેમચંદના મન વંછિત ફલ્યાજી ૧૦
કલશ ધ્વજા સોહંત, ભવિજન મન મોહંત,
આજ હો સોહેરે મન મોહેં માનવ સુર તણાજી. ૧૧
કીધો ઉત્તમ કામ, સરવતો ભદ્ર એહ નાંમ,
આજ હો દીધોરે પ્રાસાદનો નવી રાખી મણાજી. ૧૨
કેસર ચંદન ઘનસાર, ભેલી બહુય સુવાસ
આજ હો અંગીરે સુચંગી, પ્રભુ અંગે રચેંરે. ૧૩
કેઇ સમકિતિ નાર, લહાવા ભવનો પાર,
આજ હો જણેરે જિન આગલેં ઇંદ્રાણી નચેંજી. ૧૪
ઇણ પરેં શ્રાવક નાંમ કીધાં ઉત્તમ કામ,
આજ હો જેહનેંરે પુન્યાઇ પરિધલ વિત્તનીરે. ૧૫
એહવી સોલમી ઢાલ, સુણતાં રંગ રસાલ,
આજ હો ભાખીરે મન રાખી થિરતા ચિત્તનીજી. ૧૬

## દુહા

દ્રવ્યભાવ સ્તવના સખર, સૂરિ સહિત સમનેંહ,
પ્રભુ આગેં પોતે કરે, જુગતેં સ્તવના જેહ. ૧

અનંત ગુણે ભરીયેા અચલ, ચારિત્ર નાંણુ સંપન્ન,
દર્શન તુજ અનંતમયિ, નાયક તું નિષ્પન્ન. ૨
તુજ ચરણાંણુજ સેવતાં, કુણ ન લહે ભવ પાર,
ચઉગતિ ફેરા મેટણેા, તુજ સમ નહિં સંસાર. ૩
અતિ હરખિત ઓછવ અધિક, વાંદ્યા પ્રથમજિણુંદ,
આપ ઉતારે આવીયા, મેાટા સૂરિમુણિંદ. ૪
સંઘવી પિણ ડેરેસકેા, આયા નિજ નિજ ઠાંમ,
વિધસ્યું વેાહરાવા ભણી, તેડેમુનીપતીતાંમ ૫

ઢાલ ૧૭ મી ઝાઝરીયામુ નિવર ઝાઝર ઝમકે પાય એ-દેશી

તેડે સંઘવી તિહાં કિણેંજી તીન સૂરીશ્વર તાંમ,
વેાહરાવા વિધ સાચવેંજી, જુગતે પૂરે હાંમ,
ગુણવંતા ગુરૂજી, આજભલેા સુવિહાંણુ;
આજ ભલી જાગી દિસાજી, પ્રગટયાકેાડ કલ્યાણ,
ગુણવંતા૦ ૧
પાઠક પદવી પાલતેાજી, ટાલતેા દેાષનેં દૂર,
પાંચસેં સત્તાવીસ સાધુમાંજી, સેાભે ભલેારે સનૂર ગુ૦ ૨
નવાંગે કરી પૂજણેાજી, સાલ ઓઢાવેં હેાય,
એકેક બીજા પૂજનેજી, ઉવઝાયનેં પિણ હેાય. ગુ૦ ૩
બાકી સાધુ સમસ્તનેંજી, પૂજે રૂપ ઇયેા હાથ,
વેાહરાવા બહુમેાદિકાજી, પેાહતા થાંનિક સાથ. ગુ૦ ૪
સંઘ સહુનેં નુંતર્યાજી, જિમવા કેરે કાજ,
અમદાવાદ સૂરત પાટણ તણાજી, આવ્યા વધતે સાજ ગુ૦ ૫

કપ્પડવાંણુ આંભાયતીજી, પાંલણપુર સુખકાર,
કાકરેચી મારૂ આડનાજી, સંઘ મિલ્યા સુવિચાર ગુ૦ ૬
ઔરંગાબાદને આગરેજી, બરહાનપુર ગુણગેંહ,
હિંદ્રા બાદી આવીયાજી, નિપટ ધરીને નેહ ગુ૦ ૭
ભાવનગર ભરૂઅચ ભલોજી, ગોધા અતિ ગુણ ગેહ,
નવાનગર કંઠાલનાજી, સંઘ મિલ્યા સસનેહ. ગુ૦ ૮
ડલૈાઇ વડોદરેાજી, પિટલાદ મિયાંગામ,
જંબૂસર કાવલો તણાજી ઝાલાવાડ ગુણ ધામ ગુ૦ ૯
બાવન ગામના સંઘનેજી જિમાડયા ભરપુર,
ફેાફલપાંન સેાહામણાજી, આપે અધિક સનુર ગુ૦ ૧૦
નિત નિત સાધુ સંતેાષતાજી. કરી સુખડી બહુ ભાંત,
અન્ય ગામના સંઘવીજી, પૂરે નિજમન ખાંત. ગુ૦ ૧૧
કેઇક તેા લેહણી કરેજી, કેઇક દે બહુ દાંન,
સાધુ સુપાત્ર સંતેાષતાજી, મહિય વધારે માંન. ગુ૦ ૧૨
મિઠાચંદ લાધા કરેજી, સંઘ ભગત ગુણ ગેહ,
પૈહરામણ કરી પુજનેંજી, જીવદયા ગુણ જેહ ગુ૦ ૧૩
કેાયક દુષ્ટ સુરે તિહાંજી, વર્ષા કીધેા ભુર,
ઝબઝબ ઝબકેં વીજલીજી, પ્રબલ વહેં જલપૂર ગુ૦ ૧૪
તે દેખી સંઘવી કહેંજી, સદ્દગુરૂ એ કિમ થાય,
કેાયક કરેા ચિત ધ્યાવનાજી, જિમ એ વૃષ્ટિ વિલાય. ગુ૦ ૧૫
સૂરિ કહે સુણ સંઘવીજી, ચિંતા મત કરેા કેાય,
આજ પ્રહર નિસા સમેંજી, હેાસ્યેં વિઘ્ન તું જોય ગુ૦ ૧૬

એહવે ઘન ઉપદ્રવ મિટયેાજી, હરખ્યેા સહૂ મન સંઘ,
અહેા મહિમા જિન ધર્મનેાજી, ગુણ નિધી જલ જિમ ગંગ ૧૭
સામી વછલ કરે સૂરતીજી, સંઘ માંહિ ગુણ ગેહ,
ધર્મ અનેક ઓછવ કરેજી, નિત નિત નવલે નેહ. ગુ૦ ૧૮
સેઠ ભલેા સૂરત તણેાજી, લખમીદાસ તસનામ,
સંઘ માંહિ તે સેાભતેાજી, કરતેા ઉત્તમ કામ. ગુ૦ ૧૯
ઢાલ ભણી એ સત્તરમીજી, કરતાં જિન ગુણ ગ્રામ,
ઇંદ્ર માલ દિન આવીયેાજી, ઓછવ હુએા અભિરામ ગુ૦ ૨૦

દુહા.

માલ મહેાછવ આવીયેા, સંઘવી મન હરખાય;
પ્રાત સમે ગુરૂજી સહિત, જિન વંદણને જાય. ૧
માહ વદ પાંચિમ દિવસ, સંઘ મિલ્યેા સસનેહ,
રથ યાત્રા રૂહી રચૈ નિરખે જિન ગુણ ગેહ. ૨
પ્રેમચંદ સંઘવી પ્રથમ, પહેરે માલ પડુર,
હેમચંદ જયચંદને નિત નિત ચઢતે નૂર. ૩
બેાધ સલાહ તેણે સમે, માલ પેંહરે મન ખંત,
ઇંદ્રરૂપ ગણીયા અવસ, સેાભા સખર સેાહંત. ૪
વીજીવહુ સંઘ વિણવલી, ઇંદ્રાણી હુઈ આપ,
ગુલાબ વહુ સહીયાં સરવ, ટાલ્યા ભવનાં પાપ. ૫

## ઢાલ–૧૮મી ઢાલ મેાતીડાની
## સાહીબા મેાતીયડેા હમારેા–એ દેશી.

માલ પહેરે ઉલ્લેા ગુરૂ આગે, વરી બેપ કીયેા વડભાગે.

સાહિબા આદીશ્વર દેવા, મોહનાં આદિશ્વર દેવા ૧
તવ પ્રભુજીને પાયેલાગેં, ચૈત્યવંદન કીધો મનરાગેં. સા. મો.
અક્ષલસ્વરૂપી દેવઅનૂપ,
પદ પ્રણમેં સુરનરવર ભૂપ સા૦ મો૦
પ્રભુપદ સેવે સુરનર કોડી,
રાતદિવસ ઉભા કરજોડી સા૦ મો૦ ૨
હું પિણ ચઉગતિ ભમતો આવ્યો,
પ્રભુમુદ્રા દેખી સુખ પાવ્યો સા૦ મો૦
પ્રભુમુખ દેખી મનડો હરખ્યો;
સાચો સિદ્ધ વધુ વર પરખ્યો સા૦ મો૦ ૩
તુજ સેવા કરજે જગનાથ,
તેણેરે લીધો સિવસુખ હાથ સા૦ મો૦
એહભવ પરભવ તુજ પદ સેવા,
દેજ્યો ફલ આદીશ્વર દેવા સા૦ મો૦ ૪
એમસ્તવી ઉઠયા વડભાગેં,
પાલીતાંણે આવ્યા મન રાગેં સા૦ મો૦
વાંદ્યા દેહરે જઇ જગનાથ,
પૂજયા પ્રભુને સર્વે સાથ સા૦ મો૦ ૫
તે દિન સાહમી વછલ કીધો,
મણુઅ જનમનો લાહો લીધો સા૦ મો૦
સૂરીસ્વરનેં વલી વોહરાવેં,
મનસુધેં વલી ભાવના ભાવેં સા૦ મો૦ ૬

બીજે દિવસ દિક્ષણા દીધી,
ઉલખાઝોલ દેખી સુખ સીધી સા૦ મો૦
ચેલણા તલાઈ ને સિદ્ધ સિલાવારૂ,
આદિપુરે આવે સુવિચારૂ. સા૦ મો૦ ૭
ગિરિ ફરસિને ઉતારે આવ્યા,
સંઘ જિમાડી બહુ સુખ પાવ્યા, સા૦ મો૦
સેત્રુંજી નદી નાહિને આયા,
સંઘ તણા મન થયા રે. સા૦ મો૦ ૮
સાધૂ લાંહણી સૂરીસ્વર કીધ,
દોય રૂપીયા પ્રત્યેકે દીધ, સા૦ મો૦
ધર્મ અનેક કર્યાં સુભ કામ,
પ્રેમચંદ રાખ્યો જગનામ. સા૦ મો૦ ૯
ઇંક રૂકમ સાગર શ્રીપુજે,
ઉવઝાય પિણ આખ્યો મન રિઝે સા૦ મો૦
પનર લાંહણી સાધૂમાં થાય;
ખાંડ લાડૂ સાકર સુખદાય. સા૦ મો૦ ૧૦
સકલ સંઘ સુરતો વારૂ,
શ્રીજીને આવ્યો તાંદવા સારૂ, સા૦ મો૦
વાંદીને વીનવે કરજોડ,
સ્વામી પૂરો અમ મન કોડ, સા૦ મો૦ ૧૧
સૂરત મંડણ સમ જુહારો,
સંઘતણી વિનતી અવધારો, સા૦ મો૦

ગુરૂ આયાં વડ ભાગજ થાસી,
હરખ્યો સંઘ સહુ સુરતવાસી. સા૦ મો૦ ૧૨
શ્રીજી માંની વીનતી સોઇ,
સઘ થકી નહિં અધિક કોઇ, સા૦ મો૦
એહવયણ સુણી સંઘવી હરખ્યો,
જાણે વર્ષા અમૃત વરખ્યો. સા૦ મો૦ ૧૩
ત્યાગ ભાગ દીધા બહુ દાંન,
તે તો ગણુતાં નાવે ગ્યાંન, સા૦ મો૦
ધર્મ વજડાવી જસના ડંકા,
ડેરા બાહિર કીધ નિસંકા સા૦ મો૦ ૧૪
કેસરીસિંધ લાધા કહે એમ,
છે ગુરૂ જિન સ્થાપન મુજ પ્રેમ, સા૦ મો૦
તે પ્રતિમાંને પ્રતિષ્ટા કાજે,
ત્યાં વાચક રાખ્યા ગચ્છરાજે સા૦ મો૦ ૧૫
વેહલ સુખાસન રથ સજોડા,
ચાલ્યા સંઘવી સજીય સઘોડા. સા૦ મો૦
રથ યાત્રા પિણ સાથે રાખી,
અષ્ટા ઢસમી ઢાલ એ ભાખી સા૦ મો૦ ૧૬

દુહા.

ચટ ચાલ્યો ચતુરંગ સંઘ, પાલીતાંણા હુંત,
સીહોર પંથ હુવે સહુ, ભાવનગર આવંત. ૧

ભેટયા શ્રીરિસહેસજી, પ્રથમ જિણેસર દેવ,
સતર ભેદ પૂજા રચી, સારે સુરનર સેવ. ૨
નવખંડો ગોદ્યેં નિરખ, જુગતેં કીધી જાત્ર,
સંઘ ગુરૂ સાથેં સકલ, નાયક નિરમલ ગાત્ર, ૩
ફિર પાછા આવ્યા સકો, ભાવનગર સુવિહાંણુ,
કેઇક વાંહણુ સંચર્યા, સૂરત દિસા પ્રયાણુ. ૪
સંઘપતિ સૂરીસ્વર સરવ, ખંભ નયરની વાટ,
વોલાવા સાથેં બહુ, અધિક વહેં હય થાટ. ૫

## ઢાલ ૧૯ મી

રાંણપુરો રળીયાંમણોરે લોલ—એ દેશી.

ચાલૈ સંઘ સોહાંમણોરે લાલ,
ભાવનગરથી તાંમરે ચતુરનર,
મારગ હિંડે મલપતારે લાલ,
આવ્યા વરતેજ ગાંમરે ચતુરનર ચા૦ ૧
અમદાવાદી ઉપડયોરે લાલ,
પરદેસી સવિ સંઘરે, ચ૦
તેહનેં વોલાવી સંઘવીરે લાલ,
આવ્યા ઘરીય ઉમંગરે. ચ૦ ચા૦ ૨
વરતેજ ગાંમથી સંચર્યારે લાલ,
મનમેં હરખ ન માયરે, ચ૦
પિપલી હોયનેં પાધરારે લાલ,
આગેં આરેં આયરે. ચ૦ ચા૦ ૩

અવલતરેસ્યું ઉતર્યારે લાલ,
સાબરમતી સુવીસેસ, ચ૦
ઇંમ ખંભાયત આવીયારે લાલ,
ઓચ્છવ થાય અસેસરે. ચ૦ ચા૦ ૪
રથ ઘોડાને પાલણીરે લાલ,
મિણગાર્યા નરનારરે, ચ૦
વિવિધ વાજિત્ર વજાડતારે લાલ,
સામેતો સુવિચારરે. ચ૦ ચા૦ ૫
સંઘ સકલ ખંભનગરનોરે લાલ,
સાચવે ભગતિ ઉદારરે, ચ૦
લાંખા લોક મિલ્યા જિહારે લાલ,
નિરખે નરનેં નારરે. ચ૦ ચા૦ ૬
આડંબરસું આવીયારે લાલ,
સાસન અધિક ઉદ્યોતરે, ચ૦
જુગતે પાસ જુહારીયારે લાલ,
થંભણપૂર બહુયોતરે. ચ૦ ચા૦ ૭
ફાગુણ ચૌમાસું ઉતર્યોરે લાલ,
વાંદ્યા સઘલા ચૈત્યરે, ચ૦
છિંન્નું દેહરા સોભતારે લાલ,
તે પ્રણમું નિત નિતરે. ચ૦ ચા૦ ૮
સત્તર ભેદી પૂજા સહારે લાલ,
ન્યાઈપ્રભુનો ન્યાંનરે, ચ૦

ઠંડા રસ લેવે મુદારે લાલ,
ગાવે ગંધર્વ ગ્યાંનરે. ચ૦ ચા૦ ૯
સાહમી વછલ થયા સામટારે લાલ,
પાર નહિ પકવાંનરે, ચ૦
સંઘ ભગતિ ખંભનયરમાં રે લાલ,
સાચવે વધ તે વાંનરે ચ૦ ચા૦ ૧૦
સંઘતિહાંથી ચાલીયેારે લાલ,
શ્રીજી રહ્યા ત્યાં વાસરે ચ૦
પ્રભાતે આવી વીનતીરે લાલ,
પિટલાદ કીધ પ્રવાસરે ચ૦ ચા૦ ૧૧
સંઘ ગયેા જંબૂસરેરે લાલ,
વાંદ્યા કાવીના દેવરે, ચ૦
ગંધારની જાત્રા કરીરે લાલ,
સત્તર ભેદ કરી સેવરે, ચ૦ ચા૦ ૧૨
ભરૂઅચ આવ્યા ભાવથી રે લાલ,
મુનિસુવ્રત ભેટી ચંગરે ચ૦
પૂજી અરજી પ્રેમસું રે લાલ,
રાખ્યેા અવિહડરંગ રે. ચ૦ ચા૦ ૧૩
અંકલેસર જઈ ઉતર્યા રે લાલ,
સંઘવી હરખિત થાયરે, ચ૦
વધામણી સુરત ઠાઈ રે લાલ,
સાહમહીયા સુભ થાયરે ચ૦ ચા૦ ૧૪

વાજિત્ર વિવિધ વજાવતા રે લાલ,
ગાવંતા ગીત રસાલ રે. ચ૦
સંઘવી રૂંધ ઘર આવીયારે લાલ,
વરત્યા મંગલ માલરે. ચ૦ ચા૦ ૧૫

દાનમાંને સંતેષીયારે લાલ,
વિલસ્યેા દ્રવ્ય વિખ્યાતરે, ચ૦
ધન ધન સંઘવી પ્રેમજીરે લાલ,
ઇલસેં હુએા વિખ્યાતરે. ચ૦ ચા૦ ૧૬

ઢાલ એાગણીસમી ચુપરયું રે લાલ,
ભાખી મનની કેાડરે ચ૦
જિનશાસન દીપાવીયેા રે લાલ,
જુગતેં ભાખી જોડરે ચ૦ ચા૦ ૧૭

## ઢાલ ૨૦ મી.

### શીઆહેા એંલલેં આવીયેા-એ દેશી

વરીયાવેં પૂજ્ય પધારીયા
ધર્મનસુણી હે સુરતનેા સંઘ કે,
વહેલ ગાડી રથ જોતરી
આવી વંદેહ મનને ઉમંગકે
વાજ્યા હે રંગ વર્ધામણા. ૧

કસબેં ગાંમ કતારમેં,
બાગ વાડી હે સોહે આરંમકે,
સેઠની વાડી વિરાજ્યા,
સંઘ સાથેં હે સૂરતનો જમકે વા૦ ૨
વેાહરાવણ વિધ તિહાં કરી,
ભલેં ભાવેં હે પેાખ્યા ગુરૂ પાત્રકે,
લખમીનેા લાહેા લીયેા,
શ્રી જી રહ્યા એવાસેા તિરાત્રકે. વા૦ ૩
બહુ પરિવારે પરવર્યા,
માલંતા હે મહિયલ મુની રાયકે,
સૂરત સૈહરનેં પરિસરેં,
આવ્યા હેા ગુરૂ વાડીમાંહિકે. વા૦ ૪
સાંમહીયા વિધ સાચવે,
ઘરઘરનાહેં વરઘેાડા સાથકે,
લાખાં લેાક મિલ્યાં જિહાં,
ઔછવથી હે બહુ ખરચે આથકે વા૦ ૫
વારૂ બણ્યા વિવહારીયા,
ઇંદ્રરૂપી સેાહેં ભુપકે,
વાહન વેહલ સુખાસિંકા,
સિણગાર્યા હે સબલા બસસ રૂપકે, વા૦ ૬

કેઇ ચઢયા અશ્વ પાલખી,
કેઇ આવે હે પાલા જન ભૂરકે;
કેઇ કરે ગુરૂ વંદના,
સુરસરીખા હે સોહે તે સનૂરકે. વા૦ ૭
ઘરઘર ઔછવ અતી ઘણા,
વાજાં વાજે હેલાખાં ગમે તાંમકે;
કોકિલ કંઠી કામની,
રથ બેંઠી હે ગાઇ છે બાંમકે વા૦ ૮
પગપગ દાનધેં રીઝતા,
જાચક જન હે ગાવે જસ વાટકે;
અધિક આડંબર આવીયા
ગુરૂ ઇરસણ હે સામહીયા થાયકે. વા૦ ૯
સંઘ સકલ સંઘવી મિલી,
આવી વાંદા હે શ્રીજીનાં પાયકે;
હિયડું હરખે હેજથી,
ગુણીજન હે ગુરૂના ગુણ ગાયકે વા૦ ૧૦
ઇંદ્રાણી સમ ઓપતી,
પુરંદરી હે દીપે અણ હારકે;
લલી લલી લેતી લુંછણાં,
ઇમનમતી હે ગોરી ભગતિ ઉદારકે વા૦ ૧૧

ઇમ આડંબર આવીયા,
સૂરત મંડણ હે ભેટયા શ્રીય પાસકે;
ધર્મનાથ પ્રભૂ ધ્યાવતાં,
ગેાડીચેાં હે પૂરે આસકે. વા૦ ૧૨

સાહિબશ્રી શંખેશ્વરેા,
સૂરીશ્વર હે ભેટયા સહુ સાથકે;
આદી તખત વિરાજતા,
ગુરૂ ગિરૂએા હે મુનીવરનેા નાથકે વા૦ ૧૩

શ્રી ખુસાલ વિજય વાચક વરૂ,
બહુ બુદ્ધિનેા હે સેાહે ગુણ ખાંમકે;
શ્રીજી પાસેં સેાભતેા,
દીપંતેા હે પડ પાટીયે તાંમકે વા૦ ૧૪

સહુ ગીતારથ સેાભતા,
સેાભાગી હે પરિકર ગુણ ખાંકેમ;
કેઇ પંડિત કેઇ ગુણી,
વ્રતધારી હે કરે ધર્મનેા કાંમ કે વા૦ ૧૫

ગુંહલી કરે ગુરૂ આગલેં,
વધાવેં હે ભરી મેાલીયેં થાલકે;
પૂજણાં સહુ સંઘે કર્યા,
સુહાગિણ હે ગાંઇ ગીત રસાલકે. વા૦ ૧૬

ધરમો પદેસ દીધો ધુરેં,
ગુરૂવાંદ્યા હે ઉઠયો બહુ સંઘકે;
શ્રીફલ બહુને આપીયા,
પરભાવના હે કીધી મનરંગ કે વાં૦ ૧૭
ચોહરાવણ બહુ વિધ કરી,
ઓઢાવેં હે કપહાદિ અનેક કે;
સાધુ સકલ પહેરાંમણી,
વિધ સાચવેં હે મન અધિક વિવેક કે વા૦ ૧૮
કેઇ દુસાલા સાવટું,
ચીણાઇ બહુ દોરીયા ભાતકે;
પાત્ર પોષેં પડવાંનથી,
ખરચંતાં હે ધરી મનનેં ખાંતિકે વા૦ ૧૯
નિત નિત નવલી જાતરા,
કરંતા હે પૂરે મન કોડ કે;
જુગતેં દેવ જુહારતાં,
સૂરતની હેં નાવેં કો ખોડ કે વા૦ ૨૦
એહવી વીસમી ઢાલમેં,
ગાવંતા હેં નાઠાં સવી દુઃખકે,
બહુએ તીરથ સેવતાં,
સિધ સંપતિ પાંમે ઘણુ સુખકે વા૦ ૨૧

દુહા.

ઓછવ કીધા અતી ઘણા, કેહતાં નાવે પાર,
ઇંદ્રપુરી સમ ઓપતો, એહ સુરત સુખકાર. ૧
ગુણ અનંત તીરથતણાં, કેતા કહું ઈક જીહ,
સુરગુરૂ પાર ન પાવહી, સ્તવે જો રાતનેદી. ૨
પાંમી લખમી અતિ ઘણી, ખરચે શેત્રુંજે જાય,
કાઢે સંઘ સોહાંમણા, તસ ઘર દોલતિ થાય. ૩
સંઘપતી તિલક કઢાવીઓ, નવખંડ રાખ્યો નામ,
એહ ભવ પરભવ સાધીયો, કીધાં ઉત્તમ કામ. ૪
પ્રગટયા પુણ્ય પ્રભાવજે, ઉદયો પુણ્ય અંકુર,
આદીશ્વર અવિલોકતાં, નિત નિત ચઢતે નૂર. ૫

## ઢાલ ૧૨ મી ધન્યાસી

મેંતો વીર જિણેસર ધ્યાયા ઈણ પરે તીરથના ગુણ ગાયા,
અનુભવ પુરણ પાયા, ધન ધન મો મરૂદેવી માયા.
જિણે જગદીશ્વર જાયારે મેં સંઘ તણા ગુણ ગાયા. ૧
નાભી નરેશ્વર કુલ અલવેસર, આદિકરણ અરીહંતા,
સુરનર કોડ સેવા તુજ સારે, ભય ભંજણ ભગવંતારે.
મેં શેત્રુંજના ગુણ ગાયા. ૨

ધન ધન કુલ શ્રાવકનો પામી, સાંભલી સદ્દગુરૂ વાંણી,
સંઘપતિ નામ ધરાવે સંઘમાં, ધન ધન તે જગપ્રાંણીરે. મે. ૩
સંઘવી તો ધન ખરચી જગમાં, કીધો ઉત્તમ કાંમ,
તેહ તણું ગુણ ગાતાં ગાહરે, હિયડે પુગી હાંમરે. મે. ૪
લવજી સુત લાયક જસ લીધો, પ્રેમચંદ સુપ્રસિદ્ધો,
હેમચંદ જયચંદ ગુણ રાગી, કારિજ સુકૃત કીધો. મે ૫
પાટણ નગરનો પુન્ય પ્રભાવ, ઓઘલસા ગુણ રાગી,
ભાગ સંઘમાં ભાવે દીધો, સાચો જસ સોભાગીરે. મે. ૬
તપગછનાયક જગ જસવાયક, શ્રી વિજયધરમ સૂરીરાયા,
તસપટ ગગન પ્રભાકર ઉદયો, દિન દિન તેજ સવાયારે. મે. ૭
શ્રી વિજેંજિણેંદ્ર સૂરીસ્વર સાહિબા, સહસ કિરણ રવિ સોહે,
સુરત સેહર ચોમાસું રહીયા, ભવિજનના મન મોહેરે. મે. ૮
તેહ તણી સેવામાં રહીનેં, રાસ રચ્યો સુખકાર,
સુણસેં ભણસેં ભાવેં જે નર, તે લહસ્યેં ભવ પારરે, મે. ૯
સૂરત મેં જે દેહરા પ્રભૂના, નાંના મોટા જેહ,
ત્રિકાલ નિત પ્રભૂજીનેં, પ્રણમું નિપટ ધરીને નેહરે. મે. ૧૦
શ્રી સૂરતનો સંઘ વડભાગી, જઇને ધરમનો રાગી,
શ્રીજીનેં વાંદી સંઘ હરખ્યો, ભાગ્ય દિસા સુભજાગીરે. મે. ૧૧
વન્હીવેદ સિદ્ધ ભૂસંવત્સર (૧૮૪૩) જેષ્ટ વદિ તિથિ તીજ,
સોમવાર સંપૂરણ રચના, કીધી મનની રીઝરે. મે. ૧૨
ઇકવીસ ઢાલની રચના સારી, શ્રોતાજનનેં પ્યારી,
ઋષભ સાગર કહે ભાવેં ગાવો, સાભલજ્યો નરનારીરે. મે. ૧૩

કલશ.

ઇમ થુણ્યો સ્વામી શિવહગામી, વિમલગિરી મંડણ ધણી,
પ્રભુ ધ્યાન ધરતાં સેવ કરતાં વાત એહ રૂડી વણી.
તપગછરાજા વડ દિવાની, શ્રી વિજય જિનેંદ્ર સૂરીસ્વરો,
સાગર વિબુધ વિનોદ સેવક, રૂષભ જયલક્ષ્મી વરો.

ઇતિ શ્રી વિમલગિરી વર્ણન સંઘ બહુમાન સંઘવી વર્ણન, શ્રી સિદ્ધાચલ રાસ સમાપ્ત. સંવત અઢારત્રેયાલીસા વર્ષે દ્વિતીય શ્રાવણ વદિ ૫ દિને સમાપ્તા. લિખત રૂષભ-સાગરેણ શ્રી સૂરતિ બિંદરે શ્રી સૂરત મંડણ પાર્શ્વનાથજી પ્રાસાદાત્ મોટી શ્રી લવજી તતપુત્ર સંઘવી શ્રી પ્રેમચંદજી સંઘ વરણન રાસ સમાપ્તા-શ્લોક સંખ્યા ૭૩૫.



# શેઠ હીરાચંદ ખુબચંદ જૈન પુસ્તક સીરીઝની ઉત્પત્તિ

લખનાર–કેસરીચંદ હીરાચંદ ઝવેરી

સંવત ૧૯૮૧માં સંગ્રહણીના જીવલેણ વ્યાધિના સપાટામાં હું સપડાયોઃ સંકટમાં તથા વિષેશતઃ વ્યાધિમાં મનુષ્ય માત્રને સારા વિચારો ઉદ્ભવે છે એ સર્વ સામન્ય નિયમ અનુસાર મને પણ દ્રવ્યનો સદ્વ્યય કરવાની ભાવના જાગી-પામર જીવનમાં આવી ભાવનાઓ કેઇવાર આવી વહી જાય છે પણ સુદૈવયોગે મેં તો દઢ સંકલ્પ કર્યો. શરીર નિરોગી થયા બાદ સંકલ્પાનુસાર પ્રયત્ન શરૂ કર્યો. ઐતિહાસિક પુસ્તકોની સીરીઝ, પૂજ્ય પિતાશ્રીના પુનિત નામથી પ્રગટ કરવા તથા ચાલુ રાખવા નકકી કર્યું.

પ્રથમ પુષ્પ (પુસ્તક) પ્રસિદ્ધ થયું તે સુરતની જૈન ડીરેકટરી. આ પુસ્તકમાં સુરતના ઇતિહાસ સંબંધી સામ-ગ્રી સંચય હોવાથી, વિષયવાર વિસ્તારથી સંશોધનપૂર્વક સંચય કરવાની વૃત્તિ જાગી, અને પ્રથમ પસંદગી સુરતના જિન ચૈત્ય વિભાગને આપવામાં આવી. બની શકે તેટલી હકીકતો એકત્ર કરી "સુરત ચૈત્ય પરિપાટી" નામનું બીજું પુસ્તક (પુસ્તકમાલાનું બીજું પુષ્પ) પ્રગટ કર્યું જેને "વીરશાસન" પત્રની અગીઆરમા વર્ષની ભેટ તરીકે આપ-

વામાં આવેલ છે. બંન્ને પુષ્પના પ્રકાશક જીવણચંદ સાકરચંદ જવેરી છે. પુસ્તકમાલાના ત્રીજા પુષ્પ તરીકે સુરતના જ્ઞાન ભંડારનો વિષય લીધો છે, જ્ઞાનભંડારોના લીસ્ટના આધારે અકારાદિ લીસ્ટ તૈયાર કર્યું છે અને તે શ્રી જૈન સાહિત્ય ફંડ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે,

વિનતિ-મેં સુરતના જૈન ઇતિહાસનો વિષય લીધો: જેમાં જૈન સમાજને લગતા અનેક વિષયો તથા ઐતિહાસિક વર્ણનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુરતના જૈન ઇતિહાસને અંગે મ્હારા વાંચવા, સાંભળવામાં જે જે આવ્યું તે તમામનો યથાશક્તિ યથામતિ તે તે વિષયના પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે, છતાં હજી ઘણીયે ઉણપ હોય: સર્વે વાંચકો, સંશોધકો, ઇતિહાસ રસિકોને વિનતિ છે કે તેઓએ આ ઉણપ દુર કરવા, જે જે કોઈ જાણવા જેવું હોય તે સપ્રમાણ કૃપયા જણાવવું જેથી ભવિષ્યની આવૃત્તિમાં અથવા અન્ય પ્રકાશનોમાં તે પ્રસિદ્ધ કરી શકાય.

સીરીઝ (પુસ્તકમાલા) ને અંગેનો હિસાબ નીચે મુજબ

| જમા | | ખર્ચ | |
|---|---|---|---|
| ૩૫૦–૦–૦ | કેશરીચંદ હીરાચંદ તરફથી સુરતની જૈન ડીરેકટરીના ખર્ચના | ૩૫૦–૦–૦ | સુરતની જૈન ડીરેકટરીનો ખર્ચ |
| | | ૬૦૦–૦–૦ | સુરત ચૈત્યપરિપાટીનો ખર્ચ |

| જમા | | ખર્ચ | |
|---|---|---|---|
| ૫૦૦–૦–૦ | સ્નેહકુમાર કેશરી-ચંદના સ્મરણાર્થે હા. શેઠ હીરાચંદ ખુબચંદ | ૩૫૦–૦–૦ | 'સૂર્યપુર જૈનેક જૈન પુસ્તક ભાંડાગારાય દર્શિકા સૂચિનો સંચય' નો ખર્ચ |
| ૫૦૦–૦–૦ | જૈન મણીજૈન તે છગનભાઇ નગીનભાઈની વિધવાના પુણ્યાર્થે હા. શેઠ હીરાચંદ ખુબચંદ | ૧૩૦૦–૦–૦ | |
| ૧૩૫૦–૦–૦ | | | |

ઉપરના હીસાબ મુજબ રૂ. ૫૦) ખર્ચવાના બાકી રહે છે જે આ પુસ્તકમાં ઉમેરી બની શકતો સંચય કરી આ પ્રકાશન સાહીત્ય ફંડદ્વારા જનતાને ચરણે સમર્પવા ભાગ્યશાળી થયો છું.

જનતાની જાણ માટે ઉપરની કૃતિઓ માટે થયેલી સમાલોચનાઓ રજુ કરવામાં આવે છે.

૧

**સુરત–જૈન ડીરેકટરીની સમાલોચના—**

(સમાલોચક–વાડીલાલ મોહકમચંદ વકીલ)

જૈનો આજે પોતાનો ઇતિહાસ ભુલી ન ગયા હોત તો હું ધારૂં છું કે તેઓને જે સહવું પડે છે તે સહવાનો વારો

ન આવ્યો હોત. આજે આપણે આપણા આચાર્યો અગર આપણા તીર્થસ્થળોની પુરી માહિતી ધરાવતા નથી, ધરાવવા પ્રયત્નો કરતા હોઇએ એમ લાગતું નથી. આવે વખતે સુરત પોતાનો ઇતિહાસ ફરીથી સજીવન કરે એ એક આનંદની વાત છે. જો કે આ પુસ્તક ફક્ત સુરતની માહીતી આપે છે છતાં જે વસ્તુઓ એને વર્ણવી છે તેમાં એ સંપૂર્ણ છે. આ પુસ્તક ભાઇ કેશરીચંદ હીરાચંદ ઝવેરીની આર્થિક સહાય અને શોધ ખોળના પરિણામે જન્મ્યું છે અને તે ખાસ કરીને સુરતના રહેવાસીઓ અગર તેમાં હિત ધરાવનારાઓ માટે અને અસાધારણ રીતે પ્રજાને ઉપયોગી છે. તેમ ત્યાંના કેળવણી ફંડો, જુદી જુદી સંસ્થાઓ, સ્કુલો બોજનશાળા અને ખાસ કરીને સર્વ દેહરાઓની માહીતીઓ પુરી પાડવામાં આવી છે. આ પુસ્તક પુસ્તકાલયોને તેમની તરફથી ભેટ અપાય છે અને બીજાને ૦–૧૨–૦ની મુળ કિંમતે અપાય છે. આશા છે કે આ સ્તુત્ય પ્રયાસને જૈન સમાજ વધાવી લેશે અને દરેક શહેર એમનું અનુકરણ કરશે.

૨

**સુરતની જન હીરેકહરી**–લેખક પોપટલાલ પુંજાભાઇ પરીખ, પ્રકાશક જીવણચંદ સાકરચંદ ઝવેરી સુરત, મૂલ્ય બારઆના સમાજ, દેશ કે ધર્મનો ઇતિહાસ રચવામાં સુરતે સારો ભાગ ભજવ્યો છે. અનેક સુરતી ભાઇઓએ આત્મભોગ આપી સુરતની સુરત વધારી છે. સુરતની જૈન

જનતાએ સમાજની પ્રગતિ અર્થે આપેલા ભોગનો આછો ઇતિહાસ આ પુસ્તકમાંથી મળી આવે છે. કેળવણી આરોગ્ય, સાહિત્ય, ધાર્મિક જીવન અને સાધર્મીની સેવામાં સુરત આજે કયાં ઉભું છે તે જાણવા માટે આ ડીરેકટરી સારૂં સાધન લેખાય. સારાએ જૈન જગતનો ઇતિહાસ તૈયાર કરવાનો પ્રશ્ન જે આપણી પાસે ઘણા સમયથી ઉભો છે તેનો ઉકેલ કરવા માટે મોટા મોટા શહેરો પોતાના શહેરની અને આજુબાજુના ગામોની ડીરેકટરી તૈયાર કરી પ્રકાશમાં મૂકે તો ઓછા ભોગે એક જૈન ડીરેકટરી આપણને પ્રાપ્ત થઇ શકે. પ્રકાશકના આ સાહસને અમે વધાવી સુરત જીલ્લાની ડીરેકટરી તેઓશ્રી તૈયાર કરે એમ ઇચ્છીએ છીએ. (જૈન)

૩

**સુરત ચૈત્ય પરિપાટી**–(મુંબઇ સમાચાર–૧૩–૪–૧૯૩૫)

સુરતના જૈનનો અને તેમના જીનાલયો વીશેનું પુસ્તક સુરતના ઝવેરી શેઠ હીરાચંદ ખુબચંદના નામથી જૈન પુસ્તક સીરીઝ નામની એક ગ્રંથાવલી કેટલાક વર્ષથી શરૂ કરવામાં આવી છે, તેના બીજા પુસ્તક તરીકે સુરત "ચૈત્ય પરિપાટી નામનું એક અપુર્વ પુસ્તક શ્રી. કેશરીચંદ હીરાચંદ ઝવેરીએ પ્રગટ કરયું છે અને તે એટલું તો સરસ છે કે જેઓને સુરતી પુજામાં શ્રદ્ધા હશે તેઓને તેમાંથી ઘણો મનગમતો ખોરાક મળી આવશે. આ પુસ્તકમાં વીવીધ

વિષયોનો સંચય કરનાર એક ઝવેરી છે એ જાણીને ઘણાને આનંદ થશે. ઝવેરીઓ પોતાના કુરસદના વખતમાં પ્રાચીન જીનાલયો વીષે અનેક બાબતોનો સંગ્રહ કરવા મહેનત લે અને તે મહેનત લેવા બાદ તે છપાવીને બહાર પાડે ત્યારે એમ કહેવું જ જોઈએ કે તેઓ પણ સાહીત્યના રસીઆ થઇ શકે છે. અને સુરત જેવા શહેરમાં પણ એવા સાહીત્ય રસીક જઈનો વસે છે એ સુરતનું સદભાગ્ય. એ પુસ્તક શ્રી. કેશરીચંદ હીરાચંદ ઝવેરીએ તૈયાર કરવામાં ઘણી મહેનત લીધી છે તે એટલા પરથી જણાશે કે તેમાં સુરત શહેરની ઉત્પત્તિનો ઈતિહાસ, ગોપીપરાનો ઈતિહાસ, શંહેરમાં બાવીસસો વર્ષ અગાઉ જઈન દેરાસરો હતા તેના પુરાવાની વીગતો, સુરતના રહીશોની રહેણી કરણીને સબાવતોની વીગતો, તેમનાં સાહીત્ય, સાહસ, શઉર્ય સહીષ્ણુતા, સમ્યકત્વની વીગતો, જાહેર સબાવતો, આશરે પચીસ જઈન સંસ્થાઓની વીગતો. ૪૬ દેરાસરો ૩૫ ધર્મશાળાઓ, ૧૦ બોરડીંગો, ૨ પાઠશાળાઓ વીગેરેની નોંધો, મુરતીપુજા શું છે તેને લગતા ખુલાસા, દેવદ્રવ્ય અને દેવ સંબંધી ખુલાસા, આશરે પચાસ દેરાસરના સ્થળ બંધાવનાર, શીલાલેખો તેમાં રહેલી પ્રતિમાઓ અને મુળ નાયક તેમજ વહીવટદારોની વીગતો અને સુરતની પ્રાચીન જઈન ચઇત્ય પરીપાટી અને આશરે ૩૦૦ શીલા લેખોનો સંગ્રહ તેમાં આપવામાં આવ્યો છે. આ બધી વીગતોનું

અઢીસો પાનાનું સુરત ચર્ચાત્ય પરીપાટીનું પુસ્તક જૈનોએ અવશ્ય વાંચવા જેવું છે અને અમદાવાદના પ્રસીદ્ધ સામાહીક પત્ર શ્રી વીરશાસને પોતાના ગ્રાહકને શેઠ કેશરીચંદ હીરાચંદ ઝવેરી તરફથી અગીઆરમાં વરસની ભેટ તરીકે મફત આપ્યું છે જ્યારે છુટક લેનાર માટે તેની કીમત એકજ રૂપીઓ છે. જૈનોએ આ પુસ્તક અવશ્ય પોતાના સંગ્રહમાં રાખવા જેવું છે.

## સૂર્યપુરનો સુવર્ણ યુગ
## યાને
## સુરતનો જૈન ઇતિહાસ
### કેટલાક અભિપ્રાયો

મુનિમહારાજ ન્યાયવિજયજી સરધનાથી તા. ૨૪–૯–૩૭ ના પત્રમાં નીચે પ્રમાણે અભિપ્રાય વ્યકત કરે છે.

વિ. એકદર પુસ્તક સારૂં છે. તમારો પ્રયત્ન સફલ થયો છે. એક વ્યપારી સાહિત્યમાં આટલો રસ લઇ ઇતિહાસનો સંચય કરે એ જૈન સમાજના સદ્‌ભાગ્યની નિશાની છે. આવીજ રીતે અમદાવાદ, ભરૂચ, ખંભાત, ગંધાર જામનગર, ભૂજ, માંડવી, આદિ શહેરોનો ઇતિહાસ લખાવાની જરૂર છે. જૈનેતર લેખકો જૈન ઇતિહાસને ભાગ્યેજ ન્યાય આપે છે. પ્રસ્તાવના આદિ લખાવી પુસ્તકને સારી રીતે શોભાવી પ્રગટ કરીશો.

સુરતના શેઠ રતનચંદ ખીમચંદ જેઓ શ્રી હુકમ-

મુનિજી જ્ઞાન ભંડારના વ્યવસ્થાપક અને જાણીતા અભ્યાસી છે તેઓ તા. ૨૬-૬-૩૭ ના પત્રમાં નીચે પ્રમાણે પોતાનો અભીપ્રાય વ્યકત કરે છે.

આપની તરફથી સુરતના જૈનોનો ઇતિહાસ મુકકર કરી બહાર પાડવાના છો તેની એક નકલ મળી. આપનો પ્રયાસ ઉત્તમ છે પણ ઘણું બાકી રહેશે. માટે આપ વધુ પ્રયાસ કરી શકો તો (માણસની અવર નવર મૂકી હોય તો) આપની હોંસ પુરી થશે વધુમાં ભંડારોમાંના 'પુસ્તકો વીગે-રેની માહીતીથી નમુનેદાર થશે હુકમ મુનિજી જ્ઞાનભંડાર તરફથી મલશે માટે હુકમમુનિના પ્રયાસ પણ બહાર આવશે. નવી રોશની બહાર પડશે.

**નોંધ**—અમારી તરફથી ભંડારોના પુસ્તકોનું લીસ્ટ સૂર્યપુર (સુરત) અનેક જૈન પુસ્તક ભાંડાગાર દર્શિકા સૂચી બહાર પાડવામાં આવનાર હોવાથી તેનો સમાવેશ આ ગ્રંથમાં કીધો નથી.

ઇતિહાસવેત્તા મુનિ મહારાજ કલ્યાણ વિજયજી તા-૧૩-૧૦-૩૭ના પત્રમાં પુસ્તક સંબધી પોતાનો નીચે પ્રમાણે અભિપ્રાય વ્યકત કરે છે.

"તમારૂં મોકલેલ પુસ્તક મલ્યું. તમોએ આમાં જે સંગ્રહ કર્યો છે તેથી અધિક હકીકત મ્હારા જાણવામાં નથી તેમ મ્હારા સંગ્રહમાં પણ એથી વધારે વૃતાન્ત હોય એમ મ્હારા સ્મરણમાં નથી."

